
# ભાલનળકાંઠા પ્રયોગ
## પાયાની પ્રતિભાઓની
# વાત્સલ્યધારા



પ્રભુપ્રેમી જ્ઞાનચંદ્રજી

ભાલ નળકાંઠા પ્રયોગ
પાયાની પ્રતિભાઓની
વાત્સલ્યધારા

# પ્રભુપ્રેમી
# સ્વામીશ્રી જ્ઞાનચંદ્રજી

લેખક
દુલેરાય માટલિયા

મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર
હઠીભાઈનીવાડી, અમદાવાદ-૪

પ્રકાશક
અંબુભાઈ શાહ
મંત્રી,
મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર
હઠીભાઈની વાડી, અમદાવાદ–૪

પ્રથમ આવૃત્તિ : જૂન ૧૯૮૨

પ્રત : ૧૦૦૦

કિંમત દસ રૂપિયા

મુદ્રક :
પ્રવીણચંદ્ર નટવરલાલ ગાભી
પ્રણવ પ્રિન્ટર્સ
૧૧–અ, વિજય કોલોની, ઉસ્માનપુરા
અમદાવાદ–૩૮૦ ૦૧૩

# અર્પણ

સ્વામી જ્ઞાનચંદ્રજીના આધ્યાત્મિક
માર્ગદર્શક અને અમને સૌને
જીવનમાં વત્સલરસની
પ્રેરણા પાનાર

અધ્યાત્મયોગી મુનિશ્રી સંતબાલજીનાં
પવિત્ર કરકમળે
આ
પુસ્તક અર્પણ કરીએ છીએ

સંતોને સેવકો પ્રેરી
ધર્માનુબંધ યોગમાં
ક્રાંત પ્રયોગ–પ્રણેતા
સંતબાલ કરે ધરું.

# પ્રકાશકનું નિવેદન

૩૭ વર્ષ પહેલાંની, સને ૧૯૪૬ની વાત છે.

નળકાંઠાના ઝાંપ (તા. સાણંદ) ગામમાં મુનિશ્રી સંતબાલજીના સાંનિધ્યમાં—વિશ્વવત્સલ ચિંતક વર્ગ—ચાલતો હતો. 'ધર્મદૃષ્ટિએ સમાજરચના' એ વિષયને કેન્દ્રમાં રાખીને મુનિશ્રીનાં ૧૭ વ્યાખ્યાનો ઉપરાંત બહારથી જાણીતા સમાજસેવકોનાં વ્યાખ્યાનો પણ ગોઠવાયાં હતાં.

એક દિવસ અમદાવાદના જાણીતા સમાજસુધારક ડૉ. હરિપ્રસાદ વ્ર. દેસાઈ આ વર્ગમાં વ્યાખ્યાન આપવા આવ્યા હતા. તેમણે આ વર્ગને—'માણસ ઘડવાના કારખાના'—ની ઉપમા આપી હતી.

માણસ તો ઈશ્વરનું સર્જન છે, વળી આપણે માણસ તો છીએ જ તો પછી ડૉ. હરિપ્રસાદ દેસાઈ આવી ઉપમા દ્વારા – કારખાનું —અને 'માણસ ઘડવો' એમ કહીને શું કહેવા માગે છે? અને આવી ઉપમા કેમ આપી હશે?

ભાલ નળકાંઠા પ્રયોગ પર નજર ફેરવતાં ડૉકટર સાહેબના કહેવાનું તાત્પર્ય અને એમની એ ઉપમાની યથાર્થતા સમજાય છે. એક વખત મુનિશ્રીને કોઈએ પ્રશ્ન કર્યો:

આપનું સ્વપ્ન મહાન છે. પણ સ્વપ્નને સાકાર કરવા માટે જે શક્તિશાળી વ્યક્તિઓ જોઈએ તે કયાં છે?

મુનિશ્રીએ આ મતલબનું કહ્યાનો ખ્યાલ છે:

કુંભાર માટીનાં વાસણ ઘડવાની માટી સ્થાનિક મળે તેનો ઉપયોગ કરે છે. જેવી મળે તેવી પણ વાસણ બનાવવાં જ છે તો સ્થાનિક માટીને જ કામમાં લેવી જોઈએ.

એમ આ પ્રયોગ ચાલે છે.

આમાં સહેજે સહેજે આ (ભાલ નળકાંઠા) પ્રદેશ અને આ પ્રજા આવી મળ્યાં. તેને કેન્દ્રમાં રાખીને જ આ પ્રયોગ ચલાવવો રહ્યો.

બીજાં એમાં દૂધમાં મેળવણીની જેમ પૂતરૂપ બની રહે ખરાં.

૪૫ વર્ષનાં વહાણાં આ પ્રયોગને વાયાં. પ્રયોગના પાયામાં નામી-અનામી, હયાત-બિનહયાત, એમ અનેક વ્યક્તિઓની સેવાઓ ધરબાયેલી પડી છે. એણે પાયાને નક્કર અને મજબૂત બનાવ્યો છે. આમાંનાં કેટલાંક પાત્રો તો કહેવાય કે સાવ સામાન્ય, અને છતાં એમનામાં રહેલી અસામાન્યતા ધીમે ધીમે પ્રગટ થવા લાગી. અને પ્રયોગની વિશાળ ઇમારતના અનેક થાંભલાઓમાંના એક સ્થંભરૂપ બન્યાં. તેમાં આ પ્રયોગના માધ્યમે, મુનિશ્રીનો એમની સાથેનો જીવંત સંબંધ, સંપર્ક અને સત્સંગનો ફાળો નાનો સૂનો નથી. એ પાત્રોના જીવનઘડતરમાં પ્રયોગની રચનાત્મક પ્રવૃત્તિ પોતે જ પ્રેરકરૂપ બની. તો એમની સાથેનો મુનિશ્રીનો પત્રવ્યવહાર પણ જીવનદાયી બન્યો એમ કહેવામાં કશું અનુચિત નથી. અલબત્ત, 'બીજ'માં પોતામાં જ સત્ત્વ હોય તો જ કોંટો ફૂટે. અનુકૂળ ધરતી, ખેડ, ખાતર, પાણી હવામાન વગેરે તો માત્ર નિમિત્ત જ બની શકે.

પ્રાયોગિક સંઘનાં કેટલાંક પાત્રો કે જે પ્રયોગની પાયાની પ્રતિભાઓ કહી શકાય, તેમના જીવનનાં કેટલાંક પાસાં પુસ્તિકા રૂપે જાહેરમાં પ્રસિદ્ધ કરવામાં આવે તો આ પ્રયોગમાં રસ ધરાવનાર પરિવાર વર્તુળમાં તો અવશ્ય આવકાર્ય બને જ. એટલું જ નહિ, જે કોઈ વાંચે તેને કંઈક અંશે બોધપ્રદ પણ બની રહે. આવી આશા સાથે આવાં બહેનો–ભાઈઓ પૈકી શક્ય બને તેટલાંની 'વાત્સલ્યધારા'નું પાન કરાવતી આવી નાની પુસ્તિકાઓ પ્રગટ કરવાની, પ્રયોગની વાહક સંસ્થા ભાલનળકાંઠા પ્રાયોગિક સંઘની અભિલાષા હતી.

એના અનુસંધાનમાં આ પુસ્તિકા પ્રગટ કરતાં મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર ગૌરવ અનુભવે છે અને આવી તક મળવા બદલ આનંદ પ્રગટ કરે છે.

અંબુભાઈ અ. શાહ<br>
મંત્રી<br>
મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર

# બે શબ્દ

'પ્રભુપ્રેમી સ્વામીશ્રી જ્ઞાનચંદ્રજી' એ નામથી આ પુસ્તક મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર તરફથી પ્રગટ થાય છે. પુસ્તકનું લખાણ ભાઈ દુલેરાય માટલિયાએ લગાતાર એકાદ મહિનો સખત મહેનત લઈને તૈયાર કર્યું છે.

આ લખાણ જેમ જેમ લખાતું ગયું તેમ તેમ ભાઈ માટલિયા મને તે વાંચી સંભળાવતા ગયા. તેમાં મેં જ્યાં જ્યાં જરૂરી લાગ્યું ત્યાં ત્યાં સુધારા વધારા સૂચવ્યા, અને વાચકોના હાથમાં જે તૈયાર થઈને આવ્યું છે તે તેનું છેવટનું સ્વરૂપ છે.

ભાઈ માટલિયાની પવિત્ર ભાવનાવાળી લેખનકળા અને મારા પ્રત્યેની આત્મીય લાગણીથી આ પુસ્તક લખાયું છે, તેવું મને દર્શન થયું છે. એથી હું રાજી થયો છું.

આમાં જ્ઞાનચંદ્રજી તો નિમિત્તમાત્ર છે, ખરી રીતે સામાન્ય માણસની પ્રભુપ્રેમની સાધનાનો આ સહજ વિકાસ છે. શ્રી ભાલનળકાંઠા પ્રાયોગિક સંઘ સર્વ પ્રકારે જહેમત લઈને આ પુસ્તક તૈયાર કરાવી પ્રસિદ્ધ કરે છે, તેનો લાભ ભાવુક લોકો લેશે એવી મને શ્રદ્ધા છે.

જ્ઞાનચંદ્રજી

# પ્રસ્તાવના

પૂ. જ્ઞાનચંદ્રજી મહારાજના જીવનચરિત્ર અંગે મને લખવાનું કહ્યું ત્યારે તે વાત મેં સ્વીકારી લીધી. પૂ. સ્વામીજીના નિકટ પરિચયમાં તો વિનોબાજીએ ગોસેવા અને ગોરક્ષાનો યજ્ઞ આરંભ્યો ત્યારથી વધારે આવ્યો. એમનું બાળક જેવું સરલ હૃદય, માતા જેવો વત્સલ ભાવ, પિતા જેવી ચારિત્રની ચોકીદારી, ગુરુ જેવી કૃપાળુતા અને ગાયની સેવા તથા રક્ષાની અવિરત લગનનો હું સાક્ષી બન્યો છું. તેમની સાથે પગયાત્રા કરી છે, સંમેલનો અંગે ગોષ્ઠિ કરી છે અને મથુરા, ગાંધીનગર અને દિલ્હીના શુદ્ધિ પ્રયોગમાં યથાશક્તિ ભાગ પણ લીધો છે. એટલે એમના એ ભગવદ્ કાર્યનો હું પ્રત્યક્ષ સાક્ષી થયો છું એથી એમના જીવન અંગે લખવા મેં તત્પરતા બતાવી.

શ્રી કૃષ્ણશંકર શાસ્ત્રીજીએ સાણંદ ભાગવત કથા કરી ત્યારે મે સ્વામીજીની પ્રભુભક્તિ અને પ્રભુપ્રેમનાં નજરે દર્શન કર્યાં હતાં. દિલ્હી બલિદાન વખતે એમનાં અંતઃસ્ફુરણો પ્રભુકૃપાને યાદ કરતાં અશ્રુઅફાટ રુદન અને જગતની લીલા જોઈને થતાં અટ્ટહાસ્યનો પણ હું સાક્ષી છું. આવી સાચી કૃષ્ણભક્તિ, પ્રભુ પ્રત્યેનો પ્રેમ અને ઊજળો સંન્યાસ મેં બહુ ઓછામાં જોયો છે. સંતબાલજી મહારાજ સાધુ અને સંન્યાસીને માર્ગદર્શક આધ્યાત્મિક બળરૂપે આગળ આવવા પ્રેરે છે. જ્ઞાનચંદ્રજી એનું ઉત્તમ ઉદાહરણ છે. સંતબાલજીના જીવન–ચારિત્ર દ્વારા જેમ મહાવીરના ક્રાંતસાધુનાં દર્શનની ભક્તિ મને પુષ્ટ થઈ તેમ જ્ઞાનચંદ્રજી નિમિતે વૈષ્ણવી ભક્તિને પુષ્ટિ મળી છે. મહાવીરનું શીલ અને કૃષ્ણનાં રસ ચૈતન્યની પ્રેમ-

નીતરતી ભક્તિનો સંગમ ખૂબ જ આહ્લાદક છે. શ્રીમદ્ રાજચંદ્ર નિમિત્તે ગાંધીજીમાં એવો અદ્ભુત સંગમ સક્રિય બન્યો છે.

જ્ઞાનચંદ્રજીની પ્રત્યેક પ્રવૃત્તિ સંતબાલને નજરમાં રાખીને થઈ છે એ વાતનું પ્રતિબિંબ પાડવા સંતબાલજી મહારાજે 'વિશ્વવત્સલ મહાવીર', 'અભિનવ રામાયણ', 'અભિનવ મહાભારત' અને 'પ્રાસંગિક ભાગવત'માં આપેલા શ્લોકોનો ઠેર ઠેર ઉપયોગ કર્યો છે. તેમાંના પોણા ભાગના જેમ છે તેમ જ આપ્યા છે. પંદર ટકા સંક્ષેપ કરવા બે ત્રણ શ્લોકનાં ચરણ ભેગાં કર્યાં છે. અથવા સંદર્ભ બદલાતો હોય ત્યાં યથોચિત ફેરફાર કર્યો છે અને જ્ઞાનચંદ્રજીના ભક્તિભાવને વ્યકત કરવા દસેક ટકા અનુષ્ટુપો લેખકે આપ્યા છે. આ શ્લોકોની ફૂલગુંથણીથી જ્ઞાનચંદ્રજીનો વ્યવહાર અને સંતબાલજીના ભાવાદર્શને વ્યક્ત કરવાનો પ્રયત્ન કર્યો છે. તેમાં જે કંઈ કચાશ કે ક્ષતિ દેખાય તો તે મારી છે તેમ માની વાચક ક્ષમા કરે.

આ જીવનચરિત્ર જ્ઞાનચંદ્રજીને વંચાવતો વંચાવતો આગળ વધતો હતો. ક્યાંય અતિશયોક્તિ થઈ હોય, પાદાફેર વાત થઈ હોય કે પોતે જે મનમાં ધારતા હતા તેથી વિપરીત લખાયું હોય ત્યાં તેમણે સુધારો કરાવ્યો છે. એક શિક્ષક જેમ જોડણીશુદ્ધિનો આગ્રહ રાખી ભૂલ સુધારે છે તેમ પ્રસંગો અને તેના પરના પ્રતિભાવ વ્યક્ત થયા છે. તેમાંય તેમને જ્યાં જ્યાં ત્રુટી જણાયેલ તે સુધારી છે અને આ ચરિત્રને પ્રગટ કરવાની સંમતિ પણ પ્રેમથી આપી છે. આ જીવનચરિત્ર સરળ શૈલીમાં તત્ત્વચર્ચાના ભાર વિના સંક્ષિપ્ત લખાયું હોત તો બહેનો અને બાળકોને ખૂબ જ ઉપયોગી નીવડત. એ કાર્ય કોઈએ કરવાનું જ રહ્યું. શરનાં ત્રણ પ્રકરણ સરલ લખાયાં. જ્યાં સુધી એમની પ્રેમભક્તિ સરળ પરંપરામાંથી પસાર થઈ ત્યાં સુધી સરળતા રહી પણ જેવા સંતબાલજીના દેવ–ગુરુ ધર્મ અને સંઘ વિચારમાં પ્રવેશ થયો તેવી જ મારી તાત્ત્વિક શૈલી શબ્દ

અને ભાષાના આડંબરમાં ઢંકાઈ ગઈ તે હું પણ જોઈ શકું છું. પણ તે મારી ક્ષતિને ક્ષંતવ્ય ગણીને જ્ઞાનચંદ્રજીની સાધનાનાં ગુરુ-ભક્તિ અને પ્રભુપ્રેમનાં બે ઊજળાં પાસાંને વાચક સમજી શકશે તો મને સંતોષ થશે. મને પણ જ્ઞાનચંદ્રજી મહારાજની સાધનાની ઉત્ક્રાંતિને અભિવ્યક્ત કરવામાં તેમના પ્રત્યેની વિનય-ભક્તિ પ્રગટ કરવાનો સંતોષ થયો છે.

જ્ઞાનચંદ્રજી જેવા પ્રભુપ્રેમી છે તેવા જ સંતોના પ્રેમી છે; બાળપ્રેમી છે; ગોપ્રેમી છે. પણ અમને સૌને પ્રભુપ્રેમી નામ ગમી ગયું. એટલે તે વિશેષણથી તેમને બિરદાવીએ છીએ, તેમની પ્રભુભક્તિને બિરદાવેલ છે. જેની પ્રેરણાથી નાનચંદભાઈમાંથી જ્ઞાન-ચંદ્રજી બનવાનું નિમિત્ત મળ્યું અને જેઓ જીવનની છેલ્લી પળે પણ પોતાના પરમપ્રિય શિષ્યના બલિદાન અંગે ચિંતા ને ચિંતન કરતા હતા તેવા પરમ શ્રદ્ધેય આધ્યાત્મિક સંત સંતબાલજીનાં કરકમળે એમના સુશિષ્યના જીવન પુષ્પની પરાગ અર્પણ કરવાનો લાભ આપવા માટે હું અંબુભાઈ, સુરાભાઈ અને મહાવીર પ્રકાશનનો આભાર માનું છું. પુસ્તક સમયસર પ્રગટ થાય માટે મારા લખાણને સારા અક્ષરે લખી દેવામાં બહેન શ્રી વનિતાબહેન અને બીજા મિત્રોનો આભાર માનુ છું. ભાઈશ્રી મનુ પંડિતે ભાષા, જોડણી અને રચનામાં જરૂરી સુધારા કરી આ કાર્યમાં જે પ્રેમ ને નિષ્ઠા બતાવ્યાં છે તે બદલ તેમને પણ ધન્યવાદ આપ્યા વિના રહી શકતો નથી.

શુદ્ધિસાધના કેન્દ્ર, નવી દિલ્હી — દુલેરાય માટલિયા

# પ્રભુપ્રેમી શ્રી જ્ઞાનચંદ્રજી

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| | પ્રકાશકનું નિવેદન — અંબુભાઈ શાહ | |
| | બે શબ્દ — સ્વામી જ્ઞાનચંદ્રજી | |
| | લેખકની પ્રસ્તાવના — દુલેરાય માટલિયા | |
| | પ્રભુપ્રેમનો પ્રાદુર્ભાવ | |
| ૧. | ગાવલડી મારી માવલડી | ૧ |
| ૨. | ભાવુક કુળમાં જન્મ | ૬ |
| ૩. | ભગવદ્જીવનની શોધમાં | ૧૦ |
| ૪. | સદ્ગુરુની શોધમાં | ૧૭ |
| ૫. | સંઘ માધ્યમે સેવા | ૨૪ |
| ૬. | શુદ્ધિપ્રયોગનું સંચાલન | ૬૦ |
| ૭. | બાલમંદિરમાં વત્સલ સેવા | ૮૯ |
| ૮. | ભાવ-સંન્યાસની સાધના | ૯૪ |
| ૯. | સંન્યાસીના સ્વધર્મ | ૧૧૩ |
| ૧૦. | ગુજરાતમાં ગોવંશ રક્ષાયજ્ઞ | ૧૨૯ |
| ૧૧. | ગોરક્ષાનો રાષ્ટ્રીય મહાયજ્ઞ | ૧૪૫ |
| ૧૨. | દિલ્હીમાં શુદ્ધિસાધના કેન્દ્ર | ૧૬૧ |
| | **પરિશિષ્ટો** | |
| | ૧. આજે મારો સ્વધર્મ-આમરણ અનશન | ૧૭૬ |

# પ્રભુપ્રેમનો પ્રાદુર્ભાવ

**(૧૯૩૯ થી ૧૯૮૨)**

આ જીવનચરિત્ર શ્રી જ્ઞાનચંદ્રજીનું છે, પણ તેમાં જ્ઞાનચંદ્રજી તો નિમિત્ત છે. સુંદરિયાણાના સામાન્ય વણિકનો એ પુત્ર. પોતાના ગામમાં ચાર, અને ધંધુકામાં સાત ગુજરાતી ભણ્યો. તેત્રીસ વરસની વય સુધી નાનકડા વેપાર કે વ્યસનમાં સંસારની મસ્તી માણનાર એ નાનચંદભાઈ-માંથી જ્ઞાનચંદ્રજી બની ગયો એમાં પ્રભુપ્રેમના આરોહણની કથા છે. પ્રભુની પ્રપત્તિમાં પ્રપન્ન બનનારને પ્રભુ ક્રમે ક્રમે વિકાસનાં સોપાનો ચડાવી તેની દૃષ્ટિની ક્ષિતિજને કેવી રીતે વિશ્વવ્યાપક બનાવે છે તેની ઉત્ક્રાંતિની આ કથા છે. પ્રભુ પોતાની શક્તિનો ભક્તોમાં આવિર્ભાવ કરી, તેની મારફત ભગવદ્ કાર્યો જે રીતે લે છે, એટલું જ નહીં જગત અને ભગત બંનેના વિકાસક્રમમાં પ્રભુની લીલાની ખૂબી અને ખાસિયતોની અભિવ્યક્તિ વ્યંજના વ્યક્ત કરતી એ ગૌરવ–ગાથા પણ છે. એટલે એને જીવનકથા રૂપે ન જોતાં સેવામય ભક્તિના વિકાસ રૂપે જોવાની મારી સૌને વિનંતી છે. ખરી રીતે તો તે પ્રભુપ્રેમના પ્રાદુર્ભાવની કથા છે.

## પ્રથમ સોપાન

# પરંપરાગત દાસ્યભક્તિ

### (૧૯૩૯ થી ૧૯૪૧)

### શ્રવણ ભક્તિનો મહિમા

અનંત જન્મથી જીવ ભવસાગરમાં ભમે છે, પણ ભગવદ્ભક્તિમય બુદ્ધિ પ્રાપ્ત થવી મુશ્કેલ પડે છે. પરંતુ જો ભગવાનના શુદ્ધ ભક્તના સંગનો રંગ લાગી જાય તો ભક્તિમય બુદ્ધિનાં બારણાં ખૂલી જાય છે.

તેત્રીસ વર્ષની વયે નાનચંદભાઈને તેના ભાણેજ ડૉ. રસિકભાઈ જેવા શુદ્ધ ભક્તહૃદયનો સંગ મળ્યો. એ સત્સંગે એમને ભગવદ્ ભક્તિ પ્રત્યે વાળ્યા, તેથી જ્ઞાનચંદજી એમને પ્રથમ દીક્ષાગુરુ અને માર્ગદર્શક ગણે છે. બુદ્ધિ ભગવાન પ્રત્યે વળે એટલે ભગવાનના ગુણ-કીર્તનમાં પ્રેમ ઊપજે. શ્રી કૃષ્ણનું મૂર્તિમાન જીવન વ્યક્ત કરતું શ્રીમદ્ ભાગવત્ ગ્રંથાવતાર છે. એના શ્રવણે ૧૯૩૯માં નાનચંદભાઈના હૃદયમાં જે ભાવો ઉત્પન્ન કર્યા એ એમના જ શબ્દોમાં આ પ્રમાણે છે :

"કથાકાર ભગવાન શ્રીકૃષ્ણની અલૌકિક લીલા પ્રેમથી સંભળાવે છે. તેની મારા અંતઃકરણ ઉપર ભારે અસર થઈ. ગોપીઓ ઘરનાં કામકાજ છોડીને, બાળબચ્ચાં અને ઘરબાર છોડીને પ્રભુનાં દર્શન માટે ઘેલી બની, દેહનું પણ ભાન ભૂલીને દોડી જતી — એવી એવી લીલા સાંભળીને ઈશ્વરના દર્શનની પ્રાપ્તિ માટે મારું મન તલસી રહ્યું. આત્માનો ઉદ્ધાર કરવો હોય તો ગોપીઓના માફક પોતાના સર્વસ્વનો ત્યાગ કરવો પડે એ તત્ત્વ મને શ્રીમદ્ ભાગવતમાંથી મળ્યું મને થયું કે, હે પ્રભુ ! હું હવે તારા પ્રત્યક્ષ દર્શન માટે તલસું છું.

મને પણ વ્રજની એક ભૂલી પડેલી ગોપી સમજી તારા વિરહનું મારું દુઃખ દૂર કર."

આવા આવા ભાવો આવતા ત્યારે તે ગદ્‌ગદિત થઈ જતા. 'પ્રભુ પ્રભુ' કહી ડૂસકે ડૂસકે રડી પડતા. આમ હૃદય જ્યારે અંદરની લગનથી પ્રભુને પોકારે છે ત્યારે તે હૃદય પ્રભુ પ્રત્યે જ ઢળી જાય છે; એને સંસારનાં સુખ નીરસ અને તુચ્છ લાગે છે. નાનચંદભાઈનું પણ તેમ જ બન્યું. એકાંતસેવન, 'શ્રીકૃષ્ણ શરણં મમ'નો સતત જાપ અને વાસના તથા જીભ પર વિજય મેળવી એમણે પોતાનું હૃદય સેવા-ભક્તિમાં પૂરેપૂરું સ્થિર કરી દીધું.

ભગવાનની સાકાર સેવાભક્તિનું વર્ણન કરતાં તેઓ કહે છે કે: "પૂજામાં હું શ્રીકૃષ્ણની છબી રાખતો. આ છબીને ભગવાનરૂપ ગણીને તેને સાકર-શીંગ વગેરેનો પ્રસાદ ધરાવતો. વાડીમાંથી ફૂલ વીણી લાવીને તેની માળા બનાવીને પહેરાવતો. ઘીનો દીવો કરતો. સાંજે બે માઈલ ચાલીને સ્યામલાલ બાવાના મંદિરે ધંધુકા જતો. સેવા-પૂજા અને દર્શન વખતે હું એકતાન બની જતો. દર્શન ટાણે આંખ-માંથી અશ્રુ ટપકયાં કરતાં. 'શ્રીકૃષ્ણ શરણં મમ'નું ઉચ્ચારણ ઘડી પણ મોંમાંથી બંધ થતું જ નહિ. રાત્રીના સૂતાં સૂતાં પણ મનમાં સેવા અને દર્શનનું રટણ ચાલતું. તંદ્રા જેવી સ્થિતિમાં મારી અંતરની ભાવના અને કલ્પનાનું દર્શન થતું, જાણે કે શ્રી સ્યામલાલ બાવાની મૂર્તિરૂપે અને સ્વરૂપે શ્રીકૃષ્ણ પ્રભુની ઝાંખી કરતો. સ્યામલાલ બાવાની મૂર્તિ મારી સામે ખડી થતી. આ મૂર્તિને શણગાર ધરવો, ફૂલની માળાઓ પહેરાવવી, હીંડોળે બેસાડી ઝુલાવવા, થાળ ધરવો, કેસૂડાંનો રંગ તથા અબીલગુલાલ ઉડાડવો, નવાં નવાં વસ્ત્રો ધરાવવાં, જોરથી ઘંટનાદ સાંભળવો, હજારોની સંખ્યામાં દર્શનાર્થીની ઝાંખી થવી — આવું આવું બધું જાણે કે પ્રત્યક્ષ નિહાળી રહ્યો છું, એવું જ મને લાગતું. આવી પરિસ્થિતિ મહિનાઓ સુધી ચાલેલી. એકાદ બે વખત તો સ્યામલાલ બાવાની મૂર્તિ જાણે મારી સામે હસતી હોય

અને હાથપગનું હલનચલન થતું હોય એમ લાગેલું. આજ રાત્રે મેં જે પ્રકારની ઝાંખી કરી હોય એ જ રીતનાં દર્શન બીજે દિવસે હું જ્યારે મંદિરમાં દર્શન કરવા જતો ત્યારે થતાં – આવો મારો નમ્ર ખ્યાલ છે. આને હું ભગવાનનો સાક્ષાત્કાર થયો છે કે દર્શન થયાં છે તેમ કહી શકતો નથી. અંતરમાં જે તલ્લીનતા ઊભી થયેલી એની કલ્પનાનું એ દર્શન હતું.''

**દાસ્ય ભક્તિની ભેટ (૧૯૪૧ થી ૧૯૫૨)**

જેના ઉપર ભગવાનની કૃપા થાય તેનાં મનવાંછિત પ્રભુ પૂરે છે. માતાજી તથા નાના ભાઈની સેવાનો સ્વધર્મ સાચવીને પ્રભુ-ચરણની સેવા તે ઝંખતા હતા.

## પ્રારંભિક દાસ્ય ભક્તિની પ્રાપ્તિ

## દાસભાવે મંદિરસેવા

પ્રભુએ એમની સ્થૂલ તથા સૂક્ષ્મ એટલે ભાવસેવાનો લાભ આપી એમને દાસ તરીકે સ્વીકારી દાસ્ય ભક્તિનું દાન આપ્યું. તે અંગે નાનચંદભાઈ કહે છે : ''પરમાત્મા જીવના કલ્યાણ માટે મદદે દોડી આવે છે. ધોલેરામાં વૈષ્ણવ હવેલીમાં વ્યવસ્થાપકની જરૂર હતી. ત્યાંથી સંદેશો આવ્યો કે 'તમે આવી જાવ.' હું ગયો. નિર્વાહ પૂરતો પગાર કરાવી પ્રથમ દ્વારકાનાથ અને પછી શ્રી ગોવર્ધનનાથની હવેલીઓના વહીવટની સેવા સંભાળી લીધી. ભગવાન શ્રીકૃષ્ણનાં ભજન-કીર્તનનો અલભ્ય લાભ રાત-દિવસ મળ્યો અને સાથે જ તેમની સેવાનું કામ મળ્યું એટલે સોનામાં સુગંધ ભળવા જેવું થયું. વ્યવ-સ્થામાં કોઈ ઠેકાણે જૂઠ, પ્રપંચ, અનીતિ, કંઈ જ નહિ; પ્રામાણિક અને સત્ય નિષ્ઠાથી વહીવટ સંભાળ્યો અને સૌને સંતોષ આપવાનો મેં પ્રયત્ન કર્યો.''

## પ્રભુની ભાવાત્મક સેવા

જેમ ભગવાનનું મંદિર ને હવેલીમાં મૂર્તિરૂપે પ્રભુનું સાકાર સ્વરૂપ છે તેમ રાસલીલામાં જીવસૃષ્ટિ સાથેના પ્રેમમધુર વ્યવહારનું ભાવ-સ્વરૂપ છે — લીલા-સ્વરૂપ પ્રેમરસ છે. ભગવાને ગોપબાળો સાથે મિત્રરૂપે રહી, એમને માધુર્યના સંસ્કાર આપી, સખ્યભક્તિ શીખવી, સુંદર ગોપાલન શીખવ્યું, પરસ્પર પ્રેમથી રહેવાની કળાની કેળવણી આપી અને ગાય ને બાળની સેવામાં પ્રભુસેવા છે તે મર્મ સમજાવ્યો. નાનચંદભાઈને પ્રભુએ કૃષ્ણભાવના રૂપી બાલ અને ગાયની સેવાની તક આપી તેથી ધન્યતા અનુભવતાં નાનચંદભાઈ કહે છે કે—

## દાસભાવે છાત્રસેવા

"મંદિરોના કામની સાથે સાથે બીજી પ્રવૃત્તિ તરફ પરમાત્માએ મારું ધ્યાન દોર્યું. ગામમાં એક છાત્રાલય હતું. જૂના ગૃહપતિની ગેરવ્યવસ્થાને લીધે બંધ થવાની અણી પર તે આવી પહોંચ્યું. છાત્રાલયના ટ્રસ્ટીઓએ આગ્રહ કરીને આ કામ સંભાળી લેવા મને કહ્યું. મને તો સેવાની ભૂખ હતી જ. ટ્રસ્ટીઓએ તેમાં મને સહકાર આપ્યો અને પ્રગતિ થવા માંડી. ગૃહપતિ સત્યનિષ્ઠ, પ્રામાણિક અને ચારિત્રશીલ હોય તો છાત્રોમાં સદ્‌ગુણો આવે છે. જાતે બાળકોને પ્રેમપૂર્વક રસોઈ પીરસે તો ગૃહપતિ અને છાત્રો વચ્ચે પ્રેમ જોવા મળે છે. મારે છાત્રોની વચ્ચે જ રહેવાનું હતું. હું તેમની માતા બન્યો. તેઓ પણ સાચે જ મારાં બાળકો જેવા જ મને વહાલા હતા. ૧૯૪૪ આસપાસ એક વાર એક ગામમાં રાત્રે સમૂહપ્રાર્થના પછી છાત્રોએ ધાર્મિક પાત્રો ભજવી બતાવ્યાં. વળતરમાં વ્યસન છોડવાની માગણી કરી. ઘણાંએ મૌખિક રીતે વ્યસનો છોડયાં. એક ભાઈએ તો જીવનભર બીડીનું વ્યસન છોડયું અને શરીરને ખૂબ લાભ મળ્યાથી બાળકોનો આભાર માન્યો."

## દાસભાવે ગાયોની સેવા

જેમ છાત્રસેવાનો લાભ મળ્યો તેમ ગાયની સેવાની પણ તક વર્ણવતાં તેઓ કહે છે : "એક વાર નડિયાદથી આવતાં એક પગે લૂલી અપંગ ગાયને પડેલી જોઈ હૃદયમાં દયા ઊપજી. તેની સેવા કરવાનો અંતરમાં આદેશ થવા લાગ્યો. એ ગાયને ઊભી કરી ધીરે ધીરે મંદિર સુધી લઈ આવ્યો. મંદિરના વંડામાં એક જગ્યાએ તેને સ્થાન આપ્યું. બીજી પાંચ ગાયો ખરીદી સં. ૨૦૦૦ની સાલમાં સાર્વજનિક ગૌશાળા કરી. દુષ્કાળ વખતે ધોલેરાવાસીની દયાની લાગણીએ ગાયોની સેવાર્થે ગૌશાળા બાંધવાનો પ્રબંધ કર્યો. આમ, ગોસેવાનો લાભ મળ્યો તેને હું મારા જીવનનો સાચો લહાવો ગણું છું."

આમ ભગવાને નાનચંદભાઈને ત્રિવિધ સ્વરૂપે સેવામાં જોડયા. તેમણે પણ ખૂબ પ્રેમપૂર્વક પ્રભુનું કામ સમજી દાસભાવે સેવામય ભક્તિથી દાસ્યભકિત સિદ્ધ કરી નિરંતર પ્રભુકૃપામાં તેઓ તરબોળ સ્નાન કરતા રહ્યા.

## સદ્‌ગુરુની ઝંખના અને પ્રભુકૃપા-રસપાન

ગોપીઓ ભગવાન કૃષ્ણની સજીવ મૂર્તિ સાથે રહી હતી. એમને ભગવાનના સદ્‌ગુણોની પ્રતીતિ થઈ હતી. ભગવાને ગોપીઓને પોતાના સ્વરૂપનું દાન આપીને તેમની અપાર કૃપાનાં દર્શન કરાવ્યાં હતાં. ભગવાનના વિરહને ગોપીઓએ ભગવાન જે કાર્યો કરતા હતા, ભગવાનને જે કાર્યો ગમતાં હતાં તે તે કરીને વિરહના દુઃખમાં એમણે પ્રેમનો અનુભવ કર્યો. જ્ઞાનચંદ્રજી પણ સગુણ કૃષ્ણમૂર્તિનાં પ્રત્યક્ષ દર્શન કરવા ઝંખતા હતા. તે સ્થિતિ વર્ણવતાં તે કહે છે : "દર્શન-પ્રાપ્તિ માટે કોઈ કોઈ વાર આંખોમાંથી અશ્રુની ધારા ચાલવા માંડે, ત્યારે વ્રજગોકુળની ગોપીઓના વિરહનાં દુઃખનો, તેમના નિર્મળ પ્રેમનો અનુભવ થવા લાગ્યો.

"શાસ્ત્રનાં વચનો અને સંતોના સમાગમથી જાણેલું કે પરમાત્મ-પ્રાપ્તિ માટે સંત સદ્‌ગુરુના માર્ગદર્શનનું અવલંબન આવશ્યક છે. મારી માનસિક સ્થિતિ પ્રભુદર્શન માટે એવી વિહ્‌વળ થઈ ગઈ કે હું ગુરુ સાંનિધ્ય માટે તલપાપડ થઈ ગયો. એ ધૂનમાં ને ધૂનમાં ખુલ્લે માથે, પહેરણ ધોતીભર, ખુલ્લા પગે પગપાળો અમદાવાદ તરફ ચાલી નીકળ્યો. સાંજ સુધી ચાલ્યા કર્યું. પગે તોડ થવા લાગી. ખૂબ થાક લાગ્યો. ભૂખ કકડીને લાગી. એક ગામની ભાગોળે મુકામ કર્યો. એટલામાં એક ભરવાડ ત્યાંથી જતો હતો તે સમજી ગયો કે – ભૂખ્યો સાધુ-મુસાફર છે. તેથી ગામમાં જઈ ખજૂર અને શીંગ લઈ આવ્યો. મેં પ્રેમથી ભોજન કર્યું ને પ્રભુસ્મરણ કરતો ઘસઘસાટ ઊંઘી ગયો. અમદાવાદ પહોંચી માલસર બાજુ આગળ વધ્યો. થાક ખૂબ લાગેલ; ભૂખ કહે મારું કામ. રસ્તામાં કોઠીના ઝાડ નીચે પાકું કોઠું ભાળ્યું. આખું ફળ ખાઈ ગયો. પરમાત્માએ જ પરોક્ષ રહીને મને તૃપ્ત કર્યો. મહીસાગરના કાંઠે ખુલ્લી રેતીમાં પગનાં તળિયાં દઝાય, ગરમી તેનું જોર અજમાવે, પગનાં તળિયાંમાં ફોલ્લા ઊપસી આવ્યા. આગળ ચાલવું મુસીબત ભર્યું હતું. એટલામાં પાછળથી એક ખટારાનો અવાજ સંભળાયો. હોર્ન વાગ્યું. ખટારો ઊભો રહ્યો. ડ્રાઇવરે પૂછ્યું "મહારાજ કોણ છો ? શું કરો છો ? ક્યાં જવું છે ?" મેં કહ્યું : "ધોલેરા છાત્રાલયનો સંચાલક હતો. ગુરુની શોધમાં નીકળ્યો છું." ત્યાં તે બોલી ઊઠ્યો : "અરે આપ તો મારા ગુરુજી છો. બેસી જાઓ ખટારામાં." તેની પાસે શ્રીફળ હતું તે વધેર્યું ને મને સુપ્રત કર્યું. એ વખતે મને થયું કે પરમાત્મા ભક્ત ઉપર કેટલો દયાળુ છે. એ પછી નર્મદાતટ પરના તીર્થધામ માલસર પહોંચ્યો. ત્રિલોકચંદ્રજી મહારાજ અને તેમનાં ધર્મપત્ની દેવીબહેને માતા-પિતાની અદાથી કાળજી લીધી ને મને પોતાને ત્યાં દોઢ માસ રાખ્યો. પાછા ફરતાં તોરણા ગામે એક પટેલ તેમને ઘેર લઈ ગયા અને અપૂર્વ વાત્સલ્યપૂર્વક ભોજન કરાવ્યું અને સરભરા કરી. તોરણાથી કઠલાલ જતાં

રસ્તામાં ખુલ્લા પગે ગરમ રેતીથી દઝાય ને વગડામાં ભૂખ્યા પડયા રહેવા સિવાય છૂટકો ન હતો. પણ સડકને કાંઠે કેરીનું મીઠું ફળ જોવામાં આવ્યું. ક્ષુધાની તૃપ્તિ થઈ ગઈ. આમ પ્રભુકૃપાના ગુણ ગાતો-અનુભવતો દયાનિધિ પળેપળ ફિકર રાખી રહ્યો છે તેવી પ્રતીતિ કરી ધોલેરા પહોંચી ગયો. મને ખાતરી થઈ ગઈ કે ભગવાન સદ્‌ગુરુનો ભેટો કરાવશે જ." આ પ્રવાસમાં એમને જગતના અધિષ્ઠાન રૂપ, પાલક, પોષક અને રક્ષક શ્રીહરિનાં દર્શન થયાં. 'અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ જૂજવે રૂપે અનંત ભાસે' તે નરસિંહના પદની જાણે કે પ્રતીતિ કરાવતા જ હોય તેવા ભરવાડ, સાંઢિયાવાળો, ટ્રક-ડ્રાઇવર, પ્રોફેસર, વેપારી, સાધક દંપતી, તોરણાના પટેલ અને તરુવર રૂપે જેમ પ્રભુએ પાલનપોષણ કર્યું, તેમ દૂધ આપવાનો ઇનકાર કરી અપમાન કરનારા વ્રતરક્ષક હરિના સ્વરૂપમાંયે પ્રભુ-કૃપાનાં નાનચંદભાઈને સતત દર્શન થયાં. પ્રભુના આ પાલક, પોષક અને રક્ષક કૃપામય સ્વરૂપમાં નિમજ્જના કરતાં એમને સ્પષ્ટ થયું કે, 'પ્રભુની કૃપા જરૂર એમને સદ્‌ગુરુનો ભેટો કરાવશે' — એવી શ્રદ્ધાથી ધોલેરા પહોંચી ગયા.

# સદ્ગુરુની પ્રાપ્તિ અને દશ લક્ષણા ભક્તિ

## (૧૯૪૪ થી ૧૯૫૨)

જે શુદ્ધ સેવાપરાયણ ભક્ત રસિકભાઈએ સ્વામીજીને પ્રભુપ્રેમને માર્ગે વાળ્યા, એમણે જ નાનચંદભાઈને સંતબાલજીના સત્સંગનું નિમિત્ત બનાવ્યા તે પ્રસંગનું વર્ણન કરતાં નાનચંદભાઈ લખે છે:

"મારા ભાણેજ રસિકભાઈએ મને કહ્યું કે 'સાણંદમાં એક જૈન મુનિ પધાર્યા છે. તેઓ ઘણા જ પવિત્ર છે અને લોકજીવનના ઘડતરનું કામ પણ બહુ સારું કરે છે. તો આપણે તેમનાં વંદન અર્થે જઈએ.' અમે બંને સાણંદ આવ્યા. રાત્રી પ્રાર્થનામાં ભાગ લીધો, હું જેમ જેમ પ્રાર્થનાની કડીઓ સાંભળતો ગયો, તેમ તેમ મારું હૃદય ભરાવા લાગ્યું, અને પછી તો રડી પડચો. મને થયું કે 'જે પુરુષની શોધમાં હું ફરું છું તેવા જ પુરુષ મને ભગવાને ભેટાડી આપ્યા છે.' તે દિવસથી મારા અંતઃકરણમાં સાચા ગુરુ તરીકે આ પવિત્ર પુરુષ મળી ગયા, મારા હૃદયને ખૂબ શાંતિ થઈ. અંતરમાંથી અવાજ આવ્યો કે મારે જોઈતી વસ્તુ મને પ્રાપ્ત થઈ છે. તેમની દિનચર્યા, આત્મદર્શનની તાલાવેલી, નિર્મળ પ્રેમ, સર્વધર્મસમભાવ અને લોકહિતાર્થે સેવાવૃત્તિની પ્રવૃત્તિ જોઈ તેમની તરફ મારું ખેંચાણ વધતું ગયું. મને તેમની લગન લાગી. રજા લઈ લગભગ એક માસ તેમની સાથે પગપાળા પ્રવાસમાં રહ્યો. ત્યારે સાધુજીવન કેવું તલવારની ધાર પર ચાલવા જેવું છે તેનો પ્રત્યક્ષ અનુભવ થયો. પરમાત્મા તેના આશરે રહેલનું યોગક્ષેમ કેમ ચલાવે છે તેનું દર્શન થયું અને મેં પણ યથાશક્તિ તેમને અનુસરવા માંડયું- એ વખતની મારી પરિસ્થિતિ પ્રમાણે કોઈ પણ બાબતમાં શંકા કે

મતભેદ જેવું લાગે તેનું સમાધાન ચર્ચા દ્વારા સારી રીતે થઈ જતું અને મને સંતોષ થતો. વિહારમાં ગોગલા ગામે હું તેમની સાથે હતો. તેના ગોર તેના યજમાનોમાં સપંક્તિ ભોજન કરે. તેમને ત્યાંથી મહારાજશ્રીએ ભિક્ષા ગ્રહણ કરી. મારા અંતરમાંથી અવાજ આવ્યો કે જો સાધુવૃત્તિ ધારણ કરવી છે, એકબીજા સાથેના પડદા હઠાવવા છે, અંતર એક કરવાં છે, આત્મૈક્યનો અનુભવ મેળવવો છે તો મારે જુદાઈ છોડી દેવી જોઈએ. જયાંસુધી ઊંચનીચના જ્ઞાતિભેદ છે ત્યાં સુધી પ્રભુપ્રાપ્તિની વાત ફોગટ છે. પ્રભુકૃપાથી જ્ઞાતિભેદ છોડી દેવાની મને શક્તિ મળી. તે જ ગોરભાઈને ત્યાં ભોજન સ્વીકારી ગમે તે વિઘ્ન સહી લેવાનું મેં નક્કી કર્યું ચુસ્ત આચારવિચાર-વાળા હવેલીના વહીવટદારશ્રીને અને છાત્રાલયના ટ્રસ્ટી ભાઈઓને મેં મારા વિચાર અને વર્તન જણાવ્યાં અને બંને સંસ્થામાંથી મુક્તિ મેળવી છેવટે ગૌશાળામાંથી પણ મહામુશ્કેલીએ મુક્તિ મેળવી. એ બધું છોડી દઈ મહારાજશ્રીને માર્ગે ચાલી નીકળ્યો. મારા અંતરના અવાજને માન આપી, ગુરુશ્રીની આજ્ઞાને આધીન રહી. જીવનનૌકાનું સુકાન પરમાત્માને ભરોસે સોંપી, સંતને સોંપી, સંતની સેવામાં ઝંપલાવ્યું. મહારાજશ્રીએ મને ખૂબ જ પ્રેમપૂર્વક આનંદથી અપનાવી લીધો. તેઓશ્રી પાસેથી ઘણું જ જાણવાનું—અનુભવવાનું અને આચરણમાં મુકવાનું મળ્યું. તેઓશ્રીના અડગ નિયમો, અડગ સિદ્ધાન્ત, મક્કમતા તેમજ શુદ્ધ—પવિત્ર આચરણના સુંદર પાઠનો મારા જીવનઘડતરમાં ઘણો મોટો ફાળો છે. ગાયને પૂજ્ય માની તેની સેવાની મેં ચીવટ રાખેલી." તે ગાયને કતલખાને જતી રોકવા માટે પ્રાર્થનામય ઉપવાસ તપ દ્વારા શુદ્ધિ સાધનાનો મથુરામાં—કૃષ્ણ જન્મસ્થાનમાં પ્રયોગ કરીને તેમજ ઉપવાસ, મૌન વગેરે નિયમોનું પાલન કરીને જ્ઞાનચંદ્રજી શરણ, સમર્પણ, સેવા, સમજણ, શિક્ષણ, અનુસરણ, સગવડ ને નોકરી વગેરેનો ત્યાગ; અયાચકવૃત્તિ સભર સંતોષ, તીર્થધામમાં નિવાસ ને ધર્મપ્રયાસ; ભક્તો, ગાયો પ્રત્યે પૂજ્ય

ભાવ અને સિદ્ધાન્તપાલન રૂપી દસ લક્ષણા ભક્તિથી ગુરુદેવની પર્યુપાસના કરી, ગુરુદેવનાં સંતોષ અને કૃપા પામ્યા છે.

## સમાજગત સાધના અને સેવામય ભક્તિનો પ્રત્યક્ષ પ્રયોગ

સમાજમાં કે જનતામાં જનાર્દનનું શુદ્ધ સ્વરૂપ જોવું અને જ્યાં જ્યાં ગ્લાનિ થતી હોય, નિર્દોષ જનને દુર્જનો પીડતા હોય, ત્યાં દુર્જનતા દૂર કરવા, સજ્જનોની શક્તિ વધારવા અને વ્યક્તિ તથા સમાજના અંતરમાં રહેલી સારપનું સૌંદર્ય પ્રગટાવવા સતત પ્રયત્ન કરવો તે જનાર્દનની સેવામય ભક્તિ છે. આ માટે સાધકે જાણવું જરૂરી છે કે પોતાની આત્મશુદ્ધિ સાથોસાથ જ સમાજના અનુબંધની શુદ્ધિ કરતા રહેવી જોઈએ, સમાજમાં આવેલી ઢીલાશ, ભીરુતા, બીજાના દુઃખ પ્રત્યે ઉપેક્ષા અને સ્વકેન્દ્રી હિતબુદ્ધિ હટાવી પરમાત્માના શુભ અને શુદ્ધ સૌંદર્યથી તેની સૃષ્ટિને સુંદર બનાવવાનું કે શણગારવાનું કાર્ય પ્રભુની પરમ સેવા છે; પ્રભુનાં સંતાનોને શીલના શણગારથી શણગારવાં એ જ સાચી શૃંગારપૂજા છે. પ્રહ્લાદે પિતાના અહંકાર-મય મદ સામે પ્રભુપદનો મહિમા વધારવા સતત સત્યાગ્રહ કરી ભગવાનને અવતરવું ગમે તેવી સુધર્મદૃષ્ટિ પ્રસરાવી. ધ્રુવે સુરુચિની ભોગપ્રધાન નીતિ સામે શ્રેય સાધતી સુનીતિનું સ્થાપન કરવા તપ કરી પરિસ્થિતિ પલટાવી નાખી. દુર્યોધનના અન્યાય સામે સુન્યાય સ્થાપવા કૃષ્ણના સારથિપણા નીચે અર્જુન લડ્યો તેની પાછળ સુધર્મ, સુનીતિ અને સુન્યાયથી પ્રભુની સૃષ્ટિ શુદ્ધ, સ્વચ્છ અને સ્વસ્થ બનાવનારી સેવામય ભક્તિ છે. આંતરબાહ્ય પવિત્રતાના આવા ચિન્મય સૌંદર્યને સાધતી સાધનાને સંતબાલજી શુદ્ધિપ્રયોગ કહે છે. બગડના શુદ્ધિ પ્રયોગનો પ્રત્યક્ષ અનુભવ આપી સંતબાલજીએ નાનચંદભાઈને શુદ્ધિપ્રયોગનું સંચાલન સોંપ્યું તે અંગે તે લખે છે કે—

"આ એક વિલક્ષણ પ્રયોગ હતો. ગામડાના અજ્ઞાન લોકો કેટલીક વાર ખૂન પર આવી જાય, ચોરીઓ થતી રહે, લૂંટફાટ ચાલે કોઈની પરણેતર સ્ત્રીને બીજો ઉપાડી જાય, માથાભારે લોકો કે અધિકારીઓ છડેચોક અન્યાય કરે, ગમે તેમ આચરણ કરે, પણ કોઈ કોઈનું જોનાર જ નહિ, ગરીબનું કોઈ સાંભળે જ નહિ. મહારાજશ્રીએ આવા અન્યાયનો ઇલાજ શોધવા આત્મમંથન કર્યું. જે કાંઈ અન્યાયની વાત તેમની પાસે આવે તેની પૂરી તપાસ કરે, ગુનેગારને શોધી કાઢે, તેને ખૂબ સમજાવે, ઉપદેશ આપે, તેના આત્માને જાગ્રત કરે—આ બધા પ્રયત્ન છતાં ન માને તો શુદ્ધિપ્રયોગ કરે, ગુનેગાર સામે વ્યવસ્થિત અનશન શરૂ થાય, ગુનેગારને પ્રેમથી શરમિંદો બનાવે, છેવટે ગુનો કબૂલ કરાવી પ્રાયશ્ચિત્ત કરાવે" રાજ્ય મારફત કે બીજી રીતે શારીરિક સજાને તેમાં સ્થાન ન હતું. નૈતિક દૃષ્ટિનું દબાણ અને તપ–પ્રાર્થના અને સામાજિક મૂલ્યો જાગૃત કરવાથી ગુનેગારના અંતઃકરણને સ્પર્શીને શુદ્ધ કરવાનો તેના અંતરમાં રહેલા શુભને સક્રિય કરી તેનું ભલું કરવાનો એ સેવામય પ્રયોગ હતો.

## શુદ્ધિ પ્રયોગો દ્વારા હૃદયસ્થ પ્રભુનો સાક્ષાત્કાર

મહારાજશ્રીના માર્ગદર્શન નીચે એમણે કરેલ, શુદ્ધિપ્રયોગો સમાજની શુદ્ધ સેવામય ભક્તિનો ખ્યાલ આપે છે. સમાજ એ જનાર્દન-નું પ્રગટ સ્વરૂપ છે. તેની વેદના દૂર કરવાનું કામ–આર્ત અને પીડિતની વહારે ધાવાનું કામ ભક્તોનું છે. ભક્તોમાં કરુણા અનુકંપા સહજ હોય છે અને દયામાં તો ક્યારેક પ્રભુ કરતાંયે સવાયા ચઢે છે. આ બાબતમાં નાનચંદભાઈના અનુભવોનો સાર તેમના જ શબ્દમાં જોઈએ.

### (૧) પાપ–કાર્ય સામે શુદ્ધિપ્રયોગ

અ. પંખીના શિકારનો વિરોધ : એક ફોજદાર ગામની

ધર્મશાળામાં ઊતર્યો. રાત્રે નિર્દોષ પારેવાને પિસ્તોલથી વીંધી તેનું માંસ રંધાવી ભોજન કર્યું. ગામ લોકો પોતાના ટીંબે થયેલા પાપથી કકળી ઊઠયા, મારી પાસે આવ્યા. મેં ફોજદાર સાથે વાત કરી. એમણે ક્ષમા માગી અને ફરી આવું નહીં કરે તેની ખાતરી આપી.

બ. **હરણના શિકારનો વિરોધ :** એક ગાડાવાળાએ મને વાત કરી—એસ. ટી. ની મોટરમાં ત્રણ સાહેબ આવ્યા. ત્રણ હરણ અને એક કાળિયારનો શિકાર કરી એસ. ટી. ની મોટરમાં શિકાર લઈ ગયા. હું તાલુકાના આગેવાન સાથે એસ. ટી. ના અધિકારીને મળ્યો. તેમણે ભૂલ માટે દિલગીરી બતાવી ક્ષમા માગી ફરી ભૂલ ન થાય તેની ખાતરી આપી.

## (૨) ધર્મને નામે થતી કુરૂઢિ સામે શુદ્ધિપ્રયોગ

અ. **બકરાના બલિ અટકાવ્યા :** એક ગામમાંથી નવરાત્રિની આઠમે માતાજીને ઘેટાં–બકરાંનો ભોગ ધરાવવાના છે તેવા સમાચાર આવ્યા. મેં ત્યાં જઈ ગામ સાથે વાત કરી. નવરાત્રિમાં પ્રભાત ફેરી, રાત્રિસભા, વ્યક્તિગત સમજાવટ દ્વારા ગામમાં સાત્ત્વિક વાતાવરણ જામ્યું. ભૂવાના ધમપછાડા ને ધમકી છતાં સૌએ લાપસી ચોખાનાં નિર્દોષ નૈવેદ્ય કરવાનો નિર્ણય કર્યો. ઘેટાં–બકરાં છોડી મૂકયાં અને કાયમ માટે નિર્દોષ નૈવેદ્યનો રિવાજ પડી ગયો.

બ. **બીભત્સ ફાગ બંધ કર્યા :** કમળા હોળીને દિવસે ઘેરૈયાના બીભત્સ ફાગથી બહેનો ત્રાસ પામતી હતી તેવી ફરિયાદ એક કસ્બાનાં ગામનાં બહેનોએ કરી. હુતાશણી વખતે છાણાં–લાકડાં ચોરવાં, બીભત્સ ગીતો ગાવાં ને ફાગ બોલવા, દારૂ પીવો વગેરે અશ્લીલ રિવાજો એ જમાનામાં ચાલતા. કસ્બામાં ફરી ગામને સમજાવી ફાગને બદલે રામધૂન બોલવી, નિર્દોષ રમતો રાખવી, માગીને છાણાં–લાકડાં ભેગાં કરવાં વગેરે રિવાજ શરૂ કરાવ્યો ને બેત્રણ વર્ષમાં

કસ્બા ને ફરતાં ગામમાંથી બહેનોને ત્રાસ આપતો અને કિશોર–કુમાર-માં કુસંસ્કાર સિંચતો બીભત્સ ફાગનો રિવાજ બંધ થઈ ગયો.

## (૩) ગાયના નામે છેતરનારા સામે શુદ્ધિપ્રયોગ

અ. **છેતરપિંડી:** એક વાર ગામને ચોરે આગેવાન સાથે હું બેઠો હતો. તેવામાં ગોભક્ત જેવો પોષાક, ખભે પટ્ટા અને પાવતી-બુક લઈને બે ભાઈઓ ફાળો કરવા આવ્યા. ભોળપણથી ગામ લોકો આપવા તૈયાર થયા, મને શંકા જતાં ઊંડી તપાસ કરાવી. તે લોકો પછાત કોમના હતા. પ્રપંચે પેટ ભરવાનો આ ધંધો લઈ બેઠા હતા અને લોકોની ગાય પ્રત્યેની દયાનો દુરુપયોગ કરી છેતરપિંડી કરતા હતા. સમજાવવાથી તેમણે પસ્તાવો જાહેર કર્યો. પહોંચ ફાડી નાખી અને દસ રૂપિયા રાખી બાકીના રૂ. ૪૧) ગાયને કપાસિયા માટે આપી ચાલતા થયા ને ગામડાંને છેતરવાનું બંધ કર્યું.

બ. **ઠગાઈ સામે વિરોધ:** એક કસ્બામાં પાંચ ભગવાંધારી સાધુ ગૌશાળાની પહોંચો આપી ફાળો કરે. મને વેશધારી ઠગ લાગ્યા એટલે તેમને રોક્યા. તેઓએ પોલીસમાં મારા સામે ફરિયાદ કરી. મેં કહ્યું: "જૂઠાણાને રોકવું તે મારો ધર્મ છે. તમે તપાસ કરો. તપાસમાં તેમની ધૂર્તતા છતી થઈ. ફોજદારે મેજિસ્ટ્રેટ પાસે રજૂ કર્યા. તેમણે ગુનાનો એકરાર કર્યો ને દરેક રૂ. ૧૫) દંડ આપી છૂટી ગયા. બાવા જ મને કોર્ટમાં ઘસડી ગયેલા. તેમાં સત્ય સમજાયું ધૂર્તને સજા થઈ.

## (૪) શિરજોરી અને ભ્રષ્ટાચાર સામે શુદ્ધિપ્રયોગ

એક ગામમાં ત્રણ પોલીસે એક નિર્દોષ આબરૂદાર સજ્જન પાસેથી પૈસા પડાવવા જડતી લીધી. તેના કોઠલામાં દારૂનો શીશો સેરવી દઈ પ્રપંચે તેને ગુનેગાર ઠેરવી પંચનામું કર્યું. તેને દોરડેથી બાંધ્યો. તેના કુટુંબે રડારોળ કરી મૂકી. ગામના લોકોએ વચ્ચે પડી

નેવું રૂપિયા પોલીસને અપાવ્યા ત્યારે છોડયો. 'વાડ ઊઠીને ચીભડાં ગળે અને ધરમીને ઘેર ધાડ પાડે.'–તેવી વાત સાંભળી હું ત્યાં પહોંચ્યો. સાચી વાત જાણી. ગામના થોડા સમજણા માણસોને લઈને તેમાંના એક પોલીસને મળ્યો. તેના હૃદયમાં મારી વાત વસી. એણે ભૂલ કબૂલ કરી. પંદરમે દિવસે ગામની માફી માગી નેવું રૂપિયા પાછા આપ્યા અને આ પાપનો ધંધો છોડી એ પોતાના ગામડામાં પોતાને ધંધે લાગી ગયા.

બીજા એક પ્રકરણમાં ગામનો તલાટી લોકોને પજવી પૈસા લે છે; કોઈ બોલવા જાય તો વેર રાખી પરેશાન કરે છે—તે વાત મેં ટ્રેઈનમાં સાંભળી. મહારાજશ્રીનો મુકામ એ જ ગામમાં હતો. હું ત્યાં પહોંચ્યો. મહારાજશ્રીને તલાટી અંગે વાત કરી. તેઓશ્રીએ ઘટતી તપાસ કરી તલાટીને બોલાવ્યા. તલાટીને પોતાની ભૂલ સમજાણી. તેનો એકરાર કર્યો અને જેની પાસેથી પૈસા લીધા હતા તેને પાછા આપ્યા."

## દયામય પ્રભુના સૌંદર્યમાં નિમજ્જના

કન્ડક્ટરોની ગેરરીતિ; ટી.ટી. ની બારોબાર પૈસા ખાઈ જવાની વૃત્તિ અને જૂઠાણા સામે, પોતાના સંઘના ગણાતા ખેડૂત આગેવાનની ભૂલ સુધારી, જેનો હક્ક હતો તેને જમીન પાછી આપવાથી માંડીને ઘણા શુદ્ધિપ્રયોગો કર્યા. એમાં એમને બે વસ્તુનાં દર્શન થયાં. (૧) માણસના હૃદયની સારપ જાગે. (૨) અને નૈતિક વાતાવરણનું બળ મળે તો તે ભૂલ સુધારવા તૈયાર હોય છે. સમાજમાં જેને અન્યાય વેઠવો પડે, તેના પ્રત્યે સમગ્ર સમાજની સહાનુભૂતિ હોય છે, અનુકંપા હોય છે. માત્ર તેની પડખે રહી હૂંફ દેવાય તો સામુદાયિક સદ્ભાવના સક્રિય દયા બનીને સમાજશુદ્ધિના કામમાં લાગી જાય છે. આથી જ સપ્તશતીમાં ગાયું છે કે, જે દેવી ચિતિ રૂપે બધાના હૃદયમાં સંવેદન જગાડે છે, જે સર્વ ભૂતોમાં દયારૂપે પડેલી છે, જે સર્વ ભૂતોમાં

માતૃરૂપે પડેલી છે તેને નમસ્કાર હો, નમસ્કાર હો ! ચૈતન્યના આ ચિન્મય સૌન્દર્યમાં સ્નાન કરીને નાનચંદભાઈએ સેવામય ભક્તિને પુષ્ટ કરી અને પરમાત્માની સૃષ્ટિ ને સર્જનોની સેવામાં પ્રભુસેવાનો સાક્ષાત્કાર કર્યો. પ્રભુના પ્રત્યેક સર્જનમાં રહેલી સુસંવેદનામાં એમણે ચિન્મય દયાનાં દર્શન કર્યાં. બિંદુ બિંદુ મળીને જેમ સાગર થાય છે તેમ જીવાંશના અંશી સમા દયાના સાગર પ્રભુના દયામય સૌંદર્યનાં સાક્ષાત્ દર્શન કરીને તેમનો આત્મા બોલી ઊઠ્યો : હે ભગવાન ! દયાના સાગર ! તને નમસ્કાર હો, નમસ્કાર હો ! ચિત્તશુદ્ધિનું આ પાવન સ્વરૂપ બતાવનાર ગુરુદેવની છબી તેમના હૈયામાં મઢાઈ ગઈ. ગુરુદેવનું 'અભિનવ રામાયણ' તેમને હૃદયસ્થ થઈ ગયું. અને જૈન દૃષ્ટિએ ગીતાનું તો એમણે સુંદર અક્ષરે સારદોહન કર્યું, ત્યારે જાણે કે ગુરુદેવના સર્જક, પાવક સૌંદર્યરસમાં મસ્ત રહેતા હોય એમ એમણે અનુભવ્યું.

## સકલ પ્રવૃત્તિમાં સદ્‌ગુરુની છાયા

સેવામય ભક્તિમાં ચિત્તની નિર્મળતા અને હૃદયની શુદ્ધિને લઈને અંતઃકરણ એવું સ્ફટિક જેવું નિર્મળ થાય છે કે તેમાં મૂર્તિમંત ગુરુદેવના આદર્શની છાયાનું પ્રતિબિંબ પડતું હોય છે. હનુમંતના હૃદયમાં જેમ રામજીની છબી પડતી હતી, ગોપીઓનાં જેવાં સ્વચ્છ હૃદયમાં જેમ કૃષ્ણની છબી પડતી હતી, સંતબાલના હૃદયમાં એમના ગુરુદેવ નાનચંદ્રજીની જેમ છાયા પડતી હતી, એ જ રીતે જ્ઞાનચંદ્રજીની પ્રત્યેક પ્રવૃત્તિ અને સેવાવૃત્તિમાં સંતબાલના આદર્શની છાયા જોવામાં આવે છે.

## તૃતીય સોપાન

# અંતર્યામી પ્રેરિત આધ્યાત્મિક ભક્તિ

### (૧૯૬૪ થી ૧૯૭૫)

પ્રભુપ્રેમીને પ્રભુ જ ઉત્તરોત્તર ઉત્કૃષ્ટ ભૂમિકાએ ચઢાવતો જાય છે. સદ્‌ગુરુને પ્રાપ્ત કરાવી ભગવાન અશુભ-અનિષ્ટને રોકી, શુભ ને ઇષ્ટ પ્રત્યે પ્રેરણા આપે છે. એ જ પ્રભુ અંતર્યામીની પ્રેરણા પ્રગટાવી શુદ્ધ અધ્યાત્મનો આનંદ, મસ્તી અને નાદ જગવે છે. જ્ઞાનચંદ્રજી મહારાજની નોંધ એની સાક્ષી પૂરે છે.

## કુદરતને ખોળે પ્રભુપ્રેમની મસ્તી

**નામજપન :** "મને તા. ૧૧–૨–૬૩ની રાત્રે બારના સુમારે એકાએક એવો વિચાર આવ્યો કે 'કુદરતને ખોળે તારું બધું જ છોડી દે.' આ વિચારે મને ભારે મજબૂત બનાવી દીધો. ૧૯૩૯માં ભાગવત સપ્તાહ સાંભળવાનો અવસર પ્રાપ્ત થયો ત્યારથી દિન-પ્રતિદિન મારું મન આ જગતથી નિરાળું બનતું જતું હતું. જગતની કોઈ ચીજમાં આસક્તિ ન રહે એ માટે મંથન અનુભવીને સુંદર માર્ગ કાઢી લેતો હતો. બધું સેવાનું કામ કરતાં છતાંય ઘડી પણ ભગવાનનું નામ ન વીસરાય એની કાળજી રાખતો. તા. ૨૩–૬–'૬૩ના ઈશ્વર-ચિંતન થોડો વખત છૂટી ગયું. અડધોએક કલાક રુદન રહ્યું. ઈશ્વરી શરણાગતિના ઠીક પ્રમાણમાં વિચાર આવ્યા. આમ કાળજી લેતાં આજે મને ભગવન્નામ અંતર્ગત થયું છે એવો અનુભવ થાય છે. આજના યુગે સંતો અને સેવકોનું કામ એ લાગે છે કે લોકોની નિકટ પહોંચીને બની શકે તેટલો ઈશ્વરના નામનો ગુંજારવ કરવો.

**પ્રભુસ્મરણ :** રાતના એકાએક આંખ ઊઘડી ગઈ. ગોપીઓ અને ચૈતન્ય મહાપ્રભુજીનું શ્રીકૃષ્ણ પ્રત્યેનું આકર્ષણ નજર સામે તરવા લાગ્યું. એમના અંતરની તાલાવેલી અને વેદનાનો ખ્યાલ આવતાં હૃદય ભરાઈ આવ્યું અને ધ્રુસકે ધ્રુસકે રડી પડાયું (૧૫–૮–૬૩). બાલમંદિરના કાર્યમાંથી સંપૂર્ણ મુક્તિની તૈયારી કરી લીધી. દિવસો જાય છે અને હજુ ઘણું પ્રાપ્ત કરવાનું બાકી છે. હે મા ! તું મારા માટે શું વિચારે છે?—એ વિચારે હાસ્ય અને રુદન થયાં. મસ્તી ખૂબ લાગી. મને તો એક ભક્તિ સિવાય જીવનમાં બીજી કોઈ અપેક્ષા જાગતી નથી. હે મા ! હજુ તારા રૂપે જગતને જોઈ શકતો નથી. પણ તું મારી સાથે જ છો—આવી પ્રતીતિ હોઈ મને ચિંતા નથી થતી. આમ માના ભાવો આવી જતા. હાસ્ય સારા પ્રમાણમાં થયું અને થોડું રુદન પણ થયું. (૧૮–૧૦–૬૩) આજે વહેલી સવારે સ્વામી રામકૃષ્ણ પરમહંસ અને દેવી શારદામણિનાં સ્વરૂપો કેટલાક સમય પૂરતાં નજર સામે તરવર્યાં. (૨૩–૧૦–૬૩) મા પ્રત્યે ચિત્તની એકાગ્રતા વધારે થઈ. તેમાં કુદરતી લીલાનાં દર્શન થતાં સારું એવું હાસ્ય થયું. માયાના તાંડવ નૃત્યે હસાવ્યો. કુદરત મૈયાના દર્શને હસાવ્યો અને રડાવ્યો, પણ મનમાં ખૂબ મસ્તી છે."

## સર્વત્ર પ્રભુદર્શન અને સર્વની સેવા

**સૌમાં પ્રભુદર્શન :** ધીમે ધીમે સર્વ પ્રાણીમાં શ્રીકૃષ્ણના સ્વરૂપને જોવા લાગ્યા એટલે સમભાવથી તે સર્વ પ્રાણી પ્રત્યે જોવા લાગ્યા. ક્રૂર પ્રાણીનો ડર ગયો અને વૃક્ષ, પશુ પંખી અને માનવી બધા પ્રત્યે તેમની આત્મતુલ્ય બુદ્ધિ થવા લાગી. સર્વ પ્રત્યે અનુકંપા જાગી અને તેથી ભકિતમય સેવાનો સહજ વિકાસ થયો. એમાં પ્રાધાન્ય ભક્તિનું છે, તેને પરિણામે સેવા સહજ રીતે થઈ જવા લાગી. જંગલમાં સેવાકુટિર બાંધી જ્ઞાનચંદ્રજી રહેવા લાગ્યા. એ વખતના અનુભવો કહે છે કે "જગતના સર્વ નાનાંમોટાં પ્રાણીઓ અને જંતુઓ પ્રત્યે

પ્રેમ જણાય છે. સર્વ પ્રત્યે પ્રેમ પાથરવો જરૂરી છે. પણ અંતરની તૃપ્તિ તો એક ઈશ્વર પ્રત્યે જ હોઈ શકે. એટલે સર્વમાં ઈશ્વર છે તેવી પ્રતીતિ કરી. પ્રતીતિ કરવાથી તૃપ્તિ મળે અને નિર્ભયતા સાંપડે. પુસ્તકોમાંથી વીંછી નીકળ્યો, સાપોલિયું પગમાં આવી ગયું, મોટો સાપ પગ પાસેથી પસાર થઈ ગયો. મોટો ઝેરી વીંછી જોવામાં આવ્યો પણ ડર ન લાગ્યો. કાનખજૂરો, પૈડોતરું, બે કાળા વીંછી અને નાગને જોયા ને આનંદ થયો. મૃત્યુનો ભય લગભગ ટળ્યો છે. શાહીનો ખડિયો કૂતરીએ ઢોળી નાખ્યો અને બે બાકસ ચોરાઈ ગયાં પણ ગુસ્સો ન આવ્યો. હું ને મોટાપણું ઘટયું. કામ, ક્રોધ અને લોભની ખાસ એવી કોઈ પજવણી નથી; છતાંય જાગૃતિ રાખવી જ પડે છે. સત્ય અને અહિંસાના પાલન માટે ખૂબ જ પ્રેમ છે. નિર્ભયતા સારી આવી છે, પણ હજી વધારે પુરુષાર્થ જરૂરી જણાય છે. 'હે મા ! મારી બુદ્ધિ અને શક્તિ પ્રમાણે જીવનની પ્રગતિ માટે હું યત્ન કરીશ, પણ જ્યાં પહોંચી ન શકું ત્યાં તારી સહાય માગીશ.' આ ભાવો આવતાં રડી પડાયું."

**અનુકંપા ને સેવા :** "એક દુખિયારી કૂતરી જોઈ હૈયું ભરાઈ આવ્યું અને તેના માટે રોટલાની વ્યવસ્થા કરી. કુટિરમાં નાનો વીંછી નીકળ્યો. ચીપિયાથી પકડીને મૂકવા જતાં તે ચિપાયો તેથી દુઃખ થયું. પંખીઓ ચરક કરીને કુટિર બગાડતાં હતાં, પણ તેમને ઉડાડવાનું મન ન થયું. બિચારાંનું વિશ્રામસ્થાન છે ત્યાંથી કેમ કાઢી મુકાય ? સડકના કાંઠે પરબડીની ઓરડીમાં એક દુખિયારો માણસ માંદો પડચો હતો. સારવાર કરનાર કોઈ ન હતું. ગંદકી તથા તેની સાફસૂફી કરી, સારવારની વ્યવસ્થા કરી. એક ખેતરને છેડે એક ગાય વિયાઈ રહી હતી અને ખૂબ હેરાન થતી હતી. ગાય વાછરુંને બહાર કાઢવા પ્રયત્ન કરે પણ બળ ઓછું પડે. મેં તેને બહાર ખેંચી સહાય કરી અને તેનો આ દુઃખમાંથી છુટકારો થયો. જંગલમાં એક વૈરાગી સાધુ પડયા રહેતા, ખુલ્લા શરીરે. મેં તેમને પૂછ્યું :"ટાઢ

વાતી નથી ?" તેમણે જણાવ્યું "જેવી પ્રભુની ઇચ્છા." મેં એક ભાઈનું ધ્યાન દોર્યું તેમણે એક નવી રજાઈ આપી. એક દાદા તેની સુતરાઉ પછેડી આગ્રહપૂર્વક આપી ગયા. મેં તે એક ગરીબ પ્રવાસીને આપી દીધી. ધીમે ધીમે સત્સંગીઓમાં ગાય, ગરીબ, દીન, દુખિયાં ને સાધુ-સંતોની મુશ્કેલી જોઈ તે પ્રભુસેવા છે એવી શ્રદ્ધા દૃઢ થતી ગઈ અને મને સ્પષ્ટ થયું કે આજની સામાજિક પ્રવૃત્તિમાં જો આધ્યાત્મિક વિચાર સાથે નહિ હોય તો સામાજિક સેવાની પ્રવૃત્તિ પણ દુઃખરૂપ થવાની છે. માટે સેવાના કાર્યમાં આત્માની સજાગતા રાખવી જરૂરી છે. એથી લોકજીવનમાં આધ્યાત્મિક દૃષ્ટિએ ઘડતર કરવાના કામની ઇચ્છા થાય છે. ભિક્ષા લેવા જતાં સાતઆઠ અતિ તોફાની અને બિનસંસ્કારી બાળકો જોયાં. તેમના માટે પ્રેમ પ્રગટ્યો. 'એ પણ ભગવાનનાં જ બાળકો છે'—એ ભાવના પ્રગટી અને બાળકોના સંસ્કાર માટેના કામ પ્રત્યે ગામનું ધ્યાન દોર્યું. સમાજ પાસેથી ભિક્ષા તથા જીવનને જરૂરી ચીજવસ્તુ મળે છે તેના વળતર બદલ બની શકે તેટલી આધ્યાત્મિક પ્રવૃત્તિ ચાલુ રાખવી અને ધર્મપ્રચાર રૂપે ભગવાન મારી પાસે જે કરાવશે તે આનંદપૂર્વક કરી છૂટીશ." સમત્વ અને અનુકંપાના પ્રભાવે જ્ઞાનચંદ્રજીનું જીવન પણ સેવાભક્તિ ને દયામય બની ગયું. તેની સામે મહાવીરનું દૃષ્ટાંત ઉદાહરણરૂપે તરવરતું હતું. કેવું હતું એ ?—

ઓછું લેવું વધુ દેવું, વર્તે એ ભાવથી બધે;
સર્વ ક્ષેત્રે કરે સેવા, કર્તવ્ય રૂપ માનીને.

એ સેવા બધાં પ્રાણીને પ્રભુવત્ કે આત્મવત્ માનીને કરતા હતા. એટલે તે ભક્તિમય હતી, જેમાં-

સત્ય મધુર ને સાર્થ, વાણી વદે અહિંસ્ર ને;
નાનાં મોટાં બધાં પ્રાણી, પોતાના તુલ્ય ગણી રહે.

આવી ભક્તિમય સેવા, અનુકંપામય ભક્તિ અધ્યાત્મનો પ્રાણ ગણાય છે.

## સત્ય પ્રભુના ક્રાંત સૌંદર્યમાં સ્નાન

પરમ સત્ય એ જ શ્રીકૃષ્ણ છે, એ જ પરમાત્મા છે. સત્યનું શાશ્વત પ્રગટ સ્વરૂપ પ્રેમ છે અને કાળ પ્રમાણે તેનાં બદલતાં સ્વરૂપો તે લીલા છે. તે હંમેશાં પરિવર્તનશીલ છે. દેશકાળ પ્રમાણે બાહ્યાચારો, રીતરિવાજો, પરંપરાઓ અને પ્રણાલિકાઓ બદલાયા કરે પણ તે હંમેશાં માનવ માનવને અને માનવ તથા નૈસર્ગિક પ્રાણીસૃષ્ટિ સાથે પ્રેમ વધારવા માટે, પ્રેમનો વિસ્તાર કરવા માટે, પ્રેમ માધુર્યથી અદ્વૈત ને એકતા સાધવાના કાર્યને આગળ વધારતા હોઈએ તો જ તેમાં પ્રભુના ક્રાંત સ્વરૂપનું લાવણ્ય દેખાય, તો જ કરમાયા વિનાની તાજગીના તાજા સ્વરૂપનું તેજ સૌને આકર્ષી શકે. કૃષ્ણનું ક્રાંત સ્વરૂપ જ આકર્ષક છે. નરકાસુર સોળ હજાર એંસી આર્યાને બળાત્કારે લઈ જાય, તેમને પજવે, પરેશાન કરે પણ રૂઢમૂઢ આર્યો તેમને અપનાવવા તૈયાર ન થાય. એ ત્યકતા નારીઓનો શ્રીકૃષ્ણ ઉદ્ધાર કરી પોતીકી તરીકે પ્રતિષ્ઠિત કરે તેમાં તેમના ક્રાંત લાવણ્યનું દર્શન છે.

પાંડવો મંત્રપુત્ર અને દ્રોપદી યજ્ઞપુત્રી તેમને પૂરેપૂરાં અપનાવવા અચકાતા કુલાભિમાની સમાજને શ્રીકૃષ્ણે ભરસભામાં દ્રોપદીની વહારે ધાઈને અને પાંડવોના માધ્યમે સુભદ્રા, ઉત્તરા જેવી આર્યકન્યા ઉપરાંત નાગ, રાક્ષસ, ગાંધર્વ જેવાં આર્યેતર કુળો સાથે લોહીના સંબંધ બાંધ્યા; ભગવાન રામે અડવા–આભડવાના ભેદ તોડયા; નોકર–આશ્રિતના ભેદ તોડયા; શબરીનાં બોર ખાઈને છૂતઅછૂતના ભેદ તોડયા, ગીધરાજને શ્રાદ્ધ અર્પીને ધર્મવિધિમાં પ્રવેશના ભેદ તોડયા; પણ લોહીના સંબંધની મર્યાદા રાખી હતી. પૂર્ણ પુરુષ કૃષ્ણે સ્વયં આઠ કુળની પટરાણીઓ ગ્રહણ કરી. સર્વકુળ, ચંદ્રવંશ, સૂર્યવંશ, રીંછાદિ વંશના ભેદ તોડયા અને પાંડવો દ્વારા સર્વ-વર્ણ એકતા સિદ્ધ કરી સમગ્ર રાષ્ટ્રને ભાવાત્મક, પ્રેમાત્મક ઐકયનો સંદેશો આપ્યો. સાથોસાથ નારી અને શ્રમજીવી વૈશ્યોને પ્રતિષ્ઠા આપી તે

યુગકાર્યના વાહક બન્યા. જ્ઞાનચંદ્રજી પણ સંતબાલના ક્રાંત દર્શનને પચાવી, ક્રાંત રસમાં તરબોળ બની પોતાના સંન્યાસ અને સાધુ-જીવનને ક્રાંત રસે રસી દીધું. તેમનામાં ચૈતન્ય મહાપ્રભુની ક્રાંતભક્તિ અને રામકૃષ્ણ પરમહંસની જીવને શિવ માની તેની સેવાનો સુંદર સુમેળ જોવા મળે છે. એ સુમેળ શીખવ્યો મહાત્મા ગાંધીએ અને સંતબાલ દ્વારા જ્ઞાનચંદ્રે ઝીલ્યો. તેની ઝલક તેમના સંન્યાસી જીવનમાં જોવા મળે છે. એમના સંકલ્પમાં જ તે નજરે તરવરે છે. જેમ કે

(૧) એમણે કોઈપણ પરંપરાગત સાંપ્રદાયિક સંન્યાસ, ક્રિયાકાંડ કે બાહ્ય સ્વરૂપની દીક્ષા નથી લીધી, પણ પોતાના અંતરને અનુસર્યા છે.

(૨) સંતબાલને ગુરુ તરીકે હૃદયમાં રાખેલ છે, પણ કોઈને દીક્ષાગુરુ કે મંત્રગુરુ તરીકે સ્વીકાર્યા નથી. દત્તાત્રયજીની જેમ ગુણ જોયા ત્યાં ગુરુ ગણાય છે. તેમના સંન્યાસને સંમતિ આપી પ્રમાણિત ગણનાર સ્વામી સત્યમિત્રાનંદજી પણ સાક્ષીરૂપે છે.

(૩) પોતાની સાધનાની પરંપરાની સલામતી માટે કે સુખ-સગવડ માટે કોઈ શિષ્યવૃંદ, સંસ્થા કે આશ્રમ નથી બનાવેલ.

એમની ભષામાં કહીએ તો નીચે પ્રમાણે સંન્યાસનો સંકલ્પ લીધો છે: "આજે ૩૦-૬-૬૯ના મેં સંકલ્પ કરી લીધો છે—હવે મારે કુટિરનિવાસ છોડી દેવો અને આખા વિશ્વને કુટિર ગણીને રહેવું, હવેથી હું પગપાળા વિચરીશ, સંન્યાસીને પૈસાની જરૂર નથી રહેતી એટલે હું ક્યારેય પૈસા નહિ રાખું અને સ્પર્શ પણ નહિ કરું. સંન્યાસની મારી વૃત્તિ મુજબનું પ્રતીક સાચવીને જીવન ગાળવા ઇચ્છું છું. સમાજના ધર્મો જે હું સમજ્યો છું તે હું જીવનભર બરાબર પાળીશ અને ધર્મપ્રચાર કરીને સમાજને ઉપયોગી થઈશ. ભિક્ષા સિવાય બીજી કોઈ પણ ચીજ માટે કોઈની પાસે હાથ લાંબો નહિ કરું. શરીરની શક્તિ પહોંચશે તેટલું તેની પાસેથી જરૂર કામ લઈશ. કોઈ વ્યસન છે જ નહિ, કરીશ નહિ અને સંન્યાસીને હોવું

પણ ન જોઈએ. જીવનમાં પૂરી નિર્લેપતા કેળવી ઈશ્વરની નિકટ પહોંચવા પ્રયત્ન કરીશ.''

સંન્યાસને ઝાંખપ લાગે તેવાં સાધન-સગવડ એમણે રાખ્યાં નથી. સાદાઈ અને પરિગ્રહમુક્તિ એ એમની વિશેષતા છે. ગોરક્ષાના કામનું રાષ્ટ્રવ્યાપી કામ આવી પડ્યું ત્યારે સંતબાલજીએ જ એમને વાહન વાપરવા છૂટ લેવા જણાવ્યું ને એ કાર્ય અર્થે છૂટ લીધી છે. આ એમના સંન્યાસમાં રોજ પ્રભાતફેરી કાઢી, સૂતેલા માનવીના કાનમાં પ્રભુ નામનો ગુંજારવ કરતા ત્યારે ચૈતન્ય મહાપ્રભુની મુસ્લિમ રાજ્ય સામે નીડરતાથી રામધૂન બોલી સમાજમાં નિર્ભયતા જગાડતી તે ભાવ-વિભોર ભક્તિનું સ્મરણ કરાવે છે. નાતજાતના ભેદ સામે એ યુગમાં ચૈતન્ય દેવે કહ્યું કે 'હરિધૂન બોલે છે તે શૂદ્ર બ્રાહ્મણ થઈ જાય છે. 'સનાતનીઓના પ્રચંડ વિરોધ સામે આવો ક્રાંતમંત્ર દેવામાં જ ચૈતન્યની નિર્ભયતા અને ક્રાંતતા છે. એમણે 'મુખમાં રામ અને હાથમાં રામનું કામ'ની જેમ ગાંધીના ક્રાંત સાદને અનુસરી રામનામ અને રામના કામનો સુમેળ સાધ્યો છે. એમાં એમના સંન્યાસ-ધર્મની ક્રાંતતા છે. એ ઝંખતા હતા કે, ''ધર્મ-સંસ્થાના આચાર્યશ્રીઓ, સાધુસંતો, ગોસેવાની ભાવનાવાળા ભાઈઓ અને બહેનોએ ફરજ સમજીને ગાય અને તેના વંશજોને જીવતદાન દેવા માટે થઈ શકે તે કરી છૂટવું જોઈએ. બધાં સાથે મળીને કામ કરે તો એકત્ર બળ શું ન કરી શકે ? '' ભગવાને એમની પાસેથી એ કાર્ય યજ્ઞરૂપે લીધું તે આપણે તેમના જીવનચરિત્રમાં જોઈ શકીએ છીએ.

## પ્રેમમાધુરીનું આસ્વાદન

જ્ઞાનચંદ્રજી જેવા પોતાની કુટિર છોડી વિશ્વના બન્યા તેવા જ જાણે કે વિશ્વે તેમની બધી જવાબદારી સંભાળી લીધી હોય

તેમ કોઈ બેટરી તો કોઈ ચાદર, કોઈ ખાદી તો કોઈ સાબુ, કોઈ ટપાલટિકિટો તો કોઈ ફળફૂલ, કોઈ ધાબળાઓ તો કોઈ ઘડિયાળ – એમ ચીજ વસ્તુરૂપે પ્રેમનો તો જાણે ચોતરફ વરસાદ વરસતો હોય તેમ લાગ્યું. કુબેરના ભંડારની જેમ ભગવાનના અખંડ પ્રેમનો ભંડાર ખુલ્લો મુકાયો. સત્‌નું વાસ્તવિક રૂપ પ્રેમ છે. એ પ્રેમરસમાં તે તરબોળ સ્નાન કરતા હોય તેવું તેમને ભાન થયું અને નરસિંહ મહેતાની હૂંડી ને કુંવરબાઈનું મામેરું પૂરનાર પ્રભુના પ્રેમનો ભંડાર જોઈ તે બોલી ઊઠયા : "હે ભગવાન ! પ્રેમના ભંડાર તને નમસ્કાર હો, નમસ્કાર હો." જુદાં જુદાં પાત્રો ને પ્રસંગોમાં વિધવિધ પ્રેમપાત્ર રૂપે સુધારાને પુષ્ટિ દેતાં, ક્રાંતિને ઝીલનારાં સ્વરૂપોનાં દર્શન થયાં.

આમ, સર્વત્ર પ્રભુદર્શનના ક્રાંતિમય સ્નાનમાં કેવળ પરમાત્માને પ્રેમના ભંડારરૂપે, પ્રેમના મહાનિધિ રૂપે, પ્રેમના પારાવાર રૂપે જોયા અને એમાં નિમજ્જના કરતાં એમને ધાકડીમાં પાંચ દિવસના મૌન વખતે હૃદયમાં સ્ફુરણ થયું, જેમાં પરમાત્માનું ત્રિવિધ સ્વરૂપ મંત્રરૂપે સાંપડયું "હે ભગવાન ! હે કૃપાનિધાન ! હે દયાના સાગર ! હે પ્રેમના ભંડાર તને નમસ્કાર હો ! 'ભાવસંન્યાસ અને સંન્યાસીનો સ્વધર્મ' એ પ્રકરણ એમની આ ઉન્નત અને ઉજ્જવળ ભૂમિકાનાં દર્શન આપે છે.

"માંડલના આઠ માસના નિવાસ દરમિયાન શ્રી નગીનદાસભાઈ ગાંધી, નાગરદાસભાઈ શ્રીમાળી, અને સંપ્રતભાઈ દોસી જેવાં સહાયક પાત્રો મળવાથી સેવાકાર્યોમાં સુગંધ ભળી. એમના સેવાપ્રિય સ્વભાવે આજ સુધી મને એમની સાથે સેવા સંબંધે સાંધી રાખેલ છે અને નાનામોટા કાર્યમાં તેમનો યથાશક્તિ સેવાસહયોગ પ્રાપ્ત થતો રહે છે.

ડૉ. રસિકભાઈના નિધન પછી એમના ભાઈ રમણભાઈ જેઓ સ્વામીનારાયણ કૉલેજના પ્રાધ્યાપક અને પ્રિન્સિપાલ હતા એમની હૂંફ અને આધ્યાત્મિક દોરવણી મને મળ્યા કરી છે. એમનું તત્ત્વપ્રેમી

ચિંતન, સમત્વપ્રધાન અને અનન્ય ઈશ્વરનિષ્ઠાએ મારા તથા મારા ભાણેજોના પરિવારમાં એવા સંસ્કારની સુવાસ જાળવવામાં અમૂલ્ય ફાળો આપેલ છે. રસિકભાઈની પુત્રીઓ અને બ્હેને પરિવાર સાથેના મીઠા, મધુર વત્સલ અને સેવાપરાયણ સંબંધોને હું મારી વડીલ મણિબહેનના પ્રભુપરાયણ પ્રેમાળ જીવનના મધુરસ્મરણ તરીકે સદાય યાદ કરું છું."

આ બધા પ્રેમાળ સંબંધમાં હું પ્રભુપ્રેમનું માધુર્ય માણું છું.

## ચતુર્થ સોપાન (૧૯૭૫)

પ્રભુપ્રેમની સાધનામાં ઉત્કૃષ્ટ ઉદાહરણ રાધિકાજી કહેવાય છે. તે રાધિકા એટલે સચ્ચિદાનંદ પરમાત્માની આનન્દમયી આહ્લાદિની શક્તિ. જ્યારે ભક્ત પ્રભુના સત્‌સ્વરૂપની શ્રદ્ધામાં તરબોળ રહે, એના જ શરણમાં, એની જ પ્રપત્તિમાં પ્રપન્ન રહે, જ્યારે પ્રભુ અને પ્રભુની કૃતિના પ્રેમમાં ભાવવિભોર મસ્તીની મોજની મહેફિલમાં તે મશગૂલ રહે, ત્યારે સહજ પ્રેમમાંથી પ્રગટતો આનંદ આહ્લાદ આત્માની શક્તિ સ્ફુરિત કરતો હોય છે. એને અંતરનો અવાજ કહો, અંતર્યામીની દોરવણી કહો, પ્રભુનો પયગામ કહો કે કનૈયાની મોરલીનો નાદ કહો, એ નાદ પર સાધકનું જીવન પરમાત્માના કાર્ય પ્રત્યે પ્રેરાય છે. એનું વ્યક્તિત્વ માધુર્યથી છલકાઈ જાય છે. જ્ઞાનચંદ્રજીએ પણ જ્યારે સંન્યાસીના સ્વધર્મને સહજ બનાવ્યો અને એમનું અંતઃકરણ પ્રભુમય પ્રેમથી સુવાસિત બન્યું, ત્યારે તેમનામાં વાત્સલ્યભાવનું પ્રાગટ્ય થયું. સર્વ પ્રત્યે સમાન પ્રીતિ અને સાધક પ્રત્યે સહજ વાત્સલ્યથી એમનું વ્યક્તિત્વ ઊભરાવા લાગ્યું. એ વખતે ભગવાનને સૌથી વધુ પ્રિય એવું લલિતમાધવમાં (૪–૧) શ્રી કૃષ્ણ ઓધવને કહે છે, "વહાલા મિત્ર ! મને ગોપબાળક ગોવિંદનું સ્વરૂપ આકર્ષે છે. ખરેખર મને વ્રજની ગોપી થવું ગમે છે." આ ગોપબાળકે ગાયો ચારી, વાછરડાનું રક્ષણ કર્યું, ભગવાન શ્રીકૃષ્ણે

બળદેવજીને સાથે રાખી એમના હાથમાં હળ મૂકી, ધરતીરૂપી ગાયની સેવા કરવાનું એમના દ્વારા ગોપબાળને શિક્ષણ આપ્યું. પોતે ગાયો ચારી ગાયોનું સંગોપન અને સંવર્ધન કરવાની વિદ્યા ગોપબાળકને શીખવી. પ્રેમના નાદે અનુશાસન કરવાની મધુરી માધુરી આપી. અને એથીય વિશેષ ગોપી અને ગોપી મધ્યે રાધાજીને રાખીને જીવનને પ્રભુના કાર્યમાં સમર્પિત કરવાનો, પ્રભુમય બની જવાનો અને પ્રભુનાં કાર્યોમાં મસ્ત રહેવાનો મંત્ર રાધિકાજીએ વ્રજનારી અને વ્રજવાસી માત્રને શીખવ્યો. વ્રજ–વૃંદાવનનાં સર્વ લોકો, પશુઓ, પંખીઓ અને વૃક્ષોને પણ કૃષ્ણમય માની તેમના પ્રત્યે જે નિર્મળ, નિષ્કામ, નિર્વ્યાજ પ્રેમનું સંગોપાન અને સંવર્ધન શ્રીકૃષ્ણે શીખવ્યું છે તે શિક્ષણ પ્રમાણે જીવવામાં જ પ્રભુપ્રેમી જીવનની ધન્યતા છે. ૧૯૭૫ પછી જ્ઞાનચંદ્રજીનું જીવનકાર્ય જ ગોસેવા–ગોવંશ-રક્ષાના કાર્યમાં ભગવદ્–કાર્ય માની એકાકાર બની ગયું. મહિલાઓની અને નારી–સમાજની સહજ ભક્તિએ એ કાર્યના ભાવને ઝીલી લીધો. એ ગોસેવા અને ગોરક્ષાનું કાર્ય કરતાં કરતાં જાણે કે ગાય પોતાની માતા છે અને બળદ ભાઈ છે તેવું સંવેદન સંવેદવા લાગ્યા. એમની પીડા જોઈ ગોળ, દૂધ વગેરે ત્યાગવા લાગ્યા. એની પીડા નિવારવા સાણંદ મામલતદાર કોર્ટમાં ધરણાંથી માંડીને ગાંધીનગરના રાજદરબારમાં જેમ ધરણાં કર્યાં એમ પ્રભુના દરબારમાં સેંકડો ઉપવાસ અને હજારો એકટાણાં કરી પ્રાર્થના દ્વારા દાદ માગી ગુજરાતમાં ગોવંશહત્યા પર ઠીક પ્રમાણમાં પ્રતિબંધ મુકાવ્યો. મથુરા અને દિલ્હીમાં પણ શુદ્ધિસાધના કરી ગાયના અન્યાયનો અવાજ રાજદરબાર ને પ્રભુદરબારમાં રજૂ કરવા રાષ્ટ્રવ્યાપી સૌમ્ય સત્યાગ્રહમાં લાખો ઉપવાસીના અંતઃકરણના અવાજને સંમિલિત કર્યો છેવટે આત્મબલિદાનની આકરી તપશ્ચર્યા સુધી એમનો પ્રભુપ્રેમ એમને ખેંચી ગયો છે. તેવા જ્ઞાનચંદ્રજીની પરમ પાવની ભક્તિ આરાધના રજૂ કરવાની મેં આ પ્રકરણમાં અનધિકાર ચેષ્ટા કરી છે.



પ્રભુપ્રેમી સ્વામી શ્રીજ્ઞાનચંદ્રજી

## ૧. ગાવલડી મારી માવલડી

ભાલની ધરતીમાં ઝાડવાંનું નામ ન મળે. ચાર ચાર ગાઉમાં પીવાનું પાણી ન મળે. ઉનાળાના ધોમ તાપમાં માણસનું માથું ફરી જાય અને ગાડાના ચીલા ચૂકી જવાય તો મારગનાં નિશાન પણ ન મળે. એવા ભાલનું બંદર ધોલેરા. અને ધોલેરા પાસેનું મોટું ગામ ભડિયાદ. એક વખત એક મુસાફર ધોલેરાથી ભડિયાદ જઈ રહ્યો છે. રસ્તે ચાલતાં રસ્તાની બાજુમાં એણે એક વાછરડીને તડકામાં પડેલી જોઈ. વાછરડીનો પગ ભાંગી ગયો હતો. તેથી ધણીએ તેને છોડી દીધી હતી. ધણી વિનાના ઢોર પ્રત્યે ગામડાને નફરત હોય છે. તેમાંયે આ તો લંગડી થયેલી ભૂખથી રીબાતી હતી.

### સમભાવમાંથી સંવેદન

પેલો મુસાફર તે જુએ છે અને તેના પગ ત્યાં જ થંભી જાય છે. દુઃખાર્ત વાછરડી પ્રત્યે તેનું હૃદય સમભાવથી છલી જાય છે. સમભાવપૂર્વક તે વાછરડીને જોયા જ કરે છે, જોયા જ કરે છે, ને આંખમાંથી આંસુ વહેવા લાગે છે. હૃદય ગદ્‌ગદિત થાય છે. તેનું વૈષ્ણવી હૃદય પોકારી ઊઠે છે કે મારા લાલાની ગાયની આ હાલત ! ગાયના રોમેરોમ દેવ માની પૂજનારા સમાજની, અપંગ ગાયની દુર્દશા

પ્રત્યે આવી નિષ્ઠુરતા ! ગાયને પૂંછડે પાણી રેડી પિતૃ-શ્રાદ્ધનું પુણ્ય કમાવાનો લહાવો લેતી પોકળ ભક્તિ ઓથે હિંદુ સમાજની ગાય પ્રત્યેની કઠોરતા જોઈ પેલા વૈષ્ણવ મુસાફરનું હૃદય દ્રવી ગયું. રઝળતા અને ન ધણિયાતા ઢોર પ્રત્યેની સમાજની ઘોર ઉપેક્ષાએ મુસાફરના અંતઃકરણને વલોવી નાંખ્યું.

## સંવેદનમાંથી સંકલ્પ

એના વલોવાટમાંથી એક સત્ સંકલ્પ જન્મ્યો. એ હતો, આ વાછરડીની સેવા તો કરીશ, પણ જે ગોવિંદ–ગોપાળે વ્રજમાં ગાયો ચારી ગોપાલન અને ગોસંવર્ધનનો ધર્મ શીખવ્યો તે ગોવર્ધનધારીના ગોધર્મનું હું પાલન કરીશ. હું ગૌશાળા ઊભી કરીશ. ભુલાઈ ગયેલા ગાયના કામને ભગવાનનું કામ માની તેમાં જ ગોવિંદ–ગોપાલ–ગોવર્ધનનાથની સેવા માનીશ. ઋષિરૂપા ગાયોને માતા માની, માની જેમ તેની સેવા કરીશ. આજથી ગાવલડી મારી માવલડી બને છે.

## સંકલ્પમાંથી સક્રિય સેવા

આ મુસાફરે સત્ સંકલ્પને સક્રિય સ્વરૂપ આપવા પાંચ ગાયો ખરીદીને હવેલીમાં ગૌશાળાની શરૂઆત કરી. આ સંકલ્પ કરનાર મુસાફર તે નાનચંદભાઈ, એ જ આજના સ્વામી જ્ઞાનચંદ્રજી. આ સંકલ્પને તન, મન અને ધનથી સાકાર સ્વરૂપ દેવામાં મદદ કરી નરોત્તમભાઈએ, અને ધોલેરાના સજ્જનોએ. એમાંથી સાર્વજનિક ગૌશાળા

ટ્રસ્ટ સ્થપાયું અને ટ્રસ્ટમાં રહીને નાનચંદભાઈએ દસ દસ વર્ષ ગાયોની ઉત્તમ સેવા કરી, સુંદર ગૌશાળા નિર્માણ કરી, પોતાની કૃષ્ણ ભક્તિને પુષ્ટ કરી, પુષ્ટિ માર્ગને પણ નવ પલ્લવિત કર્યો. એક બાજુથી ગોસંવર્ધન અને ગોપાલનનો વૈશ્ય ધર્મ બજાવી ધોલેરા અને તેની આસપાસના ગામોમાં ભુલાઈ ગયેલા ગોપાલનના સંસ્કારને જાગૃત કર્યો અને બીજી બાજુથી દુષ્કાળની ભીડમાં ગોરક્ષાના કાર્યમાં અવિરત પુરુષાર્થ કરીને હજારો ગાયોને જીવન દાન આપવાના કાર્યમાં ભાલનળકાંઠા પ્રાયોગિક સંઘને સાથ આપ્યો.

## પ્રત્યક્ષ સેવા દ્વારા સમ્યક્ શિક્ષણ

ઈ. સ. ૧૯૪૮માં ધોલેરા આસપાસના ગામોમાં ભારે દુષ્કાળ પડ્યો. મુનિશ્રી સંતબાલજીની પ્રેરણાથી ભાલનળકાંઠા પ્રાયોગિક સંઘના કાર્યકરો છાવણી નાખીને દુષ્કાળ પીડિતોની મદદે આવ્યા. પૂ. શ્રી. રવિશંકર મહારાજના પ્રમુખસ્થાને દુષ્કાળ કર્તવ્ય સમિતિની સ્થાપના કરવામાં આવી. અને આઠ આઠ માસ સંતબાલજીએ તેમના કાર્યકરોને પ્રત્યક્ષ સેવા દ્વારા ધર્મમય સમાજ રચનાનું શિક્ષણ આપ્યા કર્યું. ચિત્તમાં વિજ્ઞાન, હૃદયમાં ભક્તિની ઉષ્મા અને વ્યવહારમાં વાત્સલ્ય સભર શુદ્ધિ એ સંતબાલજીની સમ્યક્ તાલીમની વિશિષ્ટતા હતી. નાનચંદભાઈ પણ એ તાલીમમાં પલોટાતા ગયા, દુષ્કાળના કાર્યમાં રાત દિવસ જોયા વિના અવિરત શ્રમ કરતા રહ્યા. લોકોને સમજાવતા રહ્યા. વર્ષાઋતુ બેઠી. લોકો દુષ્કાળ પાર કરવાની તૈયારીમાં હતા

ત્યાં પાંચેક હજાર ઢોરોને સ્થળાંતર કરી ખાનદેશ બાજુ લઈ ગયેલ તે બધાં પાછાં ફર્યાં. વરસાદ ખેંચાયો. મૂંગાં ઢોરની મૂંઝવણે નાનચંદભાઈની ઊંઘ ઊડી ગઈ. પાંચ હજાર ગાય બળદનું શું થશે ? સંતબાલજી અને છોટુભાઈ પાસે એમણે મૂંઝવણ રજૂ કરી. બંને બોલી ઊઠચા : 'એક પણ ઢોરને ભૂખે મરવા ન દેવાય.' પ્રાયોગિક સંઘ પાસે જે કંઈ મૂડી હતી—તે બધીયે મૂડી એટલે કે પાંત્રીસ હજાર રૂપિયા ખર્ચવાની સંઘ વતી તેમણે છૂટ આપી. કામની પૂરેપૂરી સ્વતંત્રતા અને પૂરેપૂરો વિશ્વાસ મૂકવામાં આવ્યો. સંતોની શ્રદ્ધા મૂકવાની અને કામ લેવાની રીત જ સંસારીઓ કરતાં ન્યારી હોય છે. આ ન્યારી રીતે નાનચંદભાઈને ધર્મદૃષ્ટિએ જોતા કર્યા. સંતબાલજીના ધર્મદૃષ્ટિના સેવાકાર્યમાં દાન કરતાં કામને મહત્ત્વ હતું. માનવને રાહત દેવામાં, કામ દેવામાં કે ઋણ દેવામાં માણસના સન્માનને ગૌરવ જાળવવાની સાવધાની ઉપરાંત ગરીબ શ્રમજીવીઓની ખાનદાનીમાં શ્રદ્ધા મૂકવામાં આવતી હતી. તે શ્રદ્ધામાં જ જ્ઞાનચંદ્રજીને સૌમાં સારપ જોનારી ભગવત્ દૃષ્ટિનાં પ્રત્યક્ષ દર્શન થયાં. અને જનસેવા ને ગોસેવા દ્વારા પ્રભુસેવા કરવાના તેમના અરમાનો દૃઢ થવા ઉપરાંત જ્ઞાનશ્રદ્ધા યુક્ત બન્યા. આમ ગાવલડી કેવળ તેમને દૂધ દેનાર માવલડી જ નહીં પણ દૃષ્ટિ દેનારી નિમિત્ત બની ગઈ. ત્યારથી જ ગાયે પરમ ઉપકારી માતા તરીકે નાનચંદભાઈના હૃદયમાં સમજપૂર્વકનું સર્વોત્તમ સ્થાન ધારણ કર્યું છે.

## ભાવસત્યની પ્રાપ્તિ

નાનચંદભાઈની જેમ ઘણાએ આવી વાછરડી જોઈ હશે. પણ તે દશ્યે નાનચંદભાઈના હૃદયને કેમ જાગૃત કર્યું? તેને જ કેમ સંકલ્પબદ્ધ અને સક્રિય કર્યું? નાનચંદભાઈના સમગ્ર જીવન તરફ જોતાં એમાં હૃદયશુદ્ધિ અને હૃદયવિકાસનું પ્રાધાન્ય રહેલું છે. એમનું હૃદય અત્યંત સંવેદનશીલ છે. એમનું ભાવુક હૃદય સર્વમાં પ્રભુને જોતું હોવાથી પરદુઃખ દેખી રડે છે. આમ નિષ્કામ, નિર્વ્યાજભાવે વહેતાં અશ્રુ એમના અંતઃકરણને સ્વચ્છ કરે છે. આવા નિર્મળ અંતઃકરણમાંથી સત્ય સ્ફૂરણરૂપે સેવા-ભાવનો સંકલ્પ જાગે છે. એ સંકલ્પનો સક્રિય સેવા દ્વારા અમલ કરીને જ તે પ્રભુપદ સેવનનું સમાધાન મેળવે છે. સમભાવ, સંવેદન, રૂદન, સંકલ્પ, સત્કાર્ય અને સમા-ધાનનો ષટ્ ક્રમ એમના અંતઃકરણમાં સહજ અનુક્રમે વિકસે છે, વિસ્તરે છે. અને પ્રભુકૃપા રૂપે પુષ્ટિ પામે છે. આને જ પ્રભુકૃપા કે પુષ્ટિ કહે છે, ભાવસત્યની પ્રાપ્તિ કહે છે.

# ૨. ભાવુક કુળમાં જન્મ

ઝાડ ફળથી ઓળખાય છે. માણસ કુળથી ઓળખાય છે. બાળકનું સાત વર્ષ સુધી ઘડતર કરવામાં કુટુંબ જીવનનો ફાળો મુખ્ય હોય છે. શિક્ષણશાસ્ત્રીઓ કહે છે કે આ કાળમાં પડેલા સંસ્કારો જીવનનું પ્રધાન પ્રેરકબળ બની રહે છે. નર જન્મ મળવો, સંસ્કારી કુળ મળવું અને ધર્મનું શ્રવણ મળવું તે મહાભાગ્ય ગણાય છે. નાનચંદભાઈને આવું તેવડું સદ્ભાગ્ય સહજ રીતે પ્રાપ્ત થયું હતું.

સ્વામીનારાયણ ભગવાનના સમયથી એમના કુળના ઇતિહાસમાં ભગવદ્ ભક્તિની સંસ્કારધારા સતત વહેતી આવી છે. નાનચંદભાઈના પિતા ચુનીલાલભાઈના પ્રપિતામહ હેમરાજ શેઠનો સુંદરિયાણામાં સરસ વેપાર ચાલતો હતો. સુંદરિયાણા તે વખતે હાંડો એટલે હટાણાનું ગામ હતું, અને કહેવાય છે કે હેમરાજ શેઠની લેવડદેવડ પૈસા ગણીને નહીં પણ જોખીને થતી. જ્ઞાતિમાં તેમનું સ્થાન અગ્રેસરમાં શોભતું હતું. ફરતાં ગામો શેઠનું ગૌરવ જાળવતાં અને પુષ્ટિ સંપ્રદાયમાં તેમનું સ્થાન મોખરે હતું. તો પણ સ્વામીનારાયણ ભગવાનની સત્ત્વશુદ્ધિ અને સમાજ સુધારાની વાતમાં રહેલા સત્યને સ્વીકારી તેઓ તેમના પ્રશંસક અને પૂજક બન્યા. સ્વામીનારાયણ ભગવાન એમને ત્યાં પધાર્યા હતા તેમનાં પાદચિહ્નોની પ્રસાદી કુટુંબે ગૌરવપૂર્વક

જાળવી હતી. પુષ્ટિમાર્ગમાં રહેવા છતાં સત્ય અને સુધારાનો સ્વીકાર કરવાનો સંસ્કારવારસો તેમણે પોતાના પરિવારને આપ્યો છે તે નાનચંદભાઈ સુધી જળવાઈ રહ્યો છે. નાનચંદભાઈના પિતાશ્રીના વખતમાં વેપારના સંયોગો અને સ્થળનું મહત્ત્વ બદલાઈ ગયું હતું. એમના પિતા ચુનીલાલભાઈ સરળ ભોળા અને ભક્તહૃદયી હતા. પુષ્ટિમાર્ગની પરંપરાને એમનાં પત્ની સમરતબહેનના આવવાથી ખૂબ બળ મળ્યું. સમરતબા અને એમનાં મોટાં બહેન મણિબહેન ખૂબ જ હરિપ્રેમી હતાં. ભજન, કીર્તન, ધોળ, સાધુ સંતોનાં સ્વાગત, શક્તિ પ્રમાણે દાન અને વલ્લભ પરંપરાની ભક્તિને પૂરેપૂરી જાળવીને કુટુંબ આખાને ભક્તિરંગે રસાયેલું રાખતાં હતાં. આવા ભક્ત કુળમાં સંવત ૧૯૬૨ના કારતક વદ ૪થે (સન ૧૯૦૬) નાનચંદભાઈનો જન્મ થયો. નાનચંદભાઈને નાનપણથી જ સેવા, પૂજા, ભજન, કીર્તન, ધોળ અને પુષ્ટિમાર્ગની પ્રેમ-ભક્તિનો સંસ્કાર એમનો પરિવાર પોષતું હતું. અને નાનપણના આ સંસ્કારે એમના ભાવુક હૃદયનું ઘડતર કર્યું.

## અભ્યાસ અને આવડત

નાનચંદભાઈના ઘેર એક બે ગાયો હતી. તેને પાણી પાવાનું, નીરવાનું તેમ જ ઘરનાં નાનાં મોટાં કામ નાનચંદભાઈ કુશળતાપૂર્વક કરતા. તે દ્વારા ગાય અને કુટુંબ પ્રત્યેની ભક્તિના સંસ્કાર પોષાતા હતા. તે સાતમે વર્ષે શાળાએ બેઠા અને ચાર ગુજરાતી સુધીનો અભ્યાસ

સુંદરિયાણા કર્યો. પ્રથમથી જ સ્મરણશક્તિ અને બુદ્ધિ સતેજ એટલે શાળામાં આગળ નંબર રાખતા. ગણિતમાં તો એ એક્કો ગણાતા. એમના પિતાશ્રીને પક્ષાઘાતનો હુમલો થતાં તેમને ધંધુકા ફેરવવા પડ્યા. એટલે નાનચંદભાઈ પણ પાંચથી સાત ધોરણ ધંધુકા ભણ્યા. ત્યાં પણ એમણે પ્રથમ વર્ગ અને ગણિતની સરસાઈ પૂરેપૂરી જાળવી રાખી સાથોસાથ પિતાશ્રીની માંદગીમાં પૂરેપૂરા મદદરૂપ રહ્યા.

## ભોળપણમાં લૂંટાઈ ગયા

ધંધુકામાં ચુનીભાઈની પક્ષઘાતની માંદગી, સમરતબાની સેવા, નાનચંદભાઈનું શિક્ષણ બરાબર ચાલે. દુકાન–વેપાર તો બંધ હતાં. કરકસરથી ઘર ચલાવે તોપણ સાધુ સંતો અને ભગત ભિખારીની અવરજવર અને આગતા-સ્વાગતા ચાલુ રહેતાં. એક વખત એક ભગવાંધારી સંન્યાસી આવ્યા. ખૂબ જ વિદ્વાન, વાચાળ પણ એવા જ અને ભાલનો ચમકાર અને ચહેરાનું તેજ જોઈ પ્રભાવ-શાળી લાગતા. ચુનીભાઈ તો તેને ખૂબ જ માનતા થઈ ગયા હતા. એક વખત એક તાંબાની રેખમાંથી સોનું બનાવી દીધું હોય તેવી એણે ચાલાકી બતાવી અને ચુની-ભાઈ અંજાઈ ગયા. પોતે ચુનીભાઈની સેવા ભક્તિથી પ્રસન્ન થયા હોવાથી તેમનું દારિદ્રય જાય તેવા હેતુથી ઘરના બધા ત્રાંબાનું સોનું કરી દેવા તત્પર થયા. ભઠ્ઠી તૈયાર કરવામાં આવી, ત્રાંબાની લોટી સહિત ગાળી દેવામાં આવ્યાં. છેલ્લા દિવસે પ્રસાદ લેવાને બહાને સંન્યાસી

મહારાજ છૂ થઈ ગયા. અને ચુનીભાઈના દાગીના, વાલની વીંટીયે લઈને ચાલતા થયા. ઘરનું બધું લૂંટાઈ જવા છતાં સમરતબાએ સમતા ખોઈ ન હતી. ભગવાનની મરજીમાં સંતોષ માનવો તે તો તેમનો સ્વભાવ બની ગયો હતો. ચુનીભાઈ ભોળપણ માટે પસ્તાવા લાગ્યા. નાનચંદભાઈને તો આડંબરી વાણી અને ભગવાવસ્ત્ર કે બાહ્ય દેખાવ તરફ નફરત જાગી અને બધાંથી ચેતીને ચાલવા લાગ્યા. ઘરની સ્થિતિ જોતાં આગળ ભણવું મુશ્કેલ હતું. તેથી ધંધુકાથી બે માલઈ દૂર વાસણા ગામમાં નાની હાટડી માંડવા વિચાર કર્યો. નાણાની સગવડ થાય તે પહેલાં એક વર્ષ ધંધુકા અને પાળિયાદ ગામમાં શિક્ષક તરીકે નોકરી કરી.

## ૩. ભગવદ્ જીવનની વાટે

નાનચંદભાઈએ લગભગ સત્તર વર્ષની વયે વાસણા-માં દુકાન નાંખી. તે વયે બીજા યુવાનોની જેમ એ પણ પૈસા કમાવા ને ધનવાન થવા ઝંખતા હતા. એટલે ન્યાય-નીતિનો લાંબો વિચાર કર્યા વિના બીજા વેપારી જે રીતે કમાય છે તે રીતે વેપારમાં રળી લેવા માંગતા હતા. સ્વભાવ મળતાવડો એટલે સંબંધો ખૂબ વધતા. ગામડામાં સત્સંગનો અભાવ હતો અને અણસમજુ લોકો સાથે પનારો પડચો. એમાંથી ચા બીડીનું વ્યસન વળગ્યું. બીજા યુવાનોની જેમ કપડાં લત્તાં કે ખાનપાનમાં મજા માણવી પણ એમને ગમતી હતી. પરંતુ વેપારમાં તો ઘરનો ખર્ચ ઉપાડવા જેટલી કમાણી માંડ થતી.

### જાગ રે જાગ !

સંવત ૧૯૮૦માં પિતાશ્રીનો સ્વર્ગવાસ થયો. નાન-ચંદભાઈ લગભગ વીસ વર્ષના થયા. જુવાની રળવામાં વ્યતીત થતી હતી. જીવનધન અમનચમનમાં વેડફાતું હતું. સમરતબાએ એક વાર સમજાવીને કહ્યું : “નાનુ, ભાગવત તો સાંભળ ! આમ રખડચે શું વળશે ?” માનવદેહ મળ્યો છે તો ભગવાનનો મહિમા જાણી લેવો. બાએ જગાડચા અને નાનચંદભાઈએ ભાગવત કથા સાંભળવાની મનોમન

તૈયારી કરી લીધી. પુરાણી મહારાજની તેઓ તન મનથી સેવા કરે. પગચંપી કરે. તેમનો પડ્યો બોલ ઝીલે અને કથાકારે પણ આ યુવાનની ભક્તિ જોઈ પૂરેપૂરી કથા સંભળાવવાનું વચન આપ્યું તે એટલે સુધી કે ભર કથામાં નાનચંદભાઈ ચાપાણી કે બીડી પીવા જાય ત્યારે તેટલો વખત કથા બંધ રાખતા. નાનચંદભાઈને આ વાત ખટકી. કથા સાંભળી ત્યારથી બીડી બંધ કરવા પ્રયત્ન કર્યો. સાત, સાત વાર બીડી છોડીને પાછી ચાલુ કરી. એવામાં નથુરામ શર્માના પુસ્તકમાં વાંચવામાં આવ્યું કે બીડીના ધુમાડાથી હૃદયમાં બેઠેલો ભગવાન મૂંઝાઈ જાય છે. ભગવાન પ્રત્યેના પ્રેમે નાનચંદભાઈને વિચાર કરતા કરી મૂકયા. મારી કુટેવથી મારો નાથ મૂંઝાય ને હું તે ચાલુ રાખું તે ન બને. અને એવો દૃઢ સંકલ્પ કર્યો કે બીડી કાયમ માટે ગઈ.

## એકાંત સેવન અને ભગવદ્ ભક્તિ

ભાગવત કથા ભક્તિપૂર્વક સાંભળી. ભગવાનના ગુણો અને ચારિત્ર્યનો મહિમા સાંભળતા જાય અને પ્રભુ વિરહની વેદનાએ રડતા જાય. હૃદય ગદ્‌ગદિત બને, ગળે ડૂમો ભરાય અને નયનોમાં નીર વહે. આમ અંતરનું ઝેર નીચોવાતું જાય. ભાગવત્ કથા પૂરી થઈ ત્યારે સંસાર પ્રત્યેની માયામમતા પણ નીચોવાઈ ગઈ. નાનચંદભાઈના ચારિત્ર્યની સુવાસ ખૂબ સારી હતી. શરીર પવિત્ર રહ્યું હતું પણ મન કયારેક કામવૃત્તિથી ચલિત થતું હતું.

ભાગવત શ્રવણે એ મનોવૃત્તિને પણ નિર્મળ કરી. આજીવન અવિવાહિત રહેવાનો અને ભગવત્પરાયણ જીવન જીવવાનો નાનચંદભાઈએ સંકલ્પ કર્યો. પ્રભુનો મહિમા સાંભળ્યો તે દિવસથી મન પ્રભુમાં એવું મસ્ત રહે કે વિકાર વાસનાએ એમને પજવ્યા જ નથી. અને એને જ એ પ્રભુકૃપા કહે છે. વેપાર બંધ કર્યો. પ્રભુ આપે તેમાં જ સંતોષ માનવાનો સંસ્કાર માતુશ્રી પાસેથી મળ્યો હતો. એ સંસ્કારે લોભ તૃષ્ણામાંથી સહેલાઈથી છોડાવ્યા. અને ક્રોધ જીતવા ખૂબ પ્રયત્ન કર્યો. તે પણ ઠીક ઠીક જિતાયો. આમ એક બાજુથી વ્યસનો અને મોજમજાનો ત્યાગ અને બીજી બાજુ આંતરશત્રુ પર વિજય મેળવવા એમણે દોઢ વર્ષ એકાંત સેવન કર્યું. ભગવત્ ભજન કર્યું. '**શ્રી કૃષ્ણ શરણં મમ**'નો જાપ કર્યો. ભગવાનના વિરહે કોઈ કોઈવાર ધ્રૂસકે ધ્રૂસકે તેમને રડાવ્યા તો કોઈવાર નટવર નાગરની લીલાએ ખડખડાટ હસાવ્યા પણ ખરા. ચોવીસ કલાકમાં એક ટંક જ ઘી વિનાનો લૂખો જાર–બાજરાનો રોટલો અને તેલ મરચા વિનાની કઢી ખાઈને સ્વાદને પણ જીત્યો. મન પ્રભુ ધૂનમાં એવું મસ્ત રહેવા લાગ્યું કે રાત્રે સ્વપ્નમાં પણ કનૈયાની મૂર્તિ દર્શન દેતી દેખાવા લાગી. લાલાને હીંચોળતા હોય, લાલાનાં ગુણગાન ગાતા હોય, ધોળ અને ભજન કીર્તનથી અંતઃકરણ અજવાળતા હોય અને નવધા ભક્તિની મસ્તીમાં મસ્ત. નાનચંદભાઈ કહે છે કે એ દિવસો એવા દિવ્યાનંદમાં પસાર થયા કે તેનું શબ્દમાં વર્ણન કરવું મુશ્કેલ છે. આમ

એકાંતમાં દોઢ વર્ષ પસાર થયું. અને ભગવદ્ જીવન જીવવાનો જે નિર્ધાર કર્યો હતો તેવું જીવન પ્રપત્તિ એટલે કૃષ્ણ શરણાગતિની દૃઢતાથી તદ્દન સહજ બની ગયું. એમનું અંતઃકરણ ભક્તિભાવથી નિર્મળ, નમ્ર અને સરળ બની ગયું. અંતઃકરણની શુદ્ધિની આ ભૂમિકાને ભક્તની ભૂમિકા કહે છે. એ ભૂમિકામાં ભાવસત્યમય જીવન જિવાતું હોય છે. નાનચંદભાઈના જીવનનો હવે પાયો ભાવસત્યસભર ન્યાયનીતિના આચરણ પર ચણાવા લાગ્યો.

## ન્યાયસંપન્ન આજીવિકા

દોઢ વર્ષમાં અંતઃકરણ શુદ્ધિ અને પ્રભુ પ્રપત્તિની પ્રાપ્તિ થઈ એટલે નાનચંદભાઈ માતાજી અને કુટુંબ કર્તવ્ય પ્રત્યે ફરી સક્રિય બન્યા. વાણી અને કાયાથી અસત્યનું આચરણ ન થાય તે માટે સજાગ બન્યા. એ સભાનતાએ એને સંપૂર્ણ ન્યાયનીતિ સંપન્ન જીવિકાની શોધમાં જોડ્યા. સાબરમતી આશ્રમમાં ગ્રામોદ્યોગના સનાતન સાબુ બનતા હતા તેની ફેરી એમણે શરૂ કરી. ખાદી ગ્રામ ઉદ્યોગ સંઘના નિયમ પ્રમાણે એક જ ભાવ અને શુદ્ધ વ્યવહારને એમણે જાળવી રાખ્યાં. સાડાત્રણ પૈસાની એક ગોટી તે વેચતા, ગ્રામોદ્યોગના સાબુની ફેરીથી જીવન-નિર્વાહ ચાલુ કર્યો. એમનું અંતઃકરણ તો ઝંખતું હતું કે કેવળ નીતિ જ નહીં, સાથેસાથ પ્રભુભક્તિ પણ પુષ્ટ બને તેવી શુદ્ધ સાત્ત્વિક જીવિકા હોવી જોઈએ, તેથી તેની તે શોધમાં હતા. તેમના જીવનપરિવર્તન અને પ્રામાણિક્તાની

સુવાસ સમાજમાં પ્રસરી ગઈ હતી. એથી ધોલેરાની ગોવર્ધનનાથ અને દ્વારકાધીશની હવેલીના ટ્રસ્ટીઓએ બંને હવેલીઓનો વહીવટ કરવામાં નાનચંદભાઈની સેવાની માગણી કરી. જેની શોધ ચાલતી હતી તે સામે આવીને મળ્યું. એટલે એમાં ઈશ્વરનો અનુગ્રહ માનીને નાનચંદભાઈએ હવેલીના વહીવટનો ઈશ્વર સેવાનું કામ માની સ્વીકાર કર્યો. આમ ભાવસત્ય એટલે અંતઃકરણની શુદ્ધિની પ્રાપ્તિ પછી, કરણસત્ય એટલે સત્યવાદી વ્યવહારની પ્રાપ્તિ સ્વાભાવિક ક્રમે નાનચંદભાઈને થઈ. હવેલીના વહીવટને પ્રભુકૃપા માની તેની વ્યવસ્થા કરવાનું નાનચંદભાઈએ સ્વીકાર્યું.

## પ્રભુ પ્રાપ્તિનાં સાધનો

નાનચંદભાઈએ બંને હવેલીનો વહીવટ સંભાળ્યો. તેની પાછળ પગાર મેળવવાનો હેતુ ગૌણ હતો. એટલે કેટલું વેતન મળે છે તેની લેશ પણ ચિંતા વિના જીવનનિર્વાહ જેટલું લઈ રાતદિવસ મંદિરના કામમાં જ રત રહેતા. વહીવટ ઉપરાંત મંદિરમાં સત્સંગ મળે, સુવાચન મળે તેમ જ ભજન કીર્તન અને કથાદિ કહી એમણે મંદિરની આંતરકાયાને ભક્તિરસે રસી દીધી. અને સાચા અર્થમાં હવેલીના ટ્રસ્ટી બની ગયા. સાથોસાથ આંતર શત્રુઓથી અંતઃકરણ શુદ્ધ કરવા સતત પ્રયત્નશીલ હતા. અહંકાર વિકારનું વિસર્જન થાય તો જ પ્રભુના ચરણશરણમાં સમાઈ જવાની શક્તિ આવે તેમ માની શરીર-

શ્રમ, સાદું ભોજન અને સંયમી જીવન જીવતા હતા. નિત્ય પોતાના ચિત્તને અજવાળતા હતા. અને પોતાના ચિત્તમાં ક્યાંય કચાશ, ભૂલ, ક્ષતિ કે નબળાઈ જણાય તો તે દૂર કરવા જાતે પ્રયત્ન કરતા અને પ્રભુની કૃપા યાચતા હતા. ધીરે ધીરે પ્રભુશ્રદ્ધા, અને સતત પ્રયત્ને એમનું ચિત્ત નિર્મળ થયું. જેમ જેમ ચિત્તની નિર્મળતાએ એમની ભક્તિને સાત્ત્વિક તથા વિવેકસભર કરી તેમ તેમ નિર્ભયતા સહજ બનતી ગઈ. અને ખોટું થતું હોય ત્યાં સ્પષ્ટ કહેવાની વૃત્તિ પણ વધતી ગઈ.

ધોલેરામાં લોહાણા છાત્રાલય ચાલતું હતું. નાણાં અને સુવ્યવસ્થાના અભાવે તે ભાંગી પડયું. કેવળ સાત જ વિદ્યાર્થી રહ્યા ને દેવું રૂપિયા ૮૦૦નું હતું. કોઈ કોઈ છાત્રો હવેલીના દર્શને આવતા. કેટલાક સંસ્કારી ને નમ્ર હતા. કેટલાક ગરીબ ઘરના પણ હતા. છાત્રાલય ભાંગી પડે તે નાનચંદભાઈથી જોવાયું નહીં. જાતે ગામડામાં ફર્યા. ભંડોળ ભેગું કર્યું. છાત્રાલયના પ્રમુખની માંગણી આવી ને હવેલી-ઓનું તથા બીજું કામ કરવાની છૂટે ગૃહપતિ બન્યા. બાળકોને વાત્સલ્ય આપ્યું. વ્યસનત્યાગ, સંયમી સાદું જીવન અને સાત્ત્વિક સંસ્કાર આપવાનું કામ એમને ખૂબ જ ગમી ગયું. પોતાની શુદ્ધિ ઉપરાંત સમાજમાં પણ પ્રેમ-પૂર્વક સુસંસ્કાર નિર્માણ કરવાની કળા તેમને હસ્તગત થઈ ગઈ.

એક વખત ભડિયાદ જતાં લંગડી વાછરડીના દૃશ્યે એમનામાં પ્રાણીદયા, ગાય અને માનવ સેવાવૃત્તિ

જન્માવી. આમ ધોલેરાના દસ વર્ષના ભક્તિમય તપથી એમની પાસે ચિત્તશુદ્ધિ, સંસ્કાર વૃદ્ધિ અને સેવારૂપી પ્રભુપ્રાપ્તિના સાધન સમાં ત્રણ રત્નો સાંપડ્યાં. હૃદયમાં બ્રહ્મ જિજ્ઞાસાની ઝંખના થવા લાગી અને પગપાળા ગુરુ-ની શોધમાં નીકળી પડ્યા.

# ૪. સદ્ગુરુની શોધમાં

ધોલેરામાં પ્રભુસેવા, માતાજીની સેવા, બાળસેવા, ગૌસેવા એવી ચતુર્વિધ સેવાનો યોગ મળ્યો હતો. જીવનમાં પ્રસન્નતા હતી પણ અંદરની ઇચ્છા કોઈ સંતપુરુષના શરણને ઝંખતી હતી. એ ઝંખનાએ એમને પગપાળા પર્યટન કરાવ્યું. કેટલાક સજ્જનો ને સંતોના સમાગમમાં આવ્યા. એમાંથી બનારસ હિંદુ યુનિવર્સિટીના તત્ત્વજ્ઞાનના નિવૃત્ત પ્રોફેસર શ્રીમાન ત્રિલોકચંદ્રજી અને દેવીબહેનના ભગવત્પરાયણ, સાદા, વત્સલ અને પ્રપત્તિપૂર્ણ જીવને ખૂબ સુંદર પ્રેરણા આપી. સ્વામી માધવાતીર્થની જ્ઞાનોપાસના, એમના પ્રત્યેનું વત્સલ ઔદાર્ય અને વૈરાગ્યપ્રધાન બ્રહ્મમય જ્ઞાનાકારવૃત્તિએ ને ભગવાં ધારણ કરવાની ટકોરે એમનામાં સુસંન્યસ્ત ભાવનાનું બીજ રોપ્યું પણ માતાજીની જવાબદારી હતી એટલે એ બીજ સુષુપ્ત ઇચ્છારૂપે જ હૃદયમાં સચવાઈ ગયું. ત્રિલોકચંદ્રજી અને માધવાતીર્થ મહાવિદ્વાન, વૈરાગ્ય-પ્રધાન ને અધ્યાત્મ-રંગે રંગાયેલા મહાસાધક કે સંત કોટિના હતા, તેમ છતાં એમને વિશેષ પ્રેરણા મળી એમના ભાણેજ ડૉક્ટર રસિકભાઈ પાસેથી. સંસારમાં રહેવા છતાં, જળ કમળવત્ રહી, પળેપળની સાવધાની, જનસેવા અને સત્સંગમાં જ પ્રભુને પિછાનનારી તેમની સેવા-સાધનાએ નાનચંદભાઈને પ્રેરણા

આપી કે ધર્મ તો જીવનના સર્વ વ્યવહારમાં જીવી બતાવવામાં છે.

એક વાર તે પગપાળા ચાલ્યા જતા હતા, ભૂખ કકડીને લાગી હતી, તેવામાં કોઠાના ઝાડ પરથી ખરી પડેલ મોટું કોઠું મળ્યું. તે ખાઈને સંતોષ પામ્યા. બીજી એક વાર એ જ રીતે મોટી કેરી મળી. આ પ્રસંગથી તેમને વિશ્વાસ બેસવા લાગ્યો કે સાધકનું ભગવાન ધ્યાન તો રાખે જ છે. એથી સાધના શીખવે તેવા ગુરુ પામવાની તાલાવેલી સવિશેષ વધી.

રસિકભાઈએ એક વાર નાનચંદભાઈને પત્ર લખ્યો કે સંતબાલ નામના એક જૈન મુનિનો સત્સંગ કરવા જેવો છે. પત્ર વાંચી ૧૯૪૪માં સાણંદમાં સંતબાલજીના ચાતુર્માસ ચાલતા હતા ત્યાં નાનચંદભાઈ સંતબાલજી મહારાજનાં દર્શન કરવા ગયા અને પ્રાર્થનામાં ભળ્યા. પ્રાર્થનાના પદે પદે તેમનું અંતઃકરણ ગળતું જતું હતું. પ્રાર્થના શ્રવણ સાથે ધ્રુસકે ધ્રુસકે રુદન શરૂ થયું. એ હતું પ્રથમ મિલન.

સંતબાલજી તે જોઈ રહ્યા પણ કશું ન બોલ્યા. પણ મનોમન નાનચંદભાઈને સમાધાન મળી ગયું કે જે સત્પુરુષને હું શોધતો હતો તે આ જ છે. પ્રેમાશ્રુ, રોમાંચ, હૃદયનું પુલકિત થવું, સમાધાન અને એ ક્રમમાં નાનચંદ-ભાઈનો આંતરવિકાસ પ્રથમથી થતો હતો તેનું જ પુનરાવર્તન અહીં થયું. અને નાનચંદભાઈએ મનોમન સંતબાલને ગુરુસ્થાને સ્થાપી, તેમના સત્કાર્યમાં સક્રિય

સેવારૂપી અર્ધ્ય આપવો શરૂ કર્યો.

ભાલમાં પાણીનો ત્રાસ દૂર કરવામાં મદદ કરવા 'જીવરાજ ભાલ જલસહાયક સમિતિ' સ્થપાઈ હતી અને ભાલના પાણી સંકટને દૂર કરવા આ સંસ્થા પ્રયત્ન કરતી હતી. નાનચંદભાઈએ તેમાં સંપૂર્ણ સહયોગ આપ્યો. દુષ્કાળ વખતે અન્નદાન અને ઢોરને નીરણ પૂરી પાડતી દુષ્કાળ કર્તવ્ય સમિતિમાં તો તેમનું કાર્ય મોખરે રહે તેવું હતું; કેમ કે ૧૯૪૭માં મણિભાઈ, મીરાંબેન, ડૉ. રસિકભાઈ, મણિબેન, કાશીબેન જેવાં આજીવન સાધકો સાથે ચાર માસની જ્ઞાન શિબિરમાં રહીને સંતબાલજીની ધર્મદૃષ્ટિનો મર્મ તે સમજતા થયા હતા. સમાધાન અને સમજણ એમને સાચી સેવાના માર્ગે પ્રેરતાં હતાં.

આ જ્ઞાન શિબિર દરમિયાન સદ્‌ગુરુનાં લક્ષણો જાણવા મળ્યાં. સંતબાલે જ 'વિશ્વવત્સલ મહાવીર'માં તે વર્ણવતાં કહેલ છે :

લેશ ના ભીરુતા જેમાં, છે ભરપૂર વીરતા;
ને જાનમાલના ભોગે, સાચવે સત્ય ને દયા.
ઉદાર વીર સત્યાર્થી, અભય જે બનાવતો;
જે સાધુ સત્યલક્ષી છે, તેને ગુરુ ગણો તમે.

એમણે જોયું કે સંતબાલ અંતરના સત્યને પ્રગટ કરવામાં જે સંપ્રદાયમાં તેમનાં બહુમાન થતાં હતાં તે સંપ્રદાય, પ્રાણપ્રિય ગુરુદેવ અને સંઘનો આશ્રય છોડીને એકલા પંડે અંતરના સત્યને અનુસરે છે. શિકાર રોકવાનું આંદોલન કરવામાં રાજ્યના અધિકારીઓ અને શિકારી

બંધુનો ખોફ વહોરીને અડગતા બતાવી છે. બ્રિટિશ સલ્તનત સામે સાધુતાની મર્યાદામાં રહીને બેંતાલીસના ક્રાંતિકારોને અહિંસક દોરવણી આપી છે. લોકપાલ સમાજમાં વ્યસનો અને કુરૂઢિ સામે સુધારક પ્રેરણા આપી, રૂઢિચુસ્ત આગેવાનીના આક્રમણને પ્રેમથી પચાવે છે. નૈતિક ખેડૂત સંગઠન અને સહકારી પ્રવૃત્તિ દ્વારા સ્થાપિત હિતોનો રોષ વહોરે છે છતાં, બધાં પ્રત્યે પ્રેમાળ, પ્રેમાળ વર્તન રાખે છે. ભાલની પાણીની તાણમાં, નળકાંઠાના રોગીઓને મદદ કરવામાં અને જીવમાત્ર પ્રત્યે દયાનાં ઝરણાં વહેતાં કરવામાં જે રાત-દિન પ્રયત્નશીલ છે. શ્રેયાર્થીઓ, ભાવુકો ને મધ્યમ વર્ગને દાન, પ્રેમ ને સત્યના માર્ગે આગળ વધવા શિબિરો, સંમેલનો અને પ્રવચનો આપે છે. કોમી હુલ્લડના ખુન્નસભર્યા ખોટા વાતાવરણમાં બે કોમ વચ્ચે નિર્ભયતાથી વિચરી એકબીજા પ્રત્યે બિરાદરીની ભાવના પ્રેરે છે. ભંગીઓ પ્રત્યે સમાજની ઋણભાવના જાગૃત કરી, બાલમંદિરો કાઢી વ્યસનાદિ ત્યાગના સંસ્કાર સિંચે છે. જીવનનાં સર્વ ક્ષેત્રોમાં સત્ય અને વાત્સલ્યની દૃષ્ટિ સિંચી ધર્મદૃષ્ટિએ સમાજની પુનર્રચના માટે મથે છે. એ સંતબાલ પ્રત્યે હૃદયના પ્રબળ સંવેદનથી જે ગુરુભાવ જાગૃત થયો હતો, તે હવે સમજણ અને વિવેકપૂર્વક વિકાસ પામ્યો અને એમના કાર્ય પ્રત્યે એમના હૃદયમાં અહોભાવ જાગૃત થવા લાગ્યો. આમ છતાં પૂર્વ સંસ્કારો હજુ કામ કર્યે જતા હતા.

ચાતુર્માસ શિબિર પૂરો થવામાં માત્ર પાંચ દિવસ

બાકી હતા, તેવામાં ચાંદરાના એક ચમારભાઈ શિબિરમાં દાખલ થયા. શિબિરમાં નાતજાતના ભેદ તો હતા જ નહીં એટલે એકપંગતે સહભોજન હોય તે સ્વાભાવિક છે. પોતે સહભોજન કરે અને તે વાત હવેલી અને છાત્રાલયના ટ્રસ્ટીથી ગુપ્ત રાખે તે તો નાનચંદભાઈના સ્વભાવમાં નહીં. એની સત્ય બોલવાની ટેક સાથે તે બંધ પણ ન બેસે અને નાતજાતના ભેદમાં પોતે નથી માનતા તેમ જાહેર કરે તો તે સંસ્થાના રૂઢિચુસ્ત ટ્રસ્ટી તેમને છૂટા કરે. સંતબાલજી પાસેથી મળેલ સંસ્કારનો આગ્રહ રાખવો કે પછી જે સંસ્થા દ્વારા તેમનો ભગવતભક્તિનો સંસ્કાર ઘડાયો હતો, જે સંસ્થાની કેટલીક પ્રવૃત્તિ ને સેવા પોતાના ભક્તહૃદયને પુષ્ટ કરતી હતી તે સંસ્થાને છોડવી? બે વચ્ચે પસંદગી હતી. સંસ્થામાં દંભ, અનીતિ કે દોષ હોય તો તો તેને ઘડીના છઠ્ઠા ભાગમાંય છોડવા એમની તત્પરતા હતી. સંસ્થામાં સત્ય ને પ્રેમનું સત્ત્વ ન જળવાય તોય તે છોડવા તૈયાર હતા. પણ એક નવા ખીલતા, ઊગતા સાર્વજનિક આચારના અમલની ઉતાવળ માટે જૂની સંસ્થાના સર્વ પ્રેમળ સંબંધો છોડવાની અને આર્થિક અસલામતી વહોરવાની તેમની તૈયારી ન હતી. એ વાત એમણે સંતબાલજીને પણ કહી.

એમની પાસે સંતબાલની જીવંત સાધના દૃષ્ટાંતરૂપ હતી. તેની કરુણા-પ્રવૃત્તિમાંથી ઉદ્ભવતાં સેવા-કાર્યોનો પણ સંતોષ હતો, પણ ધર્મસંસ્થા દ્વારા ઘડાતું સામાજિક સ્વરૂપ હજુ સ્પષ્ટ થયું ન હતું. ખડમાકડી જેમ એક

પગ સ્થિર કરી પછી બીજો પગ મૂકતી મૂકતી ગતિ કરે છે તેમ ધોલેરાના સેવા-કાર્યમાં સ્થિર થયેલા પગને બીજે મૂકવાની સ્પષ્ટ ભૂમિકા હજુ દેખાતી ન હતી. અને તેથી જ હરિજનો સાથે સમૂહમાં ભોજન લેવાની ઉતાવળ કરવા કરતાં નાનચંદભાઈએ શિબિર છોડી ધોલેરા સેવા-સંસ્થા સાથેનું સાતત્ય જાળવી રાખવાનું પસંદ કર્યું. પૂર્ણાહુતિને દિવસે નાનચંદભાઇ હાજર થયા ત્યારે સંતબાલ મહારાજે જાહેરમાં ટકોર પણ કરી કે નાનચંદભાઈ જેવા સાધક માટે આ બરાબર ન કહેવાય. આ ટકોર છતાં નાનચંદભાઈનો સંતબાલ પ્રત્યેનો પ્રેમ અને શ્રદ્ધા લેશ પણ વિચલિત ન થયાં. પ્રભુને પામવાની અને સત્પુરુષને અનુસરવાની એમની લગન એવી ને એવી જ રહી અને સંતબાલજીને પણ નાનચંદભાઈ પ્રત્યેની લાગણી ને આશા પણ એકધારાં જ રહ્યાં; કેમ કે એમને ખાતરી હતી કે—

"ચૈતન્ય–જ્યોતને માટે, મનુષ્ય યત્ન માંડશે;
મનમાં દૃઢ જે સત્ય, ક્રિયામાં તો જ આવશે."

નાનચંદભાઈનો પરમાત્માનો પ્રકાશ પામવાનો યત્ન સતત ચાલુ જ હતો એટલે જો આ મૂલ્યનું સત્ય તેમના મનમાં દૃઢ હશે તો તે ક્રિયામાં આવવાનું જ. અને ખરેખર, આ પ્રસંગને પૂરાં ત્રણ વર્ષ થયાં ત્યાં તો નાનચંદભાઈ, પંખી જેમ ઈંડાનું કવચ તોડી ખુલ્લા આકાશમાં બહાર આવે છે તેમ સંપ્રદાય ને નાતજાતના ભેદની દીવાલો તોડી વ્યાપક ધર્મરૂપી ખુલ્લા આકાશમાં આગળ આવ્યા.

સાધુપુરુષની ખૂબી જ એ છે કે સુમૂલ્યના બીજને શિષ્યના અંતરમાં વાવે છે, પોતાના સતત સ્નેહથી પોષે છે, શિષ્યની સ્વયંની શક્તિથી ઊગવા દે છે. સુશિષ્યની ધીરજ એવી હોય છે કે પ્રતિકૂળ સંજોગ વચ્ચે પણ ગુરુની શીખને હૃદયમાં સંઘરી રાખે છે અને અનુકૂળ મોસમ આવતાં એ બીજને વૃક્ષ કે વેલ રૂપે વિકસાવે છે અને વિસ્તારે છે.

# ૫. સંઘ માધ્યમે સેવા

સંતો માર્ગદર્શક બને છે પણ તેનું માર્ગદર્શન હંમેશાં લોકસમૂહ દ્વારા લોકઉદ્યોત કરવાનું હોય છે. લોકોનો આત્મપુરુષાર્થ જગાડી તેમને સત્પ્રયોગમાં પ્રેરવા ને જોડવાનું હોય છે. આવા સાંપ્રદાયિક પ્રયોગનું માધ્યમ એકસરખા વિચાર-આચારને વિકસાવતો સંઘ બને છે.

## સત્પ્રયોગ અને પ્રાયોગિક સંઘ

માનવ અંતર્મુખ બની, સત્ય પ્રભુને પામવાનો આત્મ-પુરુષાર્થ કરે તેને જૈન દૃષ્ટિ (અભિસંધી) સત્પ્રયોગ કહે છે. જે માણસ પોતે માનેલા સંસારસુખ માટે પુરુષાર્થ કરે તેને (અનભિસંધી) અસત્પ્રયોગ કહે છે. આત્મ વીર્ય પ્રગટાવતો સત્પુરુષાર્થ તે જ પરમાર્થ છે. આત્માર્થી પરમ ઉત્કૃષ્ટ સત્પ્રયોગ કરી, શુદ્ધ, બુદ્ધ ને મુક્ત બની શકે છે. પણ સમગ્ર સમાજમાં ભિન્ન ભિન્ન ભૂમિકાના જીવ હોય છે તે બધા પોતપોતાની ભૂમિકાએ રહી સત્પ્રયોગ પ્રત્યે વળે તે માટે સામુદાયિક સત્પ્રયોગો યોજવા. ભગવાન મહાવીરે ચતુર્વિધ સંઘની રચના કરી, સંઘ પ્રયોગોને પણ પ્રોત્સાહન અને પ્રેરણા મળ્યા કરે તેવી વ્યવસ્થા કરી હતી.

## સંતબાલનો અભિનવ પ્રયોગ

મહાત્મા ગાંધીએ આ યુગે જાતે સત્યના ઉત્કૃષ્ટ

પ્રયોગો કરી કરીને સમાજને પણ સંઘ, સંસ્થા અને સુસંગઠનો દ્વારા સામુદાયિક રીતે સત્ય અને અહિંસાનાં પ્રયોગો તરફ પ્રેર્યો અને દોર્યો છે. મુનિશ્રી સંતબાલજી પણ મહાવીર અને ગાંધીજીના પ્રયોગનો સમન્વય કરી શ્રમજીવીની સૃષ્ટિને અને ખાસ કરીને પછાતો, ગામડાં, ને મહિલાઓને સત્ય પ્રભુને પામવા સત્યની સાધનાના પ્રયોગો માટે પ્રેરી-દોરી રહ્યા છે. તેની સામુદાયિક સાધનાને સુવ્યવસ્થિત કરવા 'ભાલનળકાંઠા પ્રાયોગિક સંઘ'ની સને ૧૯૪૭માં સ્થાપના કરી છે.

## સદ્ધર્મના પ્રયોગો

સતૂના પ્રયોગો મન, વચન ને કાયાને સત્યના રંગે રંગવાથી એટલે કે સત્યમય કરવાથી થાય છે. અંતઃકરણને સત્ય ભાવોથી ભાવિત કરવાના કાર્યને ભાવ-સત્ય, વાણીને સત્ય વચનભાષી બનાવવાના કાર્યને કરણ-સત્ય અને મન, વાણી ને શરીરના સર્વ વ્યવહારો સત્ય-મય કરવાના કાર્યને યોગસત્ય કહે છે. વ્યક્તિની જેમ સામુદાયિક સાધનામાં નૈતિક બંધારણ રચી, તેના વર્તન પ્રમાણે સંગઠન દ્વારા કાયસત્યનો, વ્યવહારશુદ્ધિ વ્યક્ત કરતાં સત્ય વાણી, સંકલ્પો ને ઠરાવો દ્વારા કરણસત્યનો અને વિચારશુદ્ધિ કે મૂલ્યશુદ્ધિના પ્રયોગો દ્વારા ભાવ-સત્યનો વિકાસ થાય છે. ત્રણેયની એકસૂત્રીતા અને સંકલન કરતો સંઘ ત્રિવિધ સત્ય દ્વારા અહિંસક સમાજનું નિર્માણ કરે છે. સંતબાલજીના અભિનવ પ્રયોગમાં વ્યક્તિ

અને સમાજનું શ્રેય સાધતી વ્યક્તિગત અને સામાજિક સત્યોપાસનાની ત્રિવિધ સાધના, પ્રેમ સાધનાના પ્રેમળ પ્રયોગ દ્વારા છે. અને તે પ્રગટ થાય છે વાત્સલ્ય-સાધના દ્વારા, પ્રેમસાધનાના પ્રેમળ પ્રયોગ દ્વારા.

નાનચંદભાઈ પણ પ્રભુપ્રાપ્તિ માટે જ મથતા હતા. એમનું અંતઃકરણ ભગવદ્દભાવથી ભાવવિભોર બન્યું ત્યારથી તે ભાવસત્યના ભક્ત બની ગયા હતા અને સેવાકાર્યમાં સાંગોપાંગ નીતિ ને સત્યનું પાલન કરીને, કરણસત્યને પણ સ્વાભાવિક બનાવ્યું હતું. સંતબાલના સમાગમે અને સત્સંગે ક્રમે ક્રમે તે વ્યક્તિગત અને સામાજિક જીવનમાં મન, વાણી ને કાયા દ્વારા સત્યની ત્રિવિધ સાધના કરતા મુનિશ્રીને અને તેમના સામૂહિક કાર્યને મૂર્તિમંત કરતા પ્રાયોગિક સંઘને પ્રેમપૂર્વક અપનાવી તેમના દ્વારા એમની શ્રેય-સાધનાને અપનાવતા ગયા.

## સંતબાલનું લોકસંસ્કરણનું કાર્ય

'આદર્શ સમાજવાદ' પુસ્તકની પ્રસ્તાવના લખતી વખતે સંતબાલજીને સ્પષ્ટ થયું કે યુગની માગ સમાજ-વાદની છે. એ સમાજવાદ જો સંઘર્ષ, કલેશ, હિતસ્વાર્થ ને વર્ગસંઘર્ષ દ્વારા આવે તો માનવીય મૂલ્યોનો હ્રાસ થાય. કેવળ ગાંધીજીની સત્ય, અહિંસા ને વર્ગ-સુમેળની દૃષ્ટિ જ વિશ્વને ઘોર હિંસા ને વિદ્વેષથી બચાવી શકે તેમ છે. માટે સાધુજગતની ફરજ છે કે શ્રમજીવી ને પછાત ગામડાંને સમજાવીને ધર્મદૃષ્ટિએ સમાજ-રચનાના

કાર્ય પ્રત્યે વાળે. અંતરના એ સત્યને વફાદાર રહેવા તેમણે એક વર્ષ એકાંત મૌનમાં રહી સાધનાનો નકશો સ્પષ્ટ કર્યો. બીજા વરસે એકાદ દિવસ બોલવાની છૂટ રાખી ગ્રામસમાજ વચ્ચે રહી પોતાનું જીવનકાર્ય નક્કી કરી નાખ્યું અને એ પછી દશ દશ વર્ષ ભાલનળકાંઠાની ભૂમિમાં વિચારી એમણે વિચાર, વિવેક ને સેવાનો સંસ્કાર સિંચ્યો. એમાંથી ઊભી થઈ ધર્મદૃષ્ટિએ સમાજ રચવાની ભૂમિકા.

## ૧ વ્યસન-મુકિતનો સંસ્કાર

નળકાંઠાના પછાત વિસ્તારમાં શિકાર, માંસ, દારૂ, ચોરી, કોઈની પરણેતરનું હરણ કરવું, જુગાર, વેરઝેરમાં ઓઘા સળગાવવા વગેરે અનિષ્ટમાં પ્રજા સપડાયેલી હતી. સંતબાલે પછાત, કોળી સમાજનાં સંમેલનો ભરી, પ્રેમપૂર્વક પોતાની વાત સમજાવી. એક બાજુથી જ્ઞાતિઓએ બંધારણમાં સુધારા અપનાવ્યા અને બીજી બાજુથી હજારો માણસોને પ્રતિજ્ઞા આપી, વ્યક્તિ ને સમાજમાં નવચેતના જગાડી વ્યસનમુક્તિનું વાતાવરણ રચ્યું.

> માંસાહાર અને મદ્ય, પરદારાદિ સેવન,
> જુગાર, સંગ વેશ્યાનો, ચોરી ને પાપનું ધન;
> મોટાં વ્યસન એ સાત, કેફી ચીજો તણાં બીજાં;
> પ્રજામાંથી કર્યાં દૂર પ્રેમની શક્તિથી બધાં.

જુનવાણી આગેવાનીનો રોષ વહોરીને પણ આ કાર્યને પાર પાડનારા લોકપાલ-સમાજમાં નવા સુધારકો તૈયાર થયા. આવાં સુધારાનાં કામો કરતાં કરતાં પોતાનો જાન આપીને કાળુ પટેલે શહાદત વહોરી હતી. એ જ જ્ઞાતિના

એક સુધારક કવિએ ગરબા, ગીતો ને રાસડા જોડીને ગામે ગામ ને ઘરે ઘર સુધારાનો સાદ સંભળાતો કર્યો હતો.

## ૨ માનવ-સેવાનો સંસ્કાર

ભાલપ્રદેશમાં પાણીનો ભારે ત્રાસ અને નળકાંઠામાં રોગનો ત્રાસ. આ ત્રાસ નિવારવા માટે મહારાજશ્રીએ સજ્જનોનાં હૃદય ઢંઢોળ્યાં. ગામડાંની શ્રમશક્તિ, સંપત્તિવાનની દાનશક્તિ અને સેવકોની સેવાશક્તિનું સંયોજન કરી 'જીવરાજ જલસહાયક સમિતિ' અને 'વિશ્વવાત્સલ્ય ઔષધાલય' દ્વારા એમણે એ પ્રદેશમાં સેવાકાર્યનો સંસ્કાર સિંચ્યો. તેના વાહક બન્યાં છોટુભાઈ અને કાશીબહેન. છોટુભાઈમાં જૈન ધર્મના સંસ્કાર હતા. રાજચંદ્રના વાંચને આત્માર્થ પ્રત્યે પ્રેર્યા, ગાંધીજીએ રાષ્ટ્રધર્મના માર્ગે વાળ્યા ને સંતબાલજીના સમાગમે એમને સેવા-કાર્યમાં સમર્પિત કર્યા. સંતબાલે સમજાવ્યું કે લોકસેવામાં જ આત્માર્થ છે. જે પોતા જેવા બીજાને સમજે છે તે આત્માર્થીમાં સહજ અનુકંપા પ્રેરિત સેવા હોય જ. તે વર્ણવતાં સંતબાલ કહે છે:

> ન દયા છીછરી, જેમાં અનુકંપા અજોડ તે;
> તેથી જ સત્યને પ્રેમ, બંને ત્યાં સચવાય છે.
> સ્વ ને પર બંનેનું, પ્રેય-શ્રેય સધાય છે;
> વિશ્વવાત્સલ્ય રેખાનો, અહીં પ્રારંભ થાય છે.

વિશ્વવાત્સલ્યલક્ષી લોકસેવા અને આત્માર્થ એક-બીજા સાથે ઓતપ્રોત છે. તે સમજાવતાં કહે છે:

લોકસેવા નથી જેમાં, તે આત્માર્થી નહીં ખરો;
આત્માર્થી લોકસેવામાં. આત્માર્થે લોક સેવતા.

આવી લોકસેવા સુપાત્રને જ જરે. આવી પાત્રતા પ્રાપ્ત કરવા છોટુભાઈએ બ્રહ્મચર્યાદિ વ્રત લીધાં અને તેમની પુત્રી કાશીબહેને નાની વયે જ સુપાત્રતા કેળવી લીધી હતી. તે સુપાત્રતાનું લક્ષણ વર્ણવતાં સંતબાલ કહે છે :

બ્રહ્મચર્યવ્રતે સ્નેહી, એકનિષ્ઠ, ક્ષમાપ્રિય;
સાધક સાધિકા બંને, સમુચિત સુપાત્ર છે.

જેમ છોટુભાઈને કાશીબહેનમાં આ લક્ષણ સ્પષ્ટ દેખાય છે તેમ ધોલેરા રહ્યાં રહ્યાં નાનચંદભાઈ પણ સુપાત્રતાને સહજ કરી, 'જીવરાજ જલસહાયક સમિતિ'માં પોતાની સેવા આપી રહ્યા હતા. પોતાના વિદ્યાર્થીઓમાં વ્યસનમુક્તિનો સંસ્કાર પણ સીંચી રહ્યા હતા. સાણંદમાં ડોક્ટર શાંતિભાઈએ પણ લોકોપયોગી કામ ગણી, 'વિશ્વ-વાત્સલ્ય ઔષધાલય'ને તન, મન ને ધનથી પોતાની સેવા આપી, સંઘના કામને સુવ્યવસ્થિત કરવામાં મદદ કરી.

## ૬ જીવનશિક્ષણનો સંસ્કાર

સાચું શિક્ષણ એ છે જે જીવન દ્વારા જિવાય છે. જીવનને જે કેળવે, ઘડે અને અવિદ્યાથી મુક્ત કરે તે જ વિદ્યા. ભાલનળકાંઠા ક્ષેત્રમાં હવે સંસ્કારી જીવન જીવવાની જિજ્ઞાસા જાગી હતી, સેવાકાર્યમાં સહયોગ દેવાનીયે વૃત્તિ જાગી હતી. આ સુજિજ્ઞાસા ને સુવૃત્તિને સાચે માર્ગે વાળે તેવા સેવકો ને સજ્જનોની ક્ષેત્રને જરૂર

હતી. આથી શહેર અને ગામડાંના ભાવુકોને સંતબાલની જીવનદૃષ્ટિ સમજાય તે હેતુથી જયંતીલાલ ખુશાલચંદ શાહના વરસીતપના પારણા નિમિત્તે બકરાણામાં એક ચિંતન-શિબિર થયો. તેમાં ધર્મદૃષ્ટિએ સમાજરચના અને બાર વ્રતો દ્વારા જીવનઘડતરનો વિચાર સમજાવવામાં આવ્યો. બીજો શિબિર અરણેજમાં થયો. તેમાં ગામડાં સાથે તાદાત્મ્ય સાધી પ્રાર્થના, સફાઈ ને રેંટિયા દ્વારા ગ્રામ-સેવાનો સંસ્કાર સુવ્યવસ્થિત કરવામાં આવ્યો. ત્રીજો શિબિર ઝાંપમાં થયો. તેમાં નાતજાતના ભેદ વિના માનવતાને અગ્રતા દેવાનો સંસ્કાર આપવામાં આવ્યો. અને ૧૯૪૭માં પ્રાયોગિક સંઘ રચવાનો ઠરાવ થયા પછી એના કાર્ય-કરોના ઘડતર માટે ચાર માસનો શિબિર રાખવામાં આવ્યો. 'વિશ્વવાત્સલ્ય' પાક્ષિક દ્વારા અને ત્રણ ત્રણ દિવસોના નાના શિબિરો દ્વારા પણ જીવનશિક્ષણનો સંસ્કાર આપવામાં આવતો. સંતબાલજીને બાલશિક્ષણ ને વાલીઓના શિક્ષણની અગત્ય લાગતી હતી તે તેમ જ ભાવિ કાર્યકર મળ્યા કરે તેવી આશ્રમી તાલીમનો વિચાર પણ તે સંઘ પાસે મૂકતા હતા. મણિબહેને સાણંદમાં ભંગી બાળકો અને ભંગી સમાજના ઘડતરને લક્ષમાં રાખી 'ઋષિ બાલમંદિર'થી શિક્ષણકાર્યનો આરંભ કર્યો. નવલ-ભાઈએ ગૂંદીમાં ભંગી બાળકોને પોતાની સાથે રાખી તેના દ્વારા આશ્રમી શિક્ષણની શરૂઆત કરી અને પુંજલ કવિએ ત્રણ ભરવાડ બાળકોને પોતાની સાથે રાખી ગોપા-લક શિક્ષણના શ્રીગણેશ માંડ્યા. તે બધા સામે સંતબાલ

સર્વાંગી શિક્ષણનો આદર્શ રજૂ કરતાં કહે છે:

આર્ય સંસ્કૃતિનાં સૂત્રો, સ્વાવલંબન ને સંયમ;
જનરક્ષણ, ગોસેવા, કૃષિવિજ્ઞાન ને કળા;
આપ–લે વસ્તુની એવું વાણિજ્ય, રાષ્ટ્રસેવન;
સમાજશાસ્ત્ર ને ધર્મ, તત્ત્વજ્ઞાન સમન્વય;
આરોગ્ય, જ્ઞાન આત્માનું, મનનું ને શરીરનું;
મળે તાલીમ ત્યાં નિત્ય, અભ્યુદય મોક્ષસાધન.

ટૂંકમાં જીવનનાં બધાં પાસાંનું સ્વસ્થ ને સ્વચ્છ ઘડતર થાય તેવી સમગ્ર જીવનની તાલીમ તો ગર્ભાધાનથી મરણ સુધી ચાલ્યા જ કરે છે. સર્વ ક્ષેત્રને ઘડવા માટે પણ સર્વાંગી તાલીમ દ્વારા સમ્યક્ વિચાર ને વિવેક પાંગરે તે જોવાનું કામ સંસ્કૃતિ-સાધકો ને શિક્ષકોનું છે. સાણંદના વર્ગમાં ચાર માસ રહી સંતબાલજી મહારાજ, રવિશંકર દાદા, કુરેશીભાઈનાં પ્રવચનો, રસિકભાઈ, મીરાંબહેન, મણિભાઈ, મણિબહેન તથા મુમુક્ષુ જિજ્ઞાસુ મિત્રો સાથે સહચર્ચા-વિચારણા કરી નાનચંદભાઈએ પોતાની જીવનદૃષ્ટિનું સારી રીતે ઘડતર કરી લીધું.

## ૪ કૃષક-જીવનમાં નૈતિક સંસ્કાર

સંતબાલે જોયું કે ગ્રામજીવનના વિકાસમાં મોટું અવરોધક બળ ગરીબી છે. ગામડાની કરોડરજ્જુ સમા કૃષકમાં નથી ન્યાયી ભાવનીતિની સમજ, નથી સંપ, નથી સંસ્કાર ને નથી સમજપૂર્વકનું નૈતિક જીવન કે સંગઠન. આ સંસ્કારનું સિંચન કરવા નૈતિક ખેડૂત સંગઠન દ્વારા એમણે મહાપુરુષાર્થ કર્યો અને પ્રાયોગિક સંઘને પણ એ

માર્ગે પ્રેર્યો; કેમ કે અન્ન, વસ્ત્ર ને આવાસની કાચી સામગ્રીનો ઉત્પાદક ખેડૂત એટલે જગતાત જો ટ્રસ્ટીશિપ-ની નીતિને અનુસરે તો જ ગ્રામસંસ્કૃતિનો કે ધર્મદૃષ્ટિએ સમાજરચનાનો પાયો મજબૂત બને; કેમ કે—

નીતિ છે ધર્મનો પાયો, માટે તે દૃઢ રાખવો,
શ્રમે રળી સદાચારી, રહેવું સાર નીતિનો.
વ્યક્તિ સમાજ બંનેનો, વિકાસ નીતિથી થતો;
નીતિ વિના નથી થાતો, પચાવ તત્ત્વજ્ઞાનનો.

ખેડૂત અને ગોપાલકોનાં નૈતિક સંગઠનો રચી, પોષક ભાવનીતિ, સહકાર, લવાદી દ્વારા ન્યાય, પરસ્પર ને ઉપયોગી થવું અને નબળા વર્ગને મદદરૂપ થવાની દૃષ્ટિથી ખેડૂતોને ગોપાલકોમાં સમાજસુધારણા ને શિક્ષણનો સંસ્કાર સિંચવાનું કામ આ સંગઠનોએ કર્યું. અંબુભાઈ, ફૂલજી-ભાઈ, સુરાભાઈએ પોતાના સાથી મિત્રો અને વિશાળ કૃષક ગોપાલક સમાજના સહયોગથી, સંમેલનો, સહકાર અને સક્રિય સેવાથી આ સંસ્કારો પણ સુવ્યવસ્થિત ને સુદૃઢ કરવા પ્રયાસ કર્યો હતો. દુષ્કાળ વખતે ખેડૂત મંડળના પ્રયત્નથી ખેડૂતોએ આપેલી નીરણ ઘાસની મદદ, બનાસકાંઠાને આપેલા બિયારણ અને પ્રતિદાનમાં, ધોલેરા આસપાસના દુષ્કાળ-પીડિત ખેડૂતોએ આપેલા સુંદર પ્રત્યુત્તરથી નાનચંદભાઈ ખેડૂત મંડળની પ્રવૃત્તિથી વિકસેલા નૈતિક ધોરણોથી સારી રીતે પ્રભાવિત થયા હતા.

## સંઘનું સામર્થ્ય અને શક્તિ પિછાની

ધોલેરામાં દુષ્કાળ કર્તવ્ય સમિતિએ જે કામ ઉપાડયું તેમાં નાના મોટા અનેક કાર્યકરની તે નજીક આવ્યા. છોટુભાઈનું સાધનામય જીવન, નવલભાઈ–અંબુભાઈની કામ કરવાની લગન, અનેક કાર્યકરોના સંપ ને ઉત્સાહ તેમ જ સાંગોપાંગ અણિશુદ્ધ પ્રમાણિક વહીવટ વગેરેમાં એમણે સંતબાલજીના વિચારોને સાકાર થતા જોયા, તેમ જ સામૂહિક સાધનાનાં શિસ્ત, સામર્થ્ય ને શક્તિનાં પણ દર્શન થયાં. જે રીતે એમનામાં સંઘે વિશ્વાસ મૂકયો તે જોતાં પણ તે સંઘ સાથે ઓતપ્રોત બની જવા લાગ્યા. મહારાજશ્રીમાં કેવળ ઉપદેશક જ નહીં, પણ સંયોજક, પ્રેરક ને આયોજક એવા જાગ્રત સંતનાં દર્શન થયાં. એમની વ્યવહારુ અને વાસ્તવિક નીતિમાં કોઈ સ્વપ્નસેવી નહીં, પણ પરિસ્થિતિ પલટનારા ક્રાંત સંતનાં દર્શન થયાં. એમનું હૃદય સંત અને સંઘ પ્રત્યે ભાવવિભોરતાથી ભરાઈ ગયું.

## ભેદની દીવાલો ભાંગી ગઈ

એ પછી સંતબાલજી મહારાજ ધોલેરા-ક્ષેત્રની સ્પર્શના કરવા આવ્યા ત્યારે વિહારમાં પોતે સાથે રહ્યા. એક ગામમાં એક કોળી ગોરે મહારાજશ્રીને ભિક્ષા માટે પ્રાર્થ્યા. મહારાજશ્રીએ ત્યાંથી ગોચરી (ભિક્ષા) લીધી. એમણે નાનચંદભાઈ ને પણ ભાવભર્યું આમંત્રણ આપ્યું. ક્રાંત સંતની પ્રેરક હૂંફે હવે તેમની પાંખોમાં ઊડવાનું બળ આવી

ગયું હતું. એમણે ભોજન લીધું અને હવેલી તથા છાત્રાલયના ટ્રસ્ટીને જાહેર કર્યું કે નાતજાતના અને સ્પર્શાસ્પર્શના ભેદમાં પોતે માનતા નથી અને સ્વચ્છ, સંસ્કારી ને સંપૂર્ણ શાકાહારી કુટુંબમાં જમવામાં તેમને બાધ નથી. બહુ પ્રેમપૂર્વક તે સંસ્થામાંથી છૂટા થયા અને એક બે વર્ષ સાર્વજનિક ગૌશાળાના કામ ઉપર એકાગ્ર થયા. ગૌશાળાનો વિકાસ પણ સારો થયો. પ્રમુખશ્રી પણ ઉત્સાહી હતા. તેવામાં સંતબાલજીના ૧૯૫૧માં ખસ (તા. ધંધુકા)માં ચાતુર્માસ થયા.

## બગડ શુદ્ધિપ્રયોગની પ્રેરણા

૧૯૫૧માં સંતબાલજી મહારાજના ખસ ગામમાં ચાતુર્માસ હતા. નાનચંદભાઈ અવારનવાર મહારાજશ્રીનો સત્સંગ કરવા ધોલેરાથી ખસ આવતા હતા; ચાતુર્માસ પૂરા થવા આવવામાં હતા. એવામાં એક દિવસ બગડથી એક વિધવા કુંભારણ કલ્પાંત કરતી સંતબાલજી પાસે આવી. બાપુ મારું બધું લૂંટાઈ ગયું. મારી ગરીબની મરણ મૂડીયે કોઈ ચોરી ગયું. આટલું કહી તે ધ્રુસકે ધ્રુસકે રડી પડી. મહારાજ કહે, "તમે પોલીસને જાણ કરી છે?"

'બાપુ! તુરત જ જાણ કરી, પણ કોઈ ચસકતુંય નથી.'

"ગામના આગેવાનોને કહ્યું?"

"એમણે જ મને તમારી પાસે મોકલી છે. એ બધાય જાણે છે કે કાળા કામના કરનારા કાઠી દરબારો છે. પણ

એમની બીકે બધાનાં મોં સિવાઈ ગયાં છે."

"સારું ત્યારે મારી પાસે તેમને મોકલજો."

રાત્રે ગામના આગેવાનો આવ્યા. પણ ડર એટલો કે કોઈનું નામ લેવા તૈયાર નહિ. મહારાજશ્રીએ આની તપાસનું કામ નાનચંદભાઈને સોંપ્યું. નાનચંદભાઈ બગડમાં ફર્યા. બધાની સહાનુભૂતિ કુંભારણ પ્રત્યે હતી. બધાને વહેમ કાઠી ડાયરાનો, પણ બધા ડરથી ફફડે. પાણિયારી બે બહેનોની વાતચીતમાંથી નાનચંદભાઈને શકદારનું નામ જાણવા મળ્યું. એ અંગે તપાસ કરતાં શંકામાં વજૂદ લાગ્યું ને મહારાજ સાહેબ પાસે વાત મૂકી. સંતબાલજીનું સતત ચિંતન ચાલ્યું. તેમણે નાનચંદભાઈને કહ્યું: "રાજ્યના કર્મચારી ભ્રષ્ટાચારને લઈને અને પ્રજા સ્વાર્થ ને ડરને લઈને પડોશીની મદદે જવાનો ધર્મ ચૂકી જતી હોય ત્યારે સંતો-ભકતોની ફરજ તેને જાગ્રત કરવાની છે. કેમ કે—

ધર્મચ્યુત પ્રજા રાજ્ય, ધર્મલક્ષી બનાવવા,
ધર્મલક્ષી બને ત્યારે, તેમને હૂંફ આપવા;
સતત સંત–ભકતોની, સાચી એવી પરંપરા,
ભારતે સાચવી રાખી, તેથી પૂજાય તે સદા.

સંતો, ભક્તો જો ધર્મગ્લાનિને ન અટકાવે જો ડગેલાને ધર્મમાં સ્થિર ન કરે તો ભગવાનનું કામ કોણ કરશે ? આજે તો એ કાર્ય ખૂબ આવશ્યક છે.

વ્યક્તિનાં પાપ ધોવાનો, એક માર્ગ સમાજની;
સાચી શુદ્ધિ કરો વિશ્વે, મુખ્ય એ માંગ આજની.

નાનચંદભાઈ જિજ્ઞાસાથી પૂછે છે: "સમાજની શુદ્ધિ કરવી કેવી રીતે?"

સંતબાલજી કહે: "અસત્યને ઉઘાડું પાડવું, ગુનાને પ્રગટ કરવો, પાપને અપ્રતિષ્ઠિત કરવું છતાં ગુનેગાર પ્રત્યે અંતરમાં પ્રેમ રાખવો, ગુનો કરતો હોય ત્યાં સુધી સમાજમાં ગુનેગારને પ્રતિષ્ઠા ન આપવી.

ગુનાની ન પ્રતિષ્ઠા હો, એવી સમાજ જાગૃતિ;
થશે ત્યારે જ પસ્તાશે, ગુનેગારો જરૂરથી."

નાનચંદભાઈને માર્ગ મળી ગયો. બગડમાં શુદ્ધિપ્રયોગ આદર્યો. પ્રાર્થનાસભા તથા સૂત્રોચ્ચાર સાથે પ્રભાતફેરી શરૂ કરી. ગામેગામથી ખેડૂત મંડળની ટુકડી પ્રાર્થનામય ઉપવાસ કરવા આવે. પોતે પણ ગામ હિંમત ન બતાવે ત્યાં સુધી ગામનું પાણી ન પીવાનો સંકલ્પ કરી મોટેરાંને શરમાવ્યા. ધીમે ધીમે ભજન, ધૂન, કાંતણ ને પ્રાર્થનામાં બાળકો અને મોટા આવવા લાગ્યાં. હિંમત આવવા લાગી. નાનચંદભાઈ પણ આ ગુનેગારો જે વર્ગના હતા તેમને સંબોધીને તેઓ ધર્મ ચૂકે છે એમ સ્પષ્ટ કહેવા લાગ્યા. પાંચ પંદર દિવસમાં ભય ખંખેરાઈ ગયો, સમાજમાં જાગૃતિ આવી અને જ્યાં ચાતુર્માસ પૂરા કરી સંતબાલજી બગડ પધારે છે ત્યાં તે વાત પ્રગટ થઈ. ત્યાં તો ગુનેગારો પણ નરમ પડી સમાધાન માટે તૈયાર થયા, નાનચંદભાઈએ મહારાજશ્રી પાસે વાત મૂકી.

મહારાજશ્રી કહે: "પોલીસને સોંપવાનો, શરીર સજાનો કે દંડનો આપણો માર્ગ નથી. કેમ કે,

શારીરિક સજા દંડે, ગુનાઓ અટકે નહીં;
ગુનાખોરો કને ધર્મ, શીખવે સંત પ્રેમથી."

સંતની આ શીખ સાંભળી ગુનેગારોનાં હૃદય પણ નરમ પડ્યાં. એમણે જાહેરસભામાં ભૂલ કબૂલી, પણ માલ વેચાઈ ગયો હતો ને નાણાં વપરાઈ ગયાં હતાં. પંચે નક્કી કર્યા પ્રમાણે કુંભારણબહેનને પાંચસો રૂપિયા આપવાનું નક્કી થયું.

## પ્રાયોગિક સંઘમાં પ્રવેશ

સંતની માર્ગદર્શક શક્તિ, ભક્તની શ્રદ્ધાશક્તિ અને ગ્રામજનોની નૈતિક શક્તિનો પ્રભાવ પ્રત્યક્ષ થયો. નાનચંદભાઈને પણ પોતાના આત્માની શક્તિનું ભાન થવા ઉપરાંત કર્તવ્ય સૂઝી ગયું. ધર્મને તો સમાજજીવનમાં જીવતો કરવાનો છે, મંદિરોનાં ક્રિયાકાંડ ને કીર્તનમાં એને સીમિત કે કુંઠિત કરવાથી સાચો ધર્મ ગૂંગળાઈ જાય છે. હવે તેઓ સમગ્ર રીતે સંતબાલજીના પ્રયોગનું વાહન બનવા તત્પર થયા.

બીજી બાજુથી ગૌશાળાના પ્રમુખ અને ટ્રસ્ટીઓએ તેમને કહ્યું: "નાણાંની સગવડ થઈ રહેશે. તમે તમારું ધ્યાન ગૌશાળામાં પરોવો અને સંતબાલને છોડો." ગૌશાળામાં ગાયોની સેવાભક્તિ થતી હતી તે સાધનાનું એક અંગ હતું. પણ એ અંગ તો હરિના માર્ગ સાથે ભળે તો જ હરિની કૃપાને પાત્ર બને. અને હરિનો માર્ગ તો સંતો ચીંધતા હતા. પ્રમુખ કે ટ્રસ્ટી પાસે વ્યવહાર

હતો અને છીછરી દયા હતી. સાચી દયા તો ગાય અને ગોપાલનો સર્વાંગી વિકાસ કરે, ગોપાલને ખેતી તરફ વાળી ગાયોનું સાચું સંવર્ધન કરે અને ખેડૂતો ગોપાલન કરે તેવી ધર્મનીતિના અનુસરણમાં છે. ગાય બિચારી બાપડી નહીં પણ સદ્ધર બનીને સદ્ધર બનાવનારી થાય તેવી સાચી ગોસંવર્ધનની નીતિમાં દયા છે એ વાત તે સમજી ગયા હતા. એટલે ગૌશાળાનું કામ છોડી તેઓ સંતબાલજીના ધર્મદૃષ્ટિના પ્રયોગના માધ્યમ બન્યા. પ્રાયોગિક સંઘના માધ્યમે એમણે પોતાની સેવા–સાધનાનો આરંભ કર્યો. પ્રાયોગિક સંઘે અતિ ઉલ્લાસ ને આનંદપૂર્વક એમના પ્રવેશને વધાવી લીધો. નાનચંદભાઈએ જોયું કે મીરાંબહેન અને મણિભાઈ બ્રહ્મચર્ય અને વ્રતનિષ્ઠા જાળવી સંતબાલજી મહારાજની અંગત સેવામાં ઓતપ્રોત છે, છોટુભાઈ અને કાશીબહેન સેવાકાર્યમાં એકાગ્ર છે, તેમ હું પણ તેમની સમગ્રતાની સાધનામાં મસ્ત બની શુદ્ધિપ્રયોગને આગળ વધારું. પ્રાયોગિક સંઘે તેમના નિર્ણયને પ્રેમથી આવકાર્યો, પ્રયોગનું સંપૂર્ણ સ્વાતંત્ર્ય આપ્યું, કુટુંબની ચિંતાથી નચિંત કર્યા અને સંઘના બધા સભ્યો અને નાનચંદભાઈ પરસ્પરના પ્રેમ અને આદરથી એકબીજામાં ઓતપ્રોત બની ગયા.

ધર્મીને ધર્મીનો ભેટો, સર્વ સ્થળે થઈ જતો;
આકર્ષે છે અનાયાસે, સ્વ-જાતિને સ્વ-જાતિનો.

**સંતબાલ**

## સમાજગત સર્વાંગી સાધના

સમાજ ધર્મ રક્ષે તો, થશે રક્ષા તમામની;
વ્યક્તિ, કુટુંબ, રાજ્યાદિ, શોભતાં સર્વ સમાજથી.
કુળ, સમાજ ને રાષ્ટ્ર, સમગ્ર વિશ્વ સામટાં,
શમાય તે ખરો ધર્મ, આત્માર્થ પરમાર્થમાં.

**સંતબાલ**

નાનચંદભાઈએ ઓતારિયામાં રહેવાનું નક્કી કર્યું. ઓતારિયા રહી સમગ્ર અને સર્વાંગી સેવા કરવાનાં એમનાં અરમાન હતાં. એ અરમાનો સિદ્ધ કરવા તેઓ મહારાજશ્રીની દોરવણી માટે ગયા. કેટલીક વાતચીત પછી એમણે કહ્યું: "આજ સુધી તમોએ શ્રી કૃષ્ણની ભક્તિ વ્યક્તિગત રીતે કરીને તમારાં મન, વાણી ને કર્મને સત્યમય કર્યાં છે. બાલભક્તિમાં લાલાની સેવા, બાળસેવા, ગૌસેવાએ સેવાભાવની પુષ્ટિ કરી અને ચિત્તની શુદ્ધિ કરી. હવે ભાગવતે જેને પરમાત્મારૂપે ગાયો છે તે કનૈયાના પરમ પાવન સત્ય સ્વરૂપને પિછાનવું. પરમ સત્ય એ જ કૃષ્ણ છે અને આ જગત એમાંથી પ્રગટ થયું છે, એની જ કાયા છે. એટલે કુળ, સમાજ, રાષ્ટ્ર અને સમગ્ર વિશ્વને પ્રભુનાં અંગોપાંગ સમજી તેમની સેવા કરવી, સર્વમાં કૃષ્ણને જોવો, સર્વને પ્રભુરૂપ સમજી તેમને સુખી કરવાં, સ્વસ્થ રાખવાં, સ્વચ્છ રાખવાં, શુદ્ધ રાખવાં એમાં કૃષ્ણની સેવા માનવી. જેમ મૂર્તિ પાસે સામગ્રી ધરાવાય છે તેમ ભગવાનનાં સર્વ બાળને ખાનપાનની તૃપ્તિ મળે તેવી સામગ્રી કેમ મળે તેવી વ્યવસ્થા કરવી. ભગવાનને શણગાર

સજીએ છીએ તેમ ભગવાનનાં બધાં સ્વરૂપોને, બાળકોને વસ્ત્ર અને આવાસ મળે અને સુંદર વસ્ત્ર ને આવાસ, સુંદર ચિત્ર, શોભા ને કળાઓથી ભગવાનના જગતને શોભાવે તેવી સાંસ્કૃતિક રચનાઓનું સર્જન કરવું. સર્વના હિત-સુખ માટે તેનો ઉપયોગ થાય તેમ કરવું. સૌનાં મન શાંત થાય, સ્વસ્થ થાય, સંવાદી થાય તેવી સંગીત અને ભાષાશૈલીથી પ્રભુની સૃષ્ટિમાં સંવાદ રચવો. એ સંગીત પ્રભુ-ભજન છે, શામનાં ગાન તેમાં જ છે. ભેદમાંથી અભેદ ઊભો કરે; સમાજ, કોમ અને રાષ્ટ્રને — માનવમાત્રને એકતાથી સાંધે તેવા આત્મજ્ઞાન ને વિજ્ઞાનના સાહિત્યથી જગતને આનંદમય કરવું તે જ સાહિત્યપૂજા છે. છેવટે સર્વજનહિતાય, સર્વ-જનસુખાય સતત સેવા રત રહેવું એ જ પ્રભુની સેવા છે. સામગ્રી, સંગીત, શણગાર, સાહિત્ય ને સેવાનો કેવળ હવેલીની પૂજામાં ઉપયોગ થતો તે સમગ્ર સમાજના ચરણે ધરશો એટલે કૃષ્ણપૂજા વ્યાપક બનશે, કૃષ્ણ પણ વ્યાપક બનશે અને પૂજારીની ધર્મભાવના પણ વ્યાપક બની જશે. સર્વાત્માની સેવામાં હાજરાહજૂર થઈ જવાની આ જ સાચી ભક્તિ છે." આ સમાજગત ભક્તિની રીત બતાવતાં સંતબાલે કહ્યું :

"સમાજકાર્ય જો થાય, આત્મધર્મ ચૂક્યા વિના;
વ્યક્તિ સમાજ બંનેનાં, તો જ શ્રેયો સીધતાં.

સમાજને શ્રેય–માર્ગે વાળવો હોય તો અન્ન ને ખાદ્ય સામગ્રી પેદા કરતા ખેડૂતો, ગોપાલકો નીતિથી અન્ન-દૂધ નિપજાવે તો જ તેનું સત્ત્વ સત્ત્વશીલ સમાજ

રચી શકે. કલાકારો અને કારીગરો પોતાની બધી સર્જક-શક્તિ સામાન્ય જનનાં સુખ-સગવડના લાભાર્થે વાપરે તો સાચી સંસ્કૃતિ વિકસી શકે. સંતો, ભક્તો સર્વને પ્રેમ-રસથી એકરસ કરતું સાહિત્ય પ્રસરાવે તો વ્યક્તિ ને સમાજ શ્રેયનો માર્ગ સરલતાથી સમજી શકે. આવા ક્રમ-બદ્ધ ઘડતરમાં જ સાચી સાધનાનો પુરુષાર્થ રહેલ છે. કેમ કે—

ધાન્યના તાત ખેડૂતો, સંસ્કૃતિ-તાત સાધકો;
જ્ઞાનતાત અનાસક્ત, સંતો ભક્તો સુસાધુઓ.
જે તરી અન્યને તારે, સુસંત તુંબડાં સમા;
વિશ્વવાત્સલ્યથી પામે, એવું પદ સુસાધકો.”

સંતબાલ

અન્નબ્રહ્મના સાધક ને સમગ્ર સમાજના ટ્રસ્ટીરૂપ જીવતા અન્નતાત—કૃષકો; તપ-ત્યાગ દ્વારા સુચારિત્ર્યપ્રધાન સંસ્કૃતિદાતા, સંસ્કૃતિતાત—સાધકો; જ્ઞાન, ભક્તિ ને કર્મયોગ મારફત આધ્યાત્મિક વિજ્ઞાન વિકસાવતા જ્ઞાન-તાત-સંતો, ભક્તો ને સુસાધુઓ દ્વારા વિશ્વવાત્સલ્યનો સમગ્રતાએ અને સર્વાંગી રીતે વિસ્તાર ને વિકાસ કરવાનો માર્ગ નાનચંદભાઈને સ્પષ્ટ થઈ ગયો. તે માટે સક્રિય કાર્ય કરતાં સંઘનું સ્વરૂપ પણ સમજાઈ ગયું અને એ માર્ગના પ્રેરક સંતબાલજી પ્રત્યેની અર્પણતા પણ દૃઢ બની ગઈ. સદ્‌ગુરુનું કામ હવે પૂરું થયું.

ધર્મ તો સાધકના અંતરમાંથી ઊગે છે અંતરમાંથી ઊગેલા ધર્મનું પાલન સાધકનો સ્વધર્મ બની જાય છે.

તેને જ અનુસરવાની સંતબાલે પ્રેરણા આપી:

અંતર્નાદ થકી જાણે, માનવી જે સ્વધર્મને;
તેવો સ્વધર્મ બીજા કો', સાધનોથી જણાય ના.

ગુરુ, સંઘ, અને અંતઃપ્રેર્યા સ્વધર્મનો અનુબંધ જાળવી નાનચંદભાઈએ ઓતારિયામાં સમાજગત ધર્મની સર્વાંગી સાધના આદરી.

## ઓતારિયાની ભૂમિકા

ઓતારિયા સંસ્કાર પામેલું ગામ હતું. ખેડૂત મંડળના સભ્યો મહારાજશ્રી પ્રત્યે ભક્તિ અને સંઘ પ્રત્યે શ્રદ્ધા રાખતા હતા. દુષ્કાળ વખતે ખાદી-કામ દ્વારા જે સેવાકાર્ય થયું હતું તેણે ગરીબ લોકોને પણ સંઘ પ્રત્યે અભિમુખ કર્યા હતા. નાનચંદભાઈ જેવા સરલ, સ્નેહાળ ભક્ત પોતાના ગામમાં રહેવા આવે છે તે સાંભળી ગામ રાજી રાજી થઈ ગયું અને નાનચંદભાઈને ઉમળકાથી વધાવી લીધા. એમના નિવાસની તથા બીજી બધી સગવડો જાળવવાની કેટલાક સજ્જનોએ જવાબદારી લીધી અને નાનચંદભાઈ ઓતારિયામાં રહેવા ગયા. તેમનું મુખ્ય કામ હતું ચારિત્ર્ય–ઘડતરનું.

## સંસ્કાર-ઘર

સુચારિત્ર જ છે સાચું, કાયમી ધન આ જગે;
ઊંચા વિચાર ચારિત્રે, આકર્ષાતી પ્રજા જગે.

નાનચંદભાઈના સુચારિત્રથી ગામલોકો તેમના પ્રત્યે ખેંચાયા. આવું ચારિત્રધન પોતાનાં સંતાન પામે તેવી

હોંશથી કેટલાંક કુટુંબોએ તેમના બાર-ચૌદ વર્ષના કુમારોને નાનચંદભાઈ પાસે સત્સંગ માટે મોકલ્યા. દિવસે પોતાના કામમાં રહે અને સાંજથી સવાર સુધી નાનચંદભાઈ સાથે રહે. આથી નાનચંદભાઈનું ઘર વ્યક્તિગત ઘર મટી સંસ્કારધામ બની ગયું. પ્રાર્થના, સફાઈ અને રેંટિયાને નાનચંદભાઈએ ગ્રામસેવાનાં સાધન તરીકે અપનાવ્યાં હતાં. ધીમે ધીમે સંસ્કારધામ પણ સફાઈ, કાંતણ ને ભજન-ભક્તિનું ગ્રામ-માધ્યમ બની ગયું.

**૧. પ્રાર્થના દ્વારા અંતઃકરણ–શુદ્ધિ**

સંગીતે ડોલતે દિલે, પ્રાતઃ સંધ્યાની પ્રાર્થના;
શિસ્તબદ્ધ થતી શાંત, નિયમિતપણે તથા;
'અમોને રક્ષજે સંગે, સંગે સ્નેહે જમાડજે;
વીર્ય મેળવીએ સંગે, સંગે ઉલ્લાસ આપજે;
તેજસ્વિની હજો વિદ્યા, સંગે સૌ રહીએ અમે;
કદી વિદ્વેષ ના હોજો, યાચીએ પ્રભુજી તું કને.'

આ વેદમંત્રના ધ્વનિનો ભાવ ઝીલી સરલ ગુજરાતી પ્રાર્થનાપદો અને ધૂનથી સંસ્કારઘરનું વાતાવરણ સવારે ને રાત્રે ગૂંજી ઊઠતું. છાત્રવાસ સિવાયનાં બીજાં નાનાં મોટાં ભાઈબહેનો પણ પ્રાર્થનામાં ભળતાં પ્રાર્થના પછી નાનચંદભાઈ, સરલ વાણીમાં બોધક દૃષ્ટાંતો આપીને 'સત્યમ વદ' અને 'ધર્મમ્ ચર'ની ઋષિશીખને સમજાવતાં કહેતા હતા :

વિચારે સત્ય વાવીને વાણીમાં સત્યને વણો;
પ્રવર્તો સત્ય વર્તીને, વિશ્વને સત્યમય ઘડો.

સચરાચર છે સૃષ્ટિ, સંબંધિત પરસ્પર;
રક્ત બનો સ્વ–કર્તવ્યે, રહી પ્રેમી નિરંતર.

### ૨. સફાઈ દ્વારા આરોગ્ય શુદ્ધિ

પ્રાર્થના પછી મકાન અને તેની આસપાસ સફાઈ થતી. ધીમે ધીમે ગામના ઉકરડાની સફાઈ કરવાનો, જ્યાં ગંદકી થતી હોય ત્યાં સમૂહસફાઈ કરવાનો ને પોતાના ઘર-આંગણાં સાફ રાખવાનો સંસ્કાર, સંસ્કારઘર દ્વારા ગામમાં ફેલાવા લાગ્યો અને સમૂહસફાઈમાં ગામલોકો સાથ આપીને સ્વચ્છતાના સંસ્કારને અપનાવતા ગયા.

શરીર, વસ્ત્ર, આવાસ, રાખવાં સ્વચ્છ સુઘડ;
બહિર્ સ્વચ્છતા સાથે આંતરશુચિ જાળવો.

### ૩. રેંટિયા દ્વારા આજીવિકાશુદ્ધિ

નાનચંદભાઈ નિયમિત કાંતતા. રેંટિયો સાદાઈ, સ્વાવલંબન ને નીતિન્યાયપૂર્વકની આજીવિકાનો સંદેશો આપીને ગરીબમાં ગરીબ માણસ સાથે અંતરના તાર સાંધે છે; અહિંસક સમાજરચનાના આદર્શને પહોંચવાની યાદ આપે છે એ દૃષ્ટિથી નાનચંદભાઈ કાંતતા અને બીજાને ખાદી ને કાંતણની વાત સમજાવતા. ધીરે ધીરે સમજ-પૂર્વક કાંતવાનું વાતાવરણ પણ જામવા લાગ્યું. આમ, સંસ્કારઘરે ગામનું વાતાવરણ તૈયાર કરવામાં અને નાનચંદ-ભાઈની વિશ્વવાત્સલ્યની ભાવનાને સંસ્કાર–ઘડતરની સેવા દ્વારા સક્રિય બનાવવામાં અગત્યનો ભાગ ભજવ્યો.

## વ્યસનત્યાગ

ઓતારિયા સંસ્કારી ગામ હતું એટલે શિકાર, દારૂ, માંસાહાર, ચોરી, વ્યભિચાર જેવાં મહાવ્યસનો ત્યાં બહુ દેખાતાં ન હતાં. તેને પ્રતિષ્ઠા પણ ન હતી. કોઈ માર્ગ ભૂલેલો છાનાં–છપનાં કર્મ આચરે તે જુદી વાત છે. પણ ચા-બીડીનું વ્યસન તો સર્વસામાન્ય બની ગયું હતું. સંસ્કારઘરનો લાભ લેનારા તો સૌ પહેલાં જ તે વ્યસનમાંથી છૂટી ગયા. પછી ગામમાં સંકલ્પો ને પ્રતિજ્ઞા લેવાનું વાતાવરણ જમાવ્યું, જેમાં ખૂબ સારી સફળતા પ્રાપ્ત થઈ હતી.

## જુગાર સામે જેહાદ

એ જમાનામાં ગામડામાં જુગારનું વ્યસન ઠીક ઠીક પેઠું હતું. ખાસ ભીમ અગિયારશ અને ગોકુળ અષ્ટમી પર જુગાર વ્યાપક પ્રમાણમાં રમાતો. તે દિવસે જુગાર રમવામાં ધર્મ છે તેવો ભ્રમ પણ વ્યાપક પ્રમાણમાં વ્યાપી ગયેલો હતો. ગીતામાં ભગવાને કહેલ કે 'છળકપટ કરનારમાં દ્યૂત હું છું'' એનો અનર્થ કરી તે દિવસે જુગાર રમવામાં આવતો. ખરી રીતે તો 'છળ કરનારનો સર્વનાશ કરી ઠેકાણે પાડનાર દ્યૂત છે' તે વાતને યાદ કરાવી નાનચંદભાઈએ દ્યૂત સામે જેહાદ જગાવી. જુગાર અંગે સંતબાલની શીખ સમજાવતાં તે કહેતા :

દ્યૂતે ઘટે પ્રભુશ્રદ્ધા, થાય હરામ દાનત;<br>
ને કલેશ પાંડવો જેવો, માટે ધર્મે નિષિદ્ધ તે;

સર્વનાશ થશે દ્યૂતે, દ્યૂતે અધર્મ વ્યાપશે;
એવું જાણ્યા છતાં મોટા, ભૂલ્યા પ્રવાહને વશે;
જનપ્રવાહનું એવું, જોર મોટું જગે દિશે,
તેથી જ સત્‌ પુરુષો, પાર પામી પ્રવાહ ફેરવે.

આવા જનપ્રવાહને ફેરવવાનો નાનચંદભાઈએ નિર્ણય કર્યો. યુવાનોને ને તરુણોને, બહેનોને ને ભાઈઓને, સામાન્ય જનને ને અગ્રણીઓને મળ્યા. પંચાયત ને સહકારી મંડળીના કાર્યવાહીના સભ્યો અને ખેડૂત મંડળના બધા સભાસદોએ એમની વાત વધાવી લીધી. સમગ્ર ગામની ગામસભા મળી. સભામાં સર્વાનુમતે ગામમાં ક્યાંય જુગાર ન રમાય તેવો નિર્ણય થયો. ગામ પોતે પોતાનું અનુશાસન પાળશે તેવી શ્રદ્ધા પણ વ્યક્ત કરી. નાનચંદભાઈને એથી સંતોષ થયો.

ગામમાં જુગાર ન રમાયો, પણ છ એક મિત્રોની માન્યતા જ અવળી હતી. ગામને અને ધર્મની વાતને અવગણી બત્તી લઈને તેઓ સીમમાં ગયા અને સીમમાં છાનોછપનો જુગાર રમ્યા. આ વાતની નાનચંદભાઈને જાણ થઈ. ખૂબ લાગી આવ્યું. મન–વિચાર વલોણે ચડ્યું. એમને પૂ. સંતબાલજીની શીખ યાદ આવી:

ગુના વધે છે સંસારે, અપ્રતિકાર કારણે,
રહે છે કાળજી એથી સદા સેવક-સંતને.

ગુનાને આરંભમાંથી જ રોકી દેવાય તો અનિષ્ટ પ્રસરે નહીં. જુગાર તો દોષરૂપ હતો જ પણ ગુપ્તતા અને ગ્રામસંકલ્પ ને શિસ્તનો ભંગ ચલાવી લેવાય તો નીતિનો બાંધો જ ન બંધાય. એટલે ભૂલ કરનારને શુદ્ધ

બુદ્ધિ મળે તે દૃષ્ટિએ નાનચંદભાઈએ ઉપવાસમય પ્રાર્થના દ્વારા શુદ્ધિપ્રયોગનો આરંભ કર્યો. દોઢ દિવસ તપ ચાલ્યું હશે, ત્યાં છ માંથી ચાર જણે ભૂલની કબૂલાત કરી, ક્ષમા માગી. એટલે નાનચંદભાઈએ પારણું કર્યું. તેમણે વિચાર્યું કે—

સજ્જનો જેમ છે વિશ્વે, દુર્જનો તેમ હોય છે;
દુર્જનોની પ્રતિષ્ઠાને તોડવી સત્યના બળે.

બે ભાઈઓ હજુ નો'તા માન્યા. તેઓ નાનચંદભાઈ અને એમના સાથીદાર સામે ઝેર ઓકતા હતા. એ લોકોએ એટલી હદ સુધી કાવતરું ગોઠવ્યું કે એક બહેનને નાનચંદભાઈની કુટીર પર મોકલી, ખોટી હોહા કરાવી. તેમની પ્રતિષ્ઠા પર એ ફટકો મારવા માગતા હતા, પણ એમાં કારી ન ફાવી. એમના પગ ભાંગી નાખવાના પેંતરા રચતા હતા. આવી દુષ્ટ યોજનાની જાણ ગામના કેટલાક ભાઈઓને થઈ અને નાનચંદભાઈના રક્ષણાર્થે તેમની પાસે ચોકી કરવા આવવાની તેઓએ માગણી કરી. નાનભાઈને પ્રભુમાં ભરોસો હતો. એમને સામા પર ધાક બેસે તેવી ધમકી કે હુકમો કરતાં પ્રેમની શક્તિમાં શ્રદ્ધા હતી. એટલે જેમાં બળનું પ્રદર્શન જણાય તેવી ચોકીદારી ન સ્વીકારી, પણ ધીરજપૂર્વક તે બંને ભાઈ સાથે પ્રેમળ વ્યવહાર ગોઠવતા ગયા. તેમને ખાતરી હતી કે—

આજ્ઞા કે ધમકી માત્ર, કોઈને નથી સુધારતી;
હૂંફ પ્રેમાળ હૈયાની, સંગે રહી સુધારતી.

**સંતબાલ**

જ્યારે અવકાશ મળ્યો ત્યારે નાનચંદભાઈએ દરજી પાસે ખુલ્લે હૈયે પોતાની વ્યથા રજૂ કરી. તેની દરજીના મન પર પણ ઠીક અસર પડી. પછી તો સંગ વધતો ગયો. આજે નાનચંદભાઈના આગમનની વાત સાંભળતાં સૌ પહેલાં એ દોડી આવે છે અને હૈયામાં તેમના પ્રત્યે સુંદર ભક્તિ ધરાવે છે. એના મિત્ર પટેલભાઈ પર પણ પ્રેમાળ હૈયાનો પ્રભાવ પડચો અને ગામમાંથી જુગારના અનિષ્ટે વિદાય લીધી.

### જગતાતનું ઘડતર

રે ખેડુ, તું ખરે જગતનો તાત ગણાયો !
આ સઘળો સંસાર પાળતો તું જ જણાયો.

દલપતરામે જે ખેડૂતનું વર્ણન કરેલ છે તેવા ખેડૂતથી તે વખતનાં ગામડાં ધબકતાં હતાં. અન્ન, કઠોળ, તલ, કપાસ ને ઘાસ પકવી મનુષ્ય ને ઢોરનું પાલનપોષણ કરવાનું મહાકાર્ય ખેડૂત કરતો હતો. પોતે અર્ધભૂખ્યો રહીને પણ મજૂર, વસવાયાં, સાધુ, બ્રાહ્મણ ને અભ્યાગતને મૂઠી ધાન આપીને તેનાય પાલનની જવાબદારી બજાવી જગતાત એટલે પાલક કે ટ્રસ્ટીના બિરુદને સાર્થક કરતો હતો. માટે જ સંતબાલજી ભોજન-પ્રાર્થના વખતે ખેડૂતને સ્મરે છે :

પ્રારંભમાં પ્રભુ પદે, નમીએ તમે અમે;
ને તે પછી કૃષકને, સ્મરીએ તમે અમે;
આ અન્ન નીતિમય, મહેનતનું બનેલ જે;
તે સત્ત્વ પોષક બનો, ચહીએ જ આપણે.

પચેલા અન્નનું ભર્ગ, વહો વાત્સલ્ય-માર્ગમાં;
આત્મા ને વિશ્વનું શ્રેય, સંગે સધાય જે થકી.

આત્મા ને વિશ્વનું શ્રેય સાધે તેવો જગતાત તૈયાર કરવો હોય તો સૌ પ્રથમ ખેડૂતને હરામની કમાણીનો ચસકો ન પડે, પણ હકની અપૂરતી કમાણીમાંથીયે સૌનું ધ્યાન રાખતો રહે એમાં જ એની શ્રેષ્ઠતા છે, તેમાં જ સાચી સજ્જનતા અને ગૃહસ્થાઈ છે તેવું સભાનતાપૂર્વકનું મૂલ્ય ઊભું કરવું જોઈએ.

પ્રમાણિકપણે જેને, માંડ આજીવિકા મળે,
છતાંય સંસ્કૃતિ માટે, મથે ખરો ગૃહસ્થ તે.

ખેડૂતો સહકાર કરી પોતાનું શોષણ અટકાવે, પોતાથી નબળી સ્થિતિનાને મદદ કરે, ગામના તથા ગોપાલકો પોતાના ઝઘડા લોકઅદાલતના ન્યાયપંચથી પતાવી સંપીલું જીવન જીવે તે માટે નાનચંદભાઈ સતત સમજણ આપતા ને ખેડૂત મંડળના શિસ્ત નીચે ઘડાવાની પ્રેરણા દેતા; કેમ કે—

સાચવી સત્ય ને નીતિ, વર્તે પ્રત્યેક માનવી;
તેઓ સમાજ જે રાષ્ટ્રે, ત્યાં ખીલે શ્રેષ્ઠ સંસ્કૃતિ.

ગોપાલકોમાં પણ જ્ઞાતિ–સુધારણા, સહકારી ખેતી-મંડળી અને તેવાં કાર્યો શરૂ થયાં હતાં. પડતર જમીનો ગોપાલકો માગે ને ખેડૂતો વિરોધમાં પડે ત્યારે ખેડૂતોને સમજાવી ગોપાલકોને ખેતીમાર્ગે ચઢાવવામાં જ ગામડાનું શ્રેય છે તે તેમને સમજાવતા. ખેડૂત ને ગોપાલકો વચ્ચેના

ઘણા પ્રશ્નો પતાવવામાં નાનચંદભાઈની મદદ સંઘને ઉપયોગી બની હતી. નાનચંદભાઈ બંને વર્ગને નૈતિક માર્ગ-દર્શન આપતા અને સત્ય ને નીતિ જાળવીને, અંગત અને સમૂહજીવનનું ઘડતર થાય તેવી સાચી સલાહ આપતા. ખેડૂત અને ગોપાલકોમાંના સમજણા વર્ગની એમણે ચાહના મેળવી હતી.

## રૂઢિની શિરજોરી સામે શુદ્ધિપ્રયોગ

કાળો ભરવાડ ઓતારિયાના ભરવાડવાસનો આગેવાન ગણાતો હતો. નાનો પણ વાયડો વધારે. સમજણ ઓછી એટલે એની વાયડાઈ શિરજોરીમાં વરતાય. કાળાનો ભાઈ દેવગત થયો. ભાભી પોતાનાં બાળકો સાચવી સ્વતંત્ર રહેવા માગતી હતી. ભરવાડોમાં ભાર્યા કુળમાલિકીની વસ્તુ ગણાય છે. મોટાભાઈનું મરણ થાય તો દિયરને પરણે અને જો લાંબી સગાઈએ દિયેર ન હોય તો વેલના પિયેરવાળા પૈસા આપે તો જ વેલ છૂટી થાય તેવો રિવાજ હતો. સુરાભાઈ વગેરેએ જ્ઞાતિ અને ગોપાલક મંડળ દ્વારા એમાં સુધારા કરાવ્યા હતા. કન્યાના પૈસા લેવાય નહીં તેમ જ રાંડેલને પણ પૈસા લીધા વિના છૂટી કરી દેવાનો અને દેરવટું મરજિયાત કરવાનો ઠરાવ તો જ્ઞાતિઓએ પણ કર્યો હતો. પણ કાળો જ્ઞાતિના સુધારા સમજવા જેટલો ઠરેલ ન હતો. એણે તો હઠ લીધી કે એની ભાભીએ દેરવટું વાળવું જોઈએ અને એના ઘરમાં બેસવું જોઈએ. ભાભી સમજણી અને ડાહી હતી, પણ

શિરજોરી પાસે રંડાયેલ વિધવાનું ડહાપણ ક્યાંથી ચાલે?

કાળો તેને પજવવા લાગ્યો. એક વાર બજાર વચ્ચેથી ચોટલો ખેંચીને ઢસડતો ઢસડતો ને મારતો મારતો તેના વાસ સુધી ખેંચી ગયો. તેની મદદે આવનાર તેના કુટુંબીને કુહાડી મારી હોસ્પિટલ ભેગો કર્યો. કાળાની આડાઈના ડરે ગામના સૌ જુએ પણ સૌ ઉદાસીન. બીજાની વાતમાં કોણ પડે?

નાનચંદભાઈ પાસે વાત આવી. એમને ભરસભામાં દ્રૌપદીને ખેંચી ગયાની વાતનું સ્મરણ થયું. બાઈ રંડાપો સ્વેચ્છાએ ગાળવા માગે છે. જ્ઞાતિએ દેરવટું મરજિયાત કર્યું છે તે છતાં આવો જુલમ? દુર્યોધનની સભા જેવું ગામનું મૌન તેમને કઠ્યું. ભગવાન જેમ દ્રૌપદીની વહારે ધાયા તેમ ભગતે અસહાય નારીની વહારે ધાવું જોઈએ એવો તેમનો અંતરાત્મા પોકારતો હતો. તેવામાં સંતબાલનું સૂક્ત યાદ આવ્યું.

વ્યક્તિ કે જૂથની સામે, સદા પ્રેમ ટકાવજો;
કુનીતિ રીતિની સામે, તમે સદા ઝઝૂમજો.

તેમને કર્તવ્ય સૂઝી ગયું. કાળાને પ્રેમથી સમજાવવા પ્રયત્ન કર્યો, પણ પથ્થર પર પાણી જેવું થયું. અંતે શુદ્ધિપ્રયોગ નિમિત્તે ઉપવાસનો આરંભ થયો.

ઉપવાસની વાત ચોમેર પ્રસરી ગઈ. એક દિવસ થયો ત્યાં તો બીજા ઉપવાસની બપોરે ભરવાડની નાત ભેગી થવા લાગી. બાઈની અને કાળાની વાત સાંભળી. બાઈને દેરવટાના બંધનમાંથી જ્ઞાતિએ મુક્તિ આપી.

કાળાએ માફી માગી. આમ છતાં બાઈને ભવિષ્યમાં પજવે નહિ માટે કાળો જામીન આપે તેવી વ્યવસ્થા કરી, જેથી માફીનામે છટકી જઈ મનનું ધાર્યું ન કરી શકે. સામાજિક કાર્યમાં આવી જાગૃતિની આવશ્યકતા બતાવતાં સંતબાલે કહ્યું છે કે

દુર્ગુણીને ભલે આપો, માફી અંગત સર્વદા;
સમાજે માફીનો ખોટો, ઉપયોગ ન દો થવા.

કાળાની ભાભીની વહારે નાનચંદભાઈ ધાયા ને તેને મુક્તિ મળી. નાનચંદભાઈએ પારણાં કર્યાં. તે વાત ગામમાં પ્રસરી ગઈ. નાનચંદભાઈને ત્રણ ઉપવાસ થયા પણ સૌને તપની તાકાતમાં શ્રદ્ધા બેઠી.

## માતૃજાતિનો આદર

મહિલા છે મહા શક્તિ, વિશ્વને તારશે ખરે!
જો એ મહાન શક્તિનો, સદુપયોગ થાય તો.

એક વિધવા ભરવાડણની વહારે ધાઈને તેને કુરૂઢિના ભરડામાંથી મુક્ત તો કરી, આસપાસનાં ગામડાંની સ્ત્રીજાતિમાં પણ એણે એક આશા ઊભી કરી. અમારી ફરિયાદ સાંભળનાર કોક છે! અમારી સાચી વાતની પડખે રહેનાર કોઈક છે. એટલી આશાએ જ સન્નારીમાં નવજાગૃતિ ઊભી કરી.

એક હરિજન બહેનના દસ રૂપિયા કાળુ ભરવાડ આપતો ન હતો. એની શિરજોરી પાસે તે બાઈ બોલી શકતી ન હતી. હવે તેનામાં હિંમત આવી ને નાનચંદ-

ભાઈને વાત કરી. નાનચંદભાઈએ કાળુને સમજાવ્યો ને હરિજનબાઈ રાજી થતી ગામમાં નાનચંદભાઈને આશિષ દેતી ફરી વળી. દીનદુખિયારી બહેનોની મદદે આવનાર સેવક પ્રત્યે માતૃજાતિની શ્રદ્ધા વધી. ઘણી બહેનો તેમના દુઃખની વાત કહી હૃદયનો ઊભરો ઠાલવી જતી.

સ્ત્રીઓને મારવાનો, ધમકાવવાનો, તરછોડવાનો અને ગાળાગાળી કરવાનો કુરિવાજ ગામમાં એટલો સ્વાભાવિક હતો કે માતૃજાતિનો માનમરતબો જાળવવાનો સંસ્કાર રેડ્યા વિના એ કુટેવ જાય એમ ન હતી. એકબાજુ માતૃજાતિમાં શીલસંસ્કારને પ્રતિષ્ઠિત કરવાનો અને બીજી બાજુ તેમના પ્રત્યે વિશ્વાસ ને આદરથી જોવાનો સંસ્કાર પુરુષજાતિમાં ખીલવવો જરૂરી હતું. વિશ્વવાત્સલ્ય સાધનાનું એ અવિભાજ્ય અનેરું અંગ પણ હતું. તે ખીલવવાનો મોકો અનાયાસે મળી જતાં નાનચંદભાઈએ કથા–કીર્તન, ઘરઘરનો સંપર્ક ને બહેનોની ફરિયાદો દૂર થાય તેવી સમજદારી કેળવવાનો પ્રયત્ન ચાલુ કર્યો. બાળકો માબાપને પગે લાગવાની; માતાજી પ્રત્યે ને સાસુજી પ્રત્યે આદર કેળવવાની અને વહુને દીકરીની જેમ જાળવવાની વાતથી માંડીને વહુ ને પુત્રી વચ્ચે ભેદ ન રાખવાની શીખ પણ નાનચંદભાઈ મહિલા સમાજને આપતા.

એ જ રીતે માતૃજાતિ પ્રત્યે આદરવૃત્તિનો સંસ્કાર તેમણે ખીલવ્યો. તે કહેતા કે—

'સ્ત્રીઓની માતૃતા પૂજે, જ્ઞાનીઓ શાસ્ત્ર ને સ્મૃતિ;<br>
પ્રતિષ્ઠાપાત્ર સ્ત્રીજાતિ, પૂજવી પૂજ્યભાવથી.

સ્ત્રીઓનું શુદ્ધ વાત્સલ્ય, વિશ્વે વિભૂતિ વિભુની;
સ્ત્રીઓની માતૃતા પીને, સ્નેહ સાધો અકંટક."

**સંતબાલ**

આ રીતે એક બાજુથી તેઓ પુરુષોમાં માતૃજાતિ પ્રત્યે નિર્મળ વિશુદ્ધ સંસ્કારનું વર્ધન કરતા. અને બીજી બાજુથી સ્ત્રીજાતિને શીખ આપતા કે દીકરા દીકરી વચ્ચે ભેદ ન રાખવો તેમ જ સ્ત્રીપુરુષના સંબંધોને પણ દેહભાવે ન જોતાં આત્મભાવે જોવા અને નિર્મળ કરવા.

આવું આત્મતત્ત્વ વર્ણવતાં કહે છે—

"આત્મા તો એકધર્મી છે, ભેદ માત્ર શરીરના;
એક માટી થકી જેમ બને, ગાગર ને ઘડો.
ભલે પુરુષ કે સ્ત્રી હો, દેહ ઘાટે જુદા જુદા;
પુત્રી ને પુત્ર વચ્ચેનો દૃષ્ટિભેદ મટાડવો.
પિતા–પુત્ર રૂપે પેખે સ્ત્રીજાતિ નર જાતિને
માતા–પુત્રી રૂપે પેખે સ્ત્રીજાતિને પુરુષ સૌ."

જેમ દીકરાદીકરી વચ્ચેનો ભેદ ન રાખવો જોઈએ તેમ પરપુરુષને સ્ત્રી પિતા કે પુત્ર ભાવે જુએ અને પરસ્ત્રીને પુરુષ માતા કે પુત્રી ભાવે જુએ તો જે રીતે કુટુંબમાં માતાપુત્ર, પિતાપુત્રી, ભાઈબહેન ભાણેજ વગેરે સાથે રહેવા છતાં તેમના જાતીય સંબંધો નિર્દોષ, નિર્મળ, પ્રેમાળ અને મધુર રહે છે તેમ ગામમાં પણ રહી શકે. ગામ આખું પરિવાર છે તે ભાવના જેટલી કેળવાય તેટલું તે સહજ બને.

શીલ અને સ્ત્રીપ્રતિષ્ઠાના નાનચંદભાઈના સતત

પ્રયત્ને ગામના વાતાવરણને ભાવુક બનાવ્યું. સુશીલવાન રાજી થયાં. સ્વચ્છંદી પુરુષોને મહારાજ અકારા લાગવા લાગ્યા અને તેની તેઓ ખાનગીમાં બેપરવાઈ કરવા લાગ્યા.

પ્રત્યેક કોમ ને રાષ્ટ્રે, સત્ય અસત્ય બેઉ છે;
વિશ્વે સંસ્થાપવું સત્ય, એ જ આપણું કૃત્ય છે.

આવી સમજથી ઉપહાસની પરવા કર્યા વિના સ્વ-કર્તવ્ય માનીને નાનચંદભાઈ તો ઘેર ઘેર ને ઠેર ઠેર માતૃ-પૂજાની ને શીલની પ્રેરણા પાતા જતા હતા, એવામાં કસોટી આપતો પ્રસંગ બન્યો.

એક વિધવા બહેને પોતાને રહેલ ગર્ભ નાનચંદ-ભાઈનો છે તેવું તેમના પર આળ મૂક્યું. ઓતારિયામાં આશ્રિત રહેલા વસવાયા કુટુંબની એક મહિલા કેટલાક વખતથી ખોટા માર્ગે ચડી ગયેલી. પોતાની ભૂલો ઢાંકવા ચારેક વખત તો ગર્ભપાત પણ કરાવેલો. એને આ વખતે એક ઉચ્ચ વર્ણના યુવાન સાથે સંબંધ બંધાયો ને ગર્ભ રહ્યો.

આવા કુકાર્યમાં રસ લેતી ટોળકીને નાનચંદભાઈની પ્રવૃત્તિ ખટકતી હતી. એમણે વિચાર્યું કે આ દોષનો ટોપલો જો નાનચંદભાઈ પર ઓઢાડીને જો દબાવીએ તો તેઓ આળથી કંટાળીને ગામ છોડી ચાલ્યા જશે. આવા હેતુથી કે ગમે તે હેતુથી, એમણે ભાઈનું નામ આપ્યું. આ વાત સાંભળી સજ્જનોએ આંચકો અનુભવ્યો. અડુક-દડુકિયા નિંદારસ-પ્રેમી કૂદી પડ્યા અને પોતાની સાચી-

ખોટી વાત ઉમેરી અફવાનો ફુગાવો ચગાવ્યો.

નાનચંદભાઈ કાંઈ કામસર અમદાવાદ ગયા હતા. આવીને આ અફવાનો ગબારો સાંભળ્યો. એમની આંખ સામે પેલું શ્રીકૃષ્ણ સામે તૃણાસુરે ઊભા કરેલા વંટોળનું ચિત્ર તરવા લાગ્યું અને શીલા જેવા દૃઢ કનૈયાએ તૃણાસુરને હંફાવ્યાના પ્રસંગમાંથી શ્રદ્ધા મેળવીને તેઓ નિશ્ચિત થયા કે—

અણિ પળે કસોટીઓ, અપરંપાર આવતી;
એ સમે પૂણુ શ્રદ્ધા જ, આખરે ત્યાંજ જીતી જતી.

નાનચંદભાઈએ ખૂબ ધૈર્યથી કામ લીધું. પ્રાર્થના અને સૂત્રો મારફતે ઠેરઠેર જઈ જેની ભૂલ થઈ હોય તેને ભૂલ કબૂલવા વિનંતી કરી. ગામમાં નાનચંદભાઈ તરફની સહાનુભૂતિનું વાતાવરણ જામવા લાગ્યું. આક્ષેપ મૂકનારે ધાર્યું હતું તેવું પરિણામ ન આવ્યું. અફવાનો ઊભરો બેસવા લાગ્યો.

નવલભાઈ અને કાશીબહેને આ વાત સાંભળીને ઓતારિયા આવવાનો કાર્યક્રમ રાખ્યો. એમના આવવાની વાતથી એ બહેન અને એની સાથે સંકળાયેલ ભાઈના પરિવારમાં ખળભળાટ મચી ગયો. કેસુભાઈ અને અભેસંગભાઈ જેવા આગેવાનો પણ ભૂલેલાને સાચે માર્ગે વાળવાનો પ્રયત્ન કરવા લાગ્યા. એ ભાઈના ભાઈઓએ કહ્યું : 'અમારી બહેનની ભૂલ તો થઈ છે પણ જાહેરમાં આવું કબૂલ કરી ફજેતી વહોરવા કરતાં તે કાંઈક કરી

બેસશે.' તેને ભુલાવનાર ભાઈના પરિવારની સમજણથી એ પણ ભૂલ કબૂલ કરવા તૈયાર હતા. આવી વાત ગામના ચોરે કે સભામાં રૂબરૂ ભૂલની કબૂલાત કરી માફી માગી લેવાય અને આગેવાનો ગામને સાચી વાત જણાવે તે રસ્તો સમજણા આગેવાનોને ઠીક લાગ્યો.

સ્ત્રીજાતિની આબરૂ અને માનની સલામતીની ખેવના રાખનાર નાનચંદભાઈએ પંચની રૂબરૂ ક્ષમાપના થઈ જાય અને આગેવાનો ગામને સાચી વાતથી પરિચિત કરે તેને જ ઉત્તમ માર્ગ ગણાવ્યો. તે વિષાદ અને ગળગળા અવાજમાં ગુમરાહ સ્ત્રીપુરુષે ભૂલની કબૂલાત કરી, પંચ પાસે ક્ષમાની માગણી કરી ત્યારે નાનચંદભાઈએ સંતબાલના શબ્દો યાદ કરતાં કહ્યું કે—

> ભૂલ-પાત્ર ગણી સૌને, વિશ્વે રહો ઉદાર થૈ;
> ક્ષમા કરો, ક્ષમા રાખો, સ્વ–પર શ્રેય સાચવી.

પંચની રૂબરૂ ભાઈ અને બાઈના ગર્ભને નુકસાન ન થાય તેવી ગોઠવણ કરવામાં આવી. તેનો ખર્ચ ભૂલ કબૂલ કરનાર પુરુષે રૂપિયા એંસી આપી ઉપાડી લીધો. બાઈને બાળકી આવી ને પછી તેને તેના ભાઈઓએ તેની નાતમાં ક્યાંક વળાવી દીધી.

આવા આવા આક્ષેપ–વિક્ષેપ થવા છતાં નાનચંદભાઈએ તે બેય પરિવાર સાથે પ્રેમનો સંબંધ જાળવી રાખ્યો. ક્રમે ક્રમે જે લોકો ઝેર ફેલાવતા હતા તે જ તેમના સ્નેહથી ખેંચાઈ તેમની નિકટ આવ્યા અને પોતાના

જીવનને સાચે માર્ગે વાળનાર સ્નેહી તરીકે નાનચંદ-ભાઈની સલાહ લેવા લાગ્યા. ત્યારથી તે આજ સુધી તેમના અંગત સ્વજન જેવા બની રહ્યા છે, જ્ઞાનીઓએ સાચું જ કહ્યું છે કે—

વિરોધીઓ વમે ઝેર, ભરી વૈરની કોથળી;
ઝેરને અમૃતે જીતો, પ્રેમની શક્તિ વાપરી.

**સંતબાલ**

## પાપ-કમાણી સામે શુદ્ધિપ્રયોગ

સાત મહાવ્યસનમાં પાપ–કમાણી પણ મહાવ્યસન ગણાય છે. ચોરી કે લૂંટનું ધન રાખવું, તેના સોદા કરવા કે દલાલી કરવી તે પાપ-કમાણી છે. લાંચ-રુશવત, લોહીનો વ્યાપાર, દગા કે દ્રોહથી કોઈને ફસાવીને કમાણી કરવી તે પાપ-કમાણી છે. એ કમાણી તેના કરનારનું, તેનો ઉપ-ભોગ કરનારનું અને તેની સાથે સંબંધ રાખનારનું અકલ્યાણ કરે છે. કેટલાક લોકો આવા પાપના રોટલા પર જ પોતાની પ્રતિષ્ઠા, સલામતી અને વગવશીલાપણું જમાવતા હોય છે. આ બધાને પાપ-કમાણીમાંથી પાછા વાળી પુણ્યમાર્ગે લાવવાનો નાનચંદભાઈ પ્રયત્ન કરતા હતા, તેવામાં જ ઓતારિયાના વાળંદ શિક્ષકની ભેંસ કોઈ ચોરી ગયું. નાનચંદભાઈએ તે પાછી મેળવવાના પ્રયત્નો ચાલુ કર્યા. શુદ્ધિપ્રયોગની હવા તો હતી જ, પણ તે કરવો પડે તે પહેલાં તો બીજે જ દિવસે ભેંસ પાછી આવી ગઈ હતી.

આ બધા અનુભવ પછી નાનચંદભાઈની તપઃશક્તિના સામુદાયિક પ્રયોગમાં ખૂબ શ્રદ્ધા જામી. ઓતારિયામાં નમૂનારૂપે થયેલ પ્રયોગની વિશાળ ક્ષેત્રમાં અસર ઊભી થઈ. આ પ્રયોગને ક્ષેત્રીય રૂપ આપવાનું સંઘે વિચાર્યું અને નાનચંદભાઈ શુદ્ધિપ્રયોગના મુખ્ય પ્રયોગકાર બન્યા.

# ૬. શુદ્ધિપ્રયોગનું સંચાલન

સદા સર્વોપરી સત્ય, વ્યક્તિ ને સમષ્ટિમાં;
માટે જ સત્યની રક્ષા, પ્રાણાંતે કરવી પડે.
વિવેકબુદ્ધિથી સત્ય, હૈયામાંથી જડી જશે;
તેથી જ સાચવી સત્ય, કરજો સર્વ સાધના.

**સંતબાલ**

સત્ય-પ્રભુનું સર્વોચ્ચ સ્થાન બતાવતાં શ્રીમદ્ રાજચંદ્ર કહે છે કે— આ જગત સત્ય વડે ધારણ થયેલું છે. જો સમાજવ્યવહારમાં નીતિ-ધર્મ અને રાજ્યનીતિમાં સત્ય ન હોય તો આ જગત કેવું બની જાય? ગુરુત્વાકર્ષણ વિના જેમ પૃથ્વી ભરભર ભૂકો થઈ જાય તેમ સત્ય વિના સંસારના બધા સંબંધો ને વ્યવહારો છિન્નભિન્ન અને વેરવિખેર બની જાય. સર્વત્ર અંધેર ને અવ્યવસ્થા વ્યાપી જાય. સત્ય વિનાનો અર્થ મોટા અનર્થનું કારણ બની જાય, સત્ય વિનાની સમાજનીતિ અનાચારનો અખાડો બની જાય, સત્ય વિના ધર્મમાં ધતિંગો વધી જાય અને સત્ય વિનાના રાજ્યવહીવટમાં વહીવટદારો અને આગેવાનો લાંચરુશ્વત ને લોભથી પ્રજાની લૂંટ કરતા થઈ જાય. આજની લોકસ્થિતિ એવી છે કે સર્વત્ર અસત્યનો આગ્રહ રહે છે. આમ બને તો કાળે કરીને અસત્યનો પ્રભાવ પ્રસરી જાય. તે રોકવા સત્યનો આગ્રહ રાખનારાએ

ધર્મ જીવી તે આગળ વધારવો જોઈએ.

રાજ્યસત્તા પ્રજાલક્ષી, નીતિપ્રધાન અર્થ જ્યાં
સંયમલક્ષિતા કામે, ત્યાં ન ધર્મવિરુદ્ધતા.

જીવનના પુરુષાર્થનાં ચાર ક્ષેત્રો, ધર્મ, અર્થ, કામ ને મોક્ષમાં ધર્મવિરુદ્ધ આચરણ કે ભ્રષ્ટાચાર દેખાય તો તેને શુદ્ધ કરવા સાધક સદા પ્રયત્નશીલ અને સજાગ રહે.

પ્રજાને સેવકો સાથે, રાખીને જાગતા રહે;
પાળે પ્રભાવ જે સત્યે, સેવકો દષ્ટિવંતને;
એકો સાથે સડો જ્યારે, વ્યાપે છે વિશ્વમાં બધે;
ત્યારે સૌએ મળી સંગે, શુદ્ધાર્થે મથવું પડે.

સડો દૂર કરવાની તપોમય ક્રિયાને સંતબાલજી શુદ્ધિપ્રયોગ કહે છે. જીવાત્મા અને લોકાત્માના દર્દની ચિકિત્સા કરી તેને શુદ્ધ કરવાના પ્રયોગને શુદ્ધિપ્રયોગ એટલા માટે કહેવામાં આવે છે કે એમાં આત્મચિકિત્સા અને આત્મશોધન માટે સમૂહચિંતન, સ્વાધ્યાય, પ્રાર્થના અને ઉપવાસની પ્રક્રિયા જોડી પૂર્વગ્રહો અને રાગદ્વેષથી પર રહી વ્યક્તિ અને સમાજ સાચાં મૂલ્યો પર વિચાર કરતાં થાય છે, તેનો આગ્રહ રાખતાં થાય છે અને સત્યાગ્રહ દ્વારા અન્યાય, અધર્મ અને અનીતિરૂપી સડાને મટાડવા સમૂહગત તેની શુદ્ધિ માટે પ્રયત્ન કરતાં થાય છે. આવા શુદ્ધિપ્રયોગરૂપી ધર્મયુદ્ધનું સંચાલન કરવાની ક્ષમતા તે જ ધરાવે છે જેનામાં—

ન પૂર્વગ્રહ, ન દ્વેષ, ડંખ જેને દિલે નથી;
તેવો સુયોગ્ય સેનાની, ધર્મયુદ્ધ કરી શકે.

ઉપરના ગુણો જેણે સારી રીતે કેળવી લીધા હતા તેવા ભક્ત હૃદયી નાનચંદભાઈને શુદ્ધિપ્રયોગના સંચાલનનું સેનાનીપદ પ્રાયોગિક સંઘે આપ્યું અને આત્માની શક્તિ વડે તે કાર્ય પાર પાડવાનું નાનચંદભાઈએ બીડું ઝડપ્યું.

સજામાં, શસ્ત્રમાં નિષ્ઠા, સાચો વીર ધરે નહીં;
આત્મશક્તિ તણી ભક્તિ, તેની રગે રગે વસી.

આ આત્મશક્તિ વડે એમણે બધાં ક્ષેત્રને કેમ અજવાળ્યાં તે હવે જોઈશું.

આર્થિક શુદ્ધિપ્રયોગો તો ખેડૂત મંડળ અને ગોપાલક મંડળ દ્વારા યોજવામાં આવતાં નાનચંદભાઈની દોરવણી રહે, પણ પોતાની નૈતિક જવાબદારીએ એ મંડળો કામ કરતાં થાય તો સામૂહિક જીવનનું ઘડતર થાય અને આગેવાની પણ ઊભી થાય. કોઈની ફરિયાદ આવે ત્યારે પંચ તેની તપાસ કરવા જતું. પંચની વાત સાચી લાગે ત્યારે જેની ભૂલ હોય તેને સમજાવવા પ્રયત્ન થતો. તે ન માને ત્યારે શું પગલાં લેવાં તેના પર સમજદાર કાર્યકરોમાં ચર્ચા-વિચારણા કરી કાર્યક્રમનો વિચાર કરવામાં આવતો અને છેવટે એ પ્રશ્ન સાથે જેનો હિતસંબંધ ન હોય તેવા તટસ્થ નાગરિકોને તપોમય પ્રાર્થના દ્વારા શુદ્ધિપ્રયોગમાં ભળવાનું આહ્વાન આપવામાં આવતું. લાગતા-વળગતા પક્ષો અને ગામને સાંભળ્યા પછી જે ન્યાય લાગે તે ન્યાયની પડખે રહેનારું નૈતિક, સામાજિક, સાત્ત્વિક ને જવાબદાર બળ ઊભું કરવાનો પુરુષાર્થ જાગૃત

કરવાનું કામ એ શુદ્ધિપ્રયોગનું લક્ષ્ય રહેલું છે. શુદ્ધિપ્રયોગો તો ઘણા થયા પણ લંબાણનો ભય નિવારવા દરેક ક્ષેત્રનો એકાદ નમૂનો આપી, આપણે આ પ્રકરણ પૂરું કરશું.

### ૧. ભ્રષ્ટાચાર સામે શુદ્ધિપ્રયોગ

નાનચંદભાઈ ગરીબ, દુખાર્ત અને સંકટમાં આવી પડેલી બહેનોની મદદે જાય છે અને પાપકમાણીથી થતાં કૃત્યો સામે ધર્મદૃષ્ટિથી લડે છે તે વાત તો ઓતારિયામાં થયેલા પ્રયોગોએ આખા ક્ષેત્રમાં ફેલાવી દીધી હતી. એટલે જ્યાં કોઈ અનિષ્ટ કે અન્યાય તરફ રાજ્યાધિકારી, ગ્રામજનો કે ગામે ચૂંટેલા પ્રતિનિધિઓ આંખ આડા કાન કરે કે અન્યાયને દાદ ન આપે ત્યાંથી મદદે આવવા માટેના પત્રો કે કહેણ નાનચંદભાઈ પર આવતાં. અને નાનચંદભાઈ જનજાગૃતિ અર્થે તેમની મદદે પહોંચી જતા. કેમ કે તે જાણતા હતા કે દેશના બચાવ માટે જરૂરી છે કે નીચેની નબળાઈઓ ઘટે—

રાજા દંભી, પ્રજા દંભી, ઢીલા જ્યાં લોચનાબકો,
અધિકારી જનો લોભી, તે દેશ નાશ પામતો.

બગડથી એક પત્ર આવ્યો કે એક કુંભારણબહેનને વગડામાં તેની એકલતા જોઈને એક મુસલમાન ભાઈએ પજવી છે, તેની છેડતી કરી છે. બહેને ઘરે આવીને વાત કરી. ઘરનાંએ પોલીસમાં ફરિયાદ કરી પણ પોલીસ અધિકારીએ તો તેની ડૉક્ટરી તપાસ કરાવવી પડશે, ખોટા આરોપ નાખી પૈસા પડાવવાની તરકીબ નથી કરાતી તેની

ખાતરી કરવી પડશે, કોર્ટમાં ગમે તેવી જુબાની સામે ઊભાં રહેવું પડશે વગેરે બીક બતાવી છોકરીના બાપ પાસેથી પૈસા પડાવ્યા અને પેલા મુસલમાનના બાપને પણ ખંખેરી નાખ્યો. વાડે જ ચીભડાં ગળવાં શરૂ કર્યાં. બંને પાસેથી પૈસા લઈ અધિકારીએ મૂળ વાતને જ ઢાંકી દીધી કે ઉડાવી દીધી.

પ્રજામાં આ વાત ચર્ચાવા લાગી પણ ખુલ્લા પડીને કહેવાની કે કંઈ કરવાની કોઈનામાં હામ ન હતી. એટલે નાનચંદભાઈ પર પત્ર લખી તેમની મદદ માગી. નાનચંદભાઈએ તપાસ કરી. વાતમાં વજૂદ લાગ્યું. અધિકારીને તથા મુસ્લિમ પરિવારને જાહેરમાં ક્ષમા માગી આવા કૃત્યમાંથી છૂટી જવાની નાનચંદભાઈએ સલાહ આપી. તેમ ન થાય તો શુદ્ધિપ્રયોગની અનિવાર્યતા બતાવી. પોલીસ અધિકારીએ માફી માગવા ના કહી. તેથી સૌભાગ્યચંદ્ર અજમેરાએ પોલીસખાતાના વડાને મળીને એના પર કેસ કરાવ્યો.

એ અધિકારી જુગાર, રંડીબાજી, વ્યભિચાર, દારૂ, માંસ અને લાંચમાં ડૂબેલો હતો અને ખૂબ જ જુલમી ને ભ્રષ્ટાચારી હતો. લોકો તેના ત્રાસથી વાજ આવી ગયા હતા. તેના ડરથી સાક્ષીઓ અને ફરિયાદી પણ ખસી જાય તેવો સંભવ હતો. નાનચંદભાઈએ સૌને અડગ રાખ્યા. છોકરીના બાપને ખૂબ દમદાટી આપવામાં આવી. સારંગપુર મંદિરના કોઠારીએ છોકરીની ભેર લેવાને બદલે તેના બાપને ફોડવા ખૂબ કોશિશ કરી. નાનચંદભાઈએ ધર્મ-

સંસ્થાના અગ્રણી થઈ તે ધર્મ ચૂકે છે તેમ કહી ચેતવ્યા.

ભય, લાલચ છતાં છોકરીનો બાપ અડગ રહ્યો. સાક્ષી પણ ટકી ગયા. પેલા મુસલમાન યુવાને અને તેના બાપે જાહેરમાં ભૂલ કબૂલી માફી માગી. ગામના મુખીએ પણ પોતાની ભૂલનો સ્વીકાર કર્યો અને ફોજદાર સામે તાજનો સાક્ષી બન્યો. પરિણામ એ આવ્યું કે મુખી છૂટી ગયો, ફોજદાર અને જમાદાર ડિસમિસ થયા. આવા જુલમી ફોજદારને રુખસદ મળી, તેથી લોકોમાં ને ખાસ કરીને બરવાળા ચોવીસીએ છુટકારાની રાહત અનુભવી અને અન્યાયનો સામનો કરવા માટેનું સંગઠિત બળ મેળવ્યું.

## આગેવાનની આપ-મતલબી ટાળી

આકરૂ પાસે એક ગામમાં ભરવાડ સરપંચ અને ગામનો આગેવાન હતો. તેને તલાટી અને અધિકારી સાથે સંબંધો પણ સારા. પોતાનાં સ્થાન અને વગનો ઉપયોગ કરી એક પટેલની પાંચ વીઘા જમીન તે સરપંચે દબાવી દીધી, તેનો કબજો કરી પાળો પણ કરી નાંખ્યો. નાનચંદભાઈએ વિગત જાણી. પૂરી તપાસ પછી વિગતની સચ્ચાઈની ખાતરી થઈ. સરપંચને સમજાવ્યો પણ ન માન્યો. પટેલ ઢીલો હતો, પણ પટલાણી મજબૂત મનની હતી. કછોટો વાળીને કબજો લેવા તૈયાર થઈ. છેવટે જમીન પાછી મળી.

## ૨. ગોરાસુ શુદ્ધિપ્રયોગ

### [કુલધર્મ રક્ષાર્થે શુદ્ધિપ્રયોગ]

સ્ત્રી શીલની મહાશક્તિ, નિહાળી શાસ્ત્ર મૂલવે;
સ્વપતિ સંગ મર્યાદે, સેવે તોય સતી કહે.
સર્વભાવે પતિસેવા, સુસેવા પરિવારની;
પતિભક્તા કરે નિત્યે, વહાવી સ્નેહ સૌ પ્રતિ.

ભારતીય નારીની આ શીલની સૌરભે અને નિર્વ્યાજ સ્નેહે કુટુંબજીવનમાં પવિત્રતા, ઉદારતા ને નિર્મળતાના સંસ્કાર પોષ્યા છે. કામનું સંયમ દ્વારા શુદ્ધીકરણ કરવાનું ઘડતર માતાનું વિશુદ્ધ વાત્સલ્ય જ કરે છે. કુટુંબના આ પાયાના ધર્મને જાળવી રાખવામાં જો કચાશ આવે તો સાંસ્કૃતિક જીવનનો પાયો જ હચમચી જાય. ગોરાસુ ગામની એક સન્નારી શીલધર્મની રક્ષા કરતાં કરતાં પોતાના પ્રાણની ન્યોચ્છાવરી કરીને પણ કામાંધ જેઠને ન નમી. તે વાત સાંભળતાં જ નાનચંદભાઈએ નિર્ણય કર્યો કે કુલધર્મથી ભ્રષ્ટ થયેલ જેઠને અપ્રતિષ્ઠિત કરાય અને તે સન્નારીને ગૌરવ અપાય તો જ શીલધર્મની પ્રતિષ્ઠા જળવાશે. એમણે જાતે તપાસ કરીને પ્રાયોગિક સંઘ પાસે વાત મૂકી કે ગોરાસુ ગામના એક પરિવારમાં કજોડું લગ્ન થયેલાં. પતિ શરીરે નાનો લાગે પણ પત્ની પતિ-ભક્તા અને શિયળનું ગૌરવ જાળવનારી હતી. ઘરનાં સૌને સ્નેહે રાખે. બાઈ પ્રત્યે તેના જેઠની નજર બગડી. એક અથવા બીજા બહાને બાઈને ફસાવવા પ્રયત્ન કરે ને ચેન-ચાળા કરીને મૂંઝવણમાં મૂકે. બાઈએ એની માને વાત

કરી. માબાપને લાગ્યું કે ફજેતી ને હોહા કરવા કરતાં એકાદ વરસ કાઢી નાખી નોખા થઈ જવું, જેથી જોખમ મટે. દીકરીએ મૂંઝવણ કહી પણ પિયરમાંયે આશરો ન મળ્યો. હવે જેઠની પજવણી વધવા લાગી. ઘઉંની મોસમ હતી. દાડિયા, દપાડિયા ગયા પછી બાઈને પેંતરામાં લેવા પ્રયાસ કર્યો. બાઈ નાસી છૂટી. ગામમાં વાત થશે ને ફજેતી થશે તે ડરે, બાઈને મારી નાખવામાં આવી. બે દિવસ તપાસનું નાટક કરી ઘરમાં કૂંવળ નીચે સંઘરી રાખી મડદું કૂવામાં નાખ્યું અને પોલીસ, ગામના કેટલાક મળતિયા અને ખંધા માણસોને નાણાં આપી આ પ્રસંગને આપઘાતનો કિસ્સો ગણાવી પાપ ઢાંકી દેવામાં આવ્યું. બાઈના બાપે વિગતે વાત કરી. નાનચંદભાઈનું હૃદય પૂજ્યભાવથી એ નારી પ્રત્યે નમી પડ્યું ને બોલી ઊઠ્યા :

"ન ચૂકે શીલ પ્રાણાંતે, વાસનાના નિમિત્તમાં;
ધરાશી સ્ત્રી ખમે આપદ, તેથી પૂજ્ય સદા જગે.

આ નારીની પ્રતિષ્ઠા કરવાની સાથે જ એના કામાંધ જેઠને પંચોએ સજા કરવી જોઈએ, પોલીસ અને પૈસાથી ભલે કેસ ઉડાવી દીધો હોય પણ સમાજની લોકઅદાલત-માં પંચે સાચો ન્યાય આપવો જોઈએ એ માટે જરૂર પડે તો શુદ્ધિપ્રયોગ પણ કરવો જોઈએ. કેમ કે—

ન શુદ્ધ શીલની નિષ્ઠા, પ્રતિષ્ઠિત થશે જગે;
ત્યાં લગી શસ્ત્ર પૂંજીની, પ્રતિષ્ઠા નહિ તૂટશે.

શસ્ત્રનો પ્રતિનિધિ પોલીસ અને નાણાંની મદદથી ઊભો થતો ભ્રષ્ટાચાર જો તોડવો હોય તો શીલ ને સંયમની

નિષ્ઠાને પ્રતિષ્ઠિત કરવી જ જોઈએ. આ બહેનની સહન કરવાની શક્તિ, સંયમ અને મરીને પણ જેઠને ન નમી એવી નિષ્ઠાને બિરદાવી ગુનેગારને ઉઘાડો પાડી સુન્યાય સ્થાપવો જોઈએ. પ્રાયોગિક સંઘ" ને ખેડૂતમંડળે શુદ્ધિપ્રયોગ શરૂ કરતાં પહેલાં બાઈના જેઠ અને ગામના એક આગેવાન સાથે વાતચીત કરવા ગયા પણ એમણે તો જાકારો આપ્યો. કોઈ પણ વાત પર હાથ મૂકવા જ ન દીધો. અંતે નક્કી થયેલ દિવસે શુદ્ધિપ્રયોગ શરૂ થયો. ગામમાં મકાન ન મળ્યું. એક જણે વાડો આપ્યો હતો, પણ તેના પર દબાણ થવાથી એય ખાલી કરાવ્યો. તળાવની પાસે ઝૂંપડું બાંધી શુદ્ધિપ્રયોગ શરૂ થયો. પંચાયતે નોટિસ આપી કે અમારી જમીનમાં આવી ધાંધલ નહીં કરી શકાય. છેવટે ગાડાના છાંયે રહીને અને કૂવા-તળાવનું પાણી પી ઉપવાસી ગામ બહાર રહેતા. સાંજે પ્રાર્થના પહેલાં સૂત્રો પોકારતી ફેરી નીકળે તો ગામ લોકો આડા પડીને રોકતાં, ગુસ્સો ઠાલવતાં અને રકઝક કરીને જ જવા દેતાં. કષ્ટથી કંટાળીને ઉપવાસીઓ ભાગી જશે તેમ માનીને એમને કનડવાનાં કાવતરાં રચ્યાં. તેમની સાથે ગામના કોઈ વાતચીત કરે તો તેની ઉપર પણ દબાણ લાવવામાં આવતું. પણ શુદ્ધિપ્રયોગ-વીરો આ બધાંથી ટેવાયેલા હતા. તેમને ખાતરી હતી કે—

> કાવતરાખોરના હાથો, અંતે હેઠા પડે જ છે;
> સત્યાર્થીની સ્થિર શ્રદ્ધા અંત લગી જો ના ચળે.

ધીમે ધીમે બહારગામના ઉપવાસીના સરઘસમાં

ગામના પણ બેચાર ભાઈઓ ભળ્યા. ગામના દાબ છતાં તેઓ અચળ રહ્યા. પાંચ સાત દિવસ પછી માંગો ભરવાડ સામે ચાલીને ઉપવાસીઓને પોતાના ઘેર લઈ ગયો અને પોતાનું મકાન છાવણી તરીકે આપ્યું. બરફ ઓગળવા લાગ્યો. ગામની બહેનોની કૂણી લાગણી તો હતી જ એટલે એ પણ ભય સંકોચ છોડી શુદ્ધિપ્રયોગ કરનારા સાથે ભળવા લાગી. ધીમે ધીમે કડીબદ્ધ વાત નીકળવા લાગી. તપશ્ચર્યા અઢારેક દિવસ ચાલી ત્યાં તો, એક સ્વામીનારાયણ સત્સંગીએ વહેલી સવારે મડદાને કૂવામાં નાખતાં જોયું હોવાની વાત છતી કરી. બહેનોમાંથી પણ વાતોની કડી મળવા લાગી. કણબી જ્ઞાતિમાં પણ આ પ્રસંગથી ભારે ઊહાપોહ થયો. તેમની જ્ઞાતિ મળી અને નાતપંચે પ્રયોગનો ભાર પોતા પર લઈ લીધો. એટલે શુદ્ધિપ્રયોગ બંધ થયો.

જ્ઞાતિપંચે બાઈના જેઠને દોષિત ગણ્યો, બાઈની બહાદુરીને બિરદાવી અમુક દંડની સજા જાહેર કરી. તે ન સ્વીકારે તો અમુક મુદત સુધીનો બહિષ્કાર કરવાનું ઠરાવ્યું. આમ જ્યાં રાજ્ય અને કાયદો લાચાર બની ગયો હતો, અધિકારી ને આગેવાનો નાણાંથી દબાઈ ગયા હતા, ખૂન ઢંકાઈ ગયું હતું ત્યાં આ શુદ્ધિપ્રયોગે નૈતિક હિંમત આપી, સાચી વાતને પ્રગટ કરવાનું બળ આપ્યું. એટલું જ નહીં પણ જ્ઞાતિ દ્વારા સામાજિક ન્યાય મળ્યો અને મરનાર બહેન શિયળ માટે શહાદત વહોરનાર તરીકે

સારી પ્રતિષ્ઠા પામી. છેવટે તો ગામનો મોટો ભાગ મનથી પ્રયોગ સાથે આવી ગયો હતો. આમ નારી અને શીલની પ્રતિષ્ઠા કરનારો અનુભૂત પ્રયોગ પૂરી રીતે સફળતા પામ્યો.

### ૩. સારંગપુર શુદ્ધિપ્રયોગ
### [ધર્મસંસ્થાની શુદ્ધિ અર્થે પ્રયોગ]

પાઠાફેર કરી વાતો, ધર્મદોર ચલાવતાં;
મથે રીઝવવા સૌને, ધર્મની ઓથ જે લઈ,
આળસુ ધર્મને નામે, ધતિંગો જે ચલાવતાં;
શુદ્ધિપ્રયોગ યોજીને, તેમને માર્ગે ચઢાવવાં.

ધર્મનું અને ધર્મતીર્થ તથા સંસ્થાનું કામ છે વિચાર અને વિવેક વધારી માણસને નિર્ભય અને સત્ત્વશીલ બનાવવાનું. સમજદારીપૂર્વકનું ધર્મમય જીવન જીવતાં ધર્મ શીખવે છે. સંતોએ ધર્મનો વ્યવહાર શીખવ્યો અને જગ્યાધારીઓએ ધર્મનો વેપાર આદર્યો. ધર્મ જ્યારે વેપારની વસ્તુ બને ત્યારે ઈશ્વરનિષ્ઠાને બદલે જર-જમીન, સાધન-સંપત્તિ ને લક્ષ્મીમાં જગ્યાધારી સલામતી શોધે છે. તે ચમત્કાર પર તેનો વેપાર માંડે છે. આ ધર્મનો વિકાર છે. એમાંથી પામરતા અને વહેમ પાંગરે છે. શુદ્ધિપ્રયોગનું કાર્ય આ દૂષણો કાઢવાનું છે.

સત્તા, લક્ષ્મી, ચમત્કાર, પર-સ્ત્રીધર્મવિકૃતિ;
લાંચ, વહેમ ને કાઢો, સંગે શુદ્ધિપ્રયોગથી.

સારંગપુર એ સ્વામીનારાયણ પરંપરાનું તીર્થધામ છે. ત્યાંના હનુમાનની માનતા ચાલે છે. ઝોડ-ઝપટ, વળગાડ

અને તેવા વહેમોથી ઘેરાયેલાં દર્દી ત્યાં માનતા લેવા કે પૂરી કરવા આવે છે. મંદિરના નિભાવ માટે ઘણી મોટી જમીનો મળેલી. એ જમીનમાં ગણોતિયા પાસેથી ભાગ-બટાઈ લેવાતી. ગણોતધારાનો લાભ તેને મળતો ન હતો. એક વાર તે ગામના લોકોએ પોતાની મૂંઝવણ સંઘ પાસે રજૂ કરી, સંઘની દોરવણી માટે તૈયારી બતાવી. આ વાત સાંભળી મંદિરવાળા છંછેડાઈ ગયા. સામ, દામ, દંડ, ભેદની યુક્તિ-પ્રયુક્તિથી મોટા ભાગના તો માગણીમાંથી ખસી ગયા. 'હનુમાનજી કાંઈક કરી મૂકે તો' તેવો ડર. ઉપરાંત ગામના માથાભારે લોકો પણ કહેતા કે, "જોઈએ છીએ મંદિરની જમીન પડાવીને કેવી રીતે ખેતી કરો છો?" ખેડૂતો હરેરી ગયા. અઢારમાંથી પાંચ મક્કમ રહ્યા. તેમની મક્કમતાના પાયા પર શુદ્ધિપ્રયોગ કરવાનો સંઘે નિર્ણય કર્યો.

ધર્મસંસ્થા તો કાયદાના પાલન ઉપરાંત ધર્મભાવની ઉદારતા અને નીચેના માણસ પ્રત્યે પ્રેમ બતાવે તેમાં જ ધર્મ રહેલ છે. એને બદલે નીચલી પાયરીની તરકીબો ગોઠવે, અધિકારીઓને ફોડે અથવા વગથી વશ કરે, દફતરોમાં ઘાલમેલ કરાવે અને એકબીજા સામે પાઠાફેર વાતો કરી પોતાનો સ્વાર્થ સાધ્યા કરે તો સામાન્ય સંસારીના વહીવટ અને ધર્મસંસ્થાના વહીવટમાં ફેર શું? અને તેમાંય જેના માથે સદાચારની જવાબદારી છે તે ધર્મસંસ્થા જો સત્‌ને ઓઠે અસત્‌ આચરે તો તો તે સામે લડયે જ છૂટકો કેમ કે—

અસત્યો ને અસત્યો જ્યાં, લડે ત્યાં સત્ય ઊંઘતું;
લડાઈ સત્યના ઓઠે, ત્યાં નક્કી સત્ય જીતતું.

નાનચંદભાઈની દોરવણી નીચે શુદ્ધિપ્રયોગનો આરંભ નવલભાઈથી થયો. નવલભાઈએ પાંચ ઉપવાસ કર્યા. તેના પાંચમા ઉપવાસે, મંદિરે ખેડૂતની માગણી કબૂલી સમાધાન કર્યું.

## ફરી લડત

સૌ સમાધાનના ભરમમાં રહ્યા. પણ મંદિરે બહાનાં કાઢીને વચનનું પાલન ન કર્યું, એટલે શુદ્ધિ અર્થે ત્રણ ત્રણ ઉપવાસીની ટુકડીઓ ઊપડી. ચાર માસ અને બાર દિવસ શુદ્ધિપ્રયોગ ચાલ્યો. કોઈ ઉપવાસી હાજર ન થઈ શકે તો તેની જગ્યાએ નાનચંદભાઈ બેસી જતા. એકલા નાનચંદભાઈએ એમ અગિયાર વાર બેસી તેત્રીસ ઉપવાસ કર્યા.

## નિષ્કંપ અડોલતા

સત્યાર્થીની જઈ પૂંઠે, સદા દુઃખો ફરી વળે;
મેરુ શો નિત્ય નિષ્કંપ, તેનો આત્મા નહીં ડગે.

સમાધાનના બહાને મંદિરે શુદ્ધિપ્રયોગના સામનાની તૈયારી કરી લીધી. પોતાના સત્સંગી અને બીજાને ભરમાવી શુદ્ધિપ્રયોગવાળાને પજવવાની અને જેઓ મક્કમ રહ્યા હતા તેમને તોડી નાખવાની તમામ તરકીબો અજમાવી. પ્રાર્થના વખતે ગાંડા જેવા માણસને પ્રાર્થનાસભામાં મોકલી તેની પાસે બકવાદ કરાવે. પ્રાર્થના વખતે

જ પચીસ-પચાસનું ટોળું શોરબકોર કરે, ગીતો ગાવા લાગે અને 'નાનચંદ મુંડો ચાલ્યો જાય, અંબુડો હાલતો થાય, સુરિયાને ભગાડી મૂકો' — એવાં તોછડાં અસંસ્કારી સૂત્રો પોકારી, સરઘસ સાથે સરઘસ કાઢી નાનચંદભાઈને ઘેરી વળે. સૂત્રો સંભળાવા ન દે. એક બે વાર તો સળગતી મશાલનું ગરમ તેલ તેમના માથા પર પડે એ રીતે માથા પર મશાલ ધરી રાખી. છાવણી જલાવી દેવાની ધમકી આપી. તેમને એ સ્થળેથી એવો જાકારો આપ્યો કે હજામને તેમની હજામત કરવાની પણ ના કહી દીધી.

આમ એક બાજુથી સત્યાગ્રહીને મૂંઝવવા પજવવાની પેરવી કરી તો બીજી બાજુથી ખેડૂતોની મોલાત સળગાવી દેવામાં આવી. તેમનાં સગાંવહાલાં તરફથી તેમની સાથેનાં સગપણ, લગ્નો, સંબંધો તોડી નાખવાનાં, તેમનો બહિષ્કાર કરવાનાં દબાણો આવવા લાગ્યાં. આમ, ચોતરફથી સત્યાગ્રહીઓને સંકટોથી ઘેરી લેવાનો વ્યૂહ રચાયો પણ પાંચેય ખેડૂતો અને સત્યાગ્રહીઓ મક્કમ રહ્યા. નાનચંદભાઈ તો મેરુ જેવા અડગ હતા.

## સત્યનો જય જયકાર

પૂ. સંતબાલજી મંદિરને પણ ધર્મ સમજીને ખેડૂતોને ન્યાય આપવાનું સમજાવતા તો બીજી બાજુથી સત્યાગ્રહીને પ્રેરણા આપતા કે—

બધાં શસ્ત્રો મૂકી હેઠાં, એક નિસર્ગ આશ્રયે;
જાય છે વીર તેને જ, સંપૂર્ણ જય સાંપડે.

નાનચંદભાઈ અને શુદ્ધિપ્રયોગ છાવણીને કુદરતી ન્યાયમાં શ્રદ્ધા હતી, અને તેથી જ રાજ્યના કાયદાનો કે સામાની નબળાઈ પર પ્રહાર કરનારી યુક્તિ–પ્રયુક્તિના આશ્રયનો વિચાર જ ન કરતા.

એક વખત ધારાસભ્ય કુરેશીભાઈ કલેકટરશ્રીને લઈને આવ્યા. ગણોતિયાની વિગતો જાતે સાંભળી કાયદા પ્રમાણે ન્યાય દેવાની એમણે તત્પરતા બતાવી. ત્યારે નાનચંદભાઈએ કહ્યું : "આ સામાજિક પ્રયોગ છે. સમાજનો, સમાજ માટે સમાજ દ્વારા જે પ્રયોગ થાય છે તેની બધી વાત સમાજ પાસે ખુલ્લી છે. પણ રાજ્ય પાસે મન ખોલીને વાત કરવાનું કાર્ય અમારું નથી." એમ કહીને કશી ફરિયાદ ન કહી. સત્યાગ્રહીની સચ્ચાઈ સભર ઈમાનદારીએ વગ અને પ્રભાવ છતાં રાજસત્તાનો ઉપયોગ ન કરવાની સાવધાનીએ ગામ પર અને મંદિર પર પણ ઊંડી અસર ઊભી કરી.

એમાંએ જ્યારે મંદિરના સેક્રેટરીને મંદિર સાથે અણબનાવ થયો, ત્યારે તે બધી રીતે સાથ–સહકાર આપી ખેડૂતોની બાજી જિતાડવા તત્પર થયો; પણ નાનચંદભાઈએ કહ્યું : પોતાના મતભેદ માટે કે સ્વાર્થ માટે મંદિરને નુકસાન કરવાના આશયથી તમો મદદ આપી રહ્યા છો. આવી મદદ શુદ્ધિપ્રયોગ ન લઈ શકે." તેમ કહી વિનયપૂર્વક તેની મદદ પાછી ઠેલી. આ બધી વાતે સત્યાગ્રહીની સત્યનિષ્ઠાની સુંદર છાપ અને માનની લાગણી ઊભી કરી. ધીમે ધીમે ગામના પણ સભામાં આવવા

લાગ્યા અને ખાનગીમાં સાથ દેવા લાગ્યા. ટ્રસ્ટીઓએ પણ મંદિરની પ્રતિષ્ઠાને ધક્કો લાગતો બચાવવાના હેતુથીય સમાધાન કરી લેવાનો આગ્રહ રાખ્યો અને એકવીસે એકવીસ ખેડૂતોની વીઘોયે વીઘો જમીન મંદિરે તેના પૂરા હક્ક સાથે સુપરત કરી. પૂ. નાનચંદભાઈનું હાર પહેરાવી સન્માન કર્યું, સત્યાગ્રહીને પ્રેમપૂર્વક જમાડી મંદિરે અને શુદ્ધિપ્રયોગ છાવણીએ સાથે ઉત્સવ ઊજવ્યો. કોઈની હાર નહીં, કોઈની જીત નહીં, પણ સત્યના જયનો એ વિજયોત્સવ હતો.

### ૪. ગણોતધારા શુદ્ધિપ્રયોગ
### [શાસનશુદ્ધિ અર્થે શુદ્ધિપ્રયોગ]

લોકરાજ્યે મળે પૂર્ણ, સર્વ રીતે સ્વતંત્રતા;
તે રાજ્યની પ્રજા માંહી, જોઈએ જાગરૂકતા.
ન જો અન્યાયની સામે, જેહાદ જગવે પ્રજા;
તો તે રાજ્ય પ્રજારાજ્ય, તણી પામે ન પાત્રતા.

**સંતબાલ**

પૂ. સંતબાલજી મહારાજ જીવનનાં સર્વ ક્ષેત્રોમાં સત્ય-અહિંસાની પ્રતિષ્ઠા થાય અને અસત્ય, અન્યાયાદિ અહિંસક પ્રતિકાર દ્વારા દૂર થાય તેવું ધર્મદષ્ટિએ માર્ગદર્શન આપતા હતા. રાજકીય ક્ષેત્રની શુદ્ધિ તો આ કાળે અતિ આવશ્યક છે, પણ પ્રજાના ઘડતર વિના, જાગૃતિ વિના અહિંસા દ્વારા ભ્રષ્ટાચાર નાબૂદ કરવો અતિ મુશ્કેલ છે. આજની લોકશાહીમાં ધન અને સત્તાનો લોભ જેમ જેમ વધતો જશે તેમ તેમ ન્યાયનીતિનાં મૂલ્યોનો હ્રાસ થતો

જશે અને પતનનો માર્ગ સરળ બનશે. માટે પ્રત્યેક રાજકીય સમસ્યાનો ઉકેલ કરવાનો લોકોને અહિંસક માર્ગ શીખવવો પડશે તેમ તેમની આર્ષદૃષ્ટિ જોતી હતી. ભૂતકાળમાં મહાવીર ને ગાંધીજીએ જે માર્ગ શીખવ્યો છે તે માર્ગે ચાલતાં ચાલતાં જનજાગૃતિ અને અન્યાયના અહિંસક પ્રતિકારની લોકકેળવણી આપવી પડશે. તે દૃષ્ટિએ પૂ. સંતબાલજી સમજાવતા કે–

> સત્તાલોભી બને રાજ્યો, ધનલોભી પ્રતિનિધિ;
> અસાવધ રહે લોકો, તો આવ્યું પતન જાણજો.
> ગાદી માટે નથી રાજ્ય, પ્રજા અર્થે જ રાજ્ય છે;
> નીતિને ન્યાય જિવાડે, પ્રજા તે થાય છે સુખી.

જ્યારે ધર્મદૃષ્ટિના પ્રયોગક્ષેત્રની પ્રજાને ન્યાય માટે જાગૃત કરવાનો પ્રસંગ આવ્યો ત્યારે પૂ. નાનચંદભાઈની શક્તિનો પણ આ પ્રયોગને પૂરો સહયોગ મળી રહ્યો.

રાજ્યે ગણોતધારા દ્વારા ગણોતિયાને જમીનનો માલિક બનાવવાની પ્રક્રિયા આરંભી હતી. છેલ્લે છેલ્લે ખેડૂત જમીન માલિકને સાંથ તરીકે મહેસૂલના બે પટ આપે તેવો કાયદો ચાલતો હતો. રાજ્ય અને ખેડૂત વચ્ચેની જમીનદારની કડી નાબૂદ કરવાના હેતુથી ગણોતિયાએ ફરજિયાત જમીન ખરીદી લેવાનો નવો કાયદો આવતો હતો, તેમાં જમીનની કિંમત મહેસૂલના ૨૦૦ પટ સુધી નક્કી કરવાની રેવન્યુ અધિકારીને સત્તા આપવામાં આવી હતી. નક્કી કરેલી કિંમતે ખેડૂત જમીન લેવાની ના પાડે તો તે જમીન ખાલસા કરીને હરાજ થઈ શકે તેવો

ફરજિયાતી લાદતો કાયદો હતો. ખેડૂતોની માગણી હતી કે—

(૧)જમીન ફરજિયાત ખરીદ કરવાનો નિયમ રદ કરવામાં આવે.

(૨) ખેડૂતને કાયમી ગણોતિયા ગણી સૌરાષ્ટ્રની જેમ મહેસૂલના છ પટ જેટલી કિંમતે તેને જમીન આપવામાં આવે.

(૩) કોઈપણ સંજોગોમાં ભાલની જમીનનો પ્રકાર જોતાં જમીનની કિંમત ૨૫ પટ કરતાં વધારે ન હોવી જોઈએ.

નવો કાયદો ખેડૂતને અન્યાય કરતો હતો. એ કાયદાથી ખેડૂતને ન પોષાય તેટલી ભારે કિંમત દેવી પડે તેવી દહેશત હતી. તે અન્યાય દૂર કરાવવા સભા-સંમેલનો, પ્રતિનિધિઓની મુલાકાત, રાજ્યના મંત્રીઓને સમજાવટથી માંડીને કોંગ્રેસ દ્વારા ખેડૂતોને ન્યાય અપાવવા તનતોડ પ્રયત્ન કરવામાં આવ્યો, પણ ક્યાંય પાકી ખાતરી મળી નહિ.

કોંગ્રેસને ખેડૂતના મતની ખાતરી હતી અને ગરાસદારને રીઝવી તે પોતાની સત્તા પુષ્ટ કરવા મથતી હતી. પ્રતિનિધિઓમાંથી બહુ ઓછા આ પ્રશ્નને સમજી શકતા હતા. મુંબઈ રાજ્યનો વિસ્તાર એવડો મોટો હતો કે પ્રતિનિધિ પોતાના ક્ષેત્રના લાભાલાભથી વધારે વિચારવા કે સમગ્રતાથી કામ કરવા ટેવાયેલા ન હતા. બધા પ્રયત્નમાં નિષ્ફળતા મળ્યા પછી શુદ્ધિપ્રયોગ કરવાનું નક્કી થયું.

## તપ-ત્યાગની કેડી

પ્રશ્ન ઘણો વિશાળ હતો. મુંબઈના દ્વિભાષી રાજ્યનો વિસ્તાર જેમ વધ્યો હતો તેમ આ પ્રશ્ન વધુ મુશ્કેલ બન્યો હતો. એટલે મુશ્કેલ સમસ્યાના ઉકેલ માટે શુદ્ધિ-પ્રયોગ પણ એવો તેજસ્વી અને પ્રાણવાન થવો જોઈએ કે જેનો પડઘો દેશભરમાં પડે. પૂ. સંતબાલજીની હાજરીમાં પ્રયોગક્ષેત્રના પ્રતિનિધિઓ મળ્યા. રાજ્ય ફરજિયાત જમીન માથે ઠોકી બેસાડે તેના વિરોધમાં સામેથી અનેક ખેડૂતો જમીન છોડી દેવા તૈયાર થયા. પૂ. સંતબાલજીએ પચીસ ખેડૂતોને ત્યાગના પ્રતીક તરીકે પસંદ કરવાની સલાહ આપી. ત્રણ દિવસની ઉપવાસની સાંકળનો શુદ્ધિપ્રયોગ કરવા કેટલાંક ગામડાં સાબદાં થયાં. તે પૈકી પાંચ ગામમાં ત્રિઉપવાસનો શુદ્ધિપ્રયોગ ચાલે તેમ નક્કી થયું. પૂ. સંત-બાલજીએ સમજાવ્યું કે 'આપણે કોંગ્રેસ સામે નથી લડતા. તેને મજબૂત કરવાની છે, એનો વધારે પ્રેમ ને વિશ્વાસ પ્રાપ્ત કરવાનો છે. એટલે કોંગ્રેસ વિરોધી બળોનો સહ-યોગ આપણે નહીં જ લઈ શકીએ.' આમ સાધનશુદ્ધિ ઉપરાંત જાહેર લડતમાં યોગ્ય જ સંસ્થા કે સંઘ સાથે સંબંધનો સહયોગ સધાય તેવી સંગશુદ્ધિની વાત સમ-જાવી. લડતનો પાયો આત્મબળ છે અને તેના અમૂલ્ય સાધન તપ-ત્યાગ પરની શ્રદ્ધાને દૃઢ કરાવતાં કહ્યું કે —

તપ-ત્યાગ થકી સ્થૂળ, દેહ છો નબળો પડે;  
કિંતુ સાચા તપે, ત્યાગે, આત્મા તો સબળો થતો,

મહાન પ્રશ્ન ઉકલે, ધર્મદૃષ્ટિ થકી પતે;
હોય જો તપ ને ત્યાગ, તેની સંગે ક્ષણે ક્ષણ."

સંતબાલ

પૂ. સંતબાલજી માર્ગદર્શન પ્રમાણે ભાલનળકાંઠા ક્ષેત્રમાં શુદ્ધિપ્રયોગનો આરંભ થયો અને પચીસ ખેડૂતોએ ત્યાગપત્ર પર સહીઓ આપી. આ પ્રયોગ આઠ મહિના ચાલ્યો. ૧–૮–૫૬થી શરૂ થયો ને તા. ૩૧–૩–૫૭ના રોજ પૂર્ણ થયો.

## લોકકેળવણીની કસોટી

ગણોતધારાના શુદ્ધિપ્રયોગમાં કોંગ્રેસ સાથે રાજકીય સંબંધો જાળવવા છતાં કોંગ્રેસે રજૂ કરેલ કાયદા સામે લડવાનું હતું. વ્યક્તિ કે સંસ્થા પ્રત્યે પ્રેમ અને તેના કૃત્ય કે કાયદાનો વિરોધ જાળવવામાં લોકકેળવણીનું ઘડતર હતું. સંઘના જે સભ્યો કોંગ્રેસના જવાબદાર હોદ્દા ધરાવતા તેમને અને ધારાસભ્યોને પ્રયોગથી દૂર રહેવાની અને કોંગ્રેસના વિચાર રજૂ કરવાની છૂટ આપવામાં આવી હતી અને કોંગ્રેસનિષ્ઠ અને સંઘનિષ્ઠ બંને કાર્યવાહી પોતપોતાની રીતે ચલાવતા. છતાં એક સંસ્થાની છાયા નીચે રહી શકાય તેવી મત-સહિષ્ણુતા અને લચીલાપણાને સંઘે આવકાર આપેલ હતો. આમ છતાં જેમનાં મન મતભેદથી આળાં થઈ જતાં તેવા તીવ્ર સંવેદનશીલ લોકોના મન ધીમે ધીમે પ્રાયોગિક સંઘથી દૂર જવા લાગ્યાં અને કોંગ્રેસ તરફ ઢળી ગયું. પ્રેમ–આદરનું વલણ જેવું વ્યક્તિ પ્રત્યે

રાખવાનું હતું તેવું જ સંસ્થા પ્રત્યે પણ રાખવાનું હતું. કોંગ્રેસ પ્રત્યે પૂરું માન જળવાય, તે ચૂંટણીમાં વિજય પ્રાપ્ત કરે, તેની શક્તિ વધે તેવો મંડળ સતત પ્રયત્ન કરતું હતું. કોંગ્રેસ તેમના પ્રત્યે ઉદાસીનતા બતાવે, અવિશ્વાસ બતાવી અતડાપણું રાખે તોપણ કોંગ્રેસને ટેકો આપી તેને જિતાડી અને બીજી બાજુથી પાંચેય ગામમાં ત્રિઉપવાસ ચાલુ રાખી કાયદાનો વિરોધ કરવાની શુદ્ધિ-પ્રયોગની ઝુંબેશ પણ ચાલતી. ઘણી વાર તો ગામડાના આગેવાન કહે પણ ખરા કે 'ભાઈ અમે તો જેની સામે લડીએ તેની સામે બધી રીતે લડીએ. પણઆ તો ચૂંટણીમાં ભળીએ અને મંડળીમાં લડીએ એવો સંતબાલનો મારગ તો ધર્મરાજા જેવા છે. રાત્રે પાંડવો ભિષ્મ પિતામહને પગે લાગે, સેવા ચાકરી કરે અને પાછા દિવસે કુરુક્ષેત્રમાં લડે. પણ એની સાથે સામે જ એવું થાય છે ત્યારે સંઘના આપણા કાર્યકરોને સમજાવતા કે—

એક પાસે રહે સ્નેહ, કર્તવ્ય બીજી બાજુએ;<br>
ત્યારે કર્તવ્ય પલ્લામાં, બેસવું સત્યશોધકે.<br>
મોહ કર્તવ્ય બંનેનો, સંઘર્ષ જે સ્થળે થતો;<br>
કર્તવ્ય આચરી મોહ, તજવો તે જરૂરનો.

**સંતબાલ**

આ રીતે વસ્તુ અને વ્યક્તિને, કાનૂન અને સંસ્થાને જુદાં પાડીને તેના ગુણદોષ પર વિચારવાની વ્યાપક લોક-તાલીમ આ પ્રયોગે પૂરી પાડી.

## પ્રયોગનો પ્રભાવ

પ્રજાને સેવકો સાથે, રાખીને જાગતા રહે;
પાડે પ્રભાવ જો રાજ્યે, તેમાં સમગ્રનું ભલું.

શુદ્ધિપ્રયોગના લાંબા ગાળામાં ગ્રામપ્રજાને જાગૃત કરવામાં આવી. પ્રચારથી, પુસ્તિકાથી અને પ્રત્યક્ષ પ્રયોગથી પ્રદેશમાં નવી ચેતના આવી. રચનાત્મક કાર્યકરો, સર્વોદય મંડળના મિત્રો, વિધાનસભાના સભ્યો કોંગ્રેસના કાર્યકરો ને ખેડૂત પ્રતિનિધિઓની પરિષદો વગેરેને સાહિત્ય, સંમેલન વડે અને વ્યક્તિગત મળી મળીને આખા રાજ્યમાં વાતાવરણ ઊભું કરવામાં આવ્યું. બંધારણીય રીતે જે જે પ્રક્રિયા કરવી જોઈએ તે બધી કરવામાં આવી.

સારંગપુર શુદ્ધિપ્રયોગ પૂરો થતાં જ પૂ. નાનચંદભાઈએ બધાં ગામડાંની જવાબદારી સંભાળી લીધી હતી. જવારજ, નાની બોરૂ, મીંગલપુર ઉમરગઢ, ગૂંદી એ પાંચ ગામ કેન્દ્રો હતાં. ત્યાંની સ્થાનિક આગેવાની જ જાગૃત હતી. નાનચંદભાઈ તેમને મીઠું માર્ગદર્શન આપવાનું કામ કરતા હતા.

આમ ગામડાંથી મુંબઈ સુધી સક્રિય હિલચાલ ચાલુ કરવામાં આવી. રેવન્યુ મંત્રી શ્રી રસિકભાઈ પરીખે પૂ. સંતબાલજી મહારાજની હાજરીમાં ખેડૂત મંડળના, સંઘના અને આમાં રસ ધરાવતા આગેવાનો સાથે બિલનાં બધાં અંગો અંગે વિગતે વિચાર કર્યો અને કોંગ્રેસપક્ષે ધારાસભામાં ખેડૂત મંડળ અને સંઘની બધી માગણી મંજૂર

કરતો ખરડો પસાર કર્યો. ખેડૂતોને કાયમી ગણોતિયા ગણીને તેને છ પટમાં જમીન મળે તેવા લાભ મળવાના સમાચારથી સર્વત્ર આનંદ વર્તી રહ્યો. એ પછી જમીનદારોએ સુપ્રિમ કોર્ટમાં કાયદાને પડકાર્યો અને ધર્મયુદ્ધમાં મળેલો લાભ કાયદાની કોર્ટમાં ઓસરી ગયો.

આમ, કોંગ્રેસ અને કોંગ્રેસનિષ્ઠ સંઘના કાર્યકરોના વિચારોને સહિષ્ણુતાપૂર્વક અવકાશ આપવાનો અને ત્યાગ-તપનો પ્રયોગ સફળ થતાં આત્મવિકાસના સાધન તરીકે કર્તવ્યને મોહ વચ્ચેના દ્વંદ્વમાં શુદ્ધિપ્રયોગના મર્મને નાનચંદભાઈ ગીતાના મર્મ તરીકે અંતઃકરણમાં ઘૂંટવા લાગ્યા અને સત્સંગમાં પણ વ્યક્તિ-સમષ્ટિના સુમેળની યાદ આપતી કડી ગુંજતી રહી કે —

"સહિષ્ણુતા અને ત્યાગ, બંને વિકાસ લક્ષણો;
વ્યક્તિ સમષ્ટિના મેળ, ઇચ્છનારા ન ભૂલશો.

**સંતબાલ**

**(૫) તોફાન સામે શુદ્ધિ પ્રયોગ**

**[પ્રજાધર્મની શુદ્ધિ અર્થે પ્રયોગ]**

લોકશાહી અપેક્ષે છે, પ્રજામાં નિત્ય જાગૃતિ;
શિસ્ત સમજદારી, અને કાનૂનપાલન.
જેવું સ્વાતંત્ર્ય પોતાનું, રક્ષો તેવું જ અન્યનું;
રક્ષવાં ન્યાય-સ્વાતંત્ર્ય, લઘુમતી વિપક્ષનાં.

લોકશાહીમાં પ્રજાનો ધર્મ છે કે પ્રજાના પ્રતિનિધિઓની બહુમતીએ કરેલ કાનૂનનું પાલન કરવું અને તેમાં ક્ષતિ જણાતી હોય તો લોકજાગૃતિપૂર્વક તેની સુધારણા

અને સંશોધન માટે પ્રયત્ન કરતા રહેવો. બહુમતીનું પણ કર્તવ્ય છે કે લઘુમતીને પૂરું સ્વાતંત્ર્ય આપી, તેની સાથે ન્યાયપૂર્વકનો વર્તાવ રાખી, તેના અભિપ્રાયનો પૂરો પ્રચાર કરી બહુમતી બની શકે તેવી તક આપવી, પરંતુ કોઈ જૂથ સમજદારી અને જવાબદારી ચૂકી, લોકમત ઘડવાને બદલે ખંજર, તોફાનો, અને શેરીની લડાઈ દ્વારા પ્રશ્નનો નિવેડો લાવવા મથે તો અરાજકતા અને અંધાધૂંધી ફેલાઈ જાય, જે લોકશાહીને જ ગળી જાય; એટલે પ્રજાનો પાયાનો ધર્મ જ ચુકાઈ જાય. પરસ્પરના સ્વાતંત્ર્યની રક્ષાને બદલે ટોળાની હિંસાને જ જો સત્તા પ્રાપ્તિનું સાધન બનાવાય તો ચેતવા જેવું છે.

લોકનીતિ ઘડનારી પ્રજાશક્તિ તૂટી જશે
તો ત્યાં સરમુખત્યારી આપોઆપ શરૂ થશે.'

સંતબાલ

મહા દ્વિભાષી રાજ્ય વખતે ખરેખર મુંબઈ—ગુજરાતમાં એવી જ સ્થિતિ પ્રવર્તી ગઈ. મહાગુજરાતની માગણી કરનારા અને મુંબઈ સહિતના મહારાષ્ટ્રની માગણી કરનારાએ પાર્લમેન્ટ કે પોતપોતાના રાજ્યના કાયદાના સંશોધનને નેવે મૂકી હિંસા, તોફાન, અન્યભાષી પ્રજા પર આક્રમણ જેવી બિનલોકશાહી પદ્ધતિ આચરી અને અંધાધૂંધીએ માઝા મૂકી. ચોતરફથી વાદવિવાદપૂર્ણ અને પૂર્વગ્રહ ભરેલાં નેતાઓનાં નિવેદનો આગ ઓકવા લાગ્યાં આ પૂરમાં ભલભલા આગેવાનો તણાઈ ગયા. કહ્યું છે કે—

ચોમેર પૂર આવે ત્યાં સ્થિર કોણ રહી શકે,
મોટા મોટા ડગે, માત્ર આર્ય પુરુષ ના ડગે.

**સંતબાલ**

અમદાવાદમાં પણ હિંસક તોફાનો શરૂ થયાં. હડતાલનું એલાન આપનારનું ન માને તેની દુકાનો લૂંટાવા લાગી. ખાદીભંડારોને આગ લગાવવામાં આવી. ધોળી ટોપી પહેરનારાની ટોપી ઉતરાવે અથવા પીટવા લાગે. કોંગ્રેસની સભા ભરી જ ન શકાય તેવી સ્થિતિ પેદા થઈ. જનતા કરફ્યુના નામે જનતાને બહાર નીકળવાની મનાઈ કરવામાં આવી અને છતાં કોઈ નીકળે તો ટોળાં તેને ઘેરી વળે અને સતામણી કરે. દંડશક્તિને સ્થાને હિંસક ટોળાએ શહેર પર કબજો મેળવવાનો આરંભ કર્યો. સંતબાલજી અડગ રહ્યા. આંધીની પેલે પાર રહેવા પ્રકાશપથને ચીંધતાં એમણે શીખ આપી કે—

હિંસા–તોફાનને ભાઈ, વિધેય માનશો નહીં,
કિંતુ અન્યાયની સામે, અહિંસાથી ઝૂઝો તમે.

**સંતબાલ**

પૂ. સંતબાલજી પૂ. રવિશંકર મહારાજ કે અન્ય કોઈ સંતપુરુષની શીખ માનવા જેટલું લોકમાનસ સ્થિર રહ્યું ન હતું. ટોળાવાદના નશાએ પોતાનું નિશાન કોંગ્રેસને બનાવી હતી. રાજ્યને દમન કરવું પડે તેવા તીવ્ર કાર્યક્રમો આપી-આપી, રાજ્ય લાઠી–ગોળી ચલાવે તો શહીદોના લોહી પર જનમત ઉશ્કેરી, કોંગ્રેસ હઠાવવાની નીતિનાં મહાનગરો અગ્રેસર બન્યાં હતાં. શાંત ને શાણા લોકોનો, શ્રમજીવીનો અવાજ આ હોહામાં દબાઈ ગયો હતો.

ટોળાથી જુદો મત આપનાર છાપાં, સંસ્થા કે વ્યક્તિ ટોળાના ઉશ્કેરાટનો ભોગ બનતાં હતાં. પૂ. સંતબાલજીને લાગ્યું કે આ અંધાધૂંધી કોંગ્રેસ, લોકશાહી તેમજ માનવીય મૂલ્યોને ગળી જશે. એથી એમણે સ્પષ્ટ કર્યું કે—

અંધાધૂંધી પ્રજા વ્યાસી બને ત્યારે ખરેખર,
કાં હોમાઓ જ પ્રત્યક્ષ કાં પરોક્ષ કરો તપ.

પૂ. સંતબાલજીએ તપ શરૂ કર્યું અને પ્રાયોગિક સંઘોએ પ્રત્યક્ષ હોમાવાની ધારણા અને હિંમતથી અમદાવાદમાં પછાત જાતિ, ગામડાં અને મહિલાનો અવાજ રજૂ કરવા કમર કસી. સંઘે અને મંડળે અમદાવાદમાં સરઘસનો જાહેર કાર્યક્રમ ગોઠવી કાઢ્યો તેમ જ શાંતિ-સેનાની પણ પહેલ કરી. પૂ. નાનચંદભાઈના સહકાર સાથે ખેડૂત મંડળે ગામડે ગામડે, પૂ. સંતબાલજીનો સંદેશો પહોંચાડ્યો. રજપૂતો, કોળીઓ ભરવાડો, કણબીઓ પછાત જાતિઓ અને બહેનો શાંતિકૂચમાં સામેલ થયાં. જેઓનું ઘડતર સશસ્ત્ર સામનાની પરંપરાથી થયું હતું તેઓ આજે અહિંસાની તાલીમ લેવા આવ્યાં હતાં, ટોળાશાહીની જબરજસ્તીનો અહિંસક સામનો કરવા આવ્યાં હતાં. સમાજને ટોળાના આક્રમણમાંથી બચાવવાના નારા લઈને આવ્યાં હતાં કે—

"ટોળાશાહી નમાવે જો, હિંસા-ધાકે સમાજને,
કરો શાંત પ્રતિકાર, સંઘ, મંડળ, સૈનિકો."

સંઘ અને મંડળના સૈનિકો અમદાવાદના રસ્તામાં નારા ગજવતાં ફર્યાં. ખેડૂત મંડળ, ગોપાલકમંડળના સભ્યો

પ્રાયોગિક સંઘના કાર્યકરો, શાંતિસૈનિકો અને મહિલાઓને પણ સુધરેલા અને સંસ્કૃત ગણાતા શહેરીજનોએ કડવાં-કટુ વેણો કહ્યાં, બીભત્સ ગાળો આપી, ખૂનસ ચેષ્ટાઓ કરી, ધક્કે ચડાવ્યાં, ગડદાપાટુ માર્યાં, કપડાં ખેંચી લેવા અને નગ્ન કરવા સુધીની કોઈકે હેવાનિયત બતાવી, કોઈએ ઢોર છૂટાં મૂકી ડરાવ્યા, તુચ્છકાર અને અપમાનથી ઉશ્કેરવા મથ્યા, પણ જેના ખમીરમાં ખૂનસ ભર્યું હતું તેવા ગ્રામજનોએ પ્રતિકારમાંય કડવું વેણ પણ ન ઉચ્ચાર્યું. પૂરી મક્કમતા છતાં સહિષ્ણુતા અને નમ્રતા બતાવી. એક પછી એક ટુકડીઓ આવતી ગઈ. એમણે ટોળાંશાહીના જુલ્મો અને આક્રમક બળોની સરમુખત્યારી ઉઘાડી પાડી. ગામડાના લોકોના નીડર અહિંસક સામનાથી શહેરના સમજણા માણસોમાંયે હિંમત આવી. એ પણ સરઘસમાં ભળવા લાગ્યા. કોંગ્રેસમેનને ગ્રામશક્તિનાં શિસ્ત અને સામર્થ્યનું ભાન થયું. પ્રાયોગિક સંઘ, ખેડૂતમંડળ અને નાનચંદભાઈ સંચાલિત શુદ્ધિ–સમિતિએ લોકઘેલછા અને સામાજિક ઉત્તેજનાના નશાના ગાંડાતૂર પૂર સામે ગામડાં, પછાતજાતિઓ અને મહિલાઓની સુસજ્જ શક્તિને ઘડીને જાહેર જીવનમાં તેને પ્રતિષ્ઠા અપાવી. જે ગામડાંની પછાત કોમો અને સ્ત્રી-જાતિનો અવાજ સંભળાતો ન હતો ત્યાં તેને ગૌરવયુક્ત માન અને સ્થાન મળ્યું. ખરેખર–

પછાતો, ગામડાં, સ્ત્રીઓ, સુયોગ્ય સ્થાન પામશે;
ત્યારે આ રાષ્ટ્રમાં, નિશ્ચે નિત્ય વિજય મળશે.

સંતબાલ

તોફાનો ઘટવા લાગ્યાં. કોંગ્રેસે પણ કોંગ્રેસ હોલમાં સભા રાખવા હિંમત કરી. આગેવાનોએ સંઘને બિરદાવ્યો. પછાતો, ગામડાં અને સ્ત્રીઓનું સંસ્કરણ, નવજાગરણ ને શુદ્ધીકરણ કરવાના કાર્યમાં ઓતારિયાના પ્રવેશથી માંડીને સાણંદ શુદ્ધિપ્રયોગ સુધી પૂ. નાનચંદભાઈએ પોતાનાં સર્વ કરણો, સાધનો ને ભાવો સત્‌ને સમર્પિત કર્યાં હતાં. એમના એ સમર્પણમાંથી શુદ્ધિપ્રયોગની ભૂમિકા મજબૂત અને સુવ્યવસ્થિત બની. શુદ્ધિપ્રયોગ એ ગાંધીજીએ આપેલા સત્યાગ્રહનું સ્વરાજ્યના લોકતંત્રમાં સંશોધિત કરેલું અહિંસાનું સ્વરૂપ જ છે. આજનાં રાજ્ય, સમાજ ને સંસ્થામાં થતી ક્ષતિઓ અને ભ્રષ્ટાચાર નિવારવાનું એ અમોઘ અજોડ સાધન છે. પ્રાયોગિક સંઘે તેને ઘણે સ્થળે અજમાવીને તેની કાર્યસાધકતા અને સફળતાસાધક શક્તિનો અનુભવ કર્યો છે. ક્રાંત સંતનું માર્ગદર્શન, સેવકસંઘની દોરવણી અને સામુદાયિક વિચારણાસભર કાર્યશક્તિના સંકલનથી શુદ્ધ સત્યાગ્રહરૂપી શુદ્ધિપ્રયોગની વ્યાપક અજમાયશ કરવાનું સદ્‌ભાગ્ય પૂ. નાનચંદભાઈને મળ્યું હતું, છતાં હમેશાં યશ તો સંઘને જ આપે છે; કેમ કે, તે કહે છે કે મહારાજશ્રીનું માર્ગદર્શન ને સંઘની શક્તિનું સામર્થ્ન છે માટે જ કાર્ય થાય છે.

ખરે જ એકલો કોઈ, ભલે સમર્થ હો ઘણો;
તો જ કાર્ય કરી શકે, સાથે જો સાથ સર્વનો,

**સંતબાલ**

આવો સર્વનો સાથ મેળવવામાં પૂ. નાનચંદભાઈની સરલતા. નમ્રતા અને મૃદુતા સભર સહજપ્રેમે અગત્યનો ભાગ ભજવ્યો હતો. તે ગુણો એમના સાધનામય જીવનમાંથી પાંગર્યા હતા.

## ૭. બાલમંદિરમાં વત્સલ સેવા

સર્વ રસો મહીં શ્રેષ્ઠ, વાત્સલ્ય રસ માનજો;
વહાવી વિશ્વવાત્સલ્ય, માતૃત્વ વિકસાવજો.

માતૃભાવ વિકસાવવાનું ઉત્તમ સાધન નાનાં બાળકોની નિર્વ્યાજ સેવા અને માતૃજાતિનો સતત નિર્વિકારી સંપર્ક છે. નાનચંદભાઈનાં હવેલી છોડયા પછી બે વર્ષ ગોસેવાની ભક્તિ, ચાર વરસ ગ્રામભક્તિ અને ત્રણ વર્ષ તપોમય શુદ્ધિસાધનામાં ગયાં. એવી શુદ્ધિ પછીનો સહજ ક્રમ શુદ્ધ પ્રેમના પ્રાગટ્ય કે વિશુદ્ધ વાત્સલ્યના વિકાસમાં આવે છે. સાણંદ શુદ્ધિપ્રયોગ પછી સાણંદનું બાલમંદિર સંભાળવાનું નિમિત્ત તે નાનચંદભાઈને સહજરૂપે પ્રાપ્ત થયું અને એ દ્વારા એમનું હૈયું, વાણી અને વ્યવહાર માતા જેવા પ્યારથી નીતરવા લાગ્યાં.

૧૯૫૯–૧૯૬૦ માં બાલમંદિર સંભાળ્યું ત્યારે એના જૂના સ્ટાફનાં પાંચેય બહેનો રાજીનામાં આપી નિવૃત્ત થયાં હતાં. વિદ્યાર્થીઓમાં કેવળ સાત બાળકોની હાજરી હતી. એટલે બધું એકડે એકથી ઊભું કરવાનું હતું. બે માસ દીવાનસંગભાઈ સાથમાં રહ્યા અને નાનચંદભાઈએ ભંગી અને હરિજન બાળકોની ભરતી માટે પ્રયત્ન કર્યો. જાતે જ ભંગીવાસ, હરિજનવાસમાં જતા; નાનાં મોટાંને મળતા અને ત્યાં જ એમણે વર્ગ પણ ચાલુ કરી દીધા. બેત્રણ

માસમાં એમની સરલ તથા નિર્મળ વાણીએ ઘણાંખરાંનો પ્રેમ જીતી લીધો અને ઋષિ બાળકો તથા હરિજન બાળકો બાલમંદિરમાં આવવા લાગ્યાં. માબાપો પણ સહકાર દેવા લાગ્યાં. એ પછી સાણંદ ગામના જુદા જુદા લત્તાનો પરિચય કરવો શરૂ કર્યો. માતાઓ અને બાળકોનો પ્રેમ દિવસે દિવસે વધવા લાગ્યો અને એકાદ વર્ષમાં તો બાલમંદિરમાં સારી એવી સંખ્યા જામી ગઈ. બાળકો તો એટલાં બધાં હેવાયાં થઈ ગયાં કે જે લત્તામાં નીકળે ત્યાં બાળકો પ્રેમથી બાપુ–બાપુ કરી ઘેરી વળવા લાગ્યાં. બાળકો પ્રત્યેના હેતે માતાઓને પણ બાપુ પ્રત્યે આદરથી જોતી કરી. આમ મહિલાઓ અને બાળકો બાપુના વત્સલ રંગે રંગાયાં.

શિક્ષકા બહેનોની ભરતીનો પણ પ્રશ્ન હતો. બાપુએ ભાવુક અને ધગશવાળાં એક એક કરતાં ચારેક બહેનો શોધી કાઢયાં. એક બહેનને તો એની ભાવના-ભક્તિમાં ખૂબ સહાયભૂત થઈ સંયમ તરફ વાળવાના પ્રયત્નમાં પણ ખૂબ મદદ કરી. એ બહેનમાં ધીમે ધીમે આવડત વધવા લાગી અને બીજા બહેનોએ તેની મદદમાં રહી બાલમંદિરના કામને ઉપાડી લીધું. નાનચંદભાઈની કાળજી, કાર્યકર્તા બહેન પ્રત્યેનું વાત્સલ્ય અને માતા જેમ દીકરીને તૈયાર કરે તેમ પ્રત્યેક વાતમાં કેળવવાની સાવધાનીએ શિક્ષિકા બહેનો તૈયાર થઈ ગયાં, તેમણે બાલમંદિરની બાબતમાં નાનચંદભાઈને નચિંત કરી દીધા.

૧૯૬૨ ના ફેબ્રુઆરીમાં એમનું આંતરમન અંતર્મુખ બનવા લાગ્યું. ત્યાગ-વૈરાગ્યનો રંગ ઘૂંટાવા લાગ્યો અને એક વર્ષમાં બાલમંદિરની બધી જવાબદારીમાંથી મુક્ત થવાનું એમણે સંઘને જણાવ્યું. બાલમંદિરના ચોકમાં જ ઝૂંપડી કરી રહેવા લાગ્યા. ગામમાં ભોજન માટે બોલાવે તો જતા અગર ભાખરી શાક બનાવી લેતા. વેતન લેવાનું પણ બંધ કર્યું હતું—અને ત્યાગ—વૈરાગ્ય પ્રત્યે એમના અંતઃકરણે દોટ મૂકવી શરૂ કરી. ખાનપાન, રહનસહન બધાને ત્યાગ અને વૈરાગ્યને મૂલે મૂલવવાના ગજને જ એમણે પ્રાધાન્ય આપ્યું. અને ૧૯૬૩ ના ફેબ્રુઆરીમાં તો એમણે એ દિશામાં પ્રયાણ આદર્યું.

### તાદાત્મ્ય અને તાટસ્થ્ય

આપવી પ્રેરણા શ્રેષ્ઠે, લઈ કામ બધાં કને;
સાધે તાદાત્મ્ય તે સૌથી, તાટસ્થ્ય તોય ના ચૂકે;
રહે તટસ્થ નિર્લેપી, છતાં તન્મય સર્વમાં;
તેવા સંત બાળો નિશ્ચે, જરૂરી જગમાં સદા.

**સંતબાલ**

નાનચંદભાઈના શ્રેષ્ઠ ગુણ દીપી નીકળે છે એમનાં તાદાત્મ્ય અને તટસ્થતામાં. નાનચંદભાઈએ બાલમંદિરના સક્રિય સેવક તરીકે ભલે નિવૃત્તિ લીધી પણ પ્રેરક બળ તરીકે તો તે આજ સુધી રહ્યા જ છે. એમનું વાત્સલ્ય જ માતા જેવું નિર્મળ હતું. એટલે બાળકો, વાલીઓ અને કાર્યકરની સાથે સહજ રીતે તે તદાકાર બની ગયા હતા;

તેમ સંસ્થાના દેહ અને આત્મા સાથે પણ એમણે તાદાત્મ્ય સાધેલ હતું. એટલે સંસ્થાનું સત્ત્વ અને શુદ્ધિ જળવાય તે માટે સતત જાગૃત રહેતા હતા. એક બાજુથી અઢળક પ્રેમ, પુષ્પથીયે પણ કોમળ હૃદય અને બીજી બાજુથી જો સંસ્થા પ્રત્યે બેપરવાઈ કે બેવફાદારી જણાય તો સંત્રીની જેમ "આલબેલ" પોકારી જ હોય. જો ક્યાંય ક્ષતિ કે બેઈમાનદારી થાય તો કડક આલોચના અને કડવાં લાગે તેવાં પગલાં લેતાં પણ ન અચકાય. માતા જેમ કડવી દવા પાઈને બાળકને નરવું કરે છે તેમ તન, મન કે વ્યવહારમાં ક્યાંય અસ્વચ્છતા, અશુદ્ધિ કે અપ્રમાણિકતા દેખાય તો તેને સુધારવા સદાય તત્પર રહે. એમાં કોઈની લેશ પણ શેહ-શરમ ન રાખે. ગોળ-ગોળ વાત ન કરે, પણ સ્પષ્ટ અને સચોટ વાત કરી સામાનાં તન, મન અને વ્યવહારને શુદ્ધ કરે. તેમનો સ્નેહ નિર્મળ પણ રાગાત્મક બિલકુલ નહીં. પોતાના પ્રિયમાં પ્રિય શિષ્ય કે શિષ્યાના ખોટા કૃત્યને લેશ પણ ન છાવરે. ઊલટા તે ન સમજે તો તેમને ઉઘાડાં પાડી સાચે માર્ગે લાવવા મથે. કુસુમ જેવા કોમળ નાનચંદભાઈ જ્યારે દોષ ઉખેળતા હોય ત્યારે કોઈને વજ્ર જેવા કઠોર લાગે, પણ મા જેમ ઠીકરીથી મેલ ઉખેડે છે તેમ તેના લાડકવાયાં શિષ્ય-શિષ્યાને છોલીને પણ વ્યસન અને વ્યવહારની અશુદ્ધિમાંથી પાછાં વાળે. બધાંના ગુણ-દોષ જુએ, શક્તિ-અશક્તિ જુએ, વ્યક્તિગત અને સામાજિક ઉપયોગ જુએ અને વિવેકપૂર્વક તટસ્થ વિવેચક તરીકે જે સાચું લાગે તે કહે ને તે પ્રમાણે વર્તે. આવું તાટસ્થ્ય

તેમના વૈરાગ્યનું દ્યોતક છે. વૈરાગ્યનો સાર જ છે નિરાસક્ત તાટસ્થ્યવૃત્તિ. તેથી જ સંતબાલજી કહે છે કે :

"સર્વ ગુણ મહીં શ્રેષ્ઠ, છે સદ્ગુણ તટસ્થતા;
જગે સક્રિય ને સાચી, દુર્લભ છે તટસ્થતા."

**સંતબાલ**

# ૮. ભાવ-સંન્યાસની સાધના

રહે તટસ્થ નિર્લેપી, છતાં તન્મય સર્વમાં;
એવા સંતબાળો વિશ્વે, જરૂરી જગમાં સદા.
થોડાનો સંગ છોડીને, સર્વનો સ્નેહ ઝંખતા;
તપસ્વી સાધુ એકાંતે, રહી દુઃખો સહે ઘણાં.

**સંતબાલ**

સાણંદ બાલમંદિરમાં કુટીર કરી ગામમાં ઘેર ઘેર ભોજન કરી નાનચંદભાઈ વૈરાગ્યના અંતરંગ ભાવને તટસ્થતાથી નીરખવા લાગ્યા અને જેમ જેમ તે અંતરમાં ડોકિયું કરે તેમ તેમ વધુ અને વધુ ત્યાગના ઉમળકા આવે. ગામ વચ્ચે રહેવાને બદલે નિસર્ગને ખોળે એકાંતે ગામથી દૂર ખેતરમાં રહેવું, મૌન ધારણ કરવું અને અભ્યાસથી આત્મવિવેક વિકસાવવાની એમને લગન લાગી.

## પાંચ મહાવ્રતો અને અન્ય નિયમો

સાણંદથી બે માઈલ દૂર એક ખેડૂતના ખેતરમાં કંતાનની ઝૂંપડી બનાવી ત્યાં મૌનવાસ કર્યો. ગામમાં ભિક્ષા લેવા એક વખત આવે અને સંતબાલજીના આદર્શોને નજર સામે રાખી જીવે. સંતબાલની દીક્ષા, તેનો સ્વાધ્યાય, તેનું કાષ્ઠમૌન, અને સ્વ-પરનું શ્રેય સાધતું વ્રતમય સાધુ-જીવન બધું તેમને પ્રેરણા આપતું હતું અને અંદરના સ્ફુરણથી એમણે મહાવ્રત ધારણ કર્યાં.

અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય વ્રતી હતા;
ધનનો સ્પર્શ ત્યાગીને, પાંચ મહાવ્રતી થયા.
રાત્રિભોજનનો ત્યાગ, મૌન ભિક્ષાચરી વળી;
સ્વીકાર્યો પાદ વિહાર, અને સ્થાન એકાંતમાં.

### તિતિક્ષા

અહોરાત્રિ વધુ કાળ નિવૃત્તિમાં રહે હવે;
મૌન એકાંત અભ્યાસ સાધે વળી દિને દિને.

જ્ઞાનચંદ્રજીને વનની એકાંતનો પહેલો અનુભવ હતો. રાત્રીએ જેમ વનપશુ કે પંખીની તીણી ચીસ ઊંઘમાંથી જગાડી દે, તેમ ઠક્કેરો અને અસામાજિક તત્ત્વોના અણધાર્યા આગમન અને પૂછગાછ પણ ડખલરૂપ લાગે, આરંભના વર્ષમાં તો અખંડ મૌન રહેતું. હાથની સંજ્ઞાથી સમજાવી તેવાં તત્ત્વોને પાછાં વાળી દેવાતાં. બપોરે ભિક્ષા માટે ગામમાં આવતા. જેના ખેતરમાં ઝૂંપડી કરેલ તે ખેડૂતનો પ્રેમ ખૂબ વધતો જ ગયો, તેથી કંતાનને બદલે ત્રણસો રૂપિયા ખર્ચી એણે પતરાંની મઢૂલી બનાવી દીધી. પણ ખેતરાઉ જમીનના ખોળે સૂવાનું એટલે કેટલાંક કુદરતી કષ્ટને સહજ બનાવ્યે છૂટકો. એથી જ તિતિક્ષાને તપમાં સ્થાન મળ્યું છે. ઝેરી કાળો વીંછી તો કોઈ કોઈવાર પથારીમાં આવી જતો અને નાગ પણ ઘણી વાર દેખા દેતો. ધીમે ધીમે એ બધાંથી તન-મન ટેવાવા લાગ્યાં. તેથી ગ્લાનિ ખેદ કે અરતિ મનમાં ન થાતી કે સારા સગવડવાળા સ્થળની ઇચ્છા કે વિકલ્પ પણ ન આવતો.

જીર્ણ કુટિરમાં કો'દી, કીડી ચાંચડ મચ્છર;
ઝેરી વીંછીઓ સર્પો, મંકોડા કદી ઊંદરો;
અંધકારે ભમે પાસે, અંગે કદી અડી જતાં;
ભીતિ સંકોચ કે સૂગ, અરતિ મનમાં નથી;
મહાવર્ષા તુફાનો કે, ધૂળ વંટોળ આવતાં;
ચિત્ત નિસર્ગપ્રેમીનું, કદી અસ્થિર ના થતું.

શરૂમાં જે સ્થિતિ થોડી કષ્ટદાયક લાગતી હતી એ પછી આનંદદાયક લાગવા મંડી.

## જીવસૃષ્ટિ સાથે તાદાત્મ્ય

જેમ જેમ ખેતરમાં રહેવા લાગ્યા તેમ તેમ જંગલનાં પશુ પ્રાણી ને પંખીને તેઓ પ્રેમના લોચને જોવા લાગ્યા.

એક વખત પ્રેમની નજર આવી પછી બધાય પ્રસંગો પ્રેમની આંખે જ આપોઆપ મૂલવાતા જાય છે. જ્ઞાનચંદ્રજીની કુટિર વૃક્ષ નીચે હતી, કુટિર પાસેની ઓટલી લીંપી-ગૂંપીને રાખતા. પણ રોજ રાત્રે પંખીનો મેળો ઝાડ પર જામે અને સવાર થાય ત્યાં ચરક ને હગારથી લીંપેલું બધું બગાડી નાખે. એટલે પંખીને પથરા ફેંકી ઉડાડી મૂકવાનો વિચાર આવ્યો. પથ્થર ફેંકાયો તેથી પંખી ડરીને ઊડીને દૂર બેઠાં. ફરી પથ્થર ઉપાડે છે ત્યાં એમને વિચાર આવ્યો 'ઝાડ તો પંખીનો કાયમી વિસામો છે, એનું ઘર જ. અને તારી ઝૂંપડી તો હમણાં જ થઈ. તેની શોભા માટે પંખીને ઘર વિનાનાં કરાય ? ને તેને તેના ઘરમાંથી ભગાડાય ?'

પ્રત્યક્ષ કે પરોક્ષ વા, પશુ-પંખી દુભાય જ્યાં;
પ્રત્યાઘાત સુસંતોના, હૃદયમાં જણાય ત્યાં.

આ પ્રત્યાઘાતમાંથી સત્ય સૂઝ્યું 'નિસર્ગના ખોળામાં સૌનો સરખો અધિકાર છે. સ્વ-ના સુખ માટે પરને ન પીડાય.' આમ, અંતરમાં ઊગેલ જ્ઞાનમાંથી સાચી દયા સહજ બની ગઈ અને જીવમાત્રને અભય આપતો સિદ્ધાંત હાથ લાગ્યો કે—

"જેવું ચૈતન્ય પોતામાં તેવું જ સૌમાં રહ્યું;
એવા વિવેકથી વિશ્વે સૌ પ્રાણી પ્રત્યે વર્તવું."

**સંતબાલ**

## ભિક્ષાચરી

નાનચંદભાઈ તાપમાં રોજ બપોરે ભિક્ષા માટે નીકળે. ભિક્ષામાં સાદો આહાર, ઘી-તેલવાળા રસાળ ભોજનને બદલે સાદો સાત્ત્વિક ખોરાક લેતા. મિષ્ટાન્ન અને તળેલાં ફરસાણાદિ ન જ લેતા. જૈન મુનિની જેમ ગોચરીથી ભિક્ષા લેતા. એથી ઘણા પરિવારનો સહજ પરિચય પણ વધવા લાગ્યો આ યાચનામાં દીનતા નથી પણ વ્યાપકતા છે.

"યાચના નમ્રતા આવે, મિથ્યાભિમાન જાય છે;
લોકહૃદયનો ઊંડો પરિચય સધાય છે;
ઘટે સંચયનો વ્યાધિ શ્રદ્ધા નિસર્ગની વધે;
તેથી જ ભાવ-સંન્યાસી, શુદ્ધ ભિક્ષા પર જીવે.

## પાદવિહાર

નાણાંના ત્યાગના સંકલ્પ સાથે નાણાંની જરૂર જ ન પડે તેવી સ્વાવલંબી જીવનચર્યા ગોઠવાય તો જ સંકલ્પ લાંબો વખત ટકે. ભોજન-વસ્ત્ર ભિક્ષાથી મળી રહે અને પ્રવાસ પગપાળા થાય તો નાણાંની જરૂર જ ન રહે તેમ માની પાદવિહારનો સંકલ્પ પણ કર્યો. સાથોસાથ માંદગી કે અણધાર્યા સંયોગોમાં છૂટછાટની આવશ્યકતા સમજાતી હતી પણ આરંભમાં તો પાદ વિહાર પર પૂરું બળ લગાવવાની દૃષ્ટિએ અપવાદને સ્થાન જ ઓછું આપેલ હતું.

વાહને અન્યને ત્રાસ, યંત્રે હણાય સંસ્કૃતિ;
પાદવિહારમાં તેથી, વૃત્તિ જ રાખવી ભલી;
નૈસર્ગિક મળે મોજ, લોકાનુભવ સ્વાશ્રય;
વધુ પ્રમાણમાં માટે લે, એનો ભિક્ષુ આશ્રય;

## સ્વાધ્યાય અને સત્સાહિત્ય

સંત દુર્લભ ને તેથી સમાજ-યોગી દોહ્યલો;
સોનું માટી જુદાં પાડી, સર્વને સ્થાન ચિંધતો;
જે પળે પળ પોતાની, કર્તવ્ય માર્ગમાં ધરે;
સર્વમાં તેમ સર્વત્ર, સમત્વ સાચવ્યા કરે.

આ યુગ સમાજ-યોગીનો છે, અને એથી જ એવા યોગીના અનુભવોનું વાંચન શાસ્ત્રરૂપ બની જાય છે કેદારનાથજીનું સાહિત્ય એ કોટીનું છે. 'વિવેક અને સાધના'થી આરંભી એનું વ્યવહાર શુદ્ધ કરતું સાહિત્ય હૃદયને સત્ય ને

વિવેકથી રસી દે છે. તેને પરિપુષ્ટ કરે છે કિશોરભાઈની 'જીવનદૃષ્ટિ'નો પ્રકાશ પાથરતું સાહિત્ય. નાનચંદભાઈ હવે જ્ઞાનચંદ્રજી બન્યા એમણે નાથજી અને કિશોરલાલ-ભાઈને પહેલા વાંચ્યા. અને એમના અજવાળે ગાંધીજીના સાહિત્યે એમને જીવંત દૃષ્ટિ, વ્યાપક ભાવના અને વાસ્તવિક દૃષ્ટિના પ્રયોગોથી પ્રોત્સાહિત કર્યા. ગાંધીજીના ગુરુ સમા શ્રીમદ્ રાજચંદ્રના પત્રોનું વાંચન એને ઉત્તમ પાથેયરૂપ લાગ્યું. આ સાહિત્ય ફરી ફરી વાંચ્યું. તેના અર્ક જેવું લાગ્યું તેની નોંધો કરી. એ નોંધ પર સતત ચિંતન-મનન ચાલતું અને એની પણ ટૂંકામાં ટૂંકી યાદી થતી. એમના વાંચનનો ઝોક જીવનનું પ્રત્યક્ષ ઘડતર કરે તેવાં જીવનચરિત્રો, અનુભવી પુરુષોના અનુભવ અને પુરુષાર્થ પર વધારે હતો. તાત્ત્વિક શાસ્ત્રીય ચર્ચામાં ન તો તેમને રસ હતો ન એટલી શિક્ષાની તૈયારી હતી; કેમ કે તે માનતા હતા કે—

વ્યાકરણ છંદો ન્યાય, વૈશેષિક વ્યવહારાદિનાં;
શાસ્ત્રોતણું હો જ્ઞાન તોપણ, શીલ ઉત્તમ સર્વમાં.

એથી જ જેનાથી સદ્‌ગુણ વધે, શીલ વધે, દિવ્ય ગુણ વધે, તેવા વાચનને જ તે પ્રાધાન્ય આપતા હતા, તેમને ભાગવતમાંથી જે પ્રેરણા મળી તે પરથી એમને સ્પષ્ટ થયું કે ભાગવત રામાયણ જેવું કથા-સાહિત્ય બાળકો, બહેનો અને ગ્રામવાસીઓના હૃદય-ઘડતરમાં ઉત્તમ શિક્ષક જેવું કામ કરે છે. સંતલાલજીના અભિનવ રામાયણનું તો એમને રટણ થઈ ગયું હતું. ભાગવત પર

જુદા જુદા કથાકારના ભાવો પણ માણતા. પૂ. ડોંગરેજી, માધવતીર્થ, કૃષ્ણશંકરશાસ્ત્રીજી વગેરેની શૈલી તેમને ગમતી. સંતબાલજીના 'જૈન દૃષ્ટિએ ગીતાદર્શન' પર વાંચન-ચિંતન કરી સંક્ષેપ નોંધ પણ તૈયાર કરી હતી. સ્વયંને જે સૂઝતું તેની પણ નોંધ રાખતા હતા. જે વાંચે તેની પોતાના જીવન સાથે તુલના કરતા અને સુઅધ્યાયને સ્વાધ્યાયરૂપે પચાવતા હતા, પચેલાને જીવનમાં ઉતારતા હતા. આથી એમનામાં જ્ઞાન અને આચરણ વચ્ચેનો સુંદર સુમેળ જોવા મળતો હતો, એ જ વાંચનની વિશિષ્ટતા હતી.

## સિદ્ધનાથ મહાદેવ પાસે કુટિર

સર્વાંગી સાધના માંહીં, એવો કો કાળ આવતો,
એકાંતે મૌન સેવીને, આત્મા ઊંડાણમાં જતો.
છોડે છે સંગ સૌનો જે, તેને નિસર્ગ ગોદ દે;
ભેટાવે માતૃરૂપે ત્યાં, પ્રેમામૃત નિમિત્ત કે.

**સંતબાલ**

કાશીરામભાઈના ખેતરમાં પૂર્ણ મૌનથી એક વર્ષ રહી પછી સાણંદ નજીક સિદ્ધનાથ મહાદેવના મંદિર પાસેની રૂખડાનાં છાયાની ઓથે ઝૂંપડી બાંધી નાનચંદ-ભાઈ ચારેક વરસ ત્યાં જ રહ્યા. તેઓ આઠ કલાક મૌન રાખતા. ભિક્ષા માટે ગામમાં આવતા. સત્સંગ નિમિત્તે પ્રાર્થના પછી, કે ગામની અનુકૂળતા પ્રમાણે આઠ કલાકના મૌન પછી ક્યારેક વાર્તાલાપ આપતા હતા. એમનો અંત-રંગ વૈરાગ્ય, એમનું સતત્ વહેતું વાત્સલ્ય, એમની સર્વ-

જનમાં રહેલી સમદર્શિતાની ઝલકે અને મન, વાણી અને કર્મની સત્યમય એકરાગતાએ કેટલાંક ભાવુક હૃદયનું તેમના પ્રત્યે ખેંચાણ વધાર્યું. તેઓ એમની કાળજી રાખવા લાગ્યા. ત્યારે જ્ઞાનચંદ્રજીએ કહ્યું : 'મારી નહીં, મારી વાતની કાળજી રાખો.' એમની વાત એટલે સત્સંગનો રંગ વધારવાની વાત, એમની વાત એટલે દીનદુખિયારાની મદદે જવાની વાત, એમની વાત એટલે શાળાના શિક્ષણની સાથોસાથ બાળકને ધર્મનું અને સંસ્કૃતનું શિક્ષણ મળે તે વાત, એમની વાત એટલે જીવનમાં સંયમ અને સદ્ભાવના વધે તેવા વ્યવહારની વાત. આ બધી વાત પર અંદરોઅંદર વિચારવિમર્ષ થયો. જ્ઞાનચંદ્રજી તો વાતોમાં નહીં સક્રિય આચરણમાં માનનારા હતા. પરિણામે વિચારને વ્યવહારમાં મૂકવા માટે થોડા સત્સંગીઓ તૈયાર થવા લાગ્યા. તેને તેની ભૂમિકા પ્રમાણે તેઓ માર્ગદર્શન આપતા હતા.

### પગપ્રવાસ અને સમાજદર્શન

ચિરો ખરા વૈરાગી થૈ, સદ્ગુરુરૂપ વિશ્વમાં;
તત્ત્વબોધ લઈ સાચો, આચરો આચરાવવો;
પાખંડ રૂઢિ ભેદીને, સત્ય ગ્રહવું દોહ્યલું;
માટે વિવેકની આંખે, સર્વત્ર ભાળવું ભલું.

એક વરસ કાશીરામભાઈના ખેતરમાં સંપૂર્ણ મૌન અને એકાંતમાં; ચાર વર્ષ સિદ્ધનાથ મહાદેવ પાસેની કુટિરમાં આઠ કલાક મૌન અને સત્સંગ ચર્ચામાં ગાળ્યાં. પછી સ્વયં નિવૃત્ત રહી સદ્ગૃહસ્થોને સેવા-પ્રવૃત્તિમાં પ્રેર્યા.

પછી એમણે ચારેક વર્ષ પગ-પ્રવાસમાં ગાળ્યાં. આત્મ-દર્શન પછીનું પગથિયું અનંતનાં દર્શનનું, સમષ્ટિતાના દર્શનનું આવે છે. આ સોપાનને સ્વાભાવિક ક્રમમાં જ ચડવા લાગ્યા. સૌરાષ્ટ્ર, વીરમગામ, અને અમદાવાદ જિલ્લાનાં ગામડાંમાં એમણે પ્રવાસ કર્યો. જુદી જુદી રચનાત્મક સંસ્થાઓ, સાર્વજનિક સંસ્થાઓ, ગૌશાળા, પાંજરાપોળો, સેવા-સંસ્થાઓ, શિક્ષણ-સંસ્થાઓનો સંપર્ક સાધ્યો. તેના કાર્યકરો, સેવકો, કર્મચારીઓ, શિક્ષકોના મીઠા પરિચયમાં આવ્યા. ઉપરાંત બાળકો, માતાઓ અને ખેડૂતો, શ્રમજીવી ઉપરાંત દરેક સ્થળે હરિજન-ભંગીવાસમાં જઈ તેમની સાથેના હૃદયનો સંપર્ક સાધી તે અંતરના તાર સાંધતા જતા હતા. આઠ કલાક મૌનમાં ગાળે, સાદા આહારની ભિક્ષાચરી લે. શાળાના, મહાશાળાના કે માધ્યમિક શાળાના-વિદ્યાર્થી-શિક્ષકોને સંબોધે. બની શકે તો બપોરના બહેનોની સભા પણ રાખે અને રાત્રે પ્રાર્થનાસભા ને પ્રવચન આપે. સર્વત્ર ગુણ જોવા, ઈશ્વર સ્મરણ, માબાપનો વિનય, સંયમનું પાલન, પરોપકારનાં કાર્ય કરવાં અને પાખંડ અન્યાય વગેરેનો સત્ય અને પ્રેમ જાળવી પ્રતિકાર કરવાની વાત તે બધે સમજાવતા. ચોમાસાના ચાર માસ એક સ્થળ રહી ચિંતન, મનન ને વાંચન કરતાં કરતાં લોક-સંપર્ક ગાઢ કરતાં વાસણા, વલાદ, ધાકડી – ત્રણ સ્થળે ચાતુર્માસ કર્યાં. આમ—

આઠ માસ ફરી ગામે, પગે વિહરતા હતા,
ચાર માસ રહી ઠામે, દેહ થાક ઉતારતા;

કથા-સત્સંગ આપીને, લોક-ઉદ્યોત સાધતા,
અનુભવો થતાં તેનો, ખરો નિચોડ કાઢતા.

આ અનુભવના નિચોડરૂપે એમણે 'સમાજદર્શન' નામનું પુસ્તક પણ લખ્યું છે.

સમાજને જોવાની સંતોએ આંખ આપી છે. સમાજના વિકારને છોડીને ગુણને ગ્રહણ કરનારી હંસદૃષ્ટિ જ પ્રત્યેકમાં રહેલા પ્રભુને પિછાને છે.

પરાયા ગુણ પેખે છે, દોષો દેખે નહીં કદી;
પોતાના દોષ દેખીને, કાઢે તે સંતની મતિ.

**સંતબાલ**

## સમત્વયોગી સેવામૂર્તિ દાદાજી

દાદાજી એટલે ડૉક્ટર રણછોડરાય ત્રિભોવનદાસ ભટ્ટ. ધોલેરામાં ડૉક્ટર તરીકે એમણે ખૂબ જ લોકચાહના મેળવેલી. અનેક દીનહીન અને ગરીબોની એમણે હૃદયપૂર્વક સેવા કરી હતી. નાનચંદભાઈના પરિવારનું એ કુટુંબના સ્વજન હોય તે રીતે ધ્યાન આપતા. મોટું ઓપરેશન હોય, કે નાની મોટી માંદગી હોય કાંઈ પણ ફી લીધા વિના એમની સેવા હાજર જ હોય. નાનચંદભાઈના ધાર્મિક વિકાસમાં પણ એમનું સ્થાન હતું. તે હૃદયના કોમળ અને પ્રેમાળ તો હતા જ પણ એમની ઈશ્વરનિષ્ઠા અને જે મળે તેનાથી સંતોષ પામી સૌ સાથે સમભાવ રાખનારી વૃત્તિ, ક્ષમા, દયા વગેરે સદ્ગુણોને લઈને નાનચંદભાઈ એમને પૂજનીય માનતા હતા. દુષ્કાળ વખતે ગાયોની મદદે રહેવામાં અને જળ સહાયક સમિતિમાં એમણે ભાગ

ન. પ્રા. સંઘને સેવા આપી હતી. શિયાળ વિશ્વવાત્સલ્ય ઔષધાલયમાં પણ બે વરસ કામ કરી ગયેલા. કરજ કરીને પણ ગરીબ-ગુરબાંને મદદરૂપ થવા જેટલા એ વત્સલ હૃદયના હતા. અને ક્ષમાશીલ તો એવા કે કંઈક ગેર-સમજથી કોઈએ એમના પર તલવારનો ઘા કર્યો, જરા ઘવાયા પણ ખરા, છતાં ન તો તેના પર કેસ કર્યો કે ન ઠપકો આપ્યો પણ પૂરેપૂરી માફી આપી.

આવા દાદાજી જીવનનો છેલ્લો આશ્રમ માંડલમાં ગાળતા હતા, સેવાર્થે જીવતા હતા. એક બાજુથી ફકીરી, બીજી બાજુથી કરજદાર સ્થિતિ અને ત્રીજી બાજુથી માંદગીએ એમને ઘેર્યા હતા, પણ એમના મનનું સમત્વ તો એકધારું ને એકસરખું જ હતું.

જ્યાં જ્યારે જે અનાયાસે સારું-માઠું મળે કંઈ;<br>
રાખે સંતોષ તેનાથી, જગે તે શ્રેષ્ઠ માનવી.<br>
તેવા સમત્વ-યોગીનો, સંયોગ સૌભાગ્ય છે;<br>
સેવાનો લાભ પામે તો, સાધના ધન્ય થૈ જતી.

પ્રવાસ કરતા કરતા જ્ઞાનચંદ્રજી માંડલ આવ્યા. દાદાજીના સત્સંગે આનંદ અને આહ્લાદ આપ્યો. બીજી બાજુથી એમની માંદગી અને એકલતાએ જ્ઞાનચંદ્રજીને વિચાર કરતા કરી મૂક્યા. શું વૈરાગ્ય એકલપેટો હોઈ શકે? પોતાના આત્મહિતનો જ વિચાર કરે અને જે વ્યક્તિ અને સમાજનું પોતાના વિકાસમાં ઋણ છે તે પ્રત્યે બેદરકાર રહે તો તે વૈરાગ્ય ગણાય? સમગ્રતાના ખ્યાલે વૈરાગ્ય શોભે તેમ વિચારી દાદાજીની સેવા માટે તત્પર

થયા, અને તેમની સેવા લેવાની દાદાજીની ઇચ્છા પણ હતી. એટલે છૂટક છૂટક આઠ માસ જેટલું માંડલમાં રહ્યા અને દાદાજીની સેવા કરી, ઋણમુક્તિનો સંતોષ મેળવ્યો.

આ સેવાથી વૈરાગ્યમાં માધુર્યની સુવાસ ભળી. પ્રેમનો પરાગ વિકસ્યો અને વૈરાગ્ય પ્રેમમય બન્યો. સમત્વયોગી સેવાર્થી રણછોડભાઈ અને પ્રભુ-પ્રેમી વૈરાગી જ્ઞાનચંદ્રજી આ મિલનમાં ભગવાનની લીલા નીરખી નીરખીને પ્રભુકૃપાનું સુખ માણી રહ્યા હતા. બંનેની કુદરત કસોટી કરતી હતી. એક ને એકલતામાં સહાયતા મળી અને બીજાને પરિવ્રાજકતામાં પ્રેમળતા મળી, ખરેખર જ્ઞાની કવિએ સાચું કહ્યું છે કે—

ભાવનાની કસોટીમાં, હોય સાથ નિસર્ગનો;
નિસર્ગ મોકલી આપે ત્યાં સહાયક પાત્રને.

**સંતબાલ**

જ્ઞાનચંદ્રજીએ ડૉકટર સાહેબની શુશ્રૂષા તો કરી પણ દાદાજીના દેહાંત પછી જ્ઞાનચંદ્રજી એ 'સેવામૂર્તિ દાદાજી'ના નામે પુસ્તિકા પ્રગટ કરીને જ કૃતજ્ઞતા બતાવ્યાનો સંતોષ મેળવ્યો.

## જીવનયોગી ડૉ. રસિકભાઈ

સિદ્ધાંતે જીવતો નિત્ય, વિશ્વને બોધ આપતો;
મૃત્યુનો ભય જિતે તે, નર અમર જાણવો.
ભૂલવું સર્વ સંસારે, ભૂલવી નિજ જાતને;
પ્રેમીએ વિશ્વમાં માત્ર, પ્રેમની સ્મૃતિ રાખવી.

**સંતબાલ**

જનસેવામાં પ્રભુસેવાનો સિદ્ધાંત માની જેમણે પોતાના જીવન દ્વારા જાતે સતત સેવા કરી, અનેક સાથીદારોને સેવામાં પ્રેર્યા હતા, અખંડ ઈશ્વરશ્રદ્ધાથી તોફાનો, મહામારી અને ભયગ્રસ્ત કોલેરા વિસ્તારોમાં ખડે પગે દહીં પડખે રહી જેમણે મૃત્યુના ભય પર જીત મેળવી હતી, સાત વર્ષની ઉંમરે જેણે વ્યસન ત્યાગનો અને ભરયૌવને સત્તાસંપત્તિને બદલે સેવામય જીવન જીવવાની પ્રતિજ્ઞા કરી, જીવનભર તેનું પાલન કર્યું એવા જીવનયોગી ડૉ. રસિકભાઈ જ્ઞાનચંદ્રજીના પ્રથમ દીક્ષા ગુરુ હતા. તે સગપણથી સગા ભાણેજ થતા હતા, પણ લોહીના સંબંધ કરતાંય બંને વચ્ચે આધ્યાત્મિક સંબંધ વિશેષ હતો. એમનું જળકમળવત્ જીવન સતત ઈશ્વરનું સાન્નિધ્ય ઝંખતું હતું. એની ઈશ્વરદર્શનની લગને જ્ઞાનચંદ્રજીને પણ એ માર્ગે પ્રેર્યા-દોર્યા. કેવળ એ માર્ગે પ્રેરીને જ ડૉક્ટર અટકી ન ગયા, પણ પત્રવ્યવહારથી યોગ્ય પુસ્તકો અને પુરુષોના પરિચયનો પણ નિર્દેશ કરતા હતા. એ નિર્દેશ જ સંતબાલજીને પામવાનું નિમિત્ત બન્યો હતો. પ્રભુભક્તિ, સમાજસાધના અને વૈરાગ્યમાર્ગે વળ્યા પછી એ એમની વિશેષ કાળજી રાખતા હતા. માંદગીમાં મદદે દોડી આવતા અને ઘેર પણ લઈ જતા હતા. આર્થિક રીતે પણ તેઓ નાનચંદભાઈને મદદરૂપ થતા હતા. આમ સંસારે ભાણેજ છતાં તેમનામાં એ માતાનાં દર્શન કરતા. એમના ઉપકાર અને પ્રેમાળ ભાવને યાદ કરીને નાનચંદભાઈ ઘણી વાર રડી પણ પડતા. એવા પ્રેરક પ્રેમળ પાત્રને પરમાત્માએ પોતા

પાસેથી લઈ લીધા. પગયાત્રાની પ્રતિજ્ઞાને કારણે તેમના છેલ્લા દિવસમાં તેમનાથી દીલ્હી પણ ન જઈ શકાયું, પ્રત્યક્ષ શરીર-સેવા દ્વારા ઋણ પણ ન ચૂકવી શકાયું; કેવળ હૃદયમાં તેમનું સ્મરણ ને નયનમાં પ્રેમાશ્રુધારાથી તેમનું તર્પણ કર્યું.

## પ્રેમીના સુકૃત્યની અનુમોદના એ જ સ્મૃતિ

એક બાજુથી એમના સુકૃત્ય અને પ્રેમની સ્મૃતિ અને બીજી બાજુથી કર્મકાનૂન અને નિસર્ગમૈયાની અનુ-ભૂતિએ જ્ઞાનચંદ્રજીના વૈરાગ્યને વધારે જ્ઞાનગર્ભિત અને સુદૃઢ કર્યો.

શાશ્વત સૂત્ર સંસારે, સૌને લાગુ પડેલ છે;
સૌ સૌનાં ભોગવે કર્મો કર્મ કો'ને ન છોડતું;
સંસારી જીવસૃષ્ટિને કર્મો અર્પે સુખો દુઃખો;
નૈસર્ગિક જગતતંત્ર, ચાલે છે જ્ઞાનથી જુઓ.

આ જ્ઞાન દૃષ્ટિએ એમને નિસર્ગમાં વધારે શ્રદ્ધાળુ અને કર્મના કાનૂનને વિજ્ઞાનથી જોતા કર્યા. કર્મના કાનૂનમાં સંતબાલે એક નવી દૃષ્ટિ આપી હતી તે એ કે કર્મને ભોગવવા-ખપાવવામાં અને ખંખેરવામાં માનવીય પુરુ-ષાર્થનો ઘણો મોટો હિસ્સો છે. એટલે કર્મનું નામ લઈ અકાર્મણ્ય કે પ્રમાદ ન પોષતાં વ્યકિતગત અને સામુ-દાયિક પુરૂષાર્થ કરતા જ રહેવું જોઈએ. કેમ કે—

છે વ્યક્તિ યથા કર્મો, સામુદાયિક છે તથા;
વ્યક્તિ તથા સમુદાય, ભોગવે તે યથા-તથા.
છે કેટલાંએક કર્મો, સંગઠિત પ્રયત્નથી;
પલટો શીઘ્ર પામે છે, સમૂહ ચેતના થકી.

ડૉ. રસિકભાઈએ જીવનભર સમૂહચેતના દ્વારા સમૂહ-સેવાધર્મ બજાવવાનું કામ કર્યું હતું. સમૂહ-ચેતનાને જાગૃત કરવા, જાગૃત થયા પછી તેને સત્કાર્યમાં જોડવા, અસત્કાર્યનો પ્રતિકાર કરવા તેમ જ પ્રભુ પ્રત્યે વાળવા ને દોરવાનું કાર્ય સંતો, સાધુ અને ભક્તોનું છે. એ વાત પૂરેપૂરી જ્ઞાનચંદ્રજીને સ્પષ્ટ થતાં પગપ્રવાસ પૂરા થયા પછી સાણંદમાં સામૂહિક સદ્ભાવના અને સંયમની વૃદ્ધિ થાય તેવા સામુદાયિક સંઘ-પુરુષાર્થમાં પોતાની અંગત અને વ્યક્તિ સાધના જોડીને જ વૈરાગ્ય માર્ગે આગળ વધવાનો નિર્ણય કર્યો. એ નિર્ણયમાંથી પાંગર્યો આધ્યાત્મિક આંતરિક મંડળનો સેવા-સંસ્કાર. જોકે ડૉ. રસિકભાઈએ સાણંદમાં પ્રત્યક્ષ કામ નથી કર્યું, પણ આધ્યાત્મિક આંતરિક મંડળના પ્રેરક જ્ઞાનચંદ્રજીની જનસેવાની ભાવનાનો મૂળ સ્રોત જ ડૉ. રસિકભાઈ રહ્યા છે. એટલે જ્ઞાનચંદ્રજી દ્વારા જ્યાં સુધી એ ભાવનાની સુવાસ મંડળમાં મઘમઘતી રહેશે, ત્યાં સુધી રસિકભાઈની સ્મૃતિ અવ્યક્તરૂપે રહેવાની જ છે. 'પ્રેમળ જ્યોતિ'માં 'આદર્શ મૂર્તિ દીક્ષા ગુરુ' નામે લેખ લખીને જેમ પોતાની ભાવાંજલિ અર્પણ કરી સ્થૂલ ઋણ અદા કર્યું, તે જ રીતે સામૂહિક સેવા-ઉપાસના અને સંયમની ભાવનાનું માધ્યમ આધ્યાત્મિક આંતરિક મંડળ બની રહે તેવી શુભેચ્છાથી તેઓ મંડળને સદાય પ્રેરતા ને દોરતા રહી તેમના પ્રત્યેનું સૂક્ષ્મ ઋણ પણ અદા કરી રહ્યા છે જ.

## સંન્યાસ-દીક્ષા

દીક્ષા પંથ નથી સહેલો, દીક્ષામાં યોગ્યતા ખપે;
જ્ઞાન-ગર્ભિત વૈરાગ્ય, વિના દીક્ષા નહીં દીપે.

એક વખતે ખાદીની જરૂર હતી. ભંડારમાં સફેદ ખાદી ન હતી. ભગવા જેવી કોકટી ખાદી મળી તેનો સ્વીકાર કર્યો. તે ધારણ કરતી વખતે સ્વામી માધવ-તીર્થજી યાદ આવી ગયા. એમણે ભગવાં ધારણનો સંકેત કર્યો હતો, પણ પહેલી પાત્રતા પછી વસ્ત્ર-પરિધાન તેવી માન્યતાને કારણે હજુ ભગવાં નહોતાં ધારણ કર્યાં. પણ ભગવાંના સ્પર્શે હૃદયમાં રહેલી સંન્યાસની ભાવનાને મહોરાવી અને સહજ પ્રસન્નતાથી ભગવાં વસ્ત્ર ધારણ કર્યાં. તેની જાણ પૂ. સંતબાલજીને કરી. એમાંથી મધુર વિવાદ ઊભો થયો. પૂ. સંતબાલજી કહે કે, "સંન્યાસની વિધિસર દીક્ષા લઈને પછી વસ્ત્ર ધારણ કરો." જ્ઞાનચંદ્રજી કહે, 'જે કંચનને ન સ્પર્શે, વૈભવ વિલાસથી દૂર રહે, પગ વિહાર ને ભિક્ષાના પ્રેમી હોય, જેનો વૈરાગ્ય તેના ત્યાગમાં સાક્ષાત્ દેખાતો હોય, દમામ, ચમત્કાર અને બાહ્ય દેખાવથી દૂર ભાગે અને અંતરમાં ભગવદ્ ભક્તિથી ભરેલો હોય તેવો પુરુષ મળે તો જરૂર ગુરુ કરું'. તેવા ગુરુની રાહમાં અગિયાર વરસ નીકળી ગયાં. જ્ઞાનચંદ્રજી સંન્યાસ-ભાવમાં મસ્ત રહે. જગત 'બાપુ કે સ્વામીજી' કહે પણ સંતબાલજી તો તેમને નાનચંદભાઈના નામે સંબોધે અને જ્ઞાનચંદ્રજીના મનમાં પણ સંતબાલજીને કેમ સંતોષ ને સમાધાન આપવું તેનું મંથન થવા લાગ્યું. એવામાં

સત્યમિત્રાનંદજી સાણંદ પધાર્યા. સ્વામીજીનું જીવન, કવન, કથન અને ત્યાગ પ્રભાવ પાડે તેવાં હતાં. એમની સાથે પૂર્વ પરિચય પણ ખરો. એટલે જ્ઞાનચંદ્રજીએ એમની પાસે મનની વાત મૂકી. એ સહસા બોલી ઊઠ્યા, “તમે સંન્યાસી જ છો ! જે પ્રભુને સમર્પિત થયો છે, એ પ્રેમ-સંન્યાસથી સદાનો સંન્યાસી છે.” એમ કહી જ્ઞાનચંદ્રજીના સ્વયંસંન્યાસને એમણે વધાવી લઈ આશીર્વાદ આપ્યા એમના સંન્યાસને માન્યતા મળી ગયાની જાણ પૂં. સંતબાલજીને થઈ ત્યારે તે ખૂબ જ ખુશ થયા. નાનચંદભાઈ જ્ઞાનચંદ્રજી બની ગયા. એ હવે સંઘ સંપ્રદાય કે સમાજના ન રહ્યા. એ સર્વના બની ગયા અને સર્વને સ્વધર્મ પ્રત્યે પ્રેરવા લાગ્યા.

## દ્રવ્યથી સંન્યાસી : ભાવથી મુનિ

સર્વ બંધનથી મુક્ત, દ્રષ્ટા વિશ્વ-હિતેચ્છુ જે;
તે મહામુનિનાં વેણ, સૌમાં સ્વધર્મ પ્રેરશે.
પ્રતિષ્ઠા પ્રાણ ને બીજાં, સાધનો સર્વ ત્યાગવાં;
સદા તૈયાર જે તેઓ, નક્કી સ્વ-ધર્મ સાધતા.

જ્ઞાનચંદ્રજીમાં પ્રાણ, પરિગ્રહ અને પ્રતિષ્ઠા હોમવાની તાલાવેલી અને તેવડ બંને હતાં. સર્વ સંબંધનાં બંધનની આસક્તિ છૂટી ગઈ હતી; રહી હતી કેવળ શુદ્ધ પ્રેમની સુવાસ. સંતબાલજીના સંગે વિશ્વ-હિતની દૃષ્ટિએ વિચારતા અને વિચરતા થયા હતા. એવા સુપાત્ર સંન્યાસીની સંત-ચરિતતાને સંતબાલજીએ પ્રમાણી હતી. નાનચંદભાઈમાંથી

હવે સંત જ્ઞાનચંદ્રજીનું સ્થાન પૂરું હૃદયમાં પ્રવેશ પામ્યું હતું અને તેઓ શ્રી સ્વામી જ્ઞાનચંદ્રજીને નામે સંબોધન કરતા પત્રો લખવા લાગ્યા. જ્ઞાનચંદ્રજીનો બાહ્ય વેશ હિંદુ સંન્યાસીનો, આચાર પણ ભાગવત પ્રેમી સંન્યાસીના; પણ પગવિહાર, ધનસ્પર્શ-ત્યાગ, અને ગૌચરીમાં જૈનાચારની છાયા દેખાય. ભાવમાં તો એમને આપણે ગુણ-દષ્ટિએ મૂલવીએ તો તેની ભાવ-સાધુતાને વંદન કરવાનું મન થાય. જૈન દૃષ્ટિ મુખ્યપણે ગુણલક્ષી અને અંતર્દષ્ટિ છે. એ દૃષ્ટિએ જોઈએ તો પાંચ મહાવ્રત અને રાત્રિભોજન-ત્યાગનું વ્રત એમણે અંગીકાર કર્યું હતું. મન, વચન અને કાયાને સાવધ-કરણીમાંથી મુક્ત કરી, પવિત્ર અને નિર્મળ રાખી પાપથી તેને રક્ષતા હતા. એટલે ત્રિગુપ્તિનું પણ પાલન થતું હતું. મનુષ્ય, પશુ, પ્રાણી, પંખી, જંતુ કે વનસ્પતિ સહિત અકારણ ન દુભાય તેવી સાવધાની તેમનાં હલન-ચલન કે પ્રવૃતિમાં જોવા મળે છે. વાણી સત્ય, મધુર ને હિતકર બોલે છે. ભિક્ષામાં રસ-ત્યાગ અને સ્વાદ-ત્યાગ પર ભાર મૂકી નિર્દોષ ગોચરી વહોરે છે. ચીજ-વસ્તુ લેવા-મૂકવા કે તેની લેવડદેવડમાં વ્યવહાર-શુદ્ધિ અને જાગૃતિ જાળવે છે. મળમૂત્ર, થૂંકવામાં કે નાક છીંકવામાં પણ સ્વચ્છતા અને શુચિનો વિવેક રાખી, પ્રમાદથી સૂક્ષ્મ જંતુ પણ ન વધે તેવી સજાગતા છે. ક્ષમા, સરલતા, નમ્રતા, સંતોષ, સત્ય, ત્યાગ, તપ, બ્રહ્મચર્ય, પવિત્રતા અને અકાંચન્યના ગુણોના વિકાસ માટે સતત પ્રયત્નશીલ છે. અહિંસા, સંયમ અને તપની ત્રિપુટીની આરાધનામાં મસ્ત

છે એટલે મુનિપણાના સત્તાવીશ ગુણો માટેના યત્નાર્થીને ભાવ-સાધુ કે ભાવ-મુની ગણવામાં જૈનની ગુણગ્રાહી દૃષ્ટિને બાધ ન જ હોય. આમ સહજ-પ્રાપ્ત સ્વધર્મ વૈષ્ણવના સન્યસ્તની ઉજ્જવળ ઉપાસના અને જૈનત્વની સમતારૂપી સાધુતાનો સ્વામીજીમાં સુંદર સંગમ થયો.

# ૯. સંન્યાસીના સ્વધર્મ

પરસ્પરાશ્રયી વિશ્વ, એકે એક પ્રવૃત્તિમાં;
સમસ્યા વિશ્વની તેથી, ઊકલે વિશ્વદૃષ્ટિથી;
ધર્મગુરુજનો જ્યારે, વિશ્વપ્રશ્ન ઉકેલશે;
ત્યારે જ વિશ્વમાં ધર્મ, તત્ત્વનું તેજ ખીલશે.

આ વિશ્વને સુખી અને સુંદર બનાવવા માટે ભૌતિક સુખની દૃષ્ટિએ વિચારનારાએ વિજ્ઞાનની મદદથી સંપત્તિ ખૂબ વધે તેવી શોધ કરી છે. ધન અને સત્તાના જોરે વિશ્વના બહુજન-સમાજને અછત અને ખેંચમાં રાખનારી પરિસ્થિતિ દૂર કરવા માટે સંપત્તિવાનની વગવાળી લોકશાહી વ્યવસ્થા, શ્રમજીવીની લશ્કરી સરમુખત્યારીને નામે સમાજવાદી વ્યવસ્થા અને સાંપ્રદાયિક સરમુખત્યારી વ્યવસ્થાનો પ્રચાર થયા કર્યો છે, આજે પોતાની વગ, પકડ અને પ્રભુત્વ વધારવા આ વિચારની પકડ નીચે જૂથો સામસામે યુદ્ધ કરવા ધસી રહ્યાં છે. અણુશસ્ત્રો અને રસાયણશાસ્ત્ર દ્વારા દુનિયા મહાનાશ ભણી ધસી રહી છે. લોકશાહી, સમાજવાદ, કે સાંપ્રદાયિકવાદનાં સ્વરૂપો ભલેને જુદાં હોય પણ તેનું લક્ષ્ય તો બાહ્ય સુખ-સગવડો વધારવી અને કાયદા દ્વારા સમાજ પર સત્તા જમાવનારું તંત્ર ઊભું કરવાનું છે. એટલે તેનો પાયો સત્તા દ્વારા બાહ્ય વ્યવસ્થા અને ભૌતિકવાદનો છે. આ સત્તાવાદ અને

ભૌતિકવાદના વિકારને નિવારવા પ્રાચીન કાળથી ભારતીય સંસ્કૃતિએ આધ્યાત્મિક આંતરિક દૃષ્ટિ મૂકી છે. આજે પણ એના દ્વારા જ વિશ્વ વિનાશમાંથી બચી શકશે તે સૂચવતાં પૂ. સંતબાલજી કહે છે—

ભૌતિક દૃષ્ટિ રાખીને, સંસારે નર સંચરે;
પામવા ભોગ ને કીર્તિ, વિશ્વે અધર્મ આચરે.
ભૌતિકવાદનું જોર, બાહ્ય ભાવ થકી વધે;
અંતર્ભાવો વધી જતાં, બાહ્યતા નાશ પામશે.

**સંતબાલ**

## આધ્યાત્મિક આંતરિક દૃષ્ટિનો પાયો

આધ્યાત્મિક આંતરિક દૃષ્ટિનો પાયો ત્યાગ અને સેવા ઉપર છે. ત્યાગનો આદર્શ રજૂ કરતાં શ્રીવ્યાસજી કહે છે—

કુલાર્થે એકનો સ્વાર્થ, ગ્રામાર્થે કુલ હિતનો;
રાષ્ટ્રાર્થે ગામનો લાભ આત્માર્થે સઘળું તજો;

એક બાજુથી ત્યાગનો આદર્શ અને બીજી બાજુથી મધુરાદ્વૈતની પ્રેમ-સાધના દ્વારા એકબીજા સાથે પ્રેમથી એકરસ કરનારી સેવા-ભક્તિમાં આનંદ માણતી સંયમ-પરાયણ કર્તવ્ય-બુદ્ધિનું ઘડતર ભારતીય સમાજનો પાયો છે. વર્ગ કે વર્ણ સ્વ-કર્તવ્ય પાર પાડીને ચતુવર્ણી સમાજમાં સૌ એકરૂપ અને એકરસ બની જાય તેવાં સંયમ ને શિસ્તથી સમાજની કાયમી શાંતિ ટકે છે. તેથી કહ્યું છે જ—

સૌ વર્ણો સંયમે વર્તે, રાખી પ્રીતિ પરસ્પર;
ત્યારે જ વિશ્વ આખામાં, ટકે શાંતિ નિરંતર.

વિશ્વશાંતિનો પ્રશ્ન પતાવવાની ત્યાગ અને સક્રિય સેવા-સ્વરૂપ પ્રેમની રીત ભારતની આધ્યાત્મિક આંતર-દૃષ્ટિ બતાવે છે. ધર્મગુરુએ આવા ધર્મદૃષ્ટિના પ્રયોગો કરી-કરીને ભૌતિકવાદને પ્રત્યક્ષ પ્રયોગ દ્વારા નવી વ્યાપક ધર્મ-દૃષ્ટિ આપવાની છે. અને તે દૃષ્ટિનો સાર્વત્રિક પ્રભાવ પાડવાનો છે.

નારી-શક્તિ, પ્રજા-શક્તિ, સેવક-સંઘ-શક્તિઓ;
ઘડીને રાજ્ય સંસ્થામાં, પાડે પ્રભાવ સાધુઓ;
આ દેશે સાધુ-સંસ્થાની સદા જરૂરિયાત છે;
તેથી પ્રજા અને રાજ્ય, પોતાના ધર્મમાં રહે.

નારીઓમાં, પ્રજામાં સંયમની શક્તિ ખીલવવાનું કાર્ય સંયમી, નિયમી સેવકોના સંઘ કર્યા કરે તો ત્રણેયની શક્તિ વિકાસ પામે. એથી આધ્યાત્મિક આંતરિક દૃષ્ટિવાળા સેવકોનું ઘડતર કેન્દ્રમાં રાખી પ્રજાને સંયમને માર્ગે ઘડવી જોઈએ. જેમ જેમ પ્રજાઘડતર થતું જાય તેમ તેમ રાજ્યની સત્તાની પકડ આપોઆપ ઘટે તેવી સ્થિતિ સંતો ઊભી કરે છે; કેમ કે—

જ્યાં પ્રજા સંયમી રહેજે, સ્વરૂપ એ રાજતંત્રમાં;
જરૂર કાયદાની તો, અલ્પમાં અલ્પ હોય છે.

## સામે પૂરે દૃઢ સામનો

આધુનિક યુગમાં ભૌતિકવાદનો જુવાળ છે. ખૂબ ખાઓ, પીઓ, ભોગવો અને માણો, જરૂરિયાતો વધારો અને તે મેળવવા ગમે તે રીતે કમાણી કરો, સ્પર્ધા કરો બીજાના ધંધા ભાંગી, તેને ભગાડીને પણ ધન-સત્તા ભેગી

કરો, પ્રતિસ્પર્ધીને કે વિરોધીને ખતમ કરી એકછત્રી સત્તા વધારો-નુંના શોર-બકોરને જોરે હોય છે. રાજ્યો પણ બહુમતીના શોર–બકોર અને ટૂંકી દૃષ્ટિના હિતોને પંપાળીને ચાલે છે. પરિણામે શોષણ, વર્ગવિગ્રહ, યુદ્ધનો ભય, શત્રુના સાચા કે કલ્પિત ભયોએ ઊભા કરેલ હાઉના ડરે પ્રાપ્ત સુખ પણ દુઃખરૂપ બની જાય છે. તંગદિલી, તંગ મન અને તંગ પરિસ્થિતિમાં સંતોષ, સુખ અને શાંતિ હરામ થઈ જાય છે. આ જુવાળના પૂરની સામે જઈને પણ સંતોએ, ધર્મગુરુઓએ પ્રજા અને રાજ્યને સાચે માર્ગે ઘડવાં પડશે, સત્યમાં પૂરા દૃઢ રહીને આંતરિક ગુણો કેળવવા પડશે. તો જ યુદ્ધના મહાનાશમાંથી આ જગતને બચાવવાનું કાર્ય ધર્મસંસ્થા કરી શકશે.

ન યુદ્ધ, રાગ કે દ્વેષ જોશે સત્યાર્થી સંઘ તે;
ને રાજ્યને અહિંસાની દિશાએ દોરશેય તે.

પ્રજા પ્રજા વચ્ચે ગેરસમજો, પૂર્વગ્રહો, રાગ-દ્વેષો અને યુદ્ધ-જ્વર ન વધે તે જોવાનું કામ અને રાજ્યો પણ યુદ્ધને બદલે પરસ્પરના પ્રશ્નો સામસામે બેસીને વિશ્વ-લવાદી વિશ્વ-કોર્ટ કે એવી કોઈ સંવાદી સહકારી પદ્ધતિથી ઉકેલે તેવી વિશ્વસનીયતા વધે તેવા પ્રયત્નો આધ્યાત્મિક માર્ગ-દર્શન આપનારા સત્યાર્થી સંઘો કર્યા જ કરશે. પરિણામે પ્રજાના સંઘો ધર્મભાવના અને ધર્મદૃષ્ટિના પ્રયોગમાં દૃઢ નિષ્ઠા ધરાવતા થશે અને સંતો પણ પરિસ્થિતિના પ્રવાહમાં તણાયા વિના સક્રિય, તટસ્થ, મધ્યસ્થ માર્ગદર્શન દ્વારા પ્રજાને, રાષ્ટ્રને અને વિશ્વને સાચી દોરવણી આપશે. આવું

થશે તો જ વિશ્વમાં યુદ્ધની સમસ્યા હલ થશે અને વિશ્વશાંતિનો માર્ગ હાથ લાગશે. ધર્મગુરુ અને સંસ્થાએ વિશ્વના યુદ્ધનો પડકાર ઝીલીને દૃઢપણે સામનો કરવો જ જોઈએ.

પ્રજાસંઘો અને સંતો, દૃઢધર્મી ન જ્યાં લગી;
જગે સશસ્ત્ર યુદ્ધોની, રહેશે ભીતિ ત્યાં લગી.

વિશ્વ સમસ્યાના ઉકેલમાં આવી દૃઢ આસ્થાને અભાવે ધર્મગુરુ અને ધર્મ-સંસ્થાઓ આજે વિશ્વ-પ્રશ્નમાં પ્રભાવ પાડી શકતાં નથી. તેના મૂળમાં ધર્મ-દૃષ્ટિના પ્રયોગો કરીને અનુભવ નથી લીધો તેથી દૃઢ શ્રદ્ધાનો અભાવ અને સાચા ત્યાગ અને નિષ્કામ સેવાની કચાશ મુખ્યપણે છે. પંખીની જેમ સંપૂર્ણ અપરિગ્રહી રહી નિસર્ગમાં વિહરનાર શ્રમણ સંતોના ઉપાશ્રયોની ભવ્યતા; ગરીબી, બ્રહ્મચર્ય અને સેવાનાં વ્રત લેનાર ખ્રિસ્ત સંતોના ભવ્ય મહેલો જેવા નિવાસો; પસીનાની કમાણી કરી ખેરાત અને દીનની અહલે'ક જગવનાર, ફકીરોના રોજાની રોશની; કંચન-કામિનીના સ્પર્શનો ત્યાગ કરનારા સ્વામિ-નારાયણ સાધુનાં આધુનિક સગવડવાળાં ધર્માલયો; કરતલ-ભિક્ષા અને તરુતલ-વાસની વૈરાગ્ય-લગન લગાડનારા શંકરાચાર્યના શોભાયમાન મઠો અને એ બધાંમાં ઊભી કરેલી ખાન-પાન રહનસહનની સગવડો અને સાધનોએ ત્યાગના આદર્શને ઝાંખો કર્યો હોય તેમ નથી લાગતું ?

વધાર્યે સાધનો, ત્યાગ ઝંખવાઈ જતો જુઓ;
માટે જ જાગૃતિ રાખે, સાચા ત્યાગી સુસાધકો.

આ જાગૃતિના અભાવે સાધુસંસ્થામાં વિકાર પેસે છે. ભભકા, દેખાવ અને સંખ્યાથી જનતાને આંજી દેવાની વૃત્તિ; ચમત્કારો, પ્રલોભનો અને પ્રચારનાં સાધનોથી અન્યને ખેંચનારું વ્યાપારી માનસ; પ્રમાદ; બેપરવાઈ અને ભૂતકાળના વારસાને વટાવી ખાવાની દાનત હોય ત્યાં સાચા ધર્મનો પ્રભાવ ન પડે. જ્ઞાનચંદ્રજીએ એથી સાધુ-સંન્યાસીના જગતને અપીલો કરીને, રૂબરૂ મળીને પ્રેમ-પૂર્વક ત્યાગના, સાદાઈના, પરિશ્રમ ને સાચી સેવાના માર્ગે વાળવા મથામણ કરી છે. પોતે એક ઓરડા જેવડી કુટિર, બેત્રણ જોડી કપડાં, લાકડાનાં ભોજનનાં પાત્ર, એકાદ પાટ, પથારી સિવાય કશો પરિગ્રહ રાખેલ નથી. અને તે વસ્તુઓ પર પણ અંગત માલિકીની મૂર્છા નથી. સીધા કે આડકતરા નાણાનું ભંડોળ નથી રાખેલ. માત્ર સત્યના સંદેશવાહક બનીને વિચર્યા છે. તે માને છે કે સંન્યાસીનું કામ સત્યના સંદેશા ઝીલી શકે તેવું ક્ષેત્ર તૈયાર કરવાનું છે. જ્ઞાનચંદ્રજીએ સાણંદ-ક્ષેત્રનું ખેડાણ સત્યના મિશનને લક્ષમાં રાખીને જ શરૂ કર્યું છે. કેમ કે—

સત્ય મિશનને જ્યાં હો, ત્યાં રહી સાથ આપવો;
તેને સારુ બધાં ક્ષેત્રો, ખેડી સારાં બનાવજો.

**સંતબાલ**

## બ્રહ્મચર્યની પ્રતિષ્ઠા

ન બ્રહ્મચર્યની નિષ્ઠા, પ્રતિષ્ઠિત થશે જગે;
ત્યાં લગી શસ્ત્ર-પૂંજીની, પ્રતિષ્ઠા નહીં તૂટશે.

વિશ્વ–સમાજમાં વ્યાપ્ત, કરવા બ્રહ્મચર્યને;
નવા રૂપે હવે મૂલ્યો, તેનાં સ્વીકારવાં પડે.

સાણંદમાં જ્ઞાનચંદ્રજીએ કોઈ મોટું કામ કર્યું હોય તો બ્રહ્મચર્યની પ્રતિષ્ઠા વધારી તે. વિશ્વમાં પૂંજીવાદ અને સત્તાવાદે જે ભૌતિક સુખ-ઉપભોગ અને જરૂરિયાતો વધારવાનાં મૂલ્યો ઊભાં કર્યાં છે તેમાં શરીર-સમાગમનું સુખ ભોગવવું અને સંતતિનિરોધના કૃત્રિમ ઉપાયો કરી સંતતિ પર અંકુશ રાખવાની વાતનો જોરશોરથી પ્રચાર થઈ રહ્યો છે. મનોવિજ્ઞાન અને વૈજ્ઞાનિક સાધનમાં આધુનિકતાની ફેશન ઊભી કરી દેશભરમાં જે હવા ઊભી થઈ છે એ ભૌતિકવાદની પ્રતિષ્ઠા તો જ તૂટે જો આત્મશક્તિ, આત્મ-સામર્થ્ય અને આત્મ-શુદ્ધિના નિષ્ઠાપૂર્વકના પ્રયોગ કરી આત્મશક્તિનું ભાન કરાવવામાં આવે. આમ, ભૌતિક સુખનાં મોજાં સામે આત્માનંદની નિષ્ઠા કારગત નીવડે તો જ સમાજ નવાં મૂલ્યો પ્રત્યે વળી શકે. જૂનાં બ્રહ્મચર્યનાં મૂલ્યોમાં નરનારીદેહની નિંદા અને અલગતા પ્રત્યે ભાર મૂકવામાં આવ્યો છે. નવાં મૂલ્યોમાં દેહ પાછળ રહેલાં દેહીનાં સૌંદર્ય અને પવિત્રતાને પિછાની જેમ પરિવારમાં રહેલાં ભાઈબહેન આત્મીયતાની ભાવનાથી સાથે રહેવા છતાં એકરૂપ બની પવિત્રતામાં રમમાણ રહે છે તે જ રીતે સ્ત્રી-પુરુષે પોતાનાં શરીર, મન અને ચૈતન્યમાં રહેલા સ્ત્રીત્વ-પુરુષત્વના અંશોનો સંવાદ સાધી માના જેવું હૃદય ઘડીને પૂર્ણ પાવિત્ર્ય પ્રગટાવવું પડશે.

આત્મામાં સુરતા રાખી, પૂર્ણ માતૃત્વ કેળવી;
એકત્વ નર-નારીનું, સાધવું બ્રહ્મચર્યથી.
વિકારો વેગળા રાખી, માણો આત્મ-અભિન્નતા;
માતા પુત્ર પ્રત્યે જેવી, સુમૂલ્યે બ્રહ્મચર્યનું.
લગ્નનો મુખ્ય આદર્શ, જો નારી-નર એકતા;
તો સાચા એક મેળાપે, થાય સંતોષ પૂર્ણતા.
આત્મા તો એક છે સૌનો, આગમો નિગમો વદે;
દિલે દેહે બનો એક, સંધાઈ પ્રેમ સાંકળે.
ભાવ–કદર બન્નેની, બન્નેએ કરવી સદા;
સ્ત્રી–પુરુષ તણા ભેદો, ભૂલી સાધી સુએકતા.
પોતાની સાધના વિશ્વ, ચરણે ધરતાં અહા!
નરનારી તણાં એવાં જોડાં દીપાવશે ધરા.

જ્ઞાનચંદ્રજીએ જ્યાં સુધી સહજ માતૃત્વની દશા પ્રાપ્ત કરી ન હતી ત્યાં સુધી સ્ત્રી-સ્પર્શ વર્જ્ય ગણ્યો હતો. સહજતા પ્રાપ્ત થયે માતૃજાતિના બાળક બની નારીને માતારૂપે જોવા લાગ્યા. પરિણામે પોતે જ માતા જેવા બની ગયા. મલ્લિકજી, સ્વામી આનંદ અને જ્ઞાનચંદ્રજી જેવામાં સ્ત્રીજાતિ પ્રત્યેના નિર્મળ વત્સલ પ્રેમની નિર્દોષ સુગંધ જોવા મળે છે. એમની આંખમાં અમી નીતરતી જોવા મળે છે. તે બ્રહ્મચારીમાં નવા મૂલ્યની રોશની રજૂ કરે છે. પરણેલ દંપતીમાં પણ સંયમ દ્વારા સંતાન-નિરોધ-ની વાત સ્વામીજી સહજ રીતે કરતા અને સંયમપાલનની સરેરાશ રોજની વ્યસન-ત્યાગનો પાંચ વ્યક્તિ અને મર્યાદિત મુદતના સંયમ માટે એક વ્યક્તિ સંકલ્પ કરે તે પછી જ દૂધ વાપરવું. તેમ ન બને ત્યાં સુધી દૂધનો ત્યાગ કરવો. આથી

અનેક સ્ત્રી-પુરુષોએ પોતાના લગ્નજીવનમાં સંયમથી રહેવાની કળા કેળવી. ૧૯ વર્ષ જેટલાં પુખ્ત ઉંમરનાં સ્ત્રી-પુરુષે પૂર્ણ બ્રહ્મચર્યની જીવનભરની પ્રતિજ્ઞા લીધી, તેનો ઉત્સવ ઊજવ્યો. લગ્ન કરતાંય સંયમનો ઉત્સવ અદકેરો ગણાવ્યો. પૂ. વિનોબાજીના તેને આશીર્વાદ મળ્યા અને સાણંદમાં બે વર્ષ આવી સમૂહ-પ્રતિજ્ઞાના ઉત્સવો ઉજવાયા. બહુ નાના પાયા પર એક ગામડાનાં જ કેવળ કોડી દંપતીઓ પૂરતો ભલે આ પ્રયોગ થયો હોય પણ સામા પૂરે ચાલી બ્રહ્મચર્યનિષ્ઠા બતાવી હિંદુ સાધુ-સંતો અને ધર્મગુરુઓ માટે આ ક્ષેત્ર ખેડવાના સાચા પુરુષાર્થની દિશા ચીંધી એમણે જૈન સમાજની જેમ હિંદુ સમાજમાં પણ બ્રહ્મચર્યવ્રતને મહાપ્રતિષ્ઠા આપી પ્રતિષ્ઠિત કર્યું.

## સમૂહપ્રાર્થના અને પ્રવચન-પ્રભાવ

સ્વામીજી જ્યાં હોય ત્યાં સવાર-સાંજ સમૂહપ્રાર્થના અવશ્ય થતી હોય છે. સવારની પ્રાર્થના પહેલાં કેટલીક વખત તો તેઓ પ્રભાતફેરી કાઢતા. એમાં તે એટલા બધા નિયમિત હતા કે તેમને 'ઘડિયાળ' ઉપનામ મળ્યું હતું. બહેનો કહેતાં કે 'અમારે ઊઠવા માટે ઘડિયાળ જોવું જ નથી પડતું. બાપુની પ્રભાતફેરી ને ઘડિયાળના ટકોરા એકસરખાં જ નિયમિત છે.

સ્વામીજીનો પરંપરા-પ્રાપ્ત મંત્ર તો "શ્રીકૃષ્ણ શરણં મમ" છે. એ મંત્રે જ એમને પ્રપત્તિમાં પ્રપન્ન રાખ્યા છે; પણ ધાકડી ગામે પાંચ દિન મૌન વખતે ભગવાનના

સર્વવ્યાપક સગુણ સ્વરૂપનું પણ એમના અંતઃકરણમાં આપોઆપ સ્ફુરણ થયું ત્યારથી એ હૃદય-સ્ફુરિત મંત્ર એમના વ્યક્તિગત અને સામૂહિક સાધનાનું અવલંબન બની ગયેલ છે એટલે સવાર-સાંજની પ્રાર્થનામાં તેનું જાહેરમાં રટણ થાય છે.

હે ભગવાન ! હે કૃપાનિધાન !
હે દયાના સાગર ! હે પ્રેમના ભંડાર !
નમસ્કાર હો, નમસ્કાર હો.

ખ્રિસ્ત, મુસ્લિમ, હિંદુ, જૈન, બૌદ્ધ અને જરથોસ્તીઓએ પ્રભુમાં આરોપેલ ગુણોનો આ ત્રિગુણાત્મક સ્વરૂપમાં સાર આવી જાય છે. કૃપાળુતા અને પ્રેમળતાના સઘન ગુણપિંડ સમા પ્રભુને નમસ્કાર એટલે અંતે ગુણોને પ્રાપ્ત કરવા સર્વાંશે સમર્થતાનો ઉદ્‌ઘોષ કરતો એ મંત્ર સ્વામીજીના હૃદયનું આબેહૂબ પ્રતિબિંબ પાડે છે. પ્રેમ, ક્ષમા અને દયા એમને એટલાં સહજ બની ગયાં છે કે એ જ એમનું વ્યક્તિત્વ છે તેમ કહી શકાય. સ્ફુરણથી આજ સુધી આ મંત્ર એમનું અંતરગાન રહ્યો છે અને જાહેરનું સામુદાયિક સૂત્ર બની ગયો છે. એમની પ્રભુપ્રેમ-સાધનામાં પ્રથમ પ્રભુપ્રેમની પ્રાપ્તિ, પછી ભગવાનની અનહદ દયામય સૌંદર્યના દર્શન અને ત્રીજી ભૂમિકાએ પ્રભુનો પ્રેમમય પ્રકાશ પ્રાપ્ત થયો છે. પ્રાર્થના અને પ્રવચનોએ શ્રવણ દ્વારા શુભ સંસ્કાર સીંચવામાં કેટલો અગત્યનો ભાગ ભજવ્યો છે એ તો એમની નિકટ રહેતાં અને પ્રાર્થનામાં જતાં સત્સંગીઓનાં જીવન દ્વારા નક્કી

થઈ શકે તેવું છે. તેવી વ્યક્તિના જીવનનો પરિચય અત્યારે અહીં આપવો અસ્થાને છે; પણ તે શુભ સંસ્કારી આંગળી-ને વેઢે ગણાય તેટલાં હોય તો ય પ્રાર્થના ને સત્સંગની પતિતપાવની શક્તિનાં સાક્ષીભૂત છે. રાગદ્વેષ, લોભ, મત્સર અને કામક્રોધાદિમાં રગદોળાતા જીવનને પ્રભુપ્રેમ, પ્રમાણિકતા અને પરોપકાર પ્રત્યે લઈ જવાનું સામર્થ્ય અંતઃકરણની પ્રાર્થના અને ઉદ્‌ગારોમાં રહેલું છે — એની એ પ્રતીતિ આપે છે. એટલે જ એ આપણા જેવાને પ્રાર્થનામાં શ્રદ્ધા પ્રેરે છે.

## સંયમ અને સદ્‌ભાવનાનો પ્રચાર

દારૂ અને કેફી માદક પીણાંનો ત્યાગ તો કરવાનો જ હોય; પણ રોજિંદા જીવનમાં ઘર ઘાલી ગયેલાં અને આદતરૂપે વણાઈ ગયેલાં બીડી, સિગારેટ, તમાકુ ખાવાની -સૂંઘવાની કે દાંતે લગાડવાની ટેવ; ચા-કોફી, સિનેમા જેવાં વ્યસન પણ તન-ધનને કોરી ખાતાં હોય છે, મનને ગુલામ બનાવતાં હોય છે. તેમાંથી છૂટવું તે સંયમ છે. જુવાનપેઢી માટે તો તે અતિ જરૂરી છે. એથી વ્યસન–ત્યાગની ઝુંબેશ સ્વામીજીએ શરૂ કરી. આદતનો ચસકો લાગ્યા પછી તેમાંથી છૂટવું કેવું વસમું છે તે સ્વામીજી સંકલ્પ કરનારના ચડવા–પડવા ઉપરથી સમજવા લાગ્યા. એમણે પોતા પર વિચાર કર્યો અને એમને લાગ્યું કે સ્વાદ જીતવાની, જીભ જીતવાની વાત સિદ્ધ કરવી જરૂરી છે.

**અસ્વાદ અને જીભ પર જીત :**

ભગવત્ સાધના વખતે દોઢ માસ જાર-બાજરીનો લૂખો રોટલો અને તેલ-મરચાં વિનાની કઢીથી એમણે ચલાવ્યું હતું. ધોલેરા બોર્ડિંગમાં એકત્રીસ દિવસ કેવળ રોજના ત્રણ શેર દૂધ પર રહ્યા હતા. ગુરુની શોધમાં નીકળ્યા ત્યારે માલસરમાં એક માસ કેવળ ઘઉંના ફણગા પર, ત્રણ માસ દૂધ, શીંગ, ખજૂર ને ફરાળ પણ માગ્યા વિના સહજ મળે તો જ વાપરતા. મિષ્ટાન્ન અને ફરસાણનો તો ત્યાગ કર્યો હતો તો પણ રસનાના સ્વાદ પર વિજય મેળવવાના પ્રયોગો આદર્યા. એમને ગોળ બહુ જ ભાવતો હતો. એક વખત બળદનું એક ટોળું કતલખાના તરફ જતું જોયું ને તેમનું હૃદય રડી પડ્યું. મનોમન નક્કી કર્યું—'જ્યાં સુધી આ ઉપકારી પશુની હત્યા બંધ ન થાય ત્યાં સુધી ગોળ નહીં ખાઉં.' જ્યારે ગુજરાત રાજ્યે બળદ-હત્યા પર નિયંત્રણ મૂકતું બિલ પસાર કર્યું ત્યારે આઠ વરસે ગોળ ખાધો. ખરજ કે ચામડીનાં દર્દ નિમિત્તે મીઠું પણ ઘણો વખત છોડી દીધેલું. ગાય-વાછરડાંને જુદાં પાડીને લઈ જનારું દૃશ્ય કોશીકલામાં જોયું ને એમણે દૂધ છોડી દીધેલું. આ બધા પ્રસંગોથી એમને સ્વાદેન્દ્રિય પર કાબૂ આવી ગયો હતો. એથી જ એ માનતા હતા કે—'ઇન્દ્રિયો કે મન પર નિગ્રહ કરવો તે કેળવણીની જરૂર છે.'

## આદતો બદલવાની તાલીમ

નિયમો આદતના બદલવાની તાલીમ છે. એ તાલીમ-

રૂપે એમણે સમજાવી-સમજાવીને કેટલીયે વ્યક્તિઓને નિયમ આપી ચા, બીડી, પાન, સિનેમા જેવાં વ્યસનમાંથી છોડાવેલ છે. આધ્યાત્મિક આંતરિક મંડળની પ્રવૃત્તિ દ્વારા અને બાલમંદિરના માધ્યમે પણ સાણંદમાં સ્ત્રીશક્તિને જાગૃત કરવાનું, પ્રજાને પણ રચનાત્મક માર્ગે વાળવાનું અને પ્રાયોગિક સંઘના, ગોપાલક સંઘના અને સાણંદના સેવા-કાર્યના કાર્યકરોને પણ ઘડવાનું કાર્ય એમણે કર્યા જ કર્યું. પરિણામે સાણંદ-ક્ષેત્રનું ખેડાણ થયું અને ત્રિવિધ શક્તિ ધર્મદૃષ્ટિએ વિચારતી થઈ. આધ્યાત્મિક આંતરિક મંડળની સ્થાપના કરવામાં આવી. તેના મારફત ધીમે-ધીમે સંયમ અને સદ્ભાવનાઓનો વિકાસ અને વિસ્તાર થવા લાગ્યો. મંડળની સ્થાપના તો થઈ ૧૯૭૬માં, પણ મંડળને વ્યાપક બનવા માટે કોઈક વ્યાપક પ્રવૃત્તિની જરૂર હતી. કુદરતે ગોવંશરક્ષાના યજ્ઞકાર્ય મારફત સુંદર નિમિત્ત પૂરું પાડ્યું. વીસ વર્ષ એકલે હાથે પુરુષાર્થ કરીને સ્વામીજીએ કેટલીયે વ્યક્તિને વ્યસનમુક્ત કરી. મોજશોખના આ યુગમાં સાબિત કરી આપ્યું કે મોજશોખ પાછળ જેમ જેમ દોડશો તેમ તેમ ભોગ-તૃષ્ણા વધ્યે જ જશે. પરંતુ સંયમપાલનમાં રસ આવશે તો તે છૂટી જશે.

> વાસના વ્યસન પોષ્યે, કોઈ કાળે ન તે શમે;
> કિંતુ સંયમ લક્ષ્યોને આરાધ્યે તે શમી જશે.

**આધ્યાત્મિક અંતર્દૃષ્ટિનો સામૂહિક વિકાસ**

> વિશ્વહિતેચ્છુ સત્યાર્થી, ને મહા પુરુષાર્થી જો;
> એક પુરુષ જાગે ત્યાં, જગાડે અન્ય માનવી.

જુદાં જ્યાં એક ને શૂન્ય, અપૂર્ણ મૂલ્ય થૈ રહે;
કિંતુ ભેળાં યથાસ્થાને, થતાં તે પૂર્ણતા વરે.

એક વરસ સંપૂર્ણ મૌન-એકાંત; ચાર વર્ષ સિદ્ધનાથ કુટિર અને ચારેક વર્ષ મંગલ પ્રવાસનાં ગયાં. એ દિલસોમાં જે આનંદ અને ઉલ્લાસ એમના અંતરમાં હતો એ તો કેવળ સ્વસંવેદ્ય છે, શબ્દથી તે વર્ણવી શકાતો નથી. છતાંય સાધનાના અનુભવમાં એની ઝાંખી કરાવવાના જ્ઞાનચંદ્રજીએ પ્રયાસ કર્યા છે.

ભક્તો-સંતોનાં શીલમાં એક માધુરી હોય છે. મધુરાદ્વૈતની એ મોહિની સંવેદનશીલ હૈયાને આકર્ષે છે. એમને પણ સારું જીવવાની ઝંખના થાય છે. એવા જિજ્ઞાસુ હૈયામાં સત્ય, જ્ઞાન, પ્રેમ, દયા, શાંતિ, ન્યાય અને પ્રમાણિકતા સાચી ભક્તિની સાથોસાથ જ વિકસતાં જાય છે. તેનો અનુભવ કરાવવા સામુદાયિક ઉપાસનાનું કેન્દ્ર બનાવવું જરૂરી હોય છે.

## આધ્યાત્મિક આંતરિક મંડળ — સાણંદ

એક બાજુથી આંતરદૃષ્ટિ ઊઘડતી જાય અને બીજી બાજુથી આત્માનુભૂતિના આવિષ્કાર માટે સેવા-સાધના વિકસતી જાય તેવા હેતુથી આધ્યાત્મિક આંતરિક મંડળની સ્થાપના કરવામાં આવી. આત્માના સહજાનંદની પ્રાપ્તિના સાધનરૂપે નાના પાયા પર નાની નાની સેવા-પ્રવૃત્તિનો પણ પ્રારંભ થયો. જો સેવા જ્ઞાનપૂર્વક અને જ્ઞાન સેવાપૂર્વક હોય તો જ તે મુક્તિ અને ભક્તિનું સાધન બને છે. તે બતાવતાં પૂ. સંતબાલજી કહે છે કે—

સેવા નિઃસ્વાર્થ સજ્ઞાન, પૂર્ણ જો હોય તો ખરે;
સુખ આનંદનું ધામ, સાચી સેવા સ્વયં થશે.

દીન-દુખિયારાને મદદરૂપ થવાની અને નબળી-દૂબળી ગાયોને નીરણ, ખાણ અને ભૂસું વગેરે આપવાની અનુકંપામાંથી મંડળે સેવા-પ્રવૃત્તિ ઉપાડી અને ગાયોની દેખરેખ તો જ્ઞાનચંદ્રજીની રાહબરી નીચે ગોસેવાના અંગરૂપે આરંભાઈ. સેવાભક્તિ મહિલા મંડળે ઠેર ઠેર અને ઘેર ઘેર સમૂહ-પ્રાર્થનાઓ અને પ્રવચનો તથા સત્સંગ ને ભગવદ્ કથાશ્રવણની ગોઠવણ કરી. સાણંદમાં પ્રાર્થના અને ભક્તિનું વાતાવરણ ગુંજતું કર્યું. આધ્યાત્મિક પુસ્તકાલયે જિજ્ઞાસુ હૃદયને સદ્‌વાંચન પૂરું પાડવાની સગવડ ઊભી કરી. ગીતા અને સંસ્કૃતના અધ્યયન માટે પાઠશાળાની પ્રવૃત્તિમાં જ્ઞાનચંદ્રજી સક્રિય રસ લેવા લાગ્યા. આધ્યાત્મિક આંતરિક મંડળના આશ્રયે બે ભાગવત સપ્તાહ અને એક રામાયણ નવાહ મંગલ જ્ઞાનપર્વ યોજાયાં જેણે લોકોના હૈયાને ભક્તિથી તરબોળ કર્યાં. સાથોસાથ સુયોગ્ય વૈદ્યરાજ મળતાં સાર્વજનિક ઔષધાલયના ખર્ચની અને મકાનની રકમ પણ સપ્તાહ નિમિત્તે મંડળને મળી. પટેલ બળદેવભાઈ ડોસાભાઈએ પોતાનો ગામની મધ્યમાં આવેલ પ્લોટ મંડળને અર્પણ કર્યો અને પાઠશાળા તથા ઔષધાલયના નાના સરખા મકાનનું પણ નિર્માણ થઈ ગયું. ૧૯૭૬માં આ બધી પ્રવૃત્તિઓ ચલાવવા જાહેર ટ્રસ્ટ બનાવી આધ્યાત્મિક આંતરિક મંડળે રજિસ્ટ્રેશન મેળવી લીધું અને ગોસેવા, માનવસેવા, ધર્મશિક્ષણ ને સંસ્કારના કાર્યને વેગ મળ્યો.

જ્ઞાનચંદ્રજી કેવળ સંસ્થાના શુભેચ્છક, રાહબર રહ્યા. જ્યાં-જ્યાં જ્ઞાનચંદ્રજીના ચાતુર્માસ થયા ત્યાં પણ જિજ્ઞાસુ શુભેચ્છકો સુપ્રવૃત્તિ ઇચ્છતા હતા. આધ્યાત્મિક આંતરિક મંડળ તે બધાંની કડીરૂપ બની ક્ષેત્રીય પ્રવૃત્તિ કરવા લાગ્યું.

# ૧૦. ગુજરાતમાં ગોવંશ રક્ષાયજ્ઞ

વ્રજવાસી બધાં લોકો, પશુ પંખી અને તરુ;
પ્રભુ ગો ચારતા ભાળી, સુધન્યતા અનુભવે;
ચાર્યાં ગોવૃંદ ગોપાલે, ગોવંશની રક્ષા કરી;
ગોવર્ધન નખે ધાર્યો, દે પ્રતિષ્ઠા ગોયજ્ઞને.

ભગવાન કૃષ્ણનો આધ્યાત્મિક પ્રકાશ જ્યાં ઝળહળે છે તે પ્રદેશને 'ગોલોક વૃંદાવન' નામ આપી ભગવાને ગાયની પ્રતિષ્ઠા કરી છે. જીવ માત્ર કૃષ્ણના અંશરૂપ-ગોસ્વરૂપ છે તે જાણીને પ્રભુપ્રેમીઓ જેવો પ્રેમ કૃષ્ણ સાથે રાખે છે તેવો જ પ્રેમ ગાય પ્રત્યે રાખે છે. બ્રહ્મા જ્યારે વાછરું અને ગોપબાળોનું હરણ કરી ગયા ત્યારે સ્વયં ભગવાને પોતાના સ્વરૂપમાંથી વાછરું પ્રગટાવી, બાર-બાર માસ ગોવંશ રૂપે રહી, ગાયો અને ગોપીઓના ગોપબાળ બની વત્સલીલા કરી ત્યારથી વાછરું અને ગાયમાં પ્રભુનું પ્રગટ સ્વરૂપ ભાળી ભક્તો તેની સેવારક્ષામાં ભગવાનની સેવામય ભક્તિ માને છે અને ગાય ને ગોવંશની સેવારક્ષામાં લીન રહે છે. કેમ કે—

અધ્યાત્મ તેજ ગોલોકે, ને વૃંદાવન ગોકુલે;
કૃષ્ણરૂપે પ્રકાશે છે, ગોસંવર્ધન-યજ્ઞમાં;
બ્રહ્મા જ્યાં ગોપવે વત્સો, અને ગોપાળ બાળકો;
બની વત્સો અને બાળો, કૃષ્ણાત્મા ગોયજ્ઞે રમે.

ભગવાન પોતે વાછરું બન્યા ને નંદકુંવરે નંદીને પ્રતિષ્ઠિત કર્યો. ભગવાન શિવનું વાહન અને ઋષભદેવનું લાંછન વૃષભ તો અહિંસાનું પ્રતીક છે, પ્રેમનું પરિવાહન છે. બળદ ખેતી કરી, ધાન્ય, ફળફૂલ આપી જીવન જીવવામાં સહાયક થાય છે; ભારવહન કરી અછતવાળાની વહારે ધાય છે; મળમૂત્રનું ખાતર આપી ધરતીને સમૃદ્ધ કરે છે; બીજા જીવને અભય દેનારી માસાંહાર-મુક્તિ એના કારણે જ સફળ બને છે. અહિંસક વૃષભને લઈને તેની માતા ગાય 'અહિંસાની જનની'નું બિરુદ પામી છે. ભક્તોને તો તે તેના રોમેરોમમાં ગરીબાઈ, નરવાઈ અને પ્રેમનો પયગામ સંભળાય છે. નાનાં-મોટાં બધાં પ્રાણીને પોષનારી ઋષિરૂપા, માતૃરૂપા ગાય અને ગોવંશના ગુણ ગાતાં ગાતાં ઋષિઓ ધરાતા જ નથી. ગોસેવાયજ્ઞનું વિશ્વરૂપ સમજાવતાં તેઓ કહે છે—

નાનાં મોટાં બધાં પ્રાણી, અન્ન-બ્રહ્મે રક્ષાય છે;
અન્ન-આધાર છે ખેતી, ખેતી ગોવંશ આશ્રિત.
ગોવંશ કૃષિને પોષો, પોષે જીવન સૃષ્ટિનું;
ધર્મ ગોવંશરક્ષાનો, આ રાષ્ટ્રે વિશ્વયજ્ઞ છે.

ગાય અને ગોવંશરક્ષાને વિશ્વયજ્ઞનું કાર્ય સમજીને, સહજ સ્વધર્મ સમજીને તેમ જ ગાય અને ગોવંશમાં પ્રભુનું પ્રેમસ્વરૂપ પ્રત્યક્ષ નિહાળી નિહાળીને જ્ઞાનચંદ્રજીએ ગોસેવા અને ગોરક્ષા પ્રત્યે પ્રજાને વાળવા અઢાર-અઢાર વર્ષથી સતત પ્રયત્ન કર્યો છે. નબળી ગાયો અને વાછરું સાથે સ્નેહ રાખી-રાખીને, તેમને પ્રેમથી પોષીને ગોભક્તિ મારફત

એમણે કૃષ્ણભક્તિ પોષી છે. એમની દેખરેખ નીચે સાણંદમાં રોજરોજ નબળી ગાયોને કપાસિયા, નીરણ કે બીજી ખાદ્ય વસ્તુઓ આપવામાં આવતી હતી અને એમની દોરવણી પ્રમાણે કતલખાને જતા બળદોને છોડાવેલ હતા. ગુજરાત રાજ્યમાં ગોહત્યાબંધી હતી અને નબળી સ્થિતિના ગાયના માલિકો લાચાર બની ઢોર હાંકી મૂકે ત્યારે પાંગળાં ને નબળાં ઢોરની દેખભાળ રાખવાનો પ્રજાધર્મ તે સમજાવતા હતા. આધ્યાત્મિક આંતરિક મંડળ અને સદ્‌ભાવી સાણંદવાસીઓ પોતાના ગજામાં રહીને ગોગ્રાસ આપવાનો ધર્મ બજાવતા હતા, ગુજરાત રાજ્યમાં ગાયની કતલ પૂરેપૂરી બંધ હતી, પરંતુ બળદમાં પાકટ અને બિન-ઉપયોગી બળદની હત્યા પર પ્રતિબંધ ન હતો, તેથી સારા બળદોને પણ ખોડ-ખાંપણવાળા બનાવી કે ખોટું સર્ટિફિકેટ મેળવી, લઈ જવામાં આવતા હતા. જ્ઞાનચંદ્રજીને એક વાર અનાયાસે એક ભાઈ કતલખાનું જોવા લઈ ગયા. ત્યાં જે દૃશ્ય એમણે જોયું તેણે એમનું હૃદય એવું તો હચમચાવી નાંખ્યું કે કતલખાનેથી ગોવંશ છોડાવવાના કાર્યમાં જ તેમને ભગવાનનું કાર્ય દેખાયું.

## કમકમાટી ભર્યું કરુણ દૃશ્ય

એમણે કતલખાનામાં જઈને જોયું તો પાંચ સારા અને સશક્ત બળદોના ચારેય પગ દોરડેથી બાંધ્યા હતા, મોઢાં દોરીથી સજ્જડ બાંધ્યાં હતાં. તે પ્રવેશ્યા તે જ સમયે એક યુવાન કસાઈએ સજાવેલા છરા વડે તેમનાં માથાં ધડથી

જુદાં કર્યાં હતાં. એક બાજુ બળદનાં માથાં ધ્રૂજે અને બીજી બાજુ ધડ ધ્રૂજે. એ દૃશ્ય જોયું જાય એવું ન હતું. ખૂબ જ કમકમાટી ભર્યું અને કરુણા ઊપજે તેવું એ દૃશ્ય જોઈને જ્ઞાનચંદ્રજીનું હૃદય કંપી ઊઠ્યું. કરુણા અશ્રુ વાટે ઊમટી પડી. ચિત્ત ચિંતને ચડ્યું. 'મહા ઉપકારી બળદના આ હાલ! ટાઢ-તાપમાં કામ લઈ-લઈ અનાજ પકવે અને ગરજ ઓછી થતાં કસાઈને હવાલે કરે તેવા નગુણા સમાજ પર પ્રભુની કૃપા કેમ ઊતરે? બળદને ભગવાન શંકરનું વાહન ગણ્યું છે. શાસ્ત્રમાં બળદને ધર્મનું પ્રતીક કહ્યો છે. વ્યવહારમાં પણ એનો અત્યંત ઉપકાર છે. આવા ઉપકારી જીવની કતલ સમાજ કેમ પસંદ કરી લે છે? એવું ચિંતન કરતાં કરતાં મનમાં નિશ્ચય કર્યો કે ગોવંશ-હત્યા બંધ કરાવવાના કામે લાગી જવું જોઈએ. એ જ મારો ધર્મ છે. મારો સ્વધર્મ ગોવંશરક્ષાના યજ્ઞકાર્યને પાર પાડવાનો છે અને તે કાર્યમાં ગામ, સમાજ અને રાજ્યની પ્રજાને પણ જોતરવી જોશે કેમ કે —

> વ્યક્તિ—વિકાસને માટે, યજ્ઞ, દાન અને તપ;
> જરૂરી તેમ તે નક્કી, રાષ્ટ્રવિકાસ સારુય.
>
> **સંતબાલ**

## ગોળના ત્યાગથી યજ્ઞનો આરંભ

સાણંદમાં એક વાર કુટિરમાં સ્વામીજી બેઠા હતા. તેવામાં એક બળદનું ટોળું કતલખાના તરફ લઈ જવાતું તેમણે જોયું. એ જોતાં જ કતલખાનામાં જોયેલું દૃશ્ય તાજું

થયું. એમનું હૈયું ભરાઈ આવ્યું. ગભરુ પરોપકારી પ્રાણીની હાલત પર લગભગ પંદરેક મિનિટ આંસુ સાર્યાં. પછી મન મંથને ચડ્યું: 'મારે કેવળ શું જોવાનું જ અને રોવાનું જ છે કે કાંઈ કર્તવ્ય કરવાનું થાય છે?' ઘરમાં કોઈ માંદું હોય અને અસહાય થઈ જઈએ ત્યારે જેમ મન-ભાવતી વસ્તુઓનો ત્યાગ કરી પ્રભુને પ્રાર્થીએ છીએ તેમ જ્ઞાનચંદ્રજીને કુદરતી સ્ફુરણા થતાં જ એમને ખૂબ ભાવતી વસ્તુ ગોળનો એમણે ત્યાગ કર્યો. એમ મનગમતી ઇચ્છાનો નિરોધ કરવારૂપી તપ અને મનભાવતી વસ્તુ ભગવાનને અર્પણ કરીને છોડવારૂપી ત્યાગથી તેમનું મન હળવું થયું. જ્યાં સુધી બળદની કતલ સંબંધી સરકાર તેની મર્યાદામાં યોગ્ય કાનૂન ન કરે ત્યાં સુધી ગોળના ત્યાગનો તેમણે સંકલ્પ કર્યો. આ શુભ સંકલ્પને સામુદાયિક સ્વરૂપ કેમ આપવું તેનું તેઓ ચિંતન કરવા લાગ્યા, 'જેમ ભાગવત શ્રવણ વખતે અશ્રુધારા વહીને ભગવત્ જીવનનો તેમાંથી સંકલ્પ પાંગર્યો, જેમ સંતબાલના મિલન વખતે અશ્રુધારા વહીને તેમાંથી તેમના કાર્યમાં સમર્પિત થવાનો સંકલ્પ પાંગર્યો તેમ આ વખતની અશ્રુધારામાંથી ગોરક્ષાના કાર્યમાં તપ-ત્યાગ દ્વારા સમગ્ર જીવન જોડવાનો સંકલ્પ પાંગર્યો. એમના સંકલ્પને પાર પાડવા માટે પ્રભુનો અનુગ્રહ ઊતર્યો અને ક્રમે ક્રમે તે ગુજરાત અને ભારતનો સંકલ્પ બની ગયો.

## તપોમય પ્રાર્થનાનો સામૂહિક પ્રયોગ

જ્ઞાનચંદ્રજી બીજે દિવસે ભિક્ષા લેવા ગયા ત્યાં ગોળ ન લીધો અને તે શા માટે ન લીધો તે વાત કરતા ગયા અને આખા ગામમાં વાત ફેલાઈ ગઈ કે ગાય-બળદને બચાવવા બાપુએ ગોળ છોડચો. અમે શું કરી શકીએ — તે વાત વિચારવા સેવાભક્તિ મહિલા મંડળનાં બહેનો મળ્યાં અને બળદહત્યા-બંધી ન થાય ત્યાં સુધી ઉપવાસમયી પ્રાર્થના, ભજન અને સત્સંગનો કાર્યક્રમ રહે અને તેમાં ગોવંશહત્યા-બંધીની વાત પણ મુકાતી. આ નિમિત્તે સાણંદમાં સાતસો પાંસઠ (૭૬૫) એકલા પાણી ઉપર ઉપવાસ થયા. તેની સહાનુભૂતિમાં હજારો એકટાણાં થયાં. ગામમાં ભક્તિમય વાતાવરણ જામ્યું. તે હવા આસપાસનાં બધાં જ ગામોમાં પ્રસરી ગઈ અને ફરતાં ગામોમાં પણ ઉપવાસ અને એકટાણાં થવા લાગ્યાં. વાતાવરણ ગાય અને ગોવંશ પ્રત્યેની ભક્તિથી ભાવુક બનવા લાગ્યું.

## મહાલકચેરીએ ધરણાં

પ્રજાનો અવાજ સરકારમાં પહોંચાડવા માટે મહાલ-કારીશ્રીને આવેદન આપવામાં આવ્યું. તેમાં બળદહત્યા-બંધી કરવાની સરકારશ્રીને વિનંતી કરી હતી. સવારના આઠથી સાંજના છ સુધી કેવળ પાણી પર રહીને દસ કલાકનાં ધરણાં થતાં. સાંજના પાંચ વાગે કચેરીના આંગણા-માં બળદહત્યા બંધ કરવાને લગતાં સૂત્રો પોકારાતાં.

મામલતદારશ્રી રોજનો રિપોર્ટ કલેક્ટરશ્રી અને ઉપલી કચેરીને રવાના કરતા. જ્ઞાનચંદ્રજી સાથે એકબે ભાઈઓ પણ ધરણાંમાં ભળ્યા અને ભોજન લીધા વિના કચેરીએ બેસતા. જ્ઞાનચંદ્રજીનું કર્મચારી પ્રત્યેનું વલણ વત્સલ હતું અને કર્મચારીઓ જ્ઞાનચંદ્રજીનો ખૂબ જ વિનય-આદર કરતા, પોતાની મર્યાદામાં રહીને મદદરૂપ થવા પ્રયત્ન કરતા હતા. આ સવિનય ધરણાં લગભગ દસ મહિના ચાલ્યાં. વિરોધ સરકારની નીતિ સામે હતો, વ્યક્તિ સાથે તો પ્રેમાદર છે — તે વાતે ગામ અને કર્મચારી પર સુંદર છાપ પાડી. જ્ઞાનચંદ્રજી અને કર્મચારી આ પ્રશ્ન નિમિત્તે નિકટ આવ્યા. તે એટલે સુધી કે મામલતદાર પર એક બાઈને તરકટથી ચઢાવીને મામલતદારના વિરોધીઓએ આક્ષેપ મુકાવ્યો, અને તેમની સામે કેટલાંક વિરોધી તત્ત્વો-એ ઊહાપોહ જગવ્યો ત્યારે જ્ઞાનચંદ્રજીએ સાચી તપાસ કરી અને આક્ષેપ કરનારની ખોટપ ઉઘાડી પાડી, માફી માગવાની સ્થિતિ કરી મૂકી. આમ જ્ઞાનચંદ્રજીએ સત્યની પડખે રહી સંતહૃદયની વિશાળતા અને સચ્ચાઈની પ્રતીતિ કરાવી, ઉત્તમ સત્યાગ્રહીનું ઉદાહરણ પૂરું પાડ્યું.

## સહી ઝુંબેશ

સાણંદ અને ફરતાં ગામોમાં જેમ ઉપવાસમય પ્રાર્થના શરૂ થઈ તેમ ગ્રામપંચાયતો અને સમગ્ર ગામ સહીઓ કરીને સરકારશ્રીને બળદહત્યા બંધ કરવા વિનંતી-પત્ર મોકલવા લાગ્યાં. આમ એક બાજુથી લોકમતને જાગૃત

કરી બંધારણીય માર્ગે તેનું ઘડતર થવા લાગ્યું અને બીજી બાજુથી લોકમતથી સરકારને સજાગ કરવાની પ્રક્રિયાનો પણ પ્રારંભ થયો.

જ્ઞાનચંદ્રજીના પગપ્રવાસે અને સામૂહિક પગયાત્રાએ આ પ્રક્રિયાને ગતિ આપી અને હજારો નાગરિકોની સહીઓવાળાં આવેદનો સરકારશ્રીની કચેરીએ પહોંચવા લાગ્યાં.

## બળદ રોકો આંદોલન

સરકાર સમજે કે ન સમજે પણ જે સમજ્યા છે તેઓ બળદને કતલખાને જતા રોકવાના કામે લાગે તો પ્રજાધર્મ સક્રિય બને તેમ માની સાણંદ પાસેથી અમદાવાદ કતલખાને લઈ જવાતા એક ઢોરના ટોળાને રોકવામાં આધ્યાત્મિક આંતરિક મંડળે અને મહાજનોએ સાથ આપ્યો. ઢોર રોકીને માજી મુખ્યમંત્રી બાબુભાઈ પટેલ અને પશુસંરક્ષણ ખાતાના મંત્રી નવલભાઈ શાહને કૉલ મળતાં જ બંને મંત્રીઓએ ડૉક્ટર અને યોગ્ય અધિકારીને સાણંદ મોકલ્યા. તેઓએ સાતમાંથી ચાર બળદ સારા ગણી છૂટા કર્યા. જ્ઞાનચંદ્રજીના મતે સાતેય બળદ સારા હતા. એથી એમણે કસાઈને પ્રેમથી સમજાવ્યો. આવા પાપના ધંધામાં નહિ પડવાની શીખ આપી. 'હવે આવું નહિ કરીએ' તેમ તેણે કહ્યું. સાણંદ મહાજને સાતેય બળદની પંચકયાસે કિંમત ઠરાવી તે આપીને ખરીદી લઈ પાંજરાપોળમાં રાખ્યા. આ પ્રમાણે ત્રણ વખત પશુ રોક-

વામાં આવ્યાં. એકંદર ચાર ભેંસ, એક પાડો અને અઢાર બળદને કતલખાનેથી બચાવી જીવનદાન આપવામાં આવ્યું હતું. આની અસર બીજે પણ પડવા લાગી. કટોસણના મહાજને પણ એક ટોળું રોકી બધા જીવને ખરીદી બચાવી લીધા હતા. આ વાતની ખબર પડી જવાને કારણે કતલખાને ઢોર લઈ જનારાઓએ સાણંદ બાજુથી ઢોર લઈ જવાને બદલે રસ્તો જ બદલી નાંખ્યો હોય તેમ બનવાજોગ છે; કેમ કે તે પછી સાણંદ બાજુથી ઢોર લઈ જતા જોવામાં આવ્યા ન હતા.

## પત્રિકા અને પ્રચાર ઝુંબેશ

જ્ઞાનચંદ્રજીએ ધારાસભ્યો, આગેવાનો, નાગરિકો અને ગોસેવામાં રસ લેતા સેવકોથી માંડી ગ્રામજનોને ગોવંશ-હત્યાબંધીના કામમાં સહકાર માગતા અને સરકાર પર અસર પાડવાની પ્રક્રિયા સમજાવતા પત્રો એટલા મોટા પ્રમાણમાં લખવા શરૂ કર્યા કે સતત કલાકો સુધી તે એ જ કામમાં ખૂંપા રહેતા હતા. પત્રોથી પહોંચી ન શકાતાં પત્રિકાઓ, પુસ્તિકાઓ અને અહેવાલો એટલા બધા પ્રચુર પ્રમાણમાં મોકલવાં શરૂ કર્યાં કે તે ગામડાં, કસ્બા, શહેર, નગર અને છેવટે દિલ્હી અને શુદ્ધિપ્રયોગ વખતે તો રાષ્ટ્ર સુધી પ્રચાર અને પ્રભાવ ઊભો કરવામાં બળવાન સાધન બની ગયાં. જરૂર પડ્યે પ્રેસ કોન્ફરન્સ બોલાવવાનું, પત્રકારોને મળવા જવાનું, છાપામાં સમાચારો મોકલવાનું અને પ્રચારનું કામ પણ વ્યવસ્થિત થતું ગયું. આધ્યાત્મિક

આંતરિક મંડળ અને બીજી સંસ્થાઓએ સહયોગ આપી જ્ઞાનચંદ્રજીની મહેનતમાં ઘણી ભાગીદારી આપી. પણ ઠેઠ સુધી ચીવટપૂર્વકની જવાબદારી એમણે જ પોતાને માથે રાખી. પત્રો લખવા, તેની નોંધ રાખવી, જાવક ચડાવવો અને હિસાબની દૃષ્ટિએ પણ બરાબર ચોકસાઈ જળવાઈ રહે એ રીતે એમણે જે કામ કર્યું છે તે જોતાં 'અદ્ભુત' બોલાઈ જાય એટલો પુરુષાર્થ એની પાછળ રેડ્યો છે. એને જ યોગ કહે છે. સતત નિરંતર છતાં કૌશલ્યપૂર્ણ એકાગ્રતાપૂર્વક કાર્યને વળગી રહેવું તે યોગ. અનેકને એ કામમાં રસ લેતાં કરી સક્રિય બનાવવાં અને એકલતાને સ્થાને સમગ્રતાને સામુદાયિક વાયુમંડળ ઊભું કરવામાં સાધનાનું આધ્યાત્મિક બળ ઉપરાંત સર્વ સાથે તાદાત્મ્ય જોડતી પ્રેમસાધનાની પુષ્ટિ પણ ભળવાથી સમગ્રની ચેતના જગાડવામાં આ ઝુંબેશે બહુ સુંદર કાર્ય કરેલું છે.

### પગયાત્રા

ડૉ. રણછોડભાઈની સેવા નિમિત્તે માંડલમાં નગીનભાઈ ગાંધી, નાગરભાઈ શ્રીમાળી, સંપરિતભાઈ દોષીનો પરિચય થયો. તેમની સહકારની ભાવના અને તાલુકાપ્રમુખ પટેલ કાન્તિભાઈ (રામ)ના પૂરેપૂરા સાથ-સહકારને લઈને જ્ઞાનચંદ્રજીએ વિરમગામ તાલુકાનાં એકસો પાંત્રીસ ગામનો પગપાળા પ્રવાસ કર્યો. સાણંદ, બાવળા, ધોળકા અને ધંધુકા તાલુકામાં પગયાત્રા ગોઠવી. ગામેગામ શાળાઓના સંપર્કમાં રહીને શિક્ષકો ને વિદ્યાર્થીઓને વાત સમજાવે,

બપોરે બહેનોની સભા, રાત્રે ગ્રામસભા ભરે, તેમાં ગોવંશ-હત્યાબંધીની વાત સમજાવે. 'ગાય અને બળદ ગામડાના કેન્દ્રમાં છે, ખેતીપ્રધાન ગ્રામસંસ્કૃતિનો આધાર સાદું સંપીલું અને નિર્વ્યસની જીવન છે.' તેમ કહી જુગાર-મટકામાંથી છૂટવા તેમ જ બીજાં વ્યસન પણ ગોવંશરક્ષા નિમિત્તેય છોડવા પ્રેરણા આપતા હતા. વિનોબાજીએ ગોહત્યાબંધી માટે ઉપવાસની જાહેરાત કરી ત્યારે તો કટોકટીમાં પણ જનચેતનામાં ઉષ્મા આવી. ઇન્દિરાબહેનની હૈયાધારણથી ઉપવાસ એક વર્ષ મુલતવી રાખ્યા. તે ગાળાનો જ્ઞાનચંદ્રજીએ ગુજરાતમાં ગોવંશની કતલબંધીના યજ્ઞ-કાર્ય માટે ઉપયોગમાં લીધો અને આ આંદોલનને રાજ્ય-વ્યાપી બનાવવા પ્રયાસ કર્યો. આ યાત્રામાં ગામડાંની પંચાયતોએ ઠરાવ કર્યા ને ગામની સહીઓ લીધી. સાણંદ, ધોળકા, બાવળા અને ધંધુકાની નગર પંચાયતે અને તાલુકાપંચાયતોના પ્રમુખશ્રીઓએ ગોવંશહત્યાબંધીના ઠરાવો કરી રાજ્યને મોકલ્યા. વિરમગામ તાલુકા પંચાયતે તેના પ્રતિનિધિ અને ગામ-આગેવાનોની સામાન્યસભા બોલાવી, બળદહત્યાબંધીનો ઠરાવ કરી સરકારશ્રીને મોકલ્યો. આમ, આરંભમાં સાણંદ પછી વિરમગામ, ધોળકા અને ધંધુકા તાલુકા એટલે ભાલનળકાંઠા પ્રયોગક્ષેત્રના વિસ્તારની સંમત્તિ મેળવી. જ્ઞાનચંદ્રજી મહારાજને આ કાર્યમાં અમદાવાદ જિલ્લા ગોસેવા સંઘ, સર્વોદય મંડળ અને ભાલનળકાંઠા પ્રાયોગિક સંઘે સુંદર સહકાર આપ્યો. પ્રાયોગિક સંઘે પોતાના સહકારના પ્રતીક તરીકે રૂ. ૫૦૦/-

આપી જ્ઞાનચંદ્રજી મહારાજના આ પ્રયોગને પૂરો સહકાર આપવાનો ઠરાવ કર્યો. સંતબાલજી મહારાજના પણ આશીર્વાદ મળ્યા.

## ગુજરાત વ્યાપી યજ્ઞકાર્ય

જ્ઞાનચંદ્રજી વ્યક્તિગત રીતે જે કાર્ય કરતા હતા તે કાર્યને ગુજરાત વ્યાપી બનાવવું હોય તો ગુજરાતની સંસ્થાઓનું સંકલન અને સમર્થન તેને મળે તે જરૂરી હતું. એ માટે જુગતરામકાકાને વાત કરી. એમણે ગુજરાતને દોરવણી આપવાની તૈયારી બતાવી. અખિલ ભારત કૃષિગોસેવા સંઘ વતી સેવાગ્રામથી રાધાકૃષ્ણ બજાજ પણ માર્ગદર્શન આપવા અતિથિવિશેષ તરીકે આવવા સંમત થયા. એટલે ભાલનળકાંઠા પ્રાયોગિક સંઘ, ગુજરાત સર્વોદય મંડળ, ગુજરાત ગોસેવા સંઘ અને ગૌશાળા પાંજરાપોળ સંઘના પ્રમુખશ્રીઓની સહીથી આમંત્રણપત્રિકા કાઢી. સ્વાગત અને સંમેલનની તૈયારી સાણંદના આધ્યાત્મિક આંતરિક મંડળે ઉપાડી લીધી. ઘેરઘેરથી કમોદ, ઘઉં ને ચીજવસ્તુ સંમેલનને ભેટરૂપે આવવા લાગ્યાં. સુંદર સંમેલન મળ્યું. ગુજરાતની પાંજરાપોળો, ગોશાળા અને ગોસેવામાં કામ કરતા સેવકો ને પ્રતિનિધિઓ હાજર રહ્યા. મંત્રીમંડળમાંથી લલ્લુભાઈ શેઠ અને નવલભાઈ શાહ હાજર રહ્યા. રવિશંકર દાદાના આશીર્વાદ મળ્યા. જુગતરામભાઈ, બબલભાઈ મહેતા, કુરેશીભાઈ જેવા વિશિષ્ટ નેતાઓની હાજરીમાં ગુજરાત ભરની ગોસેવા સંસ્થા-કાર્ય-

કરોએ ગોવધ પ્રતિબંધ, ગોવંશહત્યા પ્રતિબંધની વાત વધાવી લેતો ઠરાવ કર્યો અને જ્ઞાનચંદ્રજીને ભગવાને સોંપેલું કાર્ય ગુજરાત વ્યાપી બન્યું.

## ગાંધીનગરમાં ધરણાં

બળદહત્યાબંધીનો કાનૂન ન થાય તો ગાંધીનગરમાં ધરણાં કરવાના નિર્ણયની જ્ઞાનચંદ્રજીએ મુખ્યમંત્રી બાબુભાઈ પટેલ અને પશુસંવર્ધન સંરક્ષણના મંત્રીશ્રી નવલભાઈ શાહને પિસ્તાલીસ દિવસ અગાઉ જાણ કરી હતી. છેલ્લે દિવસે નવલભાઈએ રાજ્ય સરકારની તૈયારીની જાણ કરી, ધરણાં ન કરવા સમજાવ્યા પણ નિર્ણય થઈ ચૂક્યો હતો. સ્વામીજીએ ગાંધીનગરમાં તંબૂ-રાવટી નાખી અને પાંચ મહિના ધરણાં ચાલુ રાખ્યાં. અધિકારીઓનાં બધાં સેક્ટરોમાં જ્ઞાનચંદ્રજીએ સંપર્ક સાધ્યો. તેમના પરિવારોનાં બહેનો અને બાળકોની ભક્તિમાં તેઓ ઈશ્વરનો અનુગ્રહ ભાળતા હતા. મંત્રીઓ તથા અધિકારીવર્ગની સહાનુભૂતિ, બહેનોનો સહકાર વગેરેથી જ્ઞાનચંદ્રજીનું મન ખૂબ જ પ્રસન્ન રહ્યું. પ્રધાનમંત્રી મોરારજીભાઈના હાર્દિક સહકારથી રાષ્ટ્રપતિ સુધી વાત પહોંચી ને સરકારશ્રીની ભલામણથી બળદહત્યાબંધીના ઓર્ડિનન્સમાં રાષ્ટ્રપતિએ સહી કરી. ઓર્ડિનન્સ પસાર થતાં ધરણાં પૂરાં થયાં.

## ગુજરાતભરમાં ઠેર ઠેર વ્રત-તપ

ગાંધીનગર ધરણાં નિમિત્તે જ્યાં સુધી બળદહત્યા બંધ

ન થાય ત્યાં સુધી દર મહિને એક ઉપવાસ કે એકટાણું તથા કોઈ વ્યસનનો ત્યાગ, ઘેર ગાય રાખવી, ગાયનાં ઘી–દૂધ વાપરવાં વગેરેમાંથી એક વ્રત લઈ ને જ્ઞાનચંદ્રજીના સંકલ્પની પૂર્તિમાં હજારો નરનારીઓ ભળ્યાં. જામનગર, ભાવનગર જિલ્લામાં પગયાત્રાઓ શરૂ થઈ હતી.

## શુદ્ધિપ્રયોગની સફળતા

ગુજરાત રાજ્યે બળદહત્યા-બંધીનો વટહુકમ તો કાઢ્યો, પણ તેની મુદત પૂરી થઈ ત્યાં સુધીમાં કાયદો પસાર કરાવી ન શકાયો. વટહુકમ પૂરો થયે બે અઢી મહિના ચાલ્યા ગયા. જ્ઞાનચંદ્રજી ચિંતિત થયા. ગુજરાત ભરમાંથી કાર્યકરોને બોલાવ્યા. ગાંધીનગર કૂચ લઈ જવાથી માંડીને ફરીને ધરણાં સુધીનાં સૂચનો આવ્યાં. આ કાર્યને પાર પાડવા ફરતા ગાળાએ નિધિ ભેગો કરવો શરૂ કર્યો. સાણંદમાં બીજું અધિવેશન ભરાયું. તેનું ખર્ચ નિધિમાંથી થયું. એ સંમેલનમાં નવલભાઈ શાહે ફરી સરકાર કાયદો કરશે તેવી ખાતરી આપી. સરકારની સ્થિતિ ક્રમેક્રમે હાલક ડોલક થવા લાગી હતી, અને બહુમતી ગુમાવ્યા પહેલાં કાયદો થાય તે માટે આંદોલનમાં ઝડપ લાવવી આવશ્યક હતી. તેથી જ્ઞાનચંદ્રજીએ અમદાવાદ ત્રણ દિવસ રહી પ્રેસનો સંપર્ક સાધી પ્રેસની મીટિંગ બોલાવી. ગાંધીનગર ધરણાં પડાવ નાંખ્યો. મુખ્યમંત્રી બાબુભાઈ પટેલ, **પશુ સુધારણા** મંત્રીશ્રી નવલભાઈ શાહ, સહકાર મંત્રી લલ્લુભાઈની સક્રિય સહાનુભૂતિ, સ્પીકરશ્રી કુંદનભાઈનું

કાનૂની ને બંધારણીય માર્ગદર્શન, પક્ષના મંત્રી નરસિંહભાઈ ગોહિયાનો ઉત્સાહ કાંતિભાઈ પટેલ (રામ) અને ગાંધીભાઈના પ્રશ્ન પ્રત્યેની તીવ્ર સહાનુભૂતિએ જનતા પક્ષને સર્વાનુમતીથી આ પ્રશ્ન પર એકમત કર્યો. કોંગ્રેસના શ્રી માધવસિંહ સોલંકી, સનત મહેતા અને સભ્યશ્રી કરમશીભાઈ મકવાણાએ 'સોળ વર્ષની વયમર્યાદામાં સુધારો થાય તો સંમતિ આપી. કોંગ્રેસ (ક)ના ગોકળદાસ પરમાર તથા જેરામભાઈ પટેલના સહકારે સોળ વર્ષ નીચેના બળદની ન થઈ શકે તેવો કાયદો થાય તેવું વાતાવરણ રચ્યું પણ સ્વામીજી સંપૂર્ણ ગોવંશહત્યાબંધીના આગ્રહી હતા. એટલે શુદ્ધિતપનો આરંભ થયો.

પાંચ ઉપવાસ પૂરા થયા ત્યાં રવિશંકર દાદાના સાંનિધ્યમાં નવલભાઈએ બિલ પસાર કરાવવાનો કોલ આપ્યો અને જ્ઞાનચંદ્રજીએ પારણાં કર્યાં. આપેલ કોલ સરકારે પાળ્યો, ગુજરાતને શોભે તે રીતે કોંગ્રેસ પક્ષે અને બીજા પક્ષોએ મૂળ બિલમાં ૧૮ વર્ષ હતાં તેને બદલે ૧૬ વર્ષની વયમર્યાદાનો સુધારો મૂકીને બિલ લગભગ સર્વાનુમતે પસાર કર્યું. બિલ પસાર થવાથી માંડીને રાષ્ટ્રપતિની મંજૂરી સુધીની બધી પ્રક્રિયામાં પ્રધાનમંત્રી શ્રી મોરારજીભાઈની સક્રિય સહાનુભૂતિ રહી હતી.

સ્વામી જ્ઞાનચંદ્રજીએ એકલે હાથે ઉપાડેલું આ અહિંસાનું કાર્ય સાણંદમાંથી સાણંદ તાલુકા સુધી અને ધીમે ધીમે ભાલનળકાંઠા સેવાક્ષેત્રમાં ઘનિષ્ઠ બની ગુજરાતભરમાં વ્યાપી ગયું. બધી સંસ્થાઓ અને બધા પક્ષોનો

તેને ટેકો મળ્યો અને ગુજરાત રાજ્યે બળદહત્યાબંધીનું વિશાળ પગલું લઈ ભારતમાં પહેલ કરી. કાશ્મીરમાં તો રાજાના વખતથી ગોવંશહત્યાબંધી હતી. ભારતમાં ગુજરાત રાજ્યે ૧૬ વર્ષ નીચેની ગોવંશહત્યા પર પ્રતિબંધ મૂક્યો. તેમાં જ્ઞાનચંદ્રજીનો પ્રધાન હિસ્સો છે. જ્ઞાનચંદ્રજીમાં આ શક્તિનો આવિર્ભાવ ભગવદ્ કૃપારૂપે થયો છે. એમના પ્રભુપ્રેમે પ્રભુશક્તિને આકર્ષી અને પરમાત્માની કૃપાશક્તિએ જ્ઞાનચંદ્રજીને વાહન બનાવ્યા. અહિંસક ગુજરાતને અહિંસાના વિકાસમાં ગોવંશરક્ષાનું સ્તુત્ય પગલું ભરવા પ્રેર્યું. અહિંસાનો વિજય થયો. આ બિલ પર કસાઈ લોકોએ હાઈકોર્ટમાં અરજી કરી. ત્યાં હાઈકોર્ટે રાજ્યની તરફેણમાં ચુકાદો આપ્યો છે. અત્યારે સુપ્રિમ કોર્ટમાં કસાઈ સામે ગુજરાત રાજ્ય લડી રહેલ છે અને ભાલનળકાંઠા પ્રાયોગિક સંઘ, જીવદયા મંડળ-મુંબઈ વગેરે અનેક સંસ્થાઓ બિલના સમર્થનમાં ઊભેલી છે.

## ૧૧. ગોરક્ષાનો રાષ્ટ્રીય મહાયજ્ઞ

યુગ પુરુષના સંત્રી, જનોનાં વેણુ સર્વદા;
પાળવા સારુ આ વિશ્વે, તત્ત્વો સજ્જ રહે બધાં.
પૂર્ણ સફળતા પામે, યુગ-કાર્ય વિભૂતિનું;
નિરંતર ઉમેરાય, જેમ જો સાથીઓ તણું.

**સંતબાલ**

### વિનોબાજીના રાષ્ટ્રીય ગોરક્ષાયજ્ઞમાં સમર્પણ

વિનોબાજી યુગપુરુષ મહાત્મા ગાંધીના સંત્રી, સાથીદાર છે. વ્યક્તિગત સત્યાગ્રહ વખતે આદર્શ સત્યાગ્રહી તરીકે ગાંધીજીએ એમને સૌ પહેલી પસંદગી આપેલી છે. સ્વયં જાતે અને પોતાના બંને ભાઈઓને સત્યાગ્રહ માર્ગે પ્રેરી આજીવન નૈષ્ઠિક બ્રહ્મચારી રહ્યા. ત્રણે ભાઈઓએ કંચન-કામિની-ત્યાગનાં મહાવ્રત પાળ્યાં છે. એવા સહજ સંત વિનોબાજીએ ભૂમિ-સમસ્યા ઉકેલવા રાષ્ટ્ર પાસે ભૂમિદાનની માગણી કરી. રાષ્ટ્રે લાખો એકર જમીન તેમના ચરણે ધરી. હજારો ગ્રામદાન થયાં અને સ્વેચ્છાએ સંપત્તિ-ત્યાગના આ ઉદાહરણે જગતને વિમાસણમાં નાખે તેવું આશ્ચર્ય બતાવ્યું. એ વિનોબાજીને લાગે છે કે ભૂમિ માતાને જો સમૃદ્ધ કરવી હશે, જો ગ્રામઅર્થતંત્રને વ્યવસ્થિત રાખવું હશે અને દેશ પણ બચાવવો હશે તો ગાય બચાવ્યે જ

છૂટકો છે. ગાય રાષ્ટ્રની માતા છે. માતાની હત્યા કદી ન કરાય. રાષ્ટ્ર વચનબદ્ધ છે. બંધારણમાં નિર્દેશ છે એટલે ગોહત્યાબંધી રાષ્ટ્રમાં થવી જ જોઈએ. અને જો તે ન થાય તો આમરણાંત અનશનની એમણે જાહેરાત કરી. આમરણ ઉપવાસની તેમની ઉદ્‌ઘોષણાથી દેશ સફાળો જાગી ઊઠયો. ઠેર-ઠેરથી તેને સાથ દેવા સજ્જનો સાબદા થયા. જ્ઞાનચંદ્રજીને લાગ્યું કે સંત વિનોબાજીના સંકલ્પમાં પોતાનો સંકલ્પ ભેળવી દેવો અને બાબાના કાર્યમાં એક-રસ અને એકરૂપ થઈ જવું એ કર્તવ્ય છે, સ્વધર્મ છે. એથી બાબાના ગોરક્ષાયજ્ઞને પૂરેપૂરો સાથ આપવા તે યજ્ઞકાર્યના સૈનિક તરીકે વિનોબાજીને પોતે સમર્પિત થયા. સંતબાલજીએ પણ તેમના શુભ સંકલ્પને આશીર્વાદ આપ્યા. રાધાકૃષ્ણ બજાજે જ્ઞાનચંદ્રજીનો, રાષ્ટ્રીય મહા-યજ્ઞમાં પૂરેપૂરો ઉપયોગ થાય તે પ્રકારની રાષ્ટ્રીય વ્યવસ્થા ગોઠવી અને જ્ઞાનચંદ્રજીનો સાણંદમાં આરંભેલ ગોસેવા-યજ્ઞ ભાલનળકાંઠામાંથી જેમ ગુજરાત વ્યાપી બન્યો હતો તેમ તેને રાષ્ટ્રવ્યાપી બનવાનું વિનોબા જેવા વિશ્વસંતનું વેણ નિમિત્ત બન્યું. અને જ્ઞાનચંદ્રજી સમજતા હતા કે સૌ સાથીદારો તણું જોમ સંકલ્પમાં ઉમેરાય તો જ કાર્ય સિદ્ધ થાય, માટે પોતે જોડાયા અને સંત-સેવક સમુદાયને પણ તે માર્ગે પ્રેર્યો.

## સંત-સેવક સમુદાયનો સહયોગ

પૂ. વિનોબાજીએ રાષ્ટ્રના સંતોને ભારતના નૈતિક

ઉત્થાનનું કાર્ય ઉપાડી લેવા બુદ્ધ-ગયામાં ઢેબરભાઈ મારફત આમંત્ર્યા હતા. પ્રયત્ન મોટો કર્યો પણ આવકાર જોઈએ તેટલો ન મળ્યો. સંતબાલજીને લાગ્યું કે ભલે બિલકુલ નાના પાયા પર પણ જો કાર્ય કરવા જેવું છે તો તે ચાલુ રાખવું જોઈએ. ઢેબરભાઈ તથા જૈનેન્દ્રજી જેવા રાષ્ટ્રના આગેવાનોના સહકારથી મુનિશ્રી સંતબાલજીએ ૧૯૭૨ માં ચિંચણમાં સંત સેવકોનું સંમેલન રાખ્યું. એ કાર્યમાં સેવા આપવાની વિનોબાજીએ માનવમુનિને અનુજ્ઞા આપી, આચાર્ય તુલસીજીએ પણ સમર્થન આપ્યું. એટલે સર્વોદય કાર્યકર, આચાર્ય તુલસીનો પરિવાર અને સંત-બાલજી મહારાજના સંઘો અને ઋષિ-પરંપરાના મુનિઓએ દિલ્હીમાં બે સંમેલનો બોલાવ્યાં. રાષ્ટ્રના સંતોમાંથી કેટ-લાક ત્યાં આવ્યા. તેમાંથી માંસાહારત્યાગ, અસ્પૃશ્યતા નિવારણ, દારૂનિષેધ, ભૂદાન, ગોહત્યાબંધી, સર્વધર્મ સમ-ન્વય વગેરેના સર્વસંમત કાર્યક્રમો પાર પાડવાનો સંકલ્પ થયો. તેની ગુજરાતની જવાબદારી જ્ઞાનચંદ્રજીને માથે આવી પડી અને તેઓ સંત-સેવક સમુદાયના મંત્રી બન્યા. પ્રમુખ વડોદરાવાળા સ્વામી શિવાનંદ શાસ્ત્રીજી થયા અને વડોદરામાં ગોરક્ષા સંમેલન ભરાયું. તેમાં વિનોબાજીના ગોહત્યાબંધીના યજ્ઞકાર્યમાં સંપૂર્ણ સાથ દેવાનો ઠરાવ થયો. જ્ઞાનચંદ્રજીએ તો આ કાર્યને પોતાનું સમર્પણ કર્યું હતું. સંતબાલજીની પ્રેરણા ઉપરાંત સંત-સેવક સમુદાયનું પીઠબળ મળવાથી પોતે સંન્યાસીધર્મને આગળ વધારી રહ્યાનો અને સક્રિય બનાવી રહેવાનો સંતોષ અનુભવ્યો.

તે સાથે રાધાકૃષ્ણ બજાજજી રાષ્ટ્રના કોઈપણ કાર્યમાં સાથ આપવા સાબદા થયા. એ કાર્ય નિમિત્તે વાહન વાપરવાની છૂટની જાહેરાત કરી. હિંદુ સંન્યાસી વાહનનો ઉપયોગ કરતા હોય છે એટલે સમગ્ર ભારતમાં ફરી શકાય અને યજ્ઞકાર્યને પૂરો ન્યાય આપી શકાય તે દૃષ્ટિએ સંતબાલજી મહારાજે પણ મૂળ સંકલ્પમાં એટલા ફેરફારને સંમતિ આપી.

### મથુરા શુદ્ધિસાધના પ્રયોગ

નિસર્ગનું મહાયંત્ર, બાહ્ય, આંતરે તથા જગે;
છે તાલબદ્ધ સર્વત્ર, એકલું ત્યાં ન કોઈએ.
સાધના તે ટકે જેમાં, હોય સાથ નિસર્ગનો;
નૈસર્ગિક જગતંત્ર, ચાલે છે જ્ઞાનથી જુઓ.

**સંતબાલ**

વિનોબાજીએ ભારતમાંથી ગોહત્યાબંધી ન થાય તો ૨૧ એપ્રિલ ૧૯૭૯ થી આમરણાંત અનશનની જાહેરાત કરી. રાજ્ય કાનૂન કરે કે ન કરે પણ પ્રજાકીય મહાપુરુષાર્થ માટે એમણે એલાન આપ્યું. ભગવાન શ્રીકૃષ્ણની જન્મભૂમિ મથુરા અને આસપાસના વિસ્તારમાંથી દર મહિને હજારો ગાયો કલકત્તા કતલખાનામાં કપાવા જાય છે – તે સાંભળી તેમનું અંતઃકરણ કકળી ઊઠ્યું. મથુરા, વ્રજ, વૃંદાવન, ગોકુળ એ ભગવાનની લીલાભૂમિ, ભગવાને જાતે ગાયો ચારી, ગોસંવર્ધનનો મંત્ર જ્યાંથી દીધો એ ભૂમિમાંથી હજારો ગાયોને કતલખાને જતાં રોકવી જ જોઈએ. અખિલ ભારત કૃષિગોસેવા સંઘે ગાય રોકવાનો પડકાર ઝીલી

લીધો અને તેમના મંત્રી શ્રી રાધાકૃષ્ણ બજાજજીએ જ્ઞાનચંદ્રજીને દિલ્હીને બદલે કૃષ્ણજન્મસ્થાનમાં ગોહત્યાબંધી માટે શુદ્ધિસાધનાનો પ્રયોગ કરવા વિનંતી કરી. ભક્તોને માટે ગોકુળ-વૃંદાવન-મથુરા ભક્તિભૂમિ છે, તપોભૂમિ છે, સેવાભૂમિ છે. જે ભૂમિની યાત્રા પણ પુણ્યસ્મરણ બને છે, તે ભૂમિમાં સામુદાયિક તપોમય પ્રાર્થના થાય, તે પણ ભગવાનના જન્મસ્થળે જ એમાં પ્રભુકૃપા અને નિસર્ગની મદદ સિવાય બીજું શું હોય! જે ભૂમિમાં સેવામય ભક્તિ કરવા વૈષ્ણવાચાર્યો અને અવતારી સમા પુરુષો ઝંખી રહ્યા હતા તે ભૂમિમાં શુદ્ધિસાધના પ્રયોગ કરવાનું સામેથી ભાગ્ય મળ્યું એ જ નિસર્ગનો તાલ છે. ભગવાન પોતાના તાલ સાથે ભક્તનો તાલ મેળવે છે. પ્રભુપ્રેમ પ્યાસી જ્ઞાનચંદ્રજીને પ્રેમને આધીન પ્રભુ પોતાના જન્મધામમાં પ્રભુની પ્યારી ગાયોને અન્યાયી કતલમાંથી મુક્ત કરવાનાં આંદોલનમાં શુદ્ધિસાધનાના પ્રયોગ માટે જાણે કે બોલાવી રહ્યા હોય એ રીતે આપોઆપ રાધાકૃષ્ણજી દ્વારા વ્યવસ્થા ગોઠવાઈ ગઈ. જ્ઞાનચંદ્રજીએ પણ શુદ્ધિસાધનામાં આર્થિક કે સ્વયંસેવકની સહાય નિસર્ગ પર છોડી. કૃષિગોસેવા સંઘની પાસે કશી અપેક્ષા ન રાખી. કુદરતી ક્રમમાં જ જાણે આરંભમાં જ ઉપવાસમય પ્રાર્થનામાં શ્રદ્ધા બેસે તેવો પ્રસંગ બની ગયો અને પછી ગુજરાત ઉપરાંત સર્વોદય જગતના મિત્રોની અને સ્થાનિક તપશ્ચર્યાની સહાય આપોઆપ મળી ગઈ. આ પ્રયોગના સંમેલનની જવાબદારી સ્વામીજીએ મને સોંપી. પ્રભુકૃપાએ જામનગર પાંજરા-

પોળ સંચાલિત સેવા સંઘે આર્થિક બધો ભાર ઉપાડી લીધો અને વધારામાં જામનગર પાંજરાપોળે રૂ. ૩૫૦૦)-ની કૃષિગોસેવા સંઘની મદદ આપી. એ બધાંમાં જાણે કે પ્રભુ પંડે જ આ કાર્ય કરાવી રહ્યો હોય તેવો અમને અનુભવ થયો. કેમ કે—

પ્રભુ તાબે રહે ભક્ત, પ્રભુએ તેમ ભક્તને;
આધીન રહીને ચાલે બંનેનો ધર્મ એક એ.

## તપોમય પ્રાર્થના ફળી

મથુરા જિલ્લાના કોસીકલાથી દર અઠવાડિયે ચારથી છ હજાર ગાયો કતલખાનામાં જાય છે તેવી પાકી જાણ-કારી મેળવી રાધાકૃષ્ણ બજાજજી ચાલીસ સત્યાગ્રહીને લઈને ત્યાં પહોંચ્યા. રાત્રે સભા થઈ. બીજા દિવસે સત્યાગ્રહીઓ ગાયોને કતલખાને લઈ જનારા વેપારીઓ અને દલાલોને સમજાવવા સરઘસાકારે સૂત્રો બોલતા-બોલતા ગયા. બહેનો પણ સત્યાગ્રહમાં સામેલ હતી. કોસીકલા કસબો છે. એટલે સારા ગામમાં વાત પહોંચી ગઈ. બધાંની સહાનુભૂતિ સત્યાગ્રહી પ્રત્યે હતી. સત્યાગ્રહીના પાછા ફર્યા બાદ વિદ્યાર્થીઓ પણ ગાયો રોકવા ગયા. તેઓ પૂરા અહિંસક રહ્યા તો પણ કતલખાને ગાયો લઈ જનારાઓએ 'ઢોરને ભડકાવે છે' તે બહાને વિદ્યાર્થીઓને સારી મારપીટ કરી. કેટલાકને તો ઝૂડી નાખ્યા તેમ કહીએ તો ચાલે. વિદ્યાર્થી-ઓએ સ્વ-બચાવમાં તેના પર પથ્થરમારો કર્યો. બેત્રણ મુસ્લિમ વ્યક્તિ મરી ગઈ છે તેવી અફવા ફેલાવવામાં

આવી અને સત્યાગ્રહને બદલે કોમી તોફાનમાં મામલો ખિચકાવી દેવાનું કાવતરું અમલી બન્યું. કાંઈ તોફાનની ઘટના બને તે પહેલાં જ બજાજજીએ પાંચ દિવસના અનશનની જાહેરાત કરી દીધી અને તેની સહાનુભૂતિમાં છાવણીના બધા સત્યાગ્રહીઓએ તે દિવસનો ઉપવાસ જાહેર કર્યો. ગામમમાં સર્વત્ર વાત ફેલાઈ ગઈ અને સહાનુભૂતિમાં ઉપવાસ કરવા કોઈ તૈયાર થયા તો કોઈ બાજાજજી પાસે શું કરવું તે સલાહ લેવા આવ્યા. પોલીસ આવી પહોંચી અને મરી ગયાની અફવા ફેલાવવા જે આદમીને સુવાડી રાખ્યા હતા તેમને પકડી ગઈ. અફવા ગલત સાબિત થઈ. અફવા ઉડાવનાર પર કામ ચલાવવાની કાર્યવાહી થવાની દહેશત ઊભી થઈ. કલેક્ટર કચેરી પણ સજાગ બની ગઈ અને યોગાનુયોગ એવો બન્યો કે રેલવેના અધિકારીનો દિલ્હીથી હુકમ મળ્યો કે ગાયને વેગનમાં બુક ન કરવી. કલેક્ટરને પણ સત્યાગ્રહીઓ સાથે શાંતિપૂર્ણ વર્તાવની સૂચના મળી ગઈ. જે લોકો તોફાન ચાહતા હતા તેમના પર આ બધી વસ્તુઓનો પ્રભાવ પડ્યો. તેઓ સમાધાન માટે આવ્યા. ત્રીજા ઉપવાસની સાવારે કોસીકલાથી ગાય કલકત્તા નહિ ચઢાવવાની તેના વેપારીઓએ ખાતરી આપી. ગાયને કલકત્તા મોકલવા પરમીટ નહિ આપીએ તેવી કલેક્ટરે ખાતરી આપી. બંને કોમના આગેવાનોએ–'બંને કોમ શાંતિ ને એખલાસથી રહીશું' એવી ખાતરી આપી અને બાજાજજી પ્રત્યે શુભેચ્છા વ્યક્ત કરવા લીંબુ ને મીઠાનું પાણી આપ્યું. ખોરાક કે ફ્રૂટ કે ગ્લુકોઝ

તો બાબજીએ ત્રણ દિવસમાં લીધેલ નહિ.

આ ઉપવાસની રાજ્ય, સમાજ અને ગાયના વેપારી પર સુંદર અસર પડી. તેની અસરકારકતા જોઈને સત્યાગ્રહીઓને પણ શ્રદ્ધા જાગ્રત થઈ. જ્ઞાનચંદ્રજી મહારાજે મુલાકાત લઈ પ્રથમ સત્યાગ્રહી બાબજીને અભિનંદન આપ્યા અને મથુરામાં શુદ્ધિસાધનાના પ્રયોગમાં સત્યાગ્રહીઓએ પૂરી શ્રદ્ધાથી સાથ આપવાની તત્પરતા બતાવી. આમ શુદ્ધિસાધનાના આરંભ પહેલાં જ પ્રભુએ પુષ્ટિ મળે તેવી મદદ મોકલી આપી. શ્રીકૃષ્ણજન્મસ્થાન ટ્રસ્ટે આવાસ, ને ભોજનની બધી વ્યવસ્થામાં પૂરા સહયોગની ખાતરી આપી. ડાલમિયાજીની સૂચનાથી ટ્રસ્ટનું આખું વ્યવસ્થાતંત્ર ખડે પગે મદદમાં રહ્યું એ પણ પ્રભુકૃપાની પ્રતીતિ હતી.

## મથુરામાં શુદ્ધિપ્રયોગની તપશ્ચર્યા

શ્રીકૃષ્ણજન્મસ્થાનમાં શુદ્ધિસાધનાનો આરંભ થયો. નિત્ય પ્રભાતફેરી, સવાર–સાંજ પ્રાર્થના અને કેવળ પાણી પર એક સાથે ત્રણ ઉપવાસ મુખ્ય ઉપવાસી કરે અને તેની સહાયમાં એક ઉપવાસીઓ રહે. ઉપવાસીઓએ કેન્દ્ર પર જ ત્રણેય દિવસ રહેવાનું હતું. આમ તપ, સાતત્ય અને સેવામય ભક્તિ શુદ્ધિસાધનાનાં મુખ્ય અંગ હતાં. સંસાર પક્ષે સંતબાલજી મહારાજના મામાનાં દીકરી અને આજીવન કૌમાર્યવ્રત લઈ સેવાપ્રવૃત્તિમાં જીવન ગાળનાર વનિતાબહેનના કેવળ પાણી ઉપર ત્રણ ઉપવાસથી શુદ્ધિસાધના પ્રયોગનો આરંભ થયો. પૂર્ણાહુતિના ત્રણ ઉપવાસ પણ

વનિતાબહેને કરેલા. બાકીના ૪૫ ઉપવાસ ૧૫ ત્રિઉપવાસીઓએ કરેલા. એવાં આજીવન બ્રહ્મચારી અને સેવાવ્રતધારી શારદાબહેન શાહ, સેવાપરાયણ અને ગુજરાત સર્વોદય મંડળના અગ્રણી ડૉ. દ્વારકાદાસ જોશીનાં સેવાપરાયણ પત્ની રતનબહેન અને બાબાનાં એક વખતનાં આશ્રમવાસી સરોજબહેન ત્રિઉપવાસમાં હતાં.. પ્રમાણિક અને સંયમી જીવન જીવતા રાધેશ્યામભાઈએ મથુરામાંથી ત્રિ-ઉપવાસનો પ્રારંભ કર્યો અને આસપાસનાં ગામનાં ગોપ્રેમી વૃદ્ધા લક્ષ્મી, કાંતિભાઈ પણ ત્રિ–ઉપવાસમાં જોડાયાં. પગયાત્રામાં નીકળેલ એક સેવક પણ જોડાયા અને બંને આંખે અંધ છતાં ચંદ્રકાન્તભાઈએ ત્રિ-ઉપવાસ કર્યા. અતિથિ તરીકે છાવણીની મુલાકાતે આવેલ ભગુભાઈ પટેલ ત્રણ ઉપવાસમાં બેસી ગયા તો સત્યાગ્રહ છાવણીમાંથી રામજીભાઈ અને મધ્ય પ્રદેશના એક કાર્યકર પણ ત્રિ-ઉપવાસમાં ભળ્યા. બાબાપુરના જૂના કાર્યકર અરવિંદભાઈ અને ખાદી કાર્યકર મોહનભાઈ માંડવિયાએ પણ ત્રણ ઉપવાસ કર્યા હતા. ઉપવાસામાં લીંબુ કે મીઠાની છૂટ ન હતી; કેવળ ઊકાળેલું કે સાદું પાણી જ લેવાનું હતું. સ્હાનુભૂતિના ઉપવાસામાં શ્રીકૃષ્ણજન્મસ્થાનના કાર્યકરોથી માંડીને મથુરા ને તેની આસપાસના ભણેલા છતાં શ્રમથી પ્રામાણિક રોટી કમાનાર ભાવુકો આમાં આકર્ષાયા એ તેની ખૂબી હતી.

મથુરાનાં થોડાંક સમજણાં ભાઈ-બહેનો અને યાત્રાળુઓમાં આ અભિનવ સાધના-પ્રયોગ પ્રત્યે જિજ્ઞાસા જાગી

હતી. ગાય રોકનાર સત્યાગ્રહીઓને વાતાવરણનું બળ આપવામાં શુદ્ધિપ્રયોગ સહાયક થતો હતો.

## દૂધનો ત્યાગ

શુદ્ધિસાધના પ્રયોગમાં એકાગ્ર છતાં ગાય રોકનાર સત્યાગ્રહીઓના સરઘસમાં જ્ઞાનચંદ્રજી અને શુદ્ધિ–છાવણીનાં સાથીદારો ભળતાં, ઢોરબજારમાં ફરતાં, સમજાવવાની વાત પણ કરતાં, કેવળ કાનૂનભંગ ન થાય તેની તે ચીવટ રાખતાં. કોશીકલામાં જ્ઞાનચંદ્રજીએ જોયું કે ગાય વેચનારા વાછરડાને પરાણે જુદા પાડે છે. 'મા વિના ઝૂરતા વાછરડાના દુઃખથી જ્ઞાનચંદ્રજીનું હૈયું વલોવાયું અને જ્યાંસુધી ગોહત્યા-બંધી ન થાય ત્યાંસુધી દૂધનો એમણે ત્યાગ કર્યો.

## એકસો વીસ ગાયો છોડાવી

એકાએક એવો બનાવ બન્યો કે જેને લીધે મથુરાના સમગ્ર વાતાવરણમાં નવું ચેતન આવ્યું. પાસેના ગામડામાંથી એક શિક્ષકે સમાચાર પહોંચાડ્યા કે ઈંટના ભઠ્ઠા પાછળ ગાયો સંતાડી છે ને ટ્રકમાં લઈ જાય છે. વાત સાંભળતાં સત્યાગ્રહીઓ ત્યાં પહોંચ્યા. કસાઈઓ ગાયો છોડીને ભાગી ગયા; કેમ કે તેમની પાસે પરમીટ ન હતી. એકસો વીસ ગાયો છોડાવી. તેમને હાર પહેરાવી મથુરામાં સરઘસાકારે ફેરવી. ત્રણ દિવસ રાખી. જે ગાય પાળવા તૈયાર હતા, તેવા ગૃહસ્થને પાકી ખાતરી કરી ગાયો મફત આપી. ઘરડી ગાયોને પાંજરાપોળ પહોંચાડી. આપણા સંઘ તરફથી પણ

ગાયોને ગોળ, ખાણુ આપવામાં આવતાં.

## સફળ પૂર્ણાહુતિ

આખા જિલ્લામાં વાયુવેગે આ વાત ફેલાઈ ગઈ અને પરમીટ બંધ છે તેની જાણ થતાં ગામડા અને રસ્તા પરથી જ્યાંથી જાણ થાય ત્યાંથી લોકો ગાયોને રોકવા લાગ્યા. ગ્રામપંચાયત, મહાલપંચાયત અને જિલ્લાનાં સંમેલનો મળ્યાં. સર્વાનુમતે ઠરાવો થયા. છેવટે સરકારશ્રીએ પણ ગાયની નિકાસ બંધ કરી અને બાંકેબિહારીના મંદિરમાં પૂર્ણાહુતિ ઉત્સવ ઊજવાયો. નિસર્ગની યોજનાની કેવી ખૂબી છે! બગડમાં શુદ્ધિ પ્રયોગનો આરંભ થયો; ૧૯૫૨ માં ભાલનળકાંઠાના કાર્યક્ષેત્રમાં તે પુષ્ટ થયો, ગુજરાત અને બૃહદ્ મુંબઈ રાજ્યમાં તે વિસ્તાર પામ્યો અને ગોહત્યા બંધ કરવા નિમિત્તે અખિલ ભારત કૃષિગોસેવા સંઘના આશ્રયે તે ભારતના હૃદય સમા મથુરામાં સર્વ સંતો; ભક્તો ને સેવકોની અનુમતિ પામી આદર્શ સત્યાગ્રહ રૂપે સર્વોદય પરિવારોમાં પણ સ્થાન પામ્યો.

## મથુરાનાં મધુર સ્મરણો

નિસર્ગ–શ્રદ્ધાજીની શ્રદ્ધાને બળ મળે તેવું શ્રીકૃષ્ણજન્મસ્થાનના સેવકવર્ગનું જીવન હતું. જન્મસ્થાનના એક માળીને બે આંખે અંધ અને અપંગ દીકરી હતી. તેની મા મરી ગયેલી. બાપ દીકરીની પૂરી કાળજી લે. તેના પર દયા આવતાં સ્વામીજીએ એ બાપ-દીકરીને મદદરૂપ થવાની

ઇચ્છા દર્શાવી. બાપ–દીકરી બંનેએ કહ્યું : અમે ભગવાનનાં માળી છીએ. ભગવાન અમને જે આપે તે પ્રસાદમાં અમે રાજી છીએ, ગરીબીમાં અમીરી ભોગવતાં બાપ-દીકરીના સંતોષથી અમે રાજી થયા; પણ આશ્ચર્યજનક બનાવ એ બન્યો કે અંધ અને અપંગ દીકરીએ એક દિ' હઠ લીધી કે–'મારાં લગ્ન કરો. બધાંને બાળક અને મને કેમ નહિ ?' માળી મૂંઝાયો. જ્ઞાનચંદ્રજી પાસે મૂંઝવણ રજૂ કરી. 'પ્રાર્થના કરો, પ્રભુ સારાં વાનાં કરશે.' તેટલી હિંમત આપી. બન્યું એવું કે આ વાતને બીજે જ દિવસે સાધુની જમાત યાત્રાએ આવી. જમાતના ગુરુને આ દીકરી પર દયા આવી અને એના યુવાન સ્વરૂપવાન શિષ્યને આજ્ઞા કરી. 'આ અંધ સાથે લગ્ન કરો. તેને પ્રભુની ભેટ માની તેની સેવા કરો. શિષ્ય લગ્ન કરવા તૈયાર થયો. જમાત ચાલી ગઈ. શિષ્ય અંધ–અપંગ છોકરી અને તેના પિતાની સેવામાં લાગી ગયો. એની શ્રદ્ધા ચમત્કારિક રીતે ફળી. અમનેય શ્રદ્ધા બેઠી કે શુદ્ધિ પ્રયોગ અને સત્યાગ્રહ જરૂર સફળ થશે. ત્યાંના મંદિરના સેવકોનું સાદું, સંયમી, સંતોષી અને પ્રભુસમર્પિત જીવનની અમારા અંતઃકરણમાં સુંદર છાપ પડી. શ્રીકૃષ્ણ–જન્મસ્થાનના મુખ્યશ્રી ડાલમિયાજીએ, શર્માજીએ ખૂબ સહયોગ આપ્યો તે પણ સ્મરણીય છે.

## વિનોબાજીના આમરણાંત ઉપવાસ

વિનોબાજીએ ભારત સરકારને જાણ કરી હતી કે સુપ્રિમ કોર્ટની મર્યાદામાં ભારતભરમાં જો ગોહત્યાબંધી ન

થાય તો ૨૧ એપ્રિલથી તેઓ આમરણાંત અનશન કરશે. પૂ. વિનોબાજીને આમરણાંત અનશન કરવાં ન પડે તે દૃષ્ટિએ દેશભરના સર્વોદય કાર્યકરો અને પવનાર આશ્રમની બહેનો, કૃષિ–ગો–સેવા અને સર્વસેવા સંઘના સેવકો મથુરા કલકત્તા અને કેરલમાં ગાય રોકવાના આંદોલનથી માંડીને પ્રચાર, પિકેટિંગ અને સમજાવટથી પ્રયાસ કરી રહ્યા હતા. મુનિશ્રી સંતબાલજીએ ૨૧ દિવસ ઉપવાસ કેવળ ઉકાળેલ પાણી પર કરી સતત પ્રાર્થના દ્વારા બાબાની સફળતા પ્રાર્થી હતી. જ્ઞાનચંદ્રજી મહારાજ અને પ્રાયોગિક સંઘ અમદાવાદમાં ત્રિ-ઉપવાસ કેન્દ્ર ચલાવી રહેલ હતા. મુંબઈ અને કચ્છમાં પાંચેક સ્થળે ત્રિઉપવાસ કેન્દ્રો ચાલતાં હતાં અને સહાનુભૂતિના એક–ઉપવાસી તો હજારોની સંખ્યામાં કેવળ ગુજરાતમાંથી જ થયા હતા જાણે કે તપશ્ચર્યા સ્વયં વિનોબાજીની સેવામાં હાજર થઈ હોય તેવું વાતાવરણ રચાયું હતું. જ્ઞાનચંદ્રજી મહારાજે પણ પ્રધાનમંત્રી મોરારજીભાઈ દેસાઈને પત્ર લખ્યો. પૂ. વિનોબાજીને ઉપવાસ ન કરવા પડે તેવી સ્થિતિ સર્જવા વિનંતી કરીને મુલાકાત માગી. મોરાજીભાઈએ ૧૧મી એપ્રિલનો સમય આપ્યો. નિયત સમયે વીસ મિનિટ ખુલ્લા મને વાતચીત થઈ. મોરારજીભાઈએ પાલામેન્ટની અને બંધારણની સ્થિતિ સમજાવી. વિનોબાજી ઉપવાસ ન કરે એમ એમને સમજાવવા કહ્યું. કેન્દ્ર સરકારે કાયદો કરી રાજ્યો પર એ લાદવો એવા મતના પોતે નથી એમ પણ સ્પષ્ટ કર્યું. આમ છતાં પાર્લમેન્ટના આદેશને માન આપવાની તત્પરતા બતાવી. તે

રાત્રે જ્ઞાનચંદ્રજી નરેન્દ્રભાઈ નથવાણીને મળ્યા. બીજે દિવસે ધરમશીભાઈ પટેલ અને કચ્છ–મહેસાણાના સંસદ સભ્યોએ આ દિશામાં રામસિંહજીનો ઠરાવ પસાર કરાવવા પ્રયત્ન કરશે તેમ પણ કહ્યું અને જ્ઞાનચંદ્રજી મથુરા પહોંચે ત્યાં તો ૧૨–૪–૮૧ ને દિને પાર્લમેન્ટે ઠરાવ કર્યો કે 'આ પાર્લમેન્ટ બધી સરકારને આદેશ આપે છે કે ભારતીય સંવિધાન ધારા ૪૮ અનુસાર સર્વોચ્ચ અદાલતના ચુકાદાની મર્યાદામાં પશુસંરક્ષણ અને વિકાસ સમિતિએ આપેલા સબળ આર્થિક કારણ તેમ જ પૂ. વિનોબાજીના ૨૧-૭-૭૯ ના સંકલ્પિત ઉપવાસને ધ્યાનમાં રાખીને બધી ઉંમરની ગાય તથા વાછડાની હત્યા પર પ્રતિબંધ મૂકે.

## અનશનની સિદ્ધિ

પ્રધાનમંત્રી મોરારજીભાઈએ રૂબરૂ જઈને અને પત્રથી કેરલ તથા પશ્ચિમ બંગાળની સરકારને ગોહત્યા પર પ્રતિબંધ મૂકવા સમજાવ્યું પણ બંને સામ્યવાદી વિચાર ધરાવતી સરકારોએ 'સ્થાનિક પ્રજાની જરૂરિયાત છે' તેમ જણાવી ગોહત્યાબંધીનો કાનૂન કરવા ઇન્કાર કર્યો. પરિણામે ૨૧–૪–૭૯ ના બાબાના ઉપવાસ શરૂ થયા. દેશ આખામાં અને પાર્લમેન્ટમાં હલચલ મચી ગઈ. પાંચમે ઉપવાસે વિનોબાની તબિયત કથળી. છઠ્ઠે ઉપવાસે સર્વોદય કાર્યકર દાદા ધર્માધિકારી વગેરે કે જેમને બાબાએ વાતચીતનો અધિકાર આપ્યો હતો તેમની સાથે સમજાવટ

થયા પ્રમાણે પ્રધાનમંત્રી મોરારજીભાઈએ પાર્લમેન્ટમાં ઘોષણા કરી કે સર્વોદય કાર્યકર્તા સાથે થયેલી વાતચીત પ્રમાણે પશુઓના વિકાસ અને રક્ષાનો વિષય રાજ્યસૂચિમાંથી સમવર્તી સૂચિમાં હસ્તાંતરિત કરવો જોઈએ. આ માટે બંને ગૃહોમાં સંવિધાન પરિવર્તન કરવાનો કાનૂન બનાવવામાં બધા પક્ષો મદદ કરશે અને બેતૃતીયાંશ બહુમતી મેળવવાની રહેશે, તેમ જ છ રાજ્યોનું સમર્થન પણ મેળવવાનું થશે. આ બધી ક્રિયા ૧૯૮૦ માર્ચ સુધીમાં પૂરી કરવાની છે.

## રચનાત્મક પુરુષાર્થ

વિનોબાજીના છઠા ઉપવાસે પ્રધાનમંત્રીની પાર્લમેન્ટમાં જાહેરાત થતાં સર્વત્ર આનંદ પ્રસરી રહ્યો. જે હેતુથી ઉપવાસ શરૂ થયા હતા તે સિદ્ધ થતાં શ્રી વિનોબાજીએ પારણાં કર્યાં. સારાયે દેશની તપશ્ચર્યા અને પ્રાર્થનામાં પરમાત્માનો સંકેત દેખાવા લાગ્યો. તેની શ્રદ્ધા અત્યંત વધી અને ગાયના દેશવ્યાપી પ્રશ્નનો ઉકેલ આવે ત્યાંસુધી ગુજરાતમાં ગોવંશહત્યા બંધનો કાનૂન થાય તે પહેલાં ગુજરાતે બળદની હત્યા પર અંકુશ મૂકી દેશને નવી દિશામાં પ્રયાણ કરવાનું બળ આપ્યું. એ બાબતમાં પ્રજાશક્તિ જગાડવા અને રાજ્યને દઢ કરવામાં જ્ઞાનચંદ્રજીએ કેવો વ્યાપક પુરુષાર્થ કર્યો હતો તે આપણે જોઈ ગયા છીએ. ભારતમાં સંપૂર્ણ ગોહત્યાબંધી કરે ને ગોવંશ-

હત્યા બંધ થાય ત્યારે ગાય અને ગોવંશને જાળવવા માટે ગૌશાળા, પાંજરાપોળ, ગોસદન અને ગામેગામ ગોરક્ષાનાં આયોજન થાય તેવાં રચનાત્મક કામ પ્રત્યે આગળ વધવા એમણે ગુજરાત અને સૌરાષ્ટ્રની સંસ્થાઓનો પ્રવાસ કર્યો ને ઠેર ઠેર પ્રેરણા ને બળ આપ્યાં.

# ૧૨. દિલ્હીમાં શુદ્ધિસાધના કેન્દ્ર

માણે સુખો પર–પીડ આપી,
લૂંટે પ્રતિષ્ઠા પરની ઉથાપી;
અન્યાય એવા અતિશે વધે જ્યાં;
જાગી જતું સત્ત્વ નિસર્ગનું ત્યાં.

**સંતબાલ**

સંત વિનોબાજીએ પારણાં કર્યાં. મોરારજીભાઈ દેસાઈ અને તેમના પક્ષે ગોહત્યાબંધીના કેન્દ્રીય કાનૂન માટેની તૈયારી શરૂ કરી ત્યાં જ રાજધાનીમાં સત્તાની સાઠ-મારી ચાલી. એકબીજાની પ્રતિષ્ઠાનું ખંડન કરવાની હોડ મંડાણી. મોરારજીભાઈના ચારિત્રખંડન માટે તેમના પક્ષના અને વિરોધ પક્ષના પ્રતિનિધિઓ એક થયા. સત્તાની સ્પર્ધામાં જનતા પક્ષમાં ભાગલા પડચા. મોરારજીભાઈની સરકાર તૂટી. ચરણસિંહની સરકાર આવી, તેય તૂટી અને ચૂંટણી આવી. ચૂંટણામાં ઇન્દિરાબહેનનો કૉંગ્રેસ પક્ષ ઝળહળતી ફતેહથી આગળ આવ્યો. નવી વ્યવસ્થાઓ, નવી ચૂંટણીઓના જંગમાં આખો દેશ પડી ગયો અને ગાય ભુલાઈ ગઈ. ગાય ભુલાઈ ગઈ એટલે ગોહત્યાબંધીની વાત ભુલાઈ ગઈ.

## ગાય ટકે, જો ગોરસના ભાવ ટકે તો જ

દૂધ-ઘીના તૂટતા ભાવે ગાયને આર્થિક ક્ષેત્રમાંથી હાંકી કાઢી હતી. ગોપાલક વર્ગ અને તેમાંય ગુજરાત-સૌરાષ્ટ્રના ભરવાડો અને ગોપાલક કોમે કૃષ્ણ ભગવાનના વખતથી ગાયની ઓલાદ પોતાની જાત ઘસીને પણ સાચવી રાખી હતી. એ પણ લાચાર બનીને, ગાય છોડીને મજૂરીના કે બીજા ધંધે વળગી ગયો અને ધીમા મોત કે કતલખાનામાં ગાય અને તેનો વંશ હોમાવા લાગ્યો.

## ગાય ને ગોવંશના અન્યાયનો ઢંઢેરો

સ્વરાજમાં સૌને મતાધિકાર આપવામાં આવ્યો હતો. મત મેળવવાના સ્વાર્થે મતદારોના ધંધાદારી સ્વાર્થ પપલાવીને, તેને લોભ આપીને ધૂર્ત નેતાગીરી જુગાર જીતે એમ મત જીતતી હતી અને મતદારના હિતનો દેખાવ કરવા માટેય કોઈક ને કોઈક પ્રકારની રાહતના ટુકડા ફેંકતી હતી. પણ ગામડાનું અર્થતંત્ર જે ખેતી-ગોપાલન અને ગ્રામ-ઉદ્યોગ પર બેઠું છે તે તૂટતું જતું હતું; અન્યાયના ભરડામાં ભીંસાતું જતું હતું. શ્રમજીવીના શોષણ ઉપર પરોપજીવી બુદ્ધિજીવી–વર્ગ સંપન્ન બની સુખ માણતો હતો. ગામડા ને શહેરના સંપન્ન વર્ગે સંપત્તિ પ્રાપ્ત કરવા જેમ નબળા વર્ગને હાંકી કાઢી શ્રમ વેચતો કરી દીધો હતો તેમ સત્તાની સ્પર્ધામાં ચડેલા વર્ગે પ્રતિ-સ્પર્ધીની પ્રતિષ્ઠા તોડી આક્ષેપબાજીના નારા પર આગળ આવવાની હોડ માંડી હતી. સત્તાલક્ષી અને ધનલક્ષી

દોટનાં બે પડ વચ્ચે ગામડાંના ગરીબો અને નીચેનો મધ્યમ વર્ગ ભરડાયે જતાં હતાં. જીવવા માટેના સંગ્રામમાં એ બીજાને મદદરૂપ થવા જેટલો સમય ફાજલ કરી શકતો ન હતો. જેની પાસે પૈસા કે નાનો સરખોય હોદ્દો હોય તે પૈસા ને સત્તા વધારવાની હરીફાઈમાં ગરીબો અને ગામ માટે સમય, સંપત્તિ કે સેવા આપવા નવરો ન હતો. તેનું આબેહૂબ ચિત્ર મોટાં નગરો, રાજ્યની રાજધાનીઓ અને દિલ્હી પૂરું પાડે છે. બોલકી પ્રજા અને બોલકાં સંગઠનોના શોરબકોરમાં ગામડાનાં ગરીબ શ્રમજીવી અને ગોપાલકોના અન્યાયની વાત તો ક્યાંય સંભળાતી નથી. બ્રિટિશ રાજ્યે, કાગદી નાણું શરૂ કર્યું ત્યારે વચન આપેલ કે 'એક રૂપિયાની નોટ સામે એક તોલો ચાંદીનો રાણી છાપ સિક્કો આપશે.' પંદર રૂપિયાની નોટ સામે ગીની એટલે એક તોલો સોનું મળતું હતું. ૧૯૩૬માં ગોપાલકને બે લિટર દૂધના બદલામાં એક તોલો ચાંદી મળતી હતી. એક તોલો સોનું લેવા માટે ૮૦ લિટર દૂધ આપવું પડતું હતું. આજે એક તોલો ચાંદી માટે પંદર લિટર દૂધ અને એક તોલા સોના માટે ૮૦૦ લિટર દૂધ આપવું પડે છે. એનો અર્થ એ કે સ્વરાજ્યમાં ગાયના ભાવને પોષણ ને પુષ્ટિ દેવાને બદલે આઠથી દસ ગણો ઓછો ભાવ મળે છે. એટલું જ નહિ પણ દૂધના ઉત્પાદન–ખર્ચમાં એ વખતે કપાસિયા, ખાણ વગેરેના ભાવ હતા તેના કરતાં ૩૦ ગણા ભાવ અત્યારે વધારે છે. નીરણ વીસ ગણું મોઘું છે. આમ, ઉત્પાદન મોંઘું અને વેચાણ–ભાવ અતિ

સોંઘા થવાથી ગાય આર્થિક રીતે પરવડે તેવી જ રહી નથી. ગુજરાતના કેટલાક વિસ્તારમાંથી તો તે અતિ ઓછી થઈ ગઈ છે. સૌરાષ્ટ્રમાં કેટલીક જ્ઞાતિઓ પરંપરાપ્રેમી હોવાને કારણે રૂઢિથી ગાય મોંઘી પડે તોય તેને પાળે છે. ગાય દૂધ પર નહિ પણ બળદ–વેચાણ પર કાંઈક ટકી રહે છે. પરંતુ બળદના ખૂબ ભાવ આપીને કતલખાનાવાળા બળદ ઢસડી જાય છે અને ખેતીને ખેંચ ને ખેડૂત પર બોજ વધારવા ઉપરાંત ગોવંશનો એટલો બધો હ્રાસ થાય છે કે, ગોવંશના નાશ સાથે ખેતીનો અને પરિણામે દેશનો નાશ થશે – ખેતીપ્રધાન સંસ્કૃતિનો નાશ થશે. આવડા મોટા અન્યાય સામે શંકરાચાર્યજીએ આંદોલન કર્યું, ઉપવાસ કર્યા પણ તેણે રાજકીય સ્વરૂપ પકડી લીધું અને જે રીતે આંદોલન દબાઈ ગયું તેણે દેશમાં ભારે નિરાશા ઊભી કરી. વિનોબાજીના આમરણાંત ઉપવાસ પછી પણ ગોહત્યા ચાલુ જ છે. એથી એ હતાશામાં ખૂબ જ ઉમેરો થવા લાગ્યો. ગાય અને ગોવંશના અન્યાય અને વધ સામે જ્ઞાનચંદ્રજીએ સૌ પહેલી જેહાદ જગવી. આજ પણ લોક-મત જાગ્રત કરી ગાય પર થતા અન્યાય નિવારવા જેહાદ જગવવાના હેતુથી જ્ઞાનચંદ્રજીએ દિલ્હીમાં બે-બે ઉપવાસની સાંકળરૂપે શુદ્ધિસાધના શરૂ કરી. વિનોબાજીના તેને આશિષ મળ્યા. કૃષિગોસેવા સંઘે તેનું આહ્વાન કર્યું અને જ્ઞાનચંદ્રજીના સાંનિધ્યમાં ૨ જી ઓક્ટોબર ૧૯૮૦ થી ૨ જી ઓક્ટોબર ૧૯૮૧ સુધી એકધારું આંદોલન ચાલુ રહ્યું. દેશભરમાંથી તેને સમર્થન મળ્યું. એક વર્ષના અનુભવે

સ્વામીજીને લાગ્યું કે રાજ્યકર્તા વર્ગ સંપૂર્ણ ઉદાસીન છે. પ્રજા પણ જીવનસંઘર્ષમાં એટલી પ્રવૃત્ત છે કે આ દિશામાં ગતિશીલ નથી બની શકતી. એવી સ્થિતિમાં કેવળ બલિદાનનો જ માર્ગ રહે છે અને આ હેતુથી આમરણાંત ઉપવાસની એમણે સંતબાલજી મહારાજ અને વિનોબાજી પાસે માગણી મૂકી. વિનોબાજીએ ૬ માસ શુદ્ધિસાધના લંબાવવાની આજ્ઞા કરી. એથી જ્ઞાનચંદ્રજીએ ૨ જી એપ્રિલ સુધી દ્વિ-ઉપવાસની સાંકળ લંબાવી અને ઓક્ટોબર ૨ જી થી ૬ માસની મહેતલ આપી. રામનવમીથી આમરણાંત ઉપવાસની સરકારને જાણ કરી. સંતબાલજીના પ્રાયોગિક સંઘે ઉપવાસી અને ખર્ચ બાબત સહાયરૂપ થવા તત્પરતા બતાવી અને જ્ઞાનચંદ્રજીએ ૬ માસ શુદ્ધિસાધના-પ્રયોગ લંબાવ્યો. એમના સમર્થનમાં કૃષિગોસેવા સંઘના સારાયે ભારતમાં બે-ઉપવાસની શૃંખલારૂપ સૌમ્ય સત્યાગ્રહનું એલાન કર્યું. દેશભરમાંથી સહાયક અને દ્વિ-ઉપવાસીની સંખ્યા લગભગ આઠ લાખ જેટલી થવા આવી. ગામડાંઓ અને બહેનોનો ગુજરાત-સૌરાષ્ટ્રમાં ખૂબ સાથ મળ્યો. ભારતભરમાં ઉપવાસ, પ્રાર્થના, સ્વાધ્યાય અને ગોસેવાના પ્રતીકરૂપે દાનાદિ આપીને ખૂબ ઉત્સાહ બતાવવામાં આવ્યો. વિનોબાજી જેવા વિભૂતિ સંત અને અખિલ ભારત કૃષિગોસેવા સંઘ જેવી સેવાસંસ્થાના પુણ્ય પ્રભાવે સાત્વિક પરિબળો આગળ આવ્યાં, પોતાના સત્યનું તેજ બતાવ્યું અને એ તેજમાંથી જ હણનારાના કતલખાનામાં જતા બળદ રોકવાના સત્યાગ્રહનો આરંભ થયો છે. સાત

લાખ ઉપવાસી અને હજારો સત્યાગ્રહીના પ્રયાસ છતાંય સરકારના પેટનું પાણીય ન હાલ્યું. અગાઉથી જાહેર કર્યા પ્રમાણે જ્ઞાનચંદ્રજીએ ફરી ઘોષણા કરી કે એપ્રિલ ૨ જી રામનવમીથી એમના અગાઉથી જાહેર કર્યા પ્રમાણે આમરણ અનશન શરૂ થશે જ.

## ગુરુઆજ્ઞાથીય મોટીસત્યની આજ્ઞા

સંતબાલજી વિનોબાજી જેવા ગુરુજનોની આજ્ઞાથી ૬ માસ સુધી એમણે ઉપવાસ મોકૂફ રાખ્યા; પણ એમના અંતરના સત્યને વફાદાર રહીને એમણે આગળ વધ્યે જ છૂટકો છે — તેમ નક્કી થતાં તેમણે જણાવ્યું કે —

માતા, પિતા, સખા, બંધુ, તે સર્વથી ગુરુ મહા;
પરંતુ સત્યની જાણો, ગુરુથીયે મહત્ત્વતા.
પિતૃઆજ્ઞા, ગુરુઆજ્ઞા, આજ્ઞા સર્વ વડીલની;
તે સૌમાં સત્યની આજ્ઞા, સર્વશ્રેષ્ઠ સ્વીકારવી.
વિવેકબુદ્ધિથી સત્ય, હૈયામાંથી જડી જશે;
સુણજો વિનયે સૌએ, આચરજો સ્વ-સત્યને.
સત્વનો એકડો ન જ્યાં, બધાં મીંડાં થતાં વૃથા;
તેથી જ સાચવી સત્ય, કરજો સર્વ સાધના.

**સંતબાલ**

આમ, સંતબાલજીની પાસે અંતરની વાત મૂકી એમણે વિનયથી ગુરુજનના, સ્વજનના, મિત્રોના, શુભેચ્છકોના ઉપવાસ ન કરવાના અભિપ્રાયો તેમ જ કરવાની યોગ્યતા સંબંધી મંતવ્યો સાંભળ્યાં. નમ્રતા પૂરી બતાવી

પણ પોતાના સત્યને વફાદાર રહેવાના સિદ્ધાંતને મક્કમતાથી વળગી રહ્યા. તેથી ખૂબ ચિંતિત છતાં સંતબાલજીએ કહ્યું કે વાત પૂરી થાય છે. તમારો અંતરાત્મા કહે તેમ કરો. વિનોબાજીએ ગોકુળઅષ્ટમી સુધી સંકલ્પ લંબાવવાનું જણાવ્યું; પણ એ પહેલાં બજાજજીએ જ્યારે બાબાને કહ્યું કે 'જ્ઞાનચંદ્રજી ઉપવાસ કર્યા વિના રહી શકે તેમ નથી' ત્યારે બાબાએ 'ઠીક છે' તેમ કહ્યું. તેની જાણ બજાજજીએ તેમ જ બાળવિજયજીએ પત્રથી કરી હતી. તેથી રામનવમીથી આમરણ અનશનની જાહેરાત પ્રજા સમક્ષ થઈ ગઈ હતી એટલે બીજા ચાર માસ ઠેલવાની વાતનો જ્ઞાનચંદ્રજી સ્વીકાર ન કરી શક્યા. બાબાના આશીર્વાદ વિના 'એકલો જાને રે' તેવા અંતર્ગતનાદે પોતે પોતાનો સંકલ્પ પાંચમી માર્ચે જાહેર કરી દીધો.

## બલિદાનનો સંકલ્પ

જગે હોમાય આરંભે, તપોવિભૂતિ સર્વથા;
તો જ અન્યાયની સામે, જેહાદ જગવે પ્રજા.
વિશ્વે અસંખ્ય ભૂલોને, ભૂંસજો ન ઉવેખજો;
સ્વનું દઈ બલિદાન, જગને સ્વચ્છ રાખજો.

**સંતબાલ**

વિનોબાજી જેવાએ સાદ પાડી-પાડીને કહ્યું કે 'ગાય બચશે તો જ દેશ બચશે. ગાય અને ગોવંશનાશની નીતિ દેશનો હ્રાસ કરશે.' કેરળ સરકારના સત્તાવાર આંકડા પ્રમાણે એકલા કેરળમાં જ ૧૯૭૮–૭૯ની સાલમાં ચૌદ લાખ ગાયબળદની કતલ થઈ છે. કલકત્તામાં તો અધિકૃત

અનધિકૃત એવાં સો કસાઈખાનાં છે. તેમાંના એકમાં જ ૧૯૭૭–૭૮માં ૮૨,૮૫૦ ગાયો અને બળદો કપાયાં હતાં. સવાસો કસાઈખાનાં નાનાં-મોટાં હશે તેમ માનીએ તોપણ પચાસ લાખ ગોવંશ એટલે ત્રીસેક લાખ ગાયો અને વીસ લાખ બળદ ત્યાં કપાય છે. એકલા દેવનારમાં જ ૧૯૭૯–૮૦માં ૧,૧૯,૨૪૮ (એક લાખ ઓગણીસ હજાર બસો અડતાલીસ) બળદ કપાયા હતા. જે રાજ્યોમાં ગોહત્યાબંધી હતી ત્યાં પણ ગોવંશની હત્યાની બંધી ન હતી. એટલે હજારો વાછરડાં અને બળદોની કતલ દેશમાં ચાલ્યા કરે તેવી ભૂલવાળી રાજ્યની નીતિને ખેતીવાડી કૉલેજો અને શિક્ષિત લોકો પણ જમીન અને ઘાસ પર ભારણ ન વધે તે માટે નકામાં, ન પોષાતાં ગાયબળદની કતલને ટેકો આપતાં હોય છે.

બુદ્ધિજીવીઓ પ્રેસ અને ભૌતિક સુખની દોટમાં આગળ વધવા માગતા આયોજકો ભૂલભરેલી આ નીતિને આગળ વધાર્યે જતા હોય છે. સંતો, સજ્જનો અને ભક્તો નિરાશ થઈ એ ભૂલ પ્રત્યે આંખ આડા કાન કરી તેને ઉવેખતા હોય છે ત્યારે જ્ઞાનચંદ્રજીને એક જ માર્ગ લાધ્યો – આ ભૂલ ભૂંસવા માટે જગતને આંચકો આપીને પણ સ્વચ્છ અને સાચી દિશામાં વિચારતું કરવા પોતાનું બલિદાન અનિવાર્ય છે. એટલે ૧૯૮૨ની ૨ જી એપ્રિલે રામનવમીના દિવસે રાધાકૃષ્ણ બજાજ અને દિલ્હી તેમજ ગુજરાતના ગોપ્રેમી સંસ્થાઓ અને ગોસેવકો રૂબરૂ એમણે આમરણ અનશનનો આરંભ કર્યો છે.

ઘોંઘાટ અને ભૌતિક સુખના ધમાલભર્યા અવાજમાં એમનો આ અવાજ ડૂબી જતો હોય તેવું લાગે છે. એમને લાગતું હતું કે રાજ્ય દેખાવમાં ચૂંટણીઓ ચૂંટે છે, પણ ચૂંટણીમાં જે જ્ઞાતિવાદ, શેહશરમ, દાબ ને લાંચથી પ્રતિનિધિઓ ચૂંટાય છે તેમાં પાયાનું પરિવર્તન ન આવે ત્યાં સુધી સાચી લોકશાહી પાંગરશે નહિ. આજે લોકશાહી હોવા છતાં લાખો લોકોનો શાંત, પ્રાર્થનામય, ઉપવાસ દ્વારા રજૂ કરેલો અવાજ સાંભળવા અને પોતે આપેલું વચન પાળવા જેટલા લોકશાહીના કાન ઉઘાડા નથી. લોકશાહી ચૂંટણીની ખર્ચાળ પ્રથાએ રાજકારણમાં બધી કક્ષાએ ભ્રષ્ટાચાર ઊભા કર્યા છે. રાજ્ય કરતા પક્ષ કે વિપક્ષ સૌના મનમાં ગાયની રક્ષા કે સર્વહિતકારી નીતિને બદલે પોતાનાં પક્ષ, જૂથ, સંપ્રદાય કે કોમના હિતની ટૂંકી અને આંધળી દૃષ્ટિએ દેશને ભ્રષ્ટાચાર અને અંધાધૂંધી તરફ ધકેલી દીધો છે. મોટાં મોટાં રાષ્ટ્રોના નેતા, પ્રધાનમંત્રીઓ, મુખ્ય મંત્રીઓ અને પ્રજાના પ્રતિનિધિઓ તેમ જ તેમને મોકલનારી રાજકીય જાહેર સંસ્થાઓ પણ આ ભૂલભરેલી નીતિનું ઊંડું અવલોકન કરવા કે ભૂલમાંથી પાછા હઠવા તૈયાર ન હોય ત્યારે બલિદાન સિવાય બીજો માર્ગ જ રહેતો નથી.

## કાયદા છતાં બેકાયદાની અંધાધૂંધી

રાજ્યો અને મધ્યસ્થ સરકાર કાયદા કરે પણ લાંચરુશ્વત અને લાગવગથી કાયદાના પાલનમાં શિથિલતા વર્તાતી

હોય કે પાલન જ ન થતું હોય તેને અંધાધૂંધી સિવાય બીજું શું કહેવાય ? પરદેશમાં ગોમાંસની નિકાસનો પ્રતિબંધ છે. સરકારી ડૉક્ટરનું 'ગોમાંસ નથી' તેવું પ્રમાણપત્ર મેળવ્યા પછી જ ગાય સિવાયનું માંસ બહારના દેશોમાં ચડી શકે તેવો નિયમ છે. આમ છતાં એક અથવા બીજા પ્રકારે હજારો ટન ગોમાંસ પરદેશ ચડી રહ્યું છે. જે રાજ્યમાં ગાયની કતલ થતી હોય તે રાજ્યમાં ગોહત્યાબંધીવાળા રાજ્યમાંથી ગાય અને ઉપયોગી બળદ કે વાછરડાં કતલ માટે ન જઈ શકે તેવો કેન્દ્ર સરકારનો આદેશ અને રાજ્ય સરકારની નીતિ હોવા છતાં કલકત્તા અને કેરળમાં લાખો ગાય અને વાછરડાં રાજ્યોમાંથી ગમે તે પ્રકારે કે બહાને આવે છે અને કપાય છે. તે બધાં ગાય–વાછરડાં ગોહત્યાનો પ્રતિબંધ છે તેવાં રાજ્યોમાંથી જ આવે છે. જ્યાં ગાયના વધ પર પ્રતિબંધ છે તેવાં રાજ્યોમાં પણ ખાનગીમાં ગાયો કાપી તેનું માંસ વેચાય છે. તેમાં સંબંધિત અધિકારીને લાંચ આપીને કાયદાનો ભંગ થઈ રહ્યો છે. ખેતીઉપયોગી બળદની કતલ ન થઈ શકે તેવો કાયદો છતાં દેવનારના કતલખાનામાં આવતા બળદોની મોટી સંખ્યા ખેતીમાં કામ આપે એવી છે. તેવું વરિષ્ઠ અધિકારીને નજરે બતાવવા છતાં કેવળ 'ડૉક્ટરો મંજૂર કરે છે એટલે શું થાય' તેવી લાચારી બતાવી બળદની થતી કતલ અટકાવી શકતા નથી. એટલે ઉપયોગી બળદો રાજ્ય બહાર ન જાય તેવા કાયદાનો અને રાજ્યમાં પણ બિનઉપયોગી બળદની જ કતલ થાય તેવા નિયમનો છેડચોક ભંગ થાય છે. એમાં રાજકારણીઓ,

તેના પર પ્રભાવ પાડનારાં આર્થિક પરબળો, લાગવગ અને અધિકારીઓ તથા આગેવાનોના ભ્રષ્ટાચારની ઘણી મોટી અસર છે. તેને કોણ નિવારી શકે? મુખ્ય પ્રધાનો અને પ્રધાનમંત્રી પણ લાચારી અનુભવે છે. એથી જ જ્ઞાનચંદ્રજી કહે છે: "કાયદો છતાં તેનું પાલન જ ન હોય, રાજ્ય છતાં દેખભાળ ન હોય ને લોકશાહી છતાંય સજ્જન લોકોનું આધારભૂત મંતવ્ય પણ સંભળાય નહિ તો તે અંધાધૂંધી જ ગણાય. તે ટાળવા બલિદાન સિવાય બીજો કોઈ રસ્તો દેખાતો નથી. કેમ કે રાજનીતિની આ ભૂલને મોટા રાજકારણીઓ અને રાજકીય સંસ્થાઓ ચૂંટણી જીતવાના મોહમાં ટેકો આપી રહ્યાં છે. એમાંથી જે અંધાધૂંધી જેવી ભ્રષ્ટાચાર ભરેલી વિપરીત પરિસ્થિતિ જન્મી છે તે ટાળવા માટે બલિદાનનો આંચકો આપી રાજ્યકર્તા અને પ્રજા સૌને જાગૃત કરવાં પડશે." કેમ કે—

મહાન પુરુષો ભૂલે, સુસંખ્યાઓ પણ ભૂલે;
ત્યારે તો જાણવું નક્કી, સંયોગો વિપરીત છે.
આવી સ્થિતિ બને ત્યારે, બલિદાનો સિવાયના;
વૃથા જતા બીજા સર્વે, ઇલાજો માનવી તણા.
શુદ્ધિપ્રયોગ કે મૌન, ન અન્યાયો નિવારતા;
ત્યારે અન્યાય સામે થઈ, વીરો પ્રાણ તજી જતા.
અંધાધૂંધી પ્રજાવ્યાપી, બને ત્યારે ખરેખર;
કાં હોમાઓ પ્રત્યક્ષ, કાં પરોક્ષ કરો તપ.

**સંતબાલ**

જ્ઞાનચંદ્રજીના શુદ્ધિપ્રયોગ, સૌમ્યતર સત્યાગ્રહ અને બળદ રોકો સત્યાગ્રહ અગર વિનોબાના મૌન રૂપે અસર-

યોગ પણ રાજ્યને ભૂલમાંથી પાછા લાવવામાં સમર્થ ન નીવડે તો કાં તો પ્રત્યક્ષ પ્રાણ, પરિગ્રહ અને પ્રતિષ્ઠાને હોમવા તૈયાર થવું પડે, કાં સતત સામુદાયિક તીવ્ર તપ ચાલુ રાખવું પડે. જાગ્રત જનતાએ આઠેક લાખ ઉપવાસ કરી વ્યાપક રીતે તપ તો કર્યું પણ તેની અસર જ્યારે ન થઈ ત્યારે વિપરીત સંજોગો કે કાળબળને જાણીને સંતો સ્વેચ્છાએ હોમાઈ જાય છે. બલિદાનની પરંપરા જ નૂતન આદર્શને વ્યવહારજન્ય બનાવી શકે છે. આવાં શ્રદ્ધા-વિશ્વાસથી જ્ઞાનચંદ્રજીએ બલિદાનનો આરંભ કર્યો છે. આ બલિદાન પ્રભુચરણે છે. એટલે એમનો મુદ્રાલેખ છે: "હે ભગવાન! તારું જ ધાર્યું થાઓ" એટલે એમાં નથી આગ્રહ લાદવાનો દુરાગ્રહ કે અહંકારનો અભિનિવેશ ભરેલો મતાગ્રહ. છે કેવળ પોતાને લાગેલા સત્યનું પ્રાગટ્ય. સતત પ્રભુ નામના જાપમાં, સતત પ્રભુ જે કરે તેમાં પ્રેમ-ભર્યું સમાધાન મેળવવામાં, સતત શરણાગતિની ભાવનામાં એમના પ્રભુપ્રેમની અખંડ મસ્તી જામી છે. સરકારની પોલીસ એમને પકડીને હોસ્પિટલમાં દાખલ કરે છે, ત્યાં પરાણે ઇન્જેક્ષનો આપે છે, તેનો વિરોધ કરે છે; ઇન્કાર કરે છે છતાંય પ્રભુ જે સ્થિતિમાં રાખે તેને પ્રભુકૃપા સમજીને પ્રેમથી અને પ્રસન્નતાથી બધી બળજબરી સહી રહ્યા છે ત્યારે પ્રજા તરીકે આપણે તેમની ભાવના કેવી રીતે પૂર્ણ કરીશું? તેને ખુશ રાખીને —

શુદ્ધ ભક્તિ કરે બીજા, પોતાના પૂજ્ય પાત્રની;
ત્યારે ખૂબ ખુશ થાય, રીત એ સત્યભક્તની.

જ્ઞાનચંદ્રજીના પૂજ્ય પાત્ર ગાય સહિતના ગોપાલકૃષ્ણ. એટલે જ્યાં જ્યાં ગાય અને ગોપાલકૃષ્ણની ભક્તિ હોય, જ્યાં જ્યાં ગાયની સેવા હોય અને જીવમાત્રમાં કૃષ્ણ પેખી દીન-દુખિયાની સેવા થતી હોય ત્યાં ત્યાં જ્ઞાનચંદ્રજી ખુશ થાય છે. આવી સેવાભક્તિ મહિલાઓમાં વિશેષ હોય છે અને એથી જ ભક્તહૃદયી મહિલાઓ અને મહિલામંડળોના સત્સંગથી તે ખૂબ જ પાવનતા અને પ્રસન્નતા અનુભવે છે. જે ગાય માટે જ્ઞાનચંદ્રજી પોતાના પ્રાણનું બલિદાન આપવા માટે તત્પર થયા છે એમના આત્માની પ્રસન્નતા અને શાંતિ વધારવા માટે આપણે ક્યાંય ગાય દુઃખી, ભૂખી ન રહે માટે ઠેર ઠેર ગોસદનો ઊભાં કરીએ અને દુષ્કાળ ને નીરણની અછત વખતે ગામની એક પણ ગાય કે ગોવંશ ભૂખ્યું ન રહે તેની કાળજી રાખતાં સેવામંડળોની રચના કરીએ. મધ્ય સૌરાષ્ટ્રના રાજકોટ જિલ્લાની આસપાસ આવાં સોએક સેવામંડળો ઉત્તમ પ્રકારની ગોસેવા કરે છે. એ જોઈ ને જ્ઞાનચંદ્રજી પ્રસન્નતા અનુભવે છે. પાંગળાં ઢોરની પાંજરાપોળ પણ એવી રીતે ચલાવવી કે ઢોર દુઃખ ન અનુભવે, મૂઆને વાંકે ન જીવે. તેમનાં મળમૂત્રનાં ખાતરને ગેસ ઊભાં કરીએ તો પોદળિયાં ઢોર પણ પરવડે એવી વ્યવસ્થા કરવી જોઈએ. ઘેર ઘેર ગાય ભલે ગામડાં રાખી શકે પણ શહેરનાં સુખી કુટુંબો સહિયારી ગૌશાળા કે ગાયગૃહોની યોજના કરી ઉત્તમ ઓલાદની ગાયોનાં દૂધઘર અને વંશવેલનો એવો ઉછેર કરે કે પોતાના દૂધ ઉપરાંત ગોપાલનની વૃદ્ધિમાં સારો ફાળો આપ્યા જ કરે.

સહકારી મંડળી અને ખેડૂતો પણ ગાયોનાં વૈજ્ઞાનિક ગોપાલન અને ગોસંવર્ધન સાથે ગાય આર્થિક રીતે પરવડે તેવા પ્રયોગો કરી ગાયને બિચારી–બાપડી રહેવા ન દે. ગરીબમાં ગરીબ માણસ પણ વર્ષમાં ત્રણ દિવસની સેવા ગોસેવાના કામમાં આપે. બીજા પોતાની ત્રણ દિવસની કમાણી ગોગ્રાસમાં આપી કરોડો ભારતવાસીઓ ગાય અને ગોવંશ -નિભાવ ખર્ચમાં પોતાનું ઋણદાન આપે. ગાય જો માતા છે, ગોવંશ જો ભ્રાતૃગણ છે તો તે માત્ર કેવળી ભક્તિ અને સૂત્રોથી નહિ પણ ગાયનાં ઘી-દૂધ વાપરવાના સંકલ્પને તે વ્યવસ્થિત મળ્યા કરે તેવી વ્યવસ્થા; તેના પરવડે તેવા પોષણભાવ આપવાની તૈયારી ઉપરાંત સારાયે ભારતમાં ગોભક્તોનાં સહકારી ઢોરબજાર ઊભાં કરી ગાય ને ગોવંશ તેને પાળનાર પાલકને ત્યાં જાય અને અજાણ્યા ગ્રાહક કે કતલખાને ન જ જાય તે માટે ખાદી ગ્રામોદ્યોગ ભંડાર જેવી વ્યવસ્થા થવી જોઈએ. ગોરસના વાજબી, નૈતિક ભાવ અપાય; બળદ, ગાય પણ જે સાચા પાલક હોય ત્યાં જ જાય તેવું આયોજન કરી ખાદી ગ્રામોદ્યોગની જેમ જ ગાય અને ગોવંશસેવાને અહિંસાનું માધ્યમ બનાવી, કૃષિ આદિ ગોસેવા અને ગ્રામોદ્યોગનું અહિંસક અર્થતંત્ર ઊભું કરવાના પુરુષાર્થમાં વિજ્ઞાનનો ઉપયોગ કરી, વ્યવસ્થિત વહીવટી તંત્ર, અણિશુદ્ધ પ્રામાણિકતા અને સર્વના શ્રેયને હિતકારી નીતિનો સુમેળ કરવાની પ્રેરણા જ્ઞાનચંદ્રજીનું શુદ્ધજીવન અને શુદ્ધ બલિદાન આપે તો જ એમનો શુદ્ધિ-પ્રયોગ અને શુદ્ધ બલિદાન સફળ નીવડે.

સ્વભાવે શુદ્ધતા સાચી, જેણે જીવનમાં વણી;
પ્રભુના ઉરમાં પેસે, તેવો ભક્ત-શિરોમણિ.
ક્યારેક પ્રભુથી એમ, પ્રભુભક્તો ચઢી જતા;
જાણે ભક્તજનો પાસે, પ્રભુકાર્ય કરાવતા.

જ્ઞાનચંદ્રજીના પ્રભુપ્રેમમાંથી પાંગરેલી ભક્તિ પ્રભુકાર્ય કરી રહી છે અને આપણાં જેવાં સૌને પ્રેરી રહી છે. આવા પ્રભુપ્રેમની પ્રેરણા, ગોમાતા અને ગોવંશની સેવા દ્વારા પ્રભુ પામવાની આપણામાં શક્તિ પ્રેરો એ જ એમના જીવન ચારિત્રનો સૂર છે. આપણે એ ઝીલીએ અને પ્રભુના નામ અને કામમાં એના જેવા પાગલ બની જઈએ તો કેવું સારું !

# પરિશિષ્ટ–૧

## ૧. આજે મારો સ્વધર્મ–આમરણ અનશન

વહાલાં સ્વજનો,

ગૌરક્ષાના હેતુએ કર્તવ્યરૂપે મારા આમરણાંત અનશનના સંકલ્પ મુજબ તા. ૧લી એપ્રિલ '૮૨ સુધીમાં ગોવધબંધી માટે કેન્દ્રીય કાનૂન લાગુ નહિ થાય તો ૨જી એપ્રિલ '૮૨ રામનવમીના પવિત્ર દિવસથી મારું અનશન શરૂ થશે અને ચાલુ અનશને જો એવો કાનૂન બનશે તો પારણાં કરીશ. નહિતર આમરણાંત સુધી તે અનશન ચાલુ રહેશે.

રામનવમીનો દિવસ નજીક આવતો જાય છે તેમ મિત્રો, સ્નેહી સ્વજનો તેમ જ ગોપ્રેમી સજ્જનો તરફથી મારી સમક્ષ પ્રેમથી ભારપૂર્વક ઘણી દલીલો સાથે રજૂઆત કરવામાં આવે છે, જેમાં મુખ્યત્વે આમરણાંત અનશનના સંકલ્પનો પુનર્વિચાર કરવાની વાત હોય છે.

મિત્રોની દલીલોમાં તથ્ય હોય છે. પરંતુ મારા સંકલ્પના સંદર્ભમાં પ્રાપ્ત એવા મારા સ્વધર્માચરણની દૃષ્ટિએ મારે માટે તે સત્ય નથી.

નમ્રપણે કહીશ કે, મારી પાસે કોઈ વાત આવે છે તો તેના પર વિચાર કરવાની મને ટેવ છે. કરેલા નિર્ણય વિષે પુનર્વિચાર કરતાં એમાં ફેરફાર કરવો ઉચિત જણાય તો એવો ફેરફાર કરવામાં પ્રતિષ્ઠા કે બીજી ત્રીજી કોઈ ગણતરી કર્યા વિના ઉચિત ફેરફાર કરવામાં હું માનું છું. મારાં ચિંતન અને નિર્ણય વ્યક્તિલક્ષી રાખવાનો પ્રયાસ કરું છું. આ દૃષ્ટિએ આ દલીલો વિષે મેં ઊંડાણથી વિચાર્યું છે.

અલબત્ત મારા જેવા એક સામાન્ય માણસના ચિંતનમાં ભૂલ ન હોય એમ નથી અને તેમ છતાં મારા પૂરતું મને જે વખતે જે સાચું લાગે તે જ મારે કરવું જોઈએ એમ હું માનું છું; ભલે પછી એમાં હું એકલો જ હોઉં. મતલબ મારે સહુ પ્રથમ મને સાચું લાગે તેને જ વફાદાર રહેવું જોઈએ.

ખૂબ જ ચિંતન અને મનોમંથન પછી અને નિકટ રહેલાં સ્વજનો, ગુરુજનો સાથે વિચાર-વિનિમય કર્યા બાદ પણ મને મારા સંકલ્પમાં કશો ફેરફાર કરવાનું ઉચિત જણાતું નથી અને અગાઉની જાહેરાત મુજબ આગળ વધવા સિવાય મારી સમક્ષ બીજો કોઈ વિકલ્પ નથી એમ નમ્રતાપૂર્વક કહેવાનું જરૂરી લાગે છે.

આમ કહેવામાં સ્વજનો, મહાનુભાવો પ્રત્યે કે તેમની દલીલો પ્રત્યે સહેજ પણ અનાદરનો ભાવ નથી જ. પૂરા આદર સાથે, એના પર વિચાર કરીને જ આ જાહેરાત કરું છું.

વહાલાં સ્વજનો

જ્ઞાનચંદ્રજી નામની વ્યક્તિનો દેહ આ જગતમાં રહે કે જાય એની કશી કિંમત નથી, એની એવી કોઈ હેસિયત પણ નથી. સવાલ ભારતીય સંસ્કૃતિનું જે પ્રાણતત્ત્વ છે, તેમાં ગાયનું જે મૂલ્ય છે તે મૂલ્યની રક્ષાનો છે. આ મૂલ્ય સાચવવા સારુ મારા જેવા માટે તપોમય પ્રાર્થના દ્વારા પ્રાણનું બલિદાન આપવું અનિવાર્ય બન્યું છે—એમ મને સ્પષ્ટ સમજાયું છે.

આજનું જગત વિજ્ઞાન અને ટેકનોલોજીમાં એટલું બધું આગળ વધ્યું છે અને જે ઝડપથી આગળ વધી રહ્યું છે તેનાં સંભવિત પરિણામોનો ખ્યાલ કરતાં લાગે છે કે 'મારીને જીવો' 'જીવો અને જીવવા દો' કે 'જિવાડીને જીવો' એ બધાં જ સૂત્રો પાછળ ધકેલાઈ ગયાં છે. હવે 'મરીને જિવાડો' સૂત્રનો અમલ જ કારગત બની શકે તેમ છે. આમ 'મરીને જિવાડવા'ના યુગમાં માનવજાત આવીને ઊભી છે. ધનાકાંક્ષા, સત્તાલાલસા, અને પદપ્રતિષ્ઠાની આંધળી દોટમાં

પડેલો માનવસમાજ ગાય જેવા ઉપકારી પ્રાણીને મારવાનું ચાલુ રાખે તેને શબ્દોથી–ઉપદેશથી–કેટલું સમજાવી શકાય ! ભારત જેવા વિશ્વના સહુથી મોટા લોકશાહી રાષ્ટ્રના બબ્બે વડા પ્રધાનોએ આશ્વાસન અને ખાતરી આપીને વચનબદ્ધ થયાંને વરસો વીત્યાં છતાં, હજુ આ સ્થિતિ છે. ધીરજ પ્રમાદમાં ન પરિણમે અને સમાજ, સમાજસેવકો, સરકાર એમ સહુ જાગૃત બને, સક્રિય બને, અને ગૌરક્ષા માટે પોતપોતાનું કર્તવ્ય બજાવે તે સારુ હવે બલિદાન જ મદદરૂપ બનશે એમ મને સ્પષ્ટ લાગ્યું છે.

મિત્રો,

મારા મનમાં સરકાર કે સરકારના વડાં પ્રધાન શ્રી ઈન્દિરાબેન ગાંધી પ્રત્યે કે કોઈને વિષે સહેજ પણ કટુભાવ નથી. બધાં જ નિમિત્ત છે. જ્ઞાનચંદ્રજી પણ નિમિત્ત છે. આખરે તો કુદરતનું ધાર્યું જ થાય છે.

નિસર્ગ ધાર્યું ફળતું સહુ કૈં,
છે માનવી માત્ર નિમિત્ત હેતુ.

આમ નિયતિ મુજબ જ થઈને રહે છે એવી અટલ શ્રદ્ધાથી અનાસક્તભાવે અંતરસ્ફૂર્યા સ્વધર્મનું આ સહજ આચરણ જ છે. એમાં સહુની શુભેચ્છાઓ અને ગુરુજનોના આશીર્વાદનું બળ મળો એ જ પ્રાર્થના.

અહીં ઋણ અદા કરવાની દૃષ્ટિએ કેટલાંક નામોનો ઉલ્લેખ કરી તેમના પ્રત્યે મારી શ્રદ્ધા, ભક્તિ કે આદરની લાગણી પ્રગટ કરવાની આ તક લઉં છું.

મારા પૂર્વાશ્રમના ભાણેજ પરમ સેવામૂર્તિ એવા સ્વ. રસિકભાઈ ડૉકટરે મારામાં ઈશ્વરદર્શનની તાલાવેલી તેમ જ નિરાગ્રહી અને અનાસક્ત વૃત્તિનું બીજારોપણ કર્યું છે. મારા આ સંકલ્પમાં આ જ વૃત્તિ કામ કરી રહી છે એવી મને નમ્ર અનુભૂતિ થઈ રહી છે. આ જોઈ રસિકભાઈનો આત્મા જ્યાં હશે ત્યાં પ્રસન્ન થતો

હશે એવી આનંદની લાગણી હું અનુભવું છું. આવા આત્માનંદ માટે નિમિત્ત બનનાર સ્વ. રસિકભાઈનો હું ઋણી છું.

ગૌરક્ષાના હેતુથી દીલ્હી શરૂ થયેલા શુદ્ધિસાધના પ્રયોગમાં બબ્બે ઉપવાસની સાંકળના તપોમય પ્રાર્થનાના કાર્યક્રમને પૂ. સંત વિનોબાજીના આશીર્વાદ મળ્યા છે અને અખિલ ભારત કૃષિ ગોસેવા સંઘે આ પ્રયોગને માન્યતા આપી છે તેને હું મારું સદ્દભાગ્ય સમજું છું. તેમનો હું આભારી છું.

પૂ. મુનિશ્રી સંતબાલજી મહારાજ અને તેઓશ્રીની પ્રેરણાથી સ્થપાયેલી સંસ્થા ભાલનળકાંઠા પ્રાયોગિક સંઘ માટે તો શું લખું ? મુનિશ્રી તો મારા ગુરુસ્થાને છે. એમનું માર્ગદર્શન અને પ્રેરણા મેળવીને હું ધન્ય બન્યો છું.

અહો અહો શ્રી સદ્દગુરુ, કરુણાસિંધુ અપાર,<br>
આ પામર પર પ્રભુ કર્યો, અહો અહો ઉપકાર.

શ્રીમદ્દની આ કાવ્યપંક્તિના ભાવો પ્રગટ કરવા સિવાય વિશેષ શું લખું ?

ભાલનળકાંઠા પ્રાયોગિક સંઘની સમાજસેવાની પ્રવૃત્તિ દ્વારા મારું જીવનઘડતર થયું છે. આજે જ્ઞાનચંદ્રજી જે કંઈ છે તેમાં મુનિશ્રી અને પ્રાયોગિક સંઘનો ફાળો નાનોસૂનો નથી. જીવનભર હું એમનો ઋણી છું. આથી વિશેષ લખવા માટે મારી પાસે શબ્દો નથી અને જનતા–જનાર્દને ગોરક્ષાના આ શુદ્ધિસાધના પ્રયોગમાં તેમજ ગુજરાતના ગોવંશ–વધબંધીનો કાનૂન બનાવવાના કાર્યમાં મને જે સ્નેહપૂર્વક સહકાર આપ્યો છે તેમજ મારા પ્રત્યે જે સદ્દભાવ બતાવ્યો છે તેની મારા દિલમાં ઊંડી કદર છે. એ અહીં પ્રગટ કરીને તેમના પ્રત્યેની મારી કૃતજ્ઞતાની લાગણી વ્યક્ત કરતાં આનંદ અનુભવું છું.

તા. ૧લી એપ્રિલ ૧૯૮૨, શુદ્ધિસાધના પ્રયોગનો છેલ્લો દિવસ છે. ત્યારથી બબ્બે ઉપવાસની સાંકળનો કાર્યક્રમ બંધ રહેશે

અને ૨ જી એપ્રિલ ૧૯૮૨ રામનવમીથી મારા વ્યક્તિગત આમરણાંત ઉપવાસ શરૂ થશે.

આ સંબંધમાં હું પૂર્ણપણે પ્રસન્ન છું. કોઈ એની ચિંતા ન કરે એવી વિનંતિ છે. ઉપવાસ દરમ્યાન માત્ર પાણી લેવાની છૂટ રાખી છે. આ દિવસોમાં પ્રાયઃ મૌન અને ઈશ્વર–સ્મરણમાં જ સમય પસાર થાય એમાં સહુનો સહકાર મળે એમ હું ઇચ્છું છું.

અનિવાર્ય હશે તે સિવાય લખવા–વાંચવાનું બંધ રહેશે. પત્ર-વહેવાર સદંતર બંધ રહેશે.

કારણવશાત્ નિવેદન આપવાની કે મારા સંકલ્પની પુષ્ટિમાં જરૂર પડચે યોગ્ય કાર્યવાહી કે વ્યવસ્થા કરવાની જરૂર પડશે તો તે માટે નીચેની કમિટી ઘટતો નિર્ણય કરશે.

૧ અંબુભાઈ શાહ  ૨ દુલેરાય માટલિયા

અનશન દરમ્યાન મારું મૃત્યુ થાય તો મારા શબનો પોતાને યોગ્ય લાગે તે રીતે અને તે સ્થળે અંતિમ સંસ્કાર કરવાનું કાર્ય ભાલનળકાંઠા પ્રાયોગિક સંઘ કરશે.

મારાં નેત્રોનું ચક્ષુદાન કોઈ સુપાત્ર વ્યક્તિને આપવાનું અગાઉ નક્કી કર્યું છે તે પ્રમાણેની વ્યવસ્થા પ્રા. સંઘ કરશે.

શુદ્ધિસાધના પ્રયોગ–કેન્દ્ર દિલ્હીમાં જે કંઈ ચીજવસ્તુ વધે તે અ. ભા. કૃષિગોસેવા સંઘ વર્ધાને સોંપવામાં આવે. કોઈપણ સ્વરૂપમાં મારું સ્મારક કરવામાં કે મારા નિમિત્તે કંઈ પણ ફંડ કરવામાં ન આવે તેમ હું ઇચ્છું છું.

આ દેહાદિ આજથી, વર્તો પ્રભુ આધીન
દાસ દાસ હું દાસ છું, તેહ પ્રભુનો દીન.

જ્ઞાનચંદ્રજીના પ્રેમપૂર્વક
પ્રભુ સ્મરણ

# પરિશિષ્ટ—૨

## આમરણ અનશન કે દિન

## મુનિ જ્ઞાનચંદજી કા નિવેદન

ભારતભર મેં ગોહત્યાબંધી કેન્દ્રીય કાનૂન નહીં બનેગા વહાં તક મેરા અનશન ચાલુ રહેગા। યહ સંકલ્પ અંતરાત્મા કી પ્રેરણા સે હુઆ હૈ। કિસી ભી રાજકીય યા સાંપ્રદાયિક આંદોલન કે સાથ ઇસકા કોઈ સંબંધ નહીં હૈ।

કિસી ભી પરિસ્થિતિ મેં મેરે શરીર કો બચાને કે હેતુ ખુરાક, ઔષધિ, ઇન્જેકશન આદિ કિસી રૂપમેં ન દેં યહ સરકાર સે તથા મિત્રોં સે મેરા અનુરોધ હૈ।

મેરે પવિત્ર સંકલ્પ કો બલપૂર્વક યા પ્રેમપૂર્વક તોડને કા કોઈ ભી પ્રયત્ન હોગા તો વહ મેરે લિએ અતિ અન્યાયકારી એવમ્ દુઃખદ હોગા।

મેરા યહ અનશન કિસી ભી પ્રકાર કી સાંપ્રદાયિકતા યા રાજકીય ઉત્તેજના કો નહીં બઢાયેગા, બલ્કિ દેશવાસિયોં કો ગોરક્ષા—ગોસેવા કે પ્રતિ રચનાત્મક કર્તવ્ય નિભાને કે લિએ પ્રેરિત કરેગા ઐસા મુઝે વિશ્વાસ હૈ।

જબ પ્રભુ કે પ્રતિ પૂર્ણ સમર્પણ કર દિયા તો ફિર, જૈસી ભી ભલીબુરી પરિસ્થિતિ પૈદા હો ઉસે ઈશ્વરેચ્છા માનકર સહન કરૂં ઐસી મેરી ભાવના હૈ।

શરીર રહે યા જાય, ગોહત્યાબંદી કા ધ્યેય પ્રાપ્ત હોને તક અપને નિશ્ચય પર દૃઢ રહને કી ભગવાન શક્તિ દે, યહી પ્રાર્થના।

**જ્ઞાનચંદજી**

# પરિશિષ્ટ–૩

શુદ્ધિસાધના કેન્દ્ર,
૧–અંસારી રોડ,
(દરિયાગંજ)
નઇ દિલ્લી–૧૧૦૦૦૨
દિનાંક : અપ્રૈલ, ૧૯૮૨

## સંસદ સદસ્યોં સે નિવેદન

પ્રિય શ્રી...

આપ સબ હમારે પ્રતિનિધિ હૈં। રાષ્ટ્ર કી સાંસ્કૃતિક ભાવનાયેં ઔર અરમાનોં કો આપકે દ્વારા અભિવ્યક્ત કરને કે લિએ પ્રજા ને આપકો એક ગૌરવાન્વિત સ્થાન દિયા હૈ।

આપ જાનતે હી હૈં કિ સ્વામી શ્રી જ્ઞાનચન્દ્રજી ને ગત ડેઢ વર્ષ સે ભારત મેં ગૌવધબંદી કાનૂન બનાને કે લિએ દિલ્લી મેં 'સાધનાશુદ્ધિ પ્રયોગ કેન્દ્ર' ચલાયા હૈ। ઇસ પ્રયોગ કે માતહત્ ભારત કે કોને–કોને સે કરીબ ૨૫૦ ચુને ગોભક્તો ને દો–દો દિન કે ઉપવાસ કિયે હૈં। ઇસકી જાનકારી આદરણીયા પ્રધાનમંત્રી તથા આપ લોગોં કો સમય–સમય પર દી જાતી રહી હૈ। ભારત મેં ગોવધબંધી કી માંગ ભારત કે સંવિધાન, સર્વોચ્ચ ન્યાયાલય કે નિર્ણય, ભારત કે દો પ્રધાનમંત્રિયોં દ્વારા દિયા હુઆ આશ્વાસન ઔર વચન, સંસદ કે પ્રસ્તાવ તથા અખિલ ભારત કોંગ્રેસ કમેટી કી બૈઠક કે પ્રસ્તાવ કે અનુસાર ઔર પૂર્તિ મેં હૈ। કિસી ભી માંગ કો ઇતના વ્યાપક સમર્થન ઔર આદેશાત્મક માન્યતા નહીં મિલી હૈ। ઐસી પરિસ્થિતિ મેં ભી જબ સ્વામી જ્ઞાનચંદ્રજી કી સર્વ-

સ્વીકૃત માંગ કે પ્રતિ ઉદાસીનતા બરતી જાતી રહી તો ફિર સંવેદન-શીલ સ્વામીજી કો ઈશ્વર કે સમક્ષ અપને કો અર્પણ કરને તથા બલિદાન કરને કે અલાવા દૂસરા રાસ્તા હી ક્યા હો સકતા થા। અતઃ સ્વામીજીને ૨ અપ્રૈલ, ૧૯૮૨ સે આમરણાંત ઉપવાસ કરકે અપને જીવન કે બલિદાન કી ઘોષણા કી હૈ।

અતઃ આપસે પ્રાર્થના હૈ કિ ભારત મેં ગોવધબંધી કે લિએ રાષ્ટ્રીય કાનૂન બને તથા ગાય કો રાષ્ટ્રીય પ્રાણી ઘોષિત કરાકે સ્વામીજી કી માંગ પૂરી કરાવેં તથા ઉદાત્ત ભાવના સે ઉપવાસ કરનેવાલે સંત પર પુલિસ આત્મહત્યા કા આરોપ લગાકર ફોર્સિબલી ફીડિંગ કરકે ઉનકી ઉચ્ચ ભાવનાઓં કા અનાદર ન કરે।

હમ આશા કરતે હૈં કિ આપ શીઘ્ર હી સરકાર ઔર સંબંધિત સત્તાવાલોં કા ધ્યાન આકર્ષિત કરાયેંગે। આપને ઇસ સંબંધ મેં જો ભી કદમ ઉઠાયા હો, કૃપયા ઉસકી સૂચના હમેં અવશ્ય દેં।

આપકા,

અંબુભાઈ શાહ

દુલેરાય માટલિયા

# પરિશિષ્ટ—૪

## પત્ર નં. ૧

## પ્રધાન મંત્રીશ્રીને પત્ર

આદરણીય પ્રધાનમંત્રીશ્રી,
ભારત સરકાર, નવી દિલ્હી
બહેન શ્રી ઇન્દિરાબેન ગાંધી,

આપ જાનતી હી હૈં કી સાત માસ પહેલે સે મૈંને સૂચિત કિયા થા કિ ગોવધબંદી કા કેન્દ્રીય કાનૂન ૩૧ માર્ચ '૮૨ તક નહીં બના યા અધ્યાદેશ નહીં નિકલા તો આમરણ અનશન કે રૂપમેં મેરા બલિદાન હોગા ! સરકારને ઇસ બીચ કુછ ભી નહીં કિયા ! અપના પવિત્ર કર્તવ્ય નિભાને કે લિએ રામનવમી—૨ એપ્રિલ ૮૨સે ઉપવાસ આરંભ કરના પડા.

૧૪ દિન કેવલ પાની લેકર ઉપવાસ ચલે. પંદ્રહવે દિન આત્મહત્યા કા પ્રયાસ કહકર પુલિસ જબરદસ્તીસે જે. પી. અસ્પતાલ લે ગઈ ઔર ૪ દિન તક મેરી ઇચ્છા કે ખિલાફ ગ્લુકોઝ કી બોતલે ચઢાઇં. બીચ મેં ૪—૫ દિન છોડ દિયા થા. તા. ૨૭ કો ફિર સે પુલિસ લે ગઈ. તબસે બરાબર અસ્પતાલમેં રખા હૈ. મેરે વિરોધ કે બાવજૂદ નસોં મેં ગ્લુકોઝ ચઢાયા જા રહા હૈ એવં નાક મેં નલી ડાલકર પ્રવાહી પદાર્થ દિયે જા રહે હૈં યહ આપસે છિપા નહીં હોગા.

ભારત જૈસે સંસ્કૃતિપ્રધાન દેશ મેં ગોવધબંધી જૈસે ઉચ્ચ ઔર પવિત્ર કાર્ય કે લિએ બલિદાન કે પવિત્ર અધિકાર કો કયા સરકાર છીન સકેગી ? આપ શાંતિ સે વિચાર કીજિયે. બલિદાન કા મેરા અંતિમ નિર્ણય હૈ. જ્ઞાનચંદ્રજી કો બચાના હો તો ગોમાતા કો બચાના હોગા; સરકાર જબરદસ્તી સે જ્ઞાનચંદ્રજી કો બચાને કી આશા રખતી હૈ તો વ્યર્થ હૈ. આપકે પાસ બડી રાજસત્તા હૈ તો

હમારે સાથ પ્રભુસત્તા હૈ, ઇસલિયે મુઝે જરા ભી પરેશાની મહસૂસ નહીં હોતી.

આપકો લિખને કા મનમેં બહુત હૈ લેકિન પત્ર મેં કિતના લિખા જાય? આપ જહાં ભી જાતી હૈં સંતમહાત્માઓં કે દર્શન કરતી હૈં, ઉનસે આશીર્વાદ લેતી હૈં. યદિ આપકો સચ્ચે આશીર્વાદ લેના હૈ તો ગાય કો બચાકર લીજિયે.

મેરા અનશન આત્મહત્યા કા પ્રયાસ ન હોકર, આપકે શબ્દો મેં વિજ્ઞાન કી શક્તિ કો પ્રાચીન અંતઃપ્રેરણા કે સાથ જોડને કા વિવેકયુક્ત પ્રયાસ હૈ. છોટે મુંહ બડી બાત કહ રહા હૂં, ઐસા હો સકતા હૈ લેકિન બહનજી! મેરે અંતરમેં ઇશ્વરી પ્રેરણા સે જો ઉદ્ગાર નિકલે હૈ, જિનમેં આપકા ઔર રાષ્ટ્રકા હિત સમાયા હૈ, વે હી લિખે હૈં. આજ સુબહ ૫ બજે પ્રાર્થના કે બાદ યહ પત્ર લિખ રહા હૂં. ભગવાન આપકો ગોરક્ષા કી શક્તિ દે. આપકા સચ્ચા યશ ઇસી મેં હૈ.

તા. ૧૧-૫-૮૨ જ્ઞાનચંદ્રજી

પુજ્ય જ્ઞાનચંદ્રજી મહારાજનું નિવેદન આપે ઉપર જોયું. તેમણે બહુ વિચાર મંથન બાદ સ્વયં સ્ફુરણાથી આ પગલું ભર્યું છે એ આનંદની વાત છે. સદ્ગુરુ સંતબાલજીની વિદાય બાદ સાચા ગુરુ અંતર આત્માની આજ્ઞાથી સ્વીકાર થયો.

તા. ૩-૬-૮૨ સવારના ૯-૦૦ વાગ્યે જૈન જૈનતર ભાઈ બહેનોની હાજરીમાં મારા હાથે મોસંબીનો રસ લઈ પારણું કર્યું.

તેમની શરીરની નબળાઈના કારણે પંદર-વીસ દિવસ પથારીમાં રહેવું પડશે. ત્યારબાદ તેમનો કાર્યક્રમ નક્કી થશે.

ઇશ્વરકૃપાથી તેમની અંતર પ્રેરણાથી આ નિર્ણય લીધો તેથી પ્રસન્નતા ઘણી છે.

આપણી સૌની ફરજ છે કે ભારતની સંસ્કૃતિ સાચવવા ગોવંશ-વધબંધી માટે આપણા સ્થાનેથી યથાશક્તિ મદદ કરીએ.
દિલ્હી તા. ૩-૬-૮૨

**અલમુખરાય ખીમાણી**
પ્રમુખ, ગુજરાત કૃષિ ગોસેવા સંઘ

**પત્ર નં. ૨**

પ્રધાન મંત્રીશ્રી
ભારત સરકાર ન્યુ દિલ્હી
બહેન શ્રી ઇંદિરાબહેન !

સવિનય, આપ જાનતી હી હૈં કિ ગોવધબંદી કે બારમેં મેરે ચિત્તમેં બહુત દિનોં સે વ્યાકુલતા હૈ. ચિત્ત દુઃખી હૈ. ૨ ઓકટોબર ૧૯૮૦ સે ૨ એપ્રિલ ૧૯૮૨ તક દેઢ સાલ શુદ્ધિસાધના પ્રયોગ કે રૂપમેં દો દો દિન કી ઉપવાસ શૃંખલા દિલ્હી મેં ચલતી રહી હૈ. ૨ એપ્રિલ ૧૯૮૨ રામનવમી સે ગોહત્યાબંદીકા કેન્દ્રિય કાનૂન બને ઇસ નિમિત્ત મૈંને આમરણ અનશન આરંભ કિયા થા. પંદ્રહ દિન તક નિર્વિઘ્ન શાંતિ કે સાથ અનશન ચલતા રહા. બાદ મેં પુલિસને આત્મહત્યા કા આરોપ લગાકર ગિરફ્તાર કરકે શ્રી જયપ્રકાશ નારાયણ ઇસ્પિતાલમેં રખા. વહાં મેરી ઇચ્છા કે ખિલાફ નસોં મેં ગ્લુકોઝ ચઢાયા ગયા ઔર આગે જાકર નાકમેં નલીસે દૂધ એવી પ્રવાહી પોષણ દિયા ગયા. મેરી શાંતિમેં ઇસ દખલસે કષ્ટ તો બહુત હુઆ લેકિન પ્રભુકા નામ લેતે હુએ મૈં બરદાસ્ત કરતા રહા.

અચાનક તા. ૩૧ મે '૮૨ કો ડાકટર, મેજિસ્ટ્રેટ, પુલિસ અધિકારી આદિ આયે.

મેજિસ્ટ્રેટને કહા કિ કોર્ટ મેં વે બુલાવે તબ ઉપસ્થિત રહનેકી મૈં સ્વીકૃતિ દૂં તો વે મુક્ત કર સકતે હૈં. કોર્ટ કે બુલાને પર ઉપ-

સ્થિત રહને મેં મુઝે કોઈ ઈતરાજ થા હી નહીં, ઇસલિએ સ્વીકૃતિ કે હસ્તાક્ષર કર દિયે. તા. ૩૧ મે કો દોપહર ૩ બજે ૧ અંસારી રોડ શુદ્ધિસાધના કેન્દ્ર પર પહુંચાયા ગયા.

દો-તીન દિન તક ચિત્ત મેં મંથન ચલા. પૂ. વિનોબાજી કી ઓરસે લિખિત સંદેશ મિલા થા. ઉનકે સેક્રેટરી બાલવિજયજી ભી આકર મિલ ગયે. ગુજરાત કે મંત્રી કે પત્ર બરાબર આતે હી રહતે હૈં. દિલ્હીકે મિત્રોં કા ભી આગ્રહ રહા કી ફોર્સિબલ ફીડિંગ લેતે હુએ અસ્પતાલમેં પડે રહને કી અપેક્ષા ઉપવાસ છોડકર પૂ. વિનોબાજીકી સૂચના કે અનુસાર પ્રચાર કાર્યમેં લગના અચ્છા હૈ. મુઝે યહ ભી સ્પષ્ટ દીખ રહા થા કિ મેરા ઉપવાસ પૂર્વવત્ ચલતા રહેગા તો સરકાર મુઝે ફિરસે અસ્પતાલ લે જા સકતી હૈ, નયે નયે તરીકે અપના સકતી હૈ.

ચિંતન-મંથન કે બાદ તા. ૨ જૂન કી રાતમેં કરીબ દો બજે એકાએક પ્રકાશ મિલા ઔર નિર્ણય હુઆ કિ ફોર્સીબલ ફીડિંગ લેને રહને કે મુકાબલે ઉપવાસ છોડ દેના હી સ્વધર્મ રહેગા. ઈસ નિર્ણય કે બાદ ચિત્તમેં સંતોષ એવં પ્રસન્નતા હુઈ. ઇસ આત્મ-નિર્ણય કે અનુસાર તા. ૩ કી સુબહ ૬ બજે ઉપવાસ કા પારણા કર લિયા ગયા.

ઉપવાસ ચલે યા ન ચલે ગોવધબંદી કા કાનૂન હોને તક મેરા પ્રચારકાર્ય બરાબર ચલતા રહેગા. પ્રચારકાર્ય કિસ પ્રકાર હો, કહાં હો આદિ કે સંબંધ મેં બુઝુર્ગ મિત્રોં કી રાય મિલતી હી રહેગી. મેરી આપસે પુનઃ પ્રાર્થના હૈ કિ ભારતીય સંસ્કૃતિ એવં ભારતીય ગ્રામવ્યવસ્થા કો બચાને કે લિએ સંપૂર્ણ ગોવંશ કી હત્યા તુરંત બંદ કી જાય. એવં આપ યશ કી ભાગી બનેં. ભગવાન આપકો શક્તિ દે.

**જ્ઞાનચંદ્રજીકા નારાયણ સ્મરણ**

# પરિશિષ્ટ–૫

## ઉપવાસની પૂર્ણાહુતી

ક્યાં બલિદાનનો સંકલ્પ અને વચમાં આજે પારણાની પરિસ્થિતિ! પરિસ્થિતિ એવી ઊભી થઈ કે તા. ૩૧–૫–'૮૨ના બપોરના ૩–૩૦ વાગે સરકારે આપઘાતનો કેસ ચાલુ રાખીને હોસ્પિટલમાંથી મને મુક્ત કર્યો. અહીંયાં આવીને તુરત જ પૂર્વવત્ મારા ઉપવાસ શરૂ કરી દીધા મને એમ થયું કે સરકારે આપઘાતનો કેસ દાખલ કર્યો છે એટલે હવે ફરીથી મને હોસ્પિટલમાં નહિ લઈ જાય. પણ ગઈ કાલે ગૃહખાતાના ઑફિસર આવ્યા અને વાતચીત ઉપરથી લાગ્યું કે આ ઉપવાસમાં મારી તબિયત કથળે કે તરત જ ફરીથી મને પોલીસ હોસ્પિટલમાં લઈ જાય. હવે આ ચોથા વખત મને પોલીસ હોસ્પિટલમાં લઈ જાય અને ત્યાંની પરિસ્થિતિ કેવી બને એનો ચિતાર મારી નજર સામે તરી આવ્યો. મારું શરીર પરવશ બનાવી દે અને મને ઈન્જેકશન દ્વારા એવી સ્થિતિમાં મૂકી દે કે હું કાંઈ પણ ન વિચારી શકું. આ વિચારોએ મને ઊંડાણનાં ચિંતનમાં મૂકી દીધો. શ્રી અમુલખભાઈ ખીમાણી સાથે મારે આ સંબંધમાં વિચાર વિનિમય થયો. એમાંથી બે વાત આવી કે એક તો પારણાં કરી લેવાં અને બીજી–દિલ્હી છોડી ચાલ્યા જવું ને બહાર ઉપવાસ કરવા.

શરૂઆતમાં મને લાગ્યું કે બહાર જવું ઠીક ગણાય પરંતુ રાત્રીના ચિંતનમાં કુદરતી એકાએક સ્ફુરણ થઈ આવ્યું કે 'બહાર ચાલ્યા જવું એ બરાબર ન થાય.' પરંતુ આજનું સરકારનું વલણ અને અન્ય પરિસ્થિતિ જોતાં મારે પારણાં કરવાં એ વધારે શ્રેય છે. આવું મારા મનમાં સ્પષ્ટ થતાં બહુ જ પ્રસન્નતાપૂર્વક જરા પણ

મનની નબળાઈ કે ગ્લાનિ વિના મેં પારણાં કરવાનો નિર્ણય કરી લીધો. મારી પ્રસન્નતા અત્યંત વધી ગઈ. ઉપવાસ શરૂ કરતી વખતે મારા મનમાં જે આનંદ હતો એટલો જ આનંદ પારણાં કરી લેવાના નિર્ણયથી થયો, આ ટાણે કોઈને એમ કહેવાનું મન થાય કે તો પછી પૂજ્ય સંત વિનોબાજીએ પારણાં કરી લેવાનું કહ્યું ત્યારે કેમ ન કર્યાં ? તો એના જવાબમાં એ સમયે સરકારનું આવું વલણ અખત્યાર થશે તેવી મારા મનમાં કલ્પના ન હતી અને બીજી બાજુ મારા અંતરમાં પણ સ્ફુરણ ન હતું. અંતરઆત્માની પ્રેરણા વિના બાબાની વાતને હું કેમ સ્વીકારી શકું ?

એ મહાપુરુષ માટે મારા અંતરમાં બહુ જ માન અને પૂજ્ય ભાવ છે. હું એમની જરા પણ અવગણના ન જ કરું.

હવે આ અનશનની મારી ઘોષણા વિશે લોકોને કહેવાનું મન થાય કે તમે લખતા હતા કે ‘મેરુ ડગે પણ જેના મનડાં ન ડગે, ભલે ભાંગી પડે બ્રહ્માંડજી,’ અને ‘જ્ઞાનચંદ્રજી એની માતાની કૂખ નહીં લજવે’ એના જવાબમાં હું બહુ જ નમ્રપણે કહું છું કે જ્ઞાન-ચંદ્રજી જરાય ડગ્યા નથી. માતાની કૂખ પણ લજવી નથી. કારણ કે મારા મનની નબળાઈને કારણે હું પારણાં કરું છું એવું નથી. પણ ઉપર લખ્યું તેમ સંજોગો અનુસાર મેં આ પગલું ભર્યું છે. મારા મનમાં પૂરી ખબરદારી છે.

‘ગાય અને તેનાં સંતાનો મારા પ્રાણ છે. જીવનની છેલ્લી પળ સુધી એના માટે ઝઝૂમવાનો છું.’ આ વાક્યો મારા અંતરનાં બહુ નમ્રતાપૂર્વકના છે. મને લાગે છે કે ભગવાને મને આ બહુ ઉત્તમ પ્રેરણા આપી છે. એના આભારી શ્રીયુત અમુલખભાઈ છે. વિશેષમાં થોડું કહી દઉં : ‘મારા પારણાંથી ઘણા સ્વજનોને બહુ ખુશી થશે. ઘણા આનંદ અનુભવશે. કોઈને મારી નબળાઈ લાગશે. પણ મારા મનમાં સહેજ પણ લોકડર નથી. ભગવાને સુઝાડ્યું તે મેં કર્યું છે. મારા

માટે અમુક સ્વજનો એમ માનતા હતા અને તેમની સૌની મારા પ્રત્યે પૂરી શ્રદ્ધા હતી કે જ્ઞાનચંદ્રજી એમના વિચારમાં જરા પણ ફેરફાર નહિ કરે, પણ આ પ્રમાણેનો ફેરફાર થતાં એમના મનમાં જરા લાગી આવશે. પરંતુ મને શ્રદ્ધા છે કે આગળ ઉપર એક દિવસ એમને જરૂર ખ્યાલ આવશે કે જ્ઞાનચંદ્રજીએ પારણાં કરીને યોગ્ય કર્યું છે. મને લાગે છે કે આથી વિશેષ લખવાપણું જણાતું નથી. છેવટમાં ફરીથી જણાવું છું કે 'ખૂબ જ પ્રસન્ન છું. ખબરદાર છું. નિશ્ચિંત છું. ભગવાન મને જે પ્રેરણા આપશે તે પ્રમાણે આગળ ચાલીશ.'

સર્વ થા સૌ સુખી થાઓ, સમતા સૌ સમાચરો;
સર્વત્ર દિવ્યતા વ્યાપો, સર્વત્ર શાંતિ વિસ્તરો.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

જ્ઞાનચંદ્રજી

# તો જ ગાય બચશે

શ્રી જ્ઞાનચંદ્રજીએ સંત વિનોબાજીને તા. ૧૧-૫-૮૨ના પત્ર લખ્યો હતો. પત્ર વાંચીને બાબાએ કહ્યું કે 'એક જગા ઉપર બેસવાથી કે ઉપવાસ કરવાથી જ્ઞાનચંદ્રજી મરી શકે છે પણ ગાય બચી શકતી નથી. ગાંધીજી કહેતા હતા કે 'ગાય કપાય છે એ મને મારું પોતાનું ગળું કપાતું હોય એમ લાગ્યા કરે છે.' ગાંધીજી ગયા અને ગાય કપાતી રહે છે. ગાંધીજીનો ઇરાદો ઘૂમવાનો હતો પણ ગોળી લાગવાથી એ શક્ય ન બન્યું. કામ અધૂરું રહી ગયું. બાબા ૧૩ વર્ષ ઘૂમ્યા છે. સારાય ભારતમાં ઘૂમવાનું શરૂ કરો તો જ ગાય બચવાની છે.'

બાબા : જ્ઞાનચંદ્રજી કેટલાં વર્ષ ઘૂમ્યા છે?

રાધાકૃષ્ણ : જ્ઞાનચંદ્રજી ૧૩ વર્ષથી વધુ ઘૂમ્યા છે.

બાબા : માત્ર ગુજરાતમાં ઘૂમવાથી કામ નહિ ચાલે, સારા ભારતમાં ઘૂમવું જોઈએ.

રાધાકૃષ્ણ : મુનિજીના સ્વાસ્થ્ય માટે સારાય ભારતમાં ૨ જી જૂને ઉપવાસ-પ્રાર્થનાનો કાર્યક્રમ રહે એ માટે સર્વ સેવા સંઘે અનુરોધ કર્યો છે.

બાબા : પ્રાર્થના કરવાંથી લાભ નહિ થાય, સારાય ભારતમાં ઘૂમવું પડશે. ઘૂમીને પ્રચાર કરવો પડશે. તો જ ગાય બચશે.

અ. ભા. કૃષિગોસેવા સંઘ
ગોપુરી વર્ધા

રાધાકૃષ્ણ બજાજ

# બાબાની શુભ કામના

શ્રી જ્ઞાનચંદ્રજી કે લિએ બાબાકી શુભ કામના

૮–૬–'૮૨ રામહરિ

મંગળવાર બ્રહ્મવિદ્યા મંદિર, પવનાર

શ્રદ્ધેય શ્રી જ્ઞાનચંદ્રજી,

શ્રી રાધાકૃષ્ણ બજાજ તથા શ્રી અમુલખભાઈના પત્ર દ્વારા આપના વ્રત સમાપ્તિની જાણકારી બાબા તથા અમને સૌને મળી. આપનું નિવેદન તથા શ્રી ઇંદિરાજીને જે પત્ર લખેલ છે તે બાબાએ વાંચ્યો છે.

વ્રત સમાપ્તિમાં આપની કોઈ કમજોરી નથી પણ આપની બુદ્ધિની પરિપકવતા સિદ્ધ થઈ છે. બાબાની અપેક્ષા એ છે કે આપનું સ્વાસ્થ્ય સારું થયે આપ વ્યાપક પ્રચારના કામે લાગી જાઓ. આપના સાથીઓ કે જેઓ ગોહત્યાબંધીના કાર્યમાં જે જગ્યાએ કામે લાગ્યા છે એમને પણ આથી પ્રેરણા મળશે. બાબાનું અભિધ્યાન આપની તરફ રહેશે. ભગવતકૃપાથી આપણા કાર્યમાં આપણને જલદી સફળતા મળશે એવી આશા છે.

**બાલવિજયજી** કા પ્રણામ<br>
સેક્રેટરી, આચાર્ય વિનોબા ભાવે

ૐ મૈયા

આવરણ · નટવર સ્મૃતિ પ્રિન્ટર્સ · અમદાવાદ-૧ · ફોન : ૩૬૧૪૩૪